(૮૧) અદેય.

# કૂબા કાચા અને મઢ મોભાદાર

( નળકાંઠા-ગુજરાત-ની પઢાર અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ )

(૮૧) અદેય.

અહેવાલ લેખન

છોટુભાઈ ધૂળાભાઈ પટેલ

સંકલન

ડૉ. ઠાકોરભાઈ ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૧

72

# કૂબા કાચા અને મઢ મોભાદાર

( નળકાંઠા-ગુજરાત-ની પઢાર અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ )


અહેવાલ લેખન

છોટુભાઈ ધૂળાભાઈ પટેલ

સંકલન

ડૉ. ઠાકોરભાઈ ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૧

72

# અનુક્રમણિકા


| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| | પ્રાસ્તાવિક | |
| ૧ | પઢાર : પાર્શ્વભૂમિકા | ૧ |
| ૨ | પઢાર અર્થવ્યવસ્થા : ભૌતિક પરિવેશ | ૧૧ |
| ૩ | પઢાર અર્થવ્યવસ્થા : વસ્તી, કામ કરનારા | ૧૪ |
| ૪ | પઢાર અર્થવ્યવસ્થા : ભૌતિક સંસ્કૃતિ | ૨૨ |
| ૫ | પઢાર અર્થવ્યવસ્થા : જીવનનિર્વાહની પ્રવૃત્તિઓ | ૪૦ |
| ૬ | પઢાર અર્થવ્યવસ્થા : આવક, ખર્ચ અને દેવું | ૬૩ |
| ૭ | સામાજિક રીતરિવાજ | ૮૧ |
| ૮ | કુટુંબ તથા સગાઇસંબંધ | ૯૮ |
| ૯ | સામાજિક સંરચના | ૧૦૫ |
| ૧૦ | ધર્મ | ૧૨૧ |
| ૧૧ | લોકનૃત્ય અને લોકગીતો | ૧૩૧ |
| ૧૨ | પરિવર્તન પામતા પઢારો | ૧૪૧ |
| ૧૩ | વિકાસનું આયોજન | ૧૫૩ |
| ૧૪ | સૂચિત વિકાસ કાર્યક્રમ | ૧૬૭ |
| | સંદર્ભ સૂચિ | |
| | પરિશિષ્ટ-૧ પ્રશ્નાવલી | |
| | પરિશિષ્ટ-૨ સાંસ્કૃતિક અભ્યાસ માટેની મુલાકાત માર્ગદર્શિકા | |


...

## પ્રસ્તાવના

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને ગુજરાત રાજ્યના સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ દ્વારા ગુજરાતની 'પ્રિમિટીવ ટ્રાઈબ્સ' જેવી કે કોલચા, કાથોડી અને સીદી આદિવાસી જાતિઓ વિષેના સાંસ્કૃતિક અભ્યાસો કરી તેમના વિકાસ માટેના કાર્યક્રમો સૂચવવા જણાવવામાં આવ્યું હતું. આ જાતિઓના અભ્યાસ કરી તેના અહેવાલ સરકારશ્રીને સુપ્રત કરી દેવામાં આવ્યા છે.

આ સિવાય ગુજરાતની પઢાર અનુસૂચિત જનજાતિ અંગે પણ ઉપર જણાવ્યા મુજબ અહેવાલ તૈયાર કરવા માટેનું અનૌપચારિક સૂચન સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સૂચનના આધારે આ અહેવાલ અત્રે રજૂ કરવામાં આવ્યો છે.

આ પઢાર અનુસૂચિત જનજાતિના અભ્યાસમાં પઢારોના વસવાટની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ જણાવી તેના સામાજિક, આર્થિક, ધાર્મિક પાસાંની વિગતે ચર્ચા કરવામાં આવી છે. તેમના સામાજિક અને આર્થિક જીવનનાં સર્વ પાસાઓમાં ધર્મનું સ્થાન જોવા મળે છે. જે એમની સામાજિક, આર્થિક સંરચનાની ધૂરી છે.

સમગ્ર અભ્યાસના આધાર પઢાર જાતિના વિકાસ અર્થે શું કરી શકાય તે અંગેનાં વિગતવાર સૂચનો છેવટનાં બે પ્રકરણોમાં કરવામાં આવેલાં છે. આ સૂચનો મારા પોતાના ક્ષેત્રકાર્ય પર તથા પઢાર જાતિના આગેવાનો અને સામાન્ય વ્યકિતઓ-જે મારા મિત્રો જેવા જ બની ગયા હતા અને ખુલ્લા દિલે બધું કહેતા હતા- તથા પ્રશાસનમાં કામ કરતી મહત્ત્વની વ્યકિતઓ સાથેની ચર્ચા પર આધારિત છે.

લેખક સાથે કેન્દ્રના નિયામક ડૉ. ઠા. ભા. નાયક તથા સંશોધન અધિકારી શ્રી મુસ્તાઅલી મસવીએ આ અભ્યાસમાં લેવામાં આવેલાં ગામો તથા બીજાં એમ ઘણાં

પઢાર ગામોની મુલાકાત લીધી હતી. મને માર્ગદર્શન આપવામાં તથા આ અહેવાલની રચનામાં આ બંને વડીલ અધિકારીઓએ ખૂબ જ રસ લીધો છે. એમનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે. વળી પઢારોમાં કામ કરતી લાલનળકાંઠા પઢાર આદિજાતિ વિકાસ સમિતિના સભ્યો સાથે પણ મુલાકાત લેવામાં આવી હતી અને તેમની સાથે ચર્ચા કરીને જે તારણો મળ્યાં છે તેનો આ અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન પઢાર આગેવાનોએ ઘણો સાથ સહકાર આપ્યો છે. તેમનું ઋણ મારા પર ઘણું છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી શ્રી શુક્લ તથા સમાજ કલ્યાણ નીરિક્ષક શ્રી મનુભાઇ આચાર્યે જે સાથ અને સહકાર આપ્યો તે બદલ તેમનો આભારી છું.

મને વિશ્વાસ છે કે આ અભ્યાસ સમાજ માનવશાસ્ત્રીઓ, સામાજિક કાર્યકરો તથા અભ્યાસીઓને રૂચિકર લાગશે. કોઇપણ ક્ષેત્રનું સંશોધન માત્ર સંશોધકને જ જ્ઞાનાર્જન રૂપી ફાયદો કરે, અને જેના અંગે સંશોધન કર્યું છે તેને ઉપયોગી નીવડી ફાયદો કરે નહીં તે હવે ચાલી શકે તેમ નથી. મારા આ અભ્યાસથી મને તો લાભ થયો જ છે પરંતુ સાથે સાથે પઢાર સમાજને પણ કંઇક ફાયદો થશે એવી આશા અસ્થાને નહીં લેખાય.

છોટુભાઇ ધૂળાભાઇ પટેલ


...


## કોઠાની યાદી


| કોઠો | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ગામની કુલ વસ્તીમાં પઢાર જાતિની વસ્તી દર્શાવતો કોઠો | ૧૪ |
| ૨ | તપાસ હેઠળનાં ગામોમાં ગામવાર અને જાતિવાર કુટુંબોની સભ્યસંખ્યા દર્શાવતો કોઠો | ૧૬ |
| ૩ | ગામવાર તપાસ હેઠળનાં કુટુંબોની ઉંમર પ્રમાણે સભ્યસંખ્યા દર્શાવતો કોઠો | ૧૭ |
| ૪ | ગામવાર પસંદ કરેલાં કુટુંબોનું સભ્યસંખ્યા પ્રમાણે કુટુંબનું કદ દર્શાવતો કોઠો | ૧૮ |
| ૫ | તપાસ હેઠળનાં કુટુંબોનો ગામવાર કુટુંબનો પ્રકાર દર્શાવતો કોઠો | ૧૯ |
| ૬ | તપાસ હેઠળનાં કુટુંબોમાં કમાણી કરનાર અને કમાણી નહીં કરનાર ગામવાર સભ્યસંખ્યા દર્શાવતો કોઠો | ૨૦ |
| ૭ | તપાસ હેઠળનાં કુટુંબોના મકાનનો પ્રકાર દર્શાવતો કોઠો | ૨૩ |
| ૮ | તપાસમાં લેવામાં આવેલાં કુટુંબોની ઘરવખરીનાં સાધનો દર્શાવતો કોઠો | ૨૭ |
| ૯ | તપાસ માટે પસંદ કરવામાં આવેલાં કુટુંબોની ઘરવખરીનાં તથા ધંધાનાં સાધનો દર્શાવતો કોઠો | ૩૭ |
| ૧૦ | તપાસ હેઠળનાં કુટુંબોમાં જમીન ધરાવનાર કુટુંબોનું જમીનના કદ પ્રમાણે વર્ગીકરણ (એકરમાં) | ૪૩ |
| ૧૧ | તપાસ હેઠળનાં ગામોમાં કુલ કામ કરનાર સભ્યોને વર્ષમાં કયા કામમાં કેટલા દિવસ મજૂરી મળી હતી તે દર્શાવતો કોઠો | ૪૮ |
| ૧૨ | તપાસમાં લેવામાં આવેલાં કુટુંબોની ગામવાર જુદા જુદા ધંધામાંથી થતી આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૬૪ |
| ૧૩ | આવકજૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ દર્શાવતો કોઠો | ૬૫ |
| ૧૪ | તપાસેલ ૧૦૦ કુટુંબોની ખેતી અને પશુપાલન તથા જુદી જુદી મજૂરીમાંથી કુટુંબદીઠ વાર્ષિક, માસિક તથા માથાદીઠ વાર્ષિક, માસિક અને દૈનિક આવક દર્શાવતો કોઠો | ૬૬ |
| ૧૫ | તપાસેલ કુટુંબોનું ગામવાર જીવનનિર્વાહનું ખર્ચ દર્શાવતો કોઠો | ૬૯ |

| | | |
|---|---|---|
| ૧૬ | તપાસેલ ૧૦૦ કુટુંબોનું કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ, માસિક ખર્ચ તથા માથાદીઠ વાર્ષિક, માસિક અને દૈનિક ખર્ચ દર્શાવતો કોઠો | ૭૨ |
| ૧૭ | તપાસ માટે પસંદ કરવામાં આવેલાં ગામોના કુટુંબોનું કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક અને ખર્ચ દર્શાવતો કોઠો | ૭૩ |
| ૧૮ | રળોલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં કુલ બાળકોમાં પઢાર બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો | ૭૫ |
| ૧૯ | તપાસ હેઠળનાં કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૭૬ |
| ૨૦ | તપાસવામાં આવેલાં કુટુંબોમાં દેવાદાર કુટુંબોમાં દેવાનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૭૮ |


...





મઠ મોભાદાર

## પ્રકરણ - ૧

## પઢાર : પાર્શ્વભૂમિકા

વસતિ :

૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં અનુસૂચિત જનજાતિઓ (આદિવાસી) ની વસ્તી ૩,૮૦,૧૫,૧૬૨ હતી. આ, ભારતની કુલ વસ્તીના ૬.૯૩ ટકા થાય. ૧૯૭૧ માં ગુજરાતની કુલ વસ્તી ૨,૬૬,૯૭,૪૭૫ અને એમાં ૩૭,૩૪,૪૨૨ અનુસૂચિત જનજાતિ (આદિવાસી) ની વસ્તી હતી. એટલે ગુજરાતમાં કુલ વસ્તીના ૧૩.૯૯ ટકા આદિવાસીઓની વસ્તી છે. દેશમાંનો દર દસમો આદિવાસી ગુજરાતમાં વસે છે. અને દર સાતમો ગુજરાતી આદિવાસી છે. ગુજરાતમાં ૨૯ જેટલી જુદી જુદી આદિવાસી જાતિઓ વસવાટ કરે છે.

આ જાતિઓમાં કેટલીક જાતિઓની સંખ્યા એક લાખ ઉપરની છે, જ્યારે ઘણી જાતિઓ એવી છે કે જેમની સંખ્યા પાંચ હજારથી દસ હજાર જેટલી છે. આવી જાતિઓમાં અમે તપાસમાં લીધેલ પઢાર આદિવાસી જાતિ મુખ્ય છે. આદિવાસીઓનાં, સામાન્ય ભૌગોલિક લક્ષણો પ્રમાણે, વસવાટ જંગલ અને ડુંગર વિસ્તારમાં જોવા મળે છે. પણ ગુજરાતમાં માત્ર આ એક પઢાર જાતિ જ એવી છે જે આદિવાસીઓનું આ ભૌગોલિક લક્ષણ ધરાવતી નથી, પઢાર જાતિ એ 'વનવાસી' કે 'ગિરિજન' નાં લક્ષણો ધરાવતી નથી. ગુજરાતની મોટા ભાગની આદિવાસી જાતિઓ ગુજરાતની પૂર્વમાં સરહદીય વિસ્તારમાં વસવાટ કરે છે. તે મોટે ભાગે ગુજરાતના આઠ જિલ્લાઓ -બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગ - માં જ રહે છે. આ જિલ્લાઓમાં વસવાટ કરતી મોટા ભાગની આદિવાસી જાતિઓ જંગલ વિસ્તાર અને ડુંગરાળ વિસ્તારમાં વસવાટ કરે છે. જ્યારે માત્ર પઢાર જ એક એવી આદિવાસી જાતિ છે કે તે નળકાંઠા વિસ્તારના સપાટ પ્રદેશમાં વસવાટ

કરે છે. પઢાર આદિવાસી જાતિની વસ્તી અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં અને વિરમગામ તાલુકામાં તથા સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાનાં ગામોમાં જોવા મળે છે. પઢાર જાતિના વસવાટનાં અગિયાર ગામો -રાણાગઢ, નાની કઠેચી, પડાલી, પરનાળા, ગેડી, રળોલ, આનંદપર, શાહપુર, શિયાળ, ધરજી (દુર્ગી) અને દેવડથલ - ગણાય છે. આ ગામો નળ સરોવરના કાંઠા વિસ્તારમાં આવેલાં છે. એટલે આ વિસ્તાર નળકાંઠા વિસ્તાર તરીકે ઓળખાય છે. આ સિવાય નળ સરોવરમાં લગભગ ૩૬૦ નાના નાના બેટ આવેલા છે. અને તેમાંના કેટલાક બેટમાં પઢાર જાતિ વસવાટ કરતી જોવા મળે છે. આ બેટોમાં મુખ્યત્વે ભરલા, બડોગા, ટબા, સુરબેટ, લાસા વગેરેનો સમાવેશ થાય છે. પઢાર જાતિની વસ્તી ૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૪,૭૫૮[X] છે.

પઢાર લોકો રંગે શ્યામ, મધ્યમ કદના, શરીરે કદાવર, કસાયેલા, મજબૂત બાંધાના છે. આ લોકો કંઈક અંશે કોળીઓને મળતા આવે છે. પણ તેમને કોળીઓ સાથે બેટીવ્યવહાર થતો જોવા મળતો નથી. પઢારોમાં કોળીઓ અને રજપૂતોના લોહીનું મિશ્રણ થયેલું હોય એમ માનવામાં આવે છે.

---

X આ વસ્તીના આંકડા ૧૯૭૧ ની વસ્તી ગણતરી મુજબના છે. પણ તે સાચા નથી. કારણ કે પઢાર જાતિનાં જે ૧૧ ગામો છે તેમાંના એક ગામ-ધરજી(દુર્ગી)-માં પઢાર આદિવાસીની વસ્તી નથી એમ વસ્તી ગણતરી પુસ્તિકામાં બતાવ્યું છે. પણ હકીકતમાં ધરજી(દુર્ગી) માં પઢાર આદિવાસીની વસ્તી છે. એટલે પ્રકરણ-૩ માં જે ૧૧ ગામોની પઢાર આદિવાસી જાતિના આંકડા આપ્યા છે તે Project for Integrated Development of Adijati Padhar Community in Surendarnagar and Ahmedabad District of Gujarat State, June, 1979 ની ગણતરી મુજબ આપ્યા છે.



'ધોળકા અને વિરમગામ તાલુકાનાં નળકાંઠાનાં દરેક ગામોમાં પઢાર લોકોની વત્તા ઓછા પ્રમાણમાં વસ્તી છે. એ લોકો પહેલાં કોળી હતા, પરંતુ મરેલા ઢોરનું માંસ ખાતા હોવાથી તેમને નળકાંઠાના સરહદના વિસ્તારમાં મોકલી દીધા. પઢાર સ્ત્રી અને પુરૂષોનો મુખ્ય ધંધો ઘાસ કાપવાનો છે. અને કંદમૂળ ઉખેડી બીજાં ગામડાઓમાં વેચવાનો છે. અને પુરૂષ લોકો વાઘરીની જેમ માછલાં અને બતક પકડે છે, તેને ખાય છે અને મુસલમાનોને વેચે છે. તેમનો મુખ્ય ખોરાક બીર છે. તે તેઓ લાકડાનાં હથોડાથી તળાવમાંથી ખોદી કાઢે છે. તેનો લોટ બનાવી તેના રોટલા બનાવે છે, અને કાંદા જોડે ખાય છે. જ્યારે તેમને માછલી મળે છે અથવા શિકાર પકડે છે ત્યારે તેઓ ઘઉં કે બાજરીનો ઉપયોગ કરે છે. જે લોકો પૈસાપાત્ર છે તેઓની પાસે જંગલી બતક પકડવાની જાળ હોય છે. અને તે દ્વારા તેઓ બતક પકડે છે. બીજા બધા સવારના ઘાસમાં સૂઈ રહે છે અને પોતાના પગ વડે બતકને પકડે છે. બતકની પાંખો કાપી નાંખે છે અને એક દૂકડાના એક આના લેખે વેચે છે. તેઓ હિંદુ ધર્મ પાળે છે અને અન્ય પછાત હિંદુ જાતિની જેમ તેઓ હિંગળાજ માતાની પૂજા કરે છે. કોળી લોકો તેમને અછૂત ગણે છે અને તેઓની સાથે બેટીવ્યવહાર કરતા નથી. ઉંચી જાતિના હિંદુઓ તેમને દુષ્ટ ગણે છે, તેથી તેઓ તેમને ધિક્કારે છે. પુરૂષો ઉંચા અને મજબૂત બાંધાના રંગે શ્યામ હોય છે. સ્ત્રીઓ મધ્યમ કદની અને ઘઉંવર્ણી હોય છે. સારી સ્થિતિના પઢાર લોકોનો પહેરવેશ કોળી લોકોના જેવો હોય છે. લગ્ન પહેલાં વરપક્ષવાળા કન્યાપક્ષના પિતાને ૫૦ રૂપિયા આપે છે. જો પતિ મરી જાય તો વિધવા સ્ત્રી દિયરવટુ કરે છે અથવા તેના પતિના સંબંધીને પરણે છે.[૧]

---

૧ Gazetteer of the Bombay Presidency Vol IX, Part I, Gujarat Population : Hindu, 1901

જીવનકલહના વંટોળમાં ઘેરાયેલી તથા અનેક વિશિષ્ટતાઓવાળી આ પઢાર જાતિ કયાંથી આવી અને કયારે આવી તેના વિષની ચોક્કસ માહિતી મળતી નથી. તે અંગેનાં અનેક જુદાં જુદાં અનુમાનો પ્રવર્તે છે.

જેમ બીજા કેટલાક આદિવાસીઓને તેમની ઉત્પત્તિ વિષની દંતકથાઓ હોય છે તેમ પઢારોને પણ કેટલીક દંતકથાઓ છે. તેમની મુખ્ય દંતકથા નીચે મુજબ છે. જે તેમનો ઇતિહાસ પૂછતાં જાણવા મળે છે.

હિંગળાજ માતા અને તેની બહેન ભૂરેખ, સાથે ફરવા નીકળી હતી. આ ઓતરના મૂલક તે સિંધ ફરતાં ફરતાં ઓતરથી બહુ છેટે આવી ગયા અને રાત પડી ગઇ. હિંગળાજ માતા સાથે તેના બાર દિકરાઓ હતા. સાથે એક પોસી નામનું પંખી પણ હતું. આ બાર ભાઇઓ થાકી જવાથી જમીન ઉપર ઢળી પડયા અને ઊંઘી ગયા. હિંગળાજ માને આ બાળકોની ચિંતા થઇ કે, આ બાળકો જાગીને ખાશે શું ? આથી તે સિંધમાં પહોંચી, બીજી બહેનને ઘરે ગઇ. તેનું નામ સિંધુ હતું. સિંધુ ઘરે નહોતી. આથી તેણે ત્યાંથી ચોરી કરીને કંદમૂળ લીધાં અને ચાલવા માંડી. રસ્તામાં સિંધુ સામે મળી. આથી હિંગળાજ માએ આ કંદમૂળ માથાના વાળમાં સંતાડી દીધાં. અને સિંધુને કહયું કે 'મારા છોકરા ભૂખ્યા છે તો તું કંઇક ખાવાનું આપ.' આથી સિંધુએ કંદ અને માછલી આપ્યાં. તે લઇને હિંગળાજ ત્યાંથી ચાલી નીકળી અને નળ સરોવરને કાંઠે આવીને ઊભી રહી. સાથે લાવેલ કંદ અને માછલાં નળસરોવરમાં નાખ્યાં. અને ત્યાં કંદ ઉગ્યાં, માછલાં ત્યાં વધ્યાં. આ બંને પઢારોના જીવનનિર્વાહનો આધાર છે. અને એ હિંગળાજ માતાએ આપેલ ભેટને આભારી છે. તેઓ જણાવે છે કે તેઓ સિંધુ નદીના કાંઠેથી આવ્યા છે.



બીજી એક દંતકથા પ્રમાણે પઢારના એક પૂર્વજનું નામ હિલુ પઢાર હતું. એ વનરાજ ચાવડાનો સમકાલીન હતો. આ સમયે નળ સરોવરની આજુબાજુ બાવળનાં ઘણાં ઝાડ હતા. આ બાવળમાં હિલુ પઢાર રહેતો. તે પઢારોનો નેતા હતો. તે ભાલો અને તીરકામઠું વાપરવામાં કુશળ હતો. પઢારોનો પોશાક ભીલોના પોશાકને મળતો હતો. રંગ કાળો, ઠીંગણા ચપટા નાકવાળા અને ચોરસ આકૃતિનું મોં હતું. નળ સરોવરમાંથી માછલાં મારી કે પંખી પકડીને તથા શિકાર કરીને તેના પર જીવનનિર્વાહ કરતા. જયારે વનરાજ ચાવડો એના સાથીઓ સાથે આ પ્રદેશમાં આવી ચઢયો ત્યારે તેમાંથી કેટલાક સાથીઓ અહીં રહી ગયા અને પઢારોમાં ભળી ગયા.

પઢારોની દંતકથા જોતાં તેઓ મૂળ સિંધમાંથી ઉતરી આવ્યા હશે. શ્રી કર્નલ જે. ડબલ્યુ વૉટસન પણ નોંધે છે કે તેઓ સિંધમાંથી આશરે પાંચમા છઠ્ઠા સૈકા પહેલાં આવેલા છે.

પઢારો માને છે કે તેઓનું અસ્તિત્વ હિંગળાજ માતાને આભારી છે. તેથી તેઓ હિંગળાજ માતાની પૂજા કરે છે. પઢાર શબ્દનો અર્થ 'પૂજારી' એમ પઢાર ગણાવે છે. આથી હિંગળાજ માતાની પૂજા કરનારા પૂજારીને તેઓની મૂળ ભાષામાં 'પઢાર' કહેતા હશે. પરંતુ આજે તેમની મૂળ ભાષા જાણવી મુશ્કેલ છે. તેઓ પોતે પણ ખાસ જુદી તરી આવે તેવી ભાષા બોલતા નથી. પરંતુ ગામની અન્ય કોમોની જ ભાષા વાપરે છે. અને તેનું કારણ ઘણા સૈકાનો અન્ય ભાષાવાળા સાથેનો સતત સહવાસ એટલે કાળક્રમે પઢાર શબ્દ તેમના સમુદાયને ઓળખવા કે ઓળખાવવા તેઓ વાપરતા હશે અને અન્ય લોકો પણ તે માટે આ 'પઢાર' શબ્દ જ વાપરતા હશે.

સિંધમાંથી પઢારો નળકાંઠામાં આવ્યા બાદની તેમની બીજી દંતકથાઓ જોતાં જણાય છે કે કદાચ વનરાજ ચાવડો અહીં તેના સાથીઓ સાથે આવી ચઢ્યો હશે અને પઢારોમાં ભળી ગયા હશે. તેથી કદાચ તેઓમાં કેટલીક રજપૂત અટકો આવી હશે.

વળી તેઓ જણાવે છે કે તેમનાં પૂર્વજો ભીલનાં લક્ષણો ધરાવતાં હતાં. ત્યાર બાદ વનરાજ ચાવડાના કેટલાક સાથીઓ અહીં રહી જવાથી જાતીય સંબંધો દ્વારા તેઓમાં લોહીનું મિશ્રણ થયું હશે એમ માની શકાય. કારણ કે તેઓમાં કેટલીક રજપૂત અટકો પણ જોવા મળે છે. તે ઉપરાંત કેટલાક પઢાર સ્ત્રી-પુરૂષો વાને ઉજળા જોવા મળે છે. આ બે બાબતો એમ માનવા પ્રેરે છે કે તે મૂળે સિંધ તરફની કોઇ કોમ હશે. અને અહીં આવીને વસ્યા બાદ તેઓમાં રજપૂત લોહીનું મિશ્રણ થયું હશે.

વિસ્તાર :
-------

અમદાવાદ જિલ્લાની પશ્ચિમ દિશામાં આ નળકાંઠાનો પ્રદેશ આવેલો છે. આ પ્રદેશ ૨૪ માઇલ પહોળો અને ૩૨ માઇલ લાંબો એટલે ૭૬૮ ચો. માઇલનું ક્ષેત્રફળ ગણાય. જેને નળસરોવર તરીકે ઓળખવામાં આવે છે તે ૧૬ માઇલ લાંબો અને ૪।। માઇલ પહોળો પટ છે. આ પ્રદેશ નીચાણ પર આવેલો હોઇ ચોમાસામાં ચોમેરનું પાણી ત્યાં આવીને પથરાઇ જાય છે. ને છેક વસંતઋતુ સુધી ટકી રહે છે.[1]

નળસરોવર અમદાવાદથી ૩૭ માઇલ દૂર અગ્નિખૂણામાં આવેલું છે. ૧૮૨૭ માં મલ્વિલે લખ્યું છે કે 'નળ અને કચ્છના રણ વચ્ચેના પ્રદેશ કરતાં વસ્તીવાળો કોઇ પણ ભાગ ભાગ્યે જ નીચો હશે. ચોમાસામાં તેમાં પાણી ઉભરાઇ આવે છે. અને નળનું પાણી

---

૧ Gazetteer of the Bombay Presidency Vol. 16 ના આધાર.



ખંભાતના અખાતમાં ચાલ્યું જાય છે. વચ્ચોવચ કાણાંવાળા પથ્થરો કેટલીકવાર નળમાંથી જડી આવે છે. અને લોકો એવું માને છે કે આ પથ્થરો તે કાળનાં વહાણોને નાંગરવાનાં લંગરો હશે.'

નળકાંઠાના આ પ્રદેશમાં બરાબર મધ્યબિંદુથી રેખા દોરીએ તો પશ્ચિમ દિશાનું છેલ્લું ગામ બગોદરા અને ઉત્તર દિશાનું છેલ્લું ગામ બોળ આવે છે. આ આખો પ્રદેશ સાણંદ, ધોળકા અને વિરમગામ તથા સૌરાષ્ટ્રના લીમડી તાલુકો એમ ચાર તાલુકા વચ્ચે મુખ્યત્વે વહેંચાયેલો છે.

ઉપરાંત સૌરાષ્ટ્રના લખતર, લીમડી, વિઠ્ઠલગઢ, પાટડી, બજાણા અને વઢવાણનાં તથા બીજા કેટલાક તાલુકદાર હિસ્સાનાં વાંટાનાં તથા ઇનામી ગામો છે. પણ એમાંનાં ઘણાંખરાં નળકાંઠાની સરહદનાં અને છેવાડાનાં અને વિરમગામ તાલુકા નજીકનાં છે.

અમદાવાદ અને સુરેન્દ્રનગર બંને જિલ્લાઓની સામાન્ય રૂપરેખા ઉપરથી અનુમાન કરી શકાય કે દૂરના ભૂતકાળમાં આ બંને જિલ્લાઓનો નળકાંઠા વિસ્તાર તરીકે ઓળખાતો ભાગ સમુદ્ર નીચે હોવો જોઇએ. ખંભાતના અખાતના મુખ, કચ્છના રણ વચ્ચેનો પ્રદેશ હજી પણ મોટી ભરતીમાં ઉભરાઇ જાય છે. દક્ષિણ સીમાના અંતમાંના થોડાક ખડકો સિવાય જમીનનો મોટો ભાગ સપાટ મેદાન છે. નળકાંઠા વિસ્તારની નદીઓમાં ભોગાવો અને તેની શાખા ચોટીલાની રમ્ય ટેકરીઓમાંથી ઉદ્ભવીને લગભગ ૬૬ માઇલ સુધી વહી જાય છે. આ નદી જાત જાતનાં પક્ષીઓ માટે સુપ્રસિધ્ધ એવા નળસરોવરમાં લય પામે છે. આ નદીમાં ફક્ત ચોમાસામાં જ પાણી વહે છે. એનું પાણી કશા પણ ઉપયોગમાં લેવાયા વિના નળસરોવરમાં ઠલવાતું હતું અને જમીનનું ધોવાણ વધારે પ્રમાણમાં થતું હતું, તેમજ પૂરની

પણ બીક રહેતી. આ વિસ્તારને ફળદ્રુપ બનાવી શકાય તે હેતુથી ધોરીયાળી ગામ પાસે જળાશય બાંધવામાં આવ્યું છે. આ બંધનું કામ ૧૯૬૪ માં પૂરું થયું. આ યોજનાથી નળકાંઠાની વેરાન જમીન ફળદ્રુપ બનાવી શકાઇ છે. બીજી નદીઓમાં ભાદર, નીલકા અને ઉતાવળી ધંધુકા અને લીમડી તાલુકાઓમાંથી વહે છે. આ નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે. વિરમગામ તાલુકામાં નદી કે નાનાં ઝરણાંનાં દર્શન પણ દુર્લભ છે.

નળસરોવર :
----------

પ્રાચીનકાળમાં નળ રાજા અહીં થઇને પસાર થયેલા. આ પ્રદેશ વટાવતાં તેમને ખૂબ તરસ લાગેલી ત્યારે આ વિશાળ સરોવરમાંથી તેમને મીઠું સાકરજેવું પાણી પીવા મળેલું. પછી તે અમુક સમય સુધી અહીં રહેલા. આ ઉપરથી સરોવરનું નામ નળસરોવર પડયું. આવી અનેક પ્રકારની આ સ્થળ વિષે દંતકથાઓ ચાલે છે. પણ ખરું જોતાં નીચાણ પ્રદેશમાં પથરાયેલો એક મોટો નળ અને તેને કાંઠે પથરાયેલો પ્રદેશ તે નળકાંઠો. પરંતુ આ પ્રદેશનો અમુક ભાગ બાદ કરીએ તો બધો જ ખારાપાટનું આખું રણ છે.

નળ એ ખારા પાણીનો સમુદ્ર ખંભાતનો અખાત તથા કચ્છના રણના અગ્નિખૂણા તરફનો પ્રદેશ એ બેની વચમાં છે. જેની આસપાસનો વિસ્તાર નળકાંઠા વિસ્તાર તરીકે ઓળખાય છે. અને એની દક્ષિણ તરફનો પ્રદેશ ભાલ પ્રદેશના નામે ઓળખાય છે. આ સઘળો પ્રદેશ અને ધંધુકા તથા ધોળકા પરગણાનો કેટલોયે ભાગ ભાલનળકાંઠા કહેવાતો. આ સઘળો પ્રદેશ દરિયો પૂરાવાથી બનેલો હોવો જોઇએ. આશરે બે હજાર વર્ષ પૂર્વે કાઠીઆવાડ ટાપુ હતો. પણ ખંભાતનો અખાત ધીમે ધીમે પૂરાવાથી રણના અગ્નિખૂણા તરફના ભાગમાં જમીન એકઠી થવાથી ઉત્તર તરફની બધી ખાડીઓ પણ પૂરાઇ જવાથી તથા વચલી જમીનનો ભાગ ખેડાણને લીધે ઉંચો આવવાથી એ દેશભૂમિની સાથે જોડાયો.




અને તેથી કરીને ત્રિકોણ થયો. આથી નળસરોવરનો વિસ્તાર સાધારણ વરસાદ પડયો હોય ત્યારે પહેલી નવેમ્બરે લંબાઇમાં ૯ - ૧૦ માઇલ જેટલો હોય છે. સરોવરનું પાણી ચોમાસામાં કેટલેક ઠેકાણે ૪ થી ૬ ફૂટ, કેટલેક ઠેકાણે ૮ ફૂટ અને કેટલેક ઠેકાણે વધાર પણ હોય છે. ચોમાસુ ઉતરીને જેમ જેમ ઉનાળો આવતો જાય તેમ તેમ સરોવરનો વિસ્તાર ઓછો થઇ ૬ માઇલ લાંબો અને ૨ થી ૨ાા માઇલ પહોળો થઇ જાય છે. ઉનાળામાં પાણી માત્ર ૨ થી ૨ાા ફૂટ ઊંડું રહે છે.

વિશ્વાસ મૂકી શકાય એવી એક કલ્પના એ છે કે હજારો વર્ષ પહેલાં ઘૂઘવતો અરબી સમુદ્ર અહીં હિલોળા ખાતો હશે. ખંભાતનો અખાત સળંગ આ પ્રદેશનાં પાણી સાથે જોડાયેલો હતો. કચ્છ, ખંભાતનો અખાત અને નળકાંઠાનો પ્રદેશ અરબી સમુદ્રનો દરિયાઇ પ્રદેશ હતો. એમ આ પ્રદેશમાં વસેલી જૂની કોમોના ઇતિહાસ ઉપરથી જાણવા મળે છે. તે કાળમાં આ પ્રદેશમાં દરિયાઇ મુસાફરી અને વહાણવટુ પૂરબહારમાં ખીલેલું હશે. વહાણવટાનો ધંધો છેક ભાવનગર સુધી ચાલતો હશે. સાગરના અભ્યાસમી આ પ્રજ પઢાર કોમ તે વખતે દરિયો ખૂંદનાર ખારવા હશે. મછવા, હોડીઓ બાંધવાનું કામ અને હોડીઓ સમુદ્રમાં ફેરવવાનું કામ કરતી હશે. સાગર જેનું જીવન, દરિયો ખેડનાર ખેડૂત પઢાર સાગરને કાંઠે જ વસીને રહયા હશે. અને આ કોમ સાગરનાં જ ગીતો ગાતી જીવન વિતાવતી હશે. અને આમ પેઢીઓ ગુજરી હશે.

વરસો જતાં કાળે કરીને ભૂમિરચનામાં ઉથલપાથલ થઇ હશે. સાગરનો હિમાલય બન્યો તેમ પૃથ્વીએ પોતાનું પાસુ બદલી જમીન ઉંચી નીચી કરી નાખી દરિયો ખસેડી નાખ્યો હશે. નળકાંઠામાં સમુદ્રનો જે ભાગ હતો તેમાંથી કટલોક ભાગ પૂરાઇ ગયો

હશે. ભૌગોલિક રીતે નળકાંઠાનો પ્રદેશ કચ્છ અને ખંભાતના અખાત સાથે જોડાયેલો હશે. પરંતુ આ પાણીવાળા પ્રદેશમાં માટીનું પુરાણ થવાથી અને પાણી ખસી જવાથી જમીનથી જ જોડાયેલો રહ્યો. છતાં નળકાંઠામાં વચ્ચેનો ભાગ જે માઈલોના માઈલો સુધી નીચાણવાળો રહ્યો તે સરોવરરૂપે બંધાઈ ગયો હોવો જોઈએ. તેમાં પણ વરસાદ અને નદીઓના પાણીએ સરોવરનો કેટલોક ભાગ પૂરી નાખ્યો હશે અને છીછરો કરી નાખ્યો હશે, એમ કલ્પના કરી શકાય.

...



## પ્રકરણ - ૨

### પઢાર અર્થવ્યવસ્થા : ભૌતિક પરિવેશ

આગળ પ્રકરણ - ૧ માં જણાવ્યા પ્રમાણે અમદાવાદ જિલ્લાની પશ્ચિમ દિશામાં આ નળકાંઠાનો પ્રદેશ આવેલો છે. આ ૨૪ માઇલ પહોળો અને ૩૨ માઇલ લાંબો એટલે કે ૭૬૮ ચો. માઇલનું ક્ષેત્રફળ ગણાય. જેને નળસરોવર તરીકે ઓળખવામાં આવે છે. તે ૧૬ માઇલ લાંબો અને ૪।। માઇલ પહોળો પટ છે. આ પ્રદેશ નીચાણ પર આવેલો હોઇ ચોમાસામાં ચારેય તરફનું પાણી ત્યાં આવીને પથરાઇ જાય છે. ને છેક વસંતઋતુ સુધી ટકી રહે છે.

#### ભૌગોલિક પરિસ્થિતિ :

સ્થાન : નળકાંઠાનો વિસ્તાર એ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનો દક્ષિણ વિસ્તાર, ધંધુકા તાલુકાનો પૂર્વ વિસ્તાર, વિરમગામ તાલુકાનો દક્ષિણ અને પશ્ચિમ વિસ્તાર. સાણંદ મહાલનો પશ્ચિમ વિસ્તાર તથા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાનો પૂર્વ-દક્ષિણ વિસ્તારનો પ્રદેશ એ નળકાંઠા વિસ્તાર તરીકે ઓળખાય છે.

જમીન : નળકાંઠા વિસ્તારની જમીન મધ્યમ કાળી અને સપાટ છે. આ વિસ્તારમાં કેટલાક સ્થળે ખારાપાટની જમીન જોવા મળે છે. અને જમીનમાં થોડું ઊંડે સુધી ખોદતાં ખારૂં પાણી મળી આવે છે. આ પ્રદેશમાં પીવા માટે મીઠું પાણી મેળવવું મુશ્કેલ છે. આ વિસ્તારની જમીનનું પડ સાધારણ રીતે બ થી પાંચ ફૂટ જેટલું જોવા મળે છે. સાણંદ મહાલ વિસ્તારની

## પ્રકરણ - ૨

### પઢાર અર્થવ્યવસ્થા : ભૌતિક પરિવેશ

આગળ પ્રકરણ - ૧ માં જણાવ્યા પ્રમાણે અમદાવાદ જિલ્લાની પશ્ચિમ દિશામાં આ નળકાંઠાનો પ્રદેશ આવેલો છે. આ ૨૪ માઇલ પહોળો અને ૩૨ માઇલ લાંબો એટલે કે ૭૬૮ ચો. માઇલનું ક્ષેત્રફળ ગણાય. જેને નળસરોવર તરીકે ઓળખવામાં આવે છે. તે ૧૬ માઇલ લાંબો અને ૪॥ માઇલ પહોળો પટ છે. આ પ્રદેશ નીચાણ પર આવેલો હોઇ ચોમાસામાં ચારેય તરફનું પાણી ત્યાં આવીને પથરાઇ જાય છે. ને છેક વસંતૠતુ સુધી ટકી રહે છે.

**ભૌગોલિક પરિસ્થિતિ :**

સ્થાન : નળકાંઠાનો વિસ્તાર એ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનો દક્ષિણ વિસ્તાર, ધંધુકા તાલુકાનો પૂર્વ વિસ્તાર, વિરમગામ તાલુકાનો દક્ષિણ અને પશ્ચિમ વિસ્તાર, સાણંદ મહાલનો પશ્ચિમ વિસ્તાર તથા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાનો પૂર્વ-દક્ષિણ વિસ્તારનો પ્રદેશ એ નળકાંઠા વિસ્તાર તરીકે ઓળખાય છે.

જમીન : નળકાંઠા વિસ્તારની જમીન મધ્યમ કાળી અને સપાટ છે. આ વિસ્તારમાં કેટલાક સ્થળે ખારાપાટની જમીન જોવા મળે છે. અને જમીનમાં થોડું ઊંડે સુધી ખોદતાં ખારૂં પાણી મળી આવે છે. આ પ્રદેશમાં પીવા માટે મીઠું પાણી મેળવવું મુશ્કેલ છે. આ વિસ્તારની જમીનનું પડ સાધારણ રીતે બે થી પાંચ ફૂટ જેટલું જોવા મળે છે. સાણંદ મહાલ વિસ્તારની

જમીન મધ્યમ કાળી અને ગોરાડું છે. લીમડી તાલુકાની જમીન મગફરીના પાકને અનુકૂળ આવે એવી છે. જ્યારે ધોળકા અને ધંધુકા વિસ્તારની જમીન મધ્યમ કાળી છે. અને તે ઘઉંના પાકને અનુકૂળ છે.

પાક : આ વિસ્તારની જમીનમાં ચોમાસામાં બાજરી, જુવાર, કપાસ, ડાંગર અને મગફરી થાય છે. જ્યારે શિયાળામાં ઘઉં, ચણા, શિયાળુ જુવાર, મગ અને મઠ પાકે છે.

આબોહવા : ઉનાળામાં સખત ગરમી, શિયાળામાં અતિશય ઠંડી અને ચોમાસામાં સાધારણ વરસાદ પડે છે. ઉનાળો માર્ચથી મે માસ સુધીનો ગણાય છે. મે માસમાં સૌથી વધારે ગરમી પડે છે. ઉનાળામાં સરેરાશ ગરમી ૪૧.૯ સે.ગ્રેડ (૧૦૭.૫° ફે.હા.) જેટલી પડે છે. અને ઓછામાં ઓછું ઉષ્ણતામાન ઉનાળામાં ૨૬.૩ સે.ગ્રેડ (૭૯.૪ ફે.હા.) જેટલું હોય છે. જૂન માસમાં વરસાદ શરૂ થાય છે ત્યારે ગરમી ઓછી થાય છે પણ રાતે તો મે માસના જેવી ગરમી લાગે છે. શિયાળામાં સૌથી વધારે ગરમી ૨૮.૨ સે.ગ્રેડ જેટલી પડે છે. જ્યારે ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૧૨.૯ સે.ગ્રેડ સુધી થઈ જાય છે. શિયાળામાં કોઈ કોઈ સમયે હિમવર્ષા થાય તો ૫.૦ સે.ગ્રેડ સુધી ઉષ્ણતામાન નીચું પહોંચી જાય છે.

વરસાદ : આ વિસ્તારમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૫૦૬.૮ મી.મી. જેટલો થાય છે. લગભગ ૯૪ ટકા જેટલો વરસાદ ઉત્તર-પશ્ચિમ તરફથી સામાન્ય રીતે થાય છે. જુલાઈ માસમાં વરસાદનું પ્રમાણ વધુ હોય છે. અને આ માસમાં વરસાદ ઝાપટાંરૂપે પડે છે.



વૃક્ષો : આ વિસ્તારમાં વૃક્ષોમાં ફક્ત પીલુડાનાં કોઈ કોઈ જગ્યાએ ઠુંઠાં જોવા મળે છે. કોઈ કોઈ જગ્યાએ ખીજડાનાં ઝાડ પણ જોવા મળે છે. ગામની નજીક આમલી, લીમડી વગેરે ઝાડ હોય છે. દૂરથી દેખાતું ઝાડોનું ઝૂંડ તેમાં લપાયેલ ગામની ચાડી ખાતાં હોય એમ જણાય છે.

ઘાસ : ગોંદરી, બીડ, સરૂ, ગાડર, લાવળ, થોર અને મેંદી.

પશુઓ : ગાય, બળદ, ભેંસ, ઘેટાં, બકરાં, શિયાળ, સસલાં.

પક્ષીઓ : કાગડો, કાબર, ખિસકોલી, ચકલી, તેતર, વૈયાં (કાળો રંગ અને લાલ મોં) વગેરે.

...

પ્રકરણ - ૩

## પઢાર અર્થવ્યવસ્થા : વસ્તી, કામ કરનારા

### વસ્તી :

પઢારની વસ્તી અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનાં ત્રણ ગામો - શિયાળ, ધરજી (દુર્ગી) અને દેવડથલ- તથા વિરમગામ તાલુકાના શાહપુર ગામમાં તથા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાનાં ગામો -રાણાગઢ, નાની કઠેચી, પડાલી, પરનાળા, ગેડી, રળોલ અને આનંદપરમાં આવેલી છે. આ ઉપર જણાવેલાં ગામોમાં ગામની કુલ વસ્તી અને કુલ વસ્તીમાં પઢારોની વસ્તી નીચે કોઠા-૧ માં બતાવ્યા પ્રમાણે છે :

કોઠો - ૧X

ગામની કુલ વસ્તીમાં પઢાર જાતિની વસ્તી દર્શાવતો કોઠો :

| ક્રમ | ગામનું નામ | તાલુકો | જિલ્લો | ગામની કુલ વસ્તી | ગામની કુલ વસ્તીમાં પઢારની વસ્તી |
|---|---|---|---|---|---|
| ૧. | રાણાગઢ | લીમડી | સુરેન્દ્રનગર | ૩૭૪૫ | ૨૦૬૫ |
| ૨. | નાની કઠેચી | '' | '' | ૨૭૫૫ | ૧૭૨૫ |
| ૩. | પડાલી | '' | '' | ૧૪૫૦ | ૪૪૦ |
| ૪. | પરનાળા | '' | '' | ૨૫૩૦ | ૨૪૫ |
| ૫. | ગેડી | '' | '' | ૧૫૨૦ | ૫૦ |
| ૬. | રળોલ | '' | '' | ૪૧૮૫ | ૯૬૫ |
| ૭. | આનંદપર | '' | '' | ૧૦૮૮ | ૬૫ |
| ૮. | શાહપુર | વિરમગામ | અમદાવાદ | ૩૨૬૦ | ૧૧૬૫ |
| ૯. | શિયાળ | ધોળકા | '' | ૩૭૭૫ | ૧૫૬૨ |
| ૧૦. | ધરજી (દુર્ગી) | '' | '' | ૨૨૬૦ | ૧૬૨૯ |
| ૧૧. | દેવડથલ | '' | '' | ૧૨૯૦ | ૩૨૪ |
| કુલ | | | | ૨૭૮૫૮ | ૧૦૨૮૫ |

X Project for Interated Development of Adijati Padhar Community in Surendrangar and Ahmedabad District of Gujarat State, June 1979 મુજબ

આ પઢાર આદિવાસીઓ સાથે બીજી કોઇ આદિવાસી જાતિ વસવાટ કરતી જોવા મળતી નથી. જ્યારે ગુજરાતની બીજી આદિવાસી જાતિઓ, એક જ ગામમાં જુદી જુદી જાતિઓ વસવાટ કરતી હોય તેમ જોવા મળે છે. તેમજ આદિવાસીઓનાં સ્વતંત્ર ગામ જોવા મળે છે તેવું આ પઢાર જાતિનાં સ્વતંત્ર ગામ જોવા મળતાં નથી. આ પઢાર જે ગામોમાં વસવાટ કરે છે તે ગામોમાં પઢાર ઉપરાંત બીજી કેટલીક જ્ઞાતિઓ વસવાટ કરે છે. જેવી કે ભરવાડ, મુસ્લિમ, કોળી પટેલ, ચારણ, હરિજન, કુંભાર, લુહાર, લુહાણા, વાણિયા અને બ્રાહ્મણ છે.

પઢારોનાં ઘરો ગામની બીજી જ્ઞાતિનાં ઘરોથી અલગ જોવા મળે છે. અને તે ફળિયારૂપે વસવાટ કરે છે. આ પઢારોને ગામની બીજી જ્ઞાતિઓના લોકો જેમ હરિજનોને અછૂત ગણે છે તેમ પઢારોને અછૂત ગણતા નથી. એટલે જેમ હરિજનોનો વસવાટ ગામની પરવાડે હોય છે તેવું પઢારો વિષે કહી શકાય નહીં. એક ફળિયામાં એક જ સાખના પઢારો વસવાટ કરતા હોય છે. જો ગામમાં બીજી સાખ -ગોત્ર-ની પઢારની વસ્તી હોય તો તેમનું ફળિયું અલગ હોય છે એમ મહદંશે જોવા મળે છે. કોઇ કોઇ જગ્યાએ બે અલગ અલગ સાખના પઢારો એક જ ફળિયામાં રહેતા હોય એમ કેટલીકવાર બને ખરૂં, પરંતુ તેમની સાથે બીજી જ્ઞાતિના લોકો એક જ ફળિયામાં વસવાટ કરતા હોય એવું જોવા મળતું નથી.

તપાસ માટે પસંદ કરવામાં આવેલ ચારેય ગામનાં કુલ ૧૦૦ કુટુંબોની ગામવાર અને જાતિવાર કુલ સભ્યસંખ્યા કોઠા- ૨ માં બતાવ્યા પ્રમાણે હતી :



કોઠો - ૨

તપાસ હેઠળનાં ગામોમાં ગામવાર અને જાતિવાર કુટુંબોની સભ્યસંખ્યા દર્શાવતો કોઠો :

| ક્રમ | ગામનું નામ | કુટુંબ સંખ્યા | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | ધરજી (દુર્ગી) | ૨૫ | ૧૦૮ | ૯૫ | ૨૦૩ |
| ૨. | શાહપુર | ૨૫ | ૮૨ | ૬૦ | ૧૪૨ |
| ૩. | રળોલ | ૨૫ | ૮૨ | ૬૯ | ૧૫૧ |
| ૪. | નાની કઠેચી | ૨૫ | ૮૫ | ૮૨ | ૧૬૭ |
| | કુલ | ૧૦૦ | ૩૫૭ | ૩૦૬ | ૬૬૩ |

હવે આપણે તપાસવામાં આવેલાં ૧૦૦ કુટુંબોની આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવતાં પહેલાં તપાસ માટે પસંદ કરવામાં આવેલાં કુટુંબોના સભ્યોની, ગામવાર અને ઉંમર પ્રમાણે સભ્યસંખ્યા કોઠા - ૩ માં જોઇશું :

કોઠો - ૩

ગામવાર તપાસ હેઠળનાં કુટુંબોની ઉંમર પ્રમાણે સભ્યસંખ્યા દર્શાવતો કોઠો :

| ગામનું નામ | કુટુંબ સંખ્યા | કુલ સભ્યસંખ્યા | | ૧થી ૬ વર્ષ | | ૭થી ૧૪ વર્ષ | | ૧૫ થી ૨૪ વર્ષ | | ૨૫થી ૬૦ વર્ષ | | ૬૦ થી ઉપર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ધરજી(દુર્ગી) | ૨૫ | ૧૦૮ | ૯૫ | ૧૩ | ૧૦ | ૨૪ | ૧૯ | ૧૯ | ૧૬ | ૪૭ | ૪૬ | ૫ | ૪ |
| શાહપુર | ૨૫ | ૮૨ | ૬૦ | ૧૨ | ૭ | ૨૧ | ૯ | ૧૨ | ૧૭ | ૩૨ | ૨૫ | ૫ | ૨ |
| રળોલ | ૨૫ | ૮૨ | ૬૯ | ૧૫ | ૧૩ | ૨૪ | ૧૨ | ૧૨ | ૧૫ | ૨૯ | ૨૭ | ૨ | ૨ |
| નાની કઠેચી | ૨૫ | ૮૫ | ૮૨ | ૪ | ૯ | ૨૫ | ૨૩ | ૧૭ | ૧૭ | ૩૩ | ૩૨ | ૩ | ૧ |
| કુલ | ૧૦૦ | ૩૫૭ | ૩૦૬ | ૪૪ | ૩૯ | ૯૪ | ૬૩ | ૬૦ | ૬૫ | ૧૪૪ | ૧૩૦ | ૧૫ | ૯ |

કોઠા - ૩ પરથી સ્પષ્ટ થાય છે કે તપાસ હેઠળનાં કુલ ૧૦૦ કુટુંબોની કુલ ૬૬૩ ની સભ્યસંખ્યામાંથી ૧થી ૬ વર્ષની અંદરની ઉંમરવાળાં બાળકોની સંખ્યા ૮૩ થાય છે. જ્યારે ૭ થી ૧૪ વર્ષની ઉંમરનાં બાળકોની સંખ્યા ૧૫૭ જેટલી થાય છે. ૧૫ થી ૨૪ ની વયજૂથમાં ૧૨૫ ની સંખ્યા છે. અને સૌથી વધુ સભ્યસંખ્યા ૨૫ થી ૬૦ વર્ષની ઉંમરવાળા જૂથમાં આવે છે. જેઓની કુલ સભ્યસંખ્યા ૨૭૪ ની છે. જ્યારે ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યોની સંખ્યા ફક્ત ૨૪ ની છે.



આમ વયજૂથ પ્રમાણે સભ્યસંખ્યા જોયા પછી હવે આપણે કુટુંબની સભ્યસંખ્યા પ્રમાણે કુટુંબનું કદ જોઈશું.

કોઠો - ૪

ગામવાર પસંદ કરેલાં કુટુંબોનું સભ્યસંખ્યા પ્રમાણે કુટુંબનું કદ દર્શાવતો કોઠો :

| ક્રમ | ગામનું નામ | ૧થી ૩ સભ્યો | ૪થી ૭ સભ્યો | ૮થી ૧૦ સભ્યો | ૧૧ અને તેથી વધુ સભ્યો | કુલ કુટુંબ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ધરજી (દુર્ગી) | ૧ | ૧૩ | ૬ | ૫ | ૨૫ |
| ૨. | શાહપુર | ૬ | ૧૩ | ૫ | ૧ | ૨૫ |
| ૩. | રળોલ | ૪ | ૧૫ | ૪ | ૨ | ૨૫ |
| ૪. | નાની કઠેચી | ૧ | ૧૮ | ૪ | ૨ | ૨૫ |
| | કુલ | ૧૨ | ૫૯ | ૧૯ | ૧૦ | ૧૦૦ |

કોઠા - ૪ પરથી સ્પષ્ટ થાય છે કે કુટુંબનું કદ સરાસરી ૬ાા સભ્યોનું થાય છે. અને ગામવાર કુટુંબનું સરાસરી કદ ધરજીમાં ૮, શાહપુરમાં ૬ાા, રળોલમાં ૬ અને નાની કઠેચીમાં ૭ માણસોનું થાય છે. જે વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં સરેરાશ કુટુંબનું કદ હોવું જોઈએ તેના કરતાં લગભગ બમણું કદ પછાત કુટુંબોનું થાય છે. ૧થી ૩ સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબો કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૧૨ છે અને ૪ થી ૭ સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબો કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૫૯ છે. ૮થી ૧૦ સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબો ૧૯ અને ૧૧ થી વધુ સભ્યસંખ્યા ધરાવતાં કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૧૦ કુટુંબો છે. આમ ૪થી ૭ સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબો ૫૯ ટકા જેટલાં છે. જે તપાસ હેઠળનાં કુટુંબોની સભ્યસંખ્યાના જૂથમાં સૌથી વધુ છે.

જો ગામવાર કુટુંબનું કદ જોઇએ તો ૪થી ૭ સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબોનું પ્રમાણ દરેક ગામમાં વધુમાં વધુ છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં જે સરાસરી કુટુંબનું કદ છે તેના કરતાં પઢારોના કુટુંબનું કદ લગભગ બમણું છે. જે પઢારોના આર્થિક જીવન સ્તરને પણ અસર કરે છે.

ઉપર પ્રમાણે કુટુંબના કદને જોયા પછી પઢાર કુટુંબો સંયુકત વધારે છે કે કેન્દ્રીય વધારે છે તે પણ જાણવું જરૂરી છે. કારણ કે દરેક કુટુંબનું આર્થિક જીવન સ્તર મોટે ભાગે કુટુંબના કદ અને તેના પ્રકાર ઉપર અવલંબે છે.

તપાસ હેઠળનાં કુટુંબોનો ગામવાર કુટુંબનો પ્રકાર જાણવા માટે આપણે કોઠો - ૫ જોવો પડશે.

કોઠો - ૫

તપાસ હેઠળનાં કુટુંબોનો ગામવાર કુટુંબનો પ્રકાર દર્શાવતો કોઠો :

| ક્રમ | ગામનું નામ | કેન્દ્રીય કુટુંબો | સંયુકત કુટુંબો | કુલ કુટુંબો |
|---|---|---|---|---|
| ૧. | ધરજી (દુર્ગી) | ૧૨ | ૧૩ | ૨૫ |
| ૨. | શાહપુર | ૧૨ | ૧૩ | ૨૫ |
| ૩. | રળોલ | ૧૭ | ૭ | ૨૫ |
| ૪. | નાની કઠેચી | ૨૦ | ૫ | ૨૫ |
| | કુલ | ૬૧ | ૩૯ | ૧૦૦ |



ઉપરના કોઠા - ૫ પરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે પઢાર લોકોમાં સૌથી વધુ કુટુંબો કેન્દ્રીય કુટુંબો છે. કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૬૧ કુટુંબો કેન્દ્રીય કુટુંબો છે. અને ૩૯ કુટુંબો, સંયુકત કુટુંબો છે. આમાં પણ ધરજી (દુર્ગી) અને શાહપુર ગામોમાં કેન્દ્રીય અને વિભકત કુટુંબોમાં માત્ર ૪ ટકાનો જ ફેર છે. જયારે રળોલ અને નાની કઠેચી ગામોમાં કેન્દ્રીય અને સંયુકત કુટુંબોનો તફાવત ૨૬ ટકા જેટલો છે.

આમ ઉપર પ્રમાણે સભ્યસંખ્યા પ્રમાણે કુટુંબનું કદ (કોઠા-૪ માં) અને કુટુંબનો પ્રકાર (કોઠા-૫ માં) જોયા પછી કુટુંબમાં કમાણી કરનાર અને તેના પર આધારિત સભ્યસંખ્યાનું પ્રમાણ નીચે કોઠા - ૬ માં દર્શાવવામાં આવ્યું છે.

કોઠો - ૬

તપાસ હેઠળનાં કુટુંબોમાં કમાણી કરનાર અને કમાણી નહીં કરનાર, ગામવાર સભ્યસંખ્યા દર્શાવતો કોઠો.

| ક્રમ | ગામનું નામ | કુલ સભ્યસંખ્યા | | | કમાણી કરનાર | | | કમાણી નહીં કરનાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ |
| ૧. | ધરજી (દુર્ગી) | ૧૦૮ | ૯૫ | ૨૦૩ | ૫૧ | ૫૦ | ૧૦૧ | ૫૭ | ૪૫ | ૧૦૨ |
| ૨. | શાહપુર | ૮૨ | ૬૦ | ૧૪૨ | ૪૧ | ૩૯ | ૮૦ | ૪૧ | ૨૧ | ૬૨ |
| ૩. | રળોલ | ૮૨ | ૬૯ | ૧૫૧ | ૪૫ | ૩૫ | ૮૦ | ૩૭ | ૩૪ | ૭૧ |
| ૪. | નાની કઠેચી | ૮૫ | ૮૨ | ૧૬૭ | ૪૩ | ૪૧ | ૮૪ | ૪૨ | ૪૧ | ૮૩ |
| | કુલ | ૩૫૭ | ૩૦૬ | ૬૬૩ | ૧૮૦ | ૧૬૫ | ૩૪૫ | ૧૭૭ | ૧૪૧ | ૩૧૮ |

ઉપરના કોઠા - ૬ પરથી સ્પષ્ટ થાય છે કે તપાસ હેઠળનાં ૧૦૦ કુટુંબોની કુલ ૬૬૩ ની સભ્યસંખ્યામાંથી ૩૪૫ સભ્યો કમાણી કરે છે. અને આ ૩૪૫ સભ્યોમાંથી ૧૮૦ પુરૂષ એટલે કે કુલ કામ કરનારામાંથી પર.૨ ટકા પુરૂષો અને ૧૬૫ સ્ત્રીઓ એટલે કે ૪૭.૮ ટકા સ્ત્રીઓ કમાણી કરે છે. જ્યારે કમાણી નહીં કરનાર કુલ ૩૧૮ સભ્યોમાંથી ૧૭૭ પુરૂષો અને ૧૪૧ સ્ત્રીઓ છે. આને ટકાની રીતે જોઇએ તો પુરૂષોમાં ૫૫.૭ ટકા અને સ્ત્રીઓમાં ૪૪.૩ ટકા સભ્યો કમાણી કરતા નથી. આમ ૫૫ ટકા વ્યકિતઓએ ૪૫ ટકા વ્યકિતઓનો નિભાવ કરવો પડે છે. કમાણી કરનાર અને કમાણી નહીં કરનાર સંખ્યાનો તફાવત નહીંવત્ છે. પરંતુ તેમાંથી ૧થી ૬ વર્ષનાં અને ૭ થી ૧૪ વર્ષનાં બાળકોને બાદ કરતાં કમાણી નહીં કરનાર સભ્યોની સંખ્યા વધવા પામે છે. આપણે આગળ જોયું તેમ ૧થી ૬ વર્ષનાં અને ૭થી ૧૪ વર્ષનાં વયજૂથમાં કુલ સભ્યસંખ્યા અનુક્રમે ૮૩ અને ૧૫૭ ની છે. અને જેનો બોજ કમાણી કરનાર ૩૪૫ સભ્યો પર પડે છે.

...

## પ્રકરણ - ૪

## પઢાર અર્થવ્યવસ્થા : ભૌતિક સંસ્કૃતિ

### મકાનો :

પઢારોનાં મકાનો એક જ ફળિયામાં હોય છે પરંતુ તેમનાં મકાનોની દીવાલો સ્વતંત્ર હોય છે. એટલે કે એક કૂબા અને બીજા કૂબા વચ્ચે અંતર રાખીને પોતાનું ઝૂંપડું બનાવતા હોય છે. સામાન્ય રીતે એક ઝૂંપડાને બીજા ઝૂંપડા વચ્ચે ૧૦-૧૫ ફૂટનું અંતર જોવા મળે છે. તેમનાં ઝૂંપડાં કૂબા તરીકે ઓળખાય છે. પઢારો તેમના કૂબા લાકડાં અને ઘાસમાંથી તૈયાર કરતા હોય છે. કૂબાની દીવાલો ઘાસની બનાવે છે અને પછી તેના ઉપર માટીથી લીપણ કરીને સુંદર બનાવે છે. છાપરા ઉપર ગોદરી નામનું સૂકુ ઘાસ છાએ છે. આ કૂબા ગોળાકાર, શંકુ આકારના અને એક જ ખંડના હોય છે. તેમના કૂબાનું ક્ષેત્રફળ લગભગ ૫૦ ચો. ફૂટ જેટલું હોય છે. આ કૂબામાં પ્રવેશવા માટે એક જ નાનો દરવાજો રાખવામાં આવે છે. આ સિવાય કૂબાને બીજી કોઇ જગ્યાએ હવા-ઉજાસ માટ જગ્યા રાખવામાં આવતી નથી. આના કારણે તેમના કૂબામાં આખો દિવસ રાત્રી હોય તેમ અંધારું જ રહે છે. ચૂલાનો ધૂમાડો બહાર જઇ શકે તેમ નહીં હોવાથી ધૂમાડો કૂબાની અંદરને અંદર જ ગોટાયા કરે છે.

તપાસ માટે કુલ ચાર ગામ -(૧) ધરજી (દુર્ગી), (૨) શાહપુર, (૩) રળોલ અને (૪) નાની કઠેચી - લેવામાં આવ્યાં હતાં. આમાંના દરેક ગામમાં ૨૫ કુટુંબો પ્રમાણે કુલ ૧૦૦ કુટુંબોના મકાનોની પરિસ્થિતિ નીચેના કોઠામાં (કોઠા-૭ માં) બતાવ્યા પ્રમાણે હતી.

કોઠો - ૭

તપાસ હેઠળનાં કુટુંબોના મકાનનો પ્રકાર દર્શાવતો કોઠો :

| ક્રમ | ગામનું નામ | મકાન કાચું/ માટીનું દેશી નળિયાવાળું | મકાન પાકું મેંગ્લોરી નળિયાવાળું | મકાન કાચું છાજવાળું | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | ધરજી (દુર્ગી) | ૨૨ | ૧ | ૨ | ૨૫ |
| ૨. | શાહપુર | ૨૦ | - | ૫ | ૨૫ |
| ૩. | રળોલ | ૧૬ | - | ૯ | ૨૫ |
| ૪. | નાની કઠેચી | ૬ | - | ૧૯ | ૨૫ |
| | કુલ | ૬૪ | ૧ | ૩૫ | ૧૦૦ |

ઉપરના કોઠા- ૭ પરથી સ્પષ્ટ થાય છે કે પઢારનાં મકાનો મોટે ભાગે કાચાં છે. અને મકાનોના છાપરા ઉપર માટીનાં દેશી નળિયા કે છાજ જોવા મળે છે. તપાસમાં લેવામાં આવેલાં ચાર ગામનાં કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૬૪ કુટુંબોનાં મકાનો કાચાં, માટીની દીવાલવાળાં હતાં. જ્યારે ૩૫ મકાનો એવાં હતાં કે, મકાનોના છાપરા ઉપર પણ નળિયાં ના બદલે ગોંદરીના સૂકા ઘાસથી છાએલાં હતાં. ફક્ત ધરજી (દુર્ગી) ગામમાં એક જ મકાન એવું હતું કે જેની દીવાલો પાકી ઈંટની હતી અને છાપરા ઉપર મેંગ્લોરી નળિયાં નાંખવામાં આવ્યાં હતાં.



પઢારો પોતાનાં મકાનો-કૂબા- તેઓ જાતે જ સ્થાનિક જે સામગ્રી ઉપલબ્ધ હોય તેમાંથી બનાવે છે. તેઓ પોતાના કૂબાની દીવાલો બરૂ નામના ઘાસની બનાવે છે. અને તેના ઉપર ચીકણી માટીથી લીંપણ કરી લે છે. જ્યારે છાપરા ઉપર જો દેશી નળિયાં હોય તો તે સ્થાનિક કુંભારે બનાવેલાં હોય છે. અને જો છાપરા ઉપર ઘાસ હોય તો તેઓ જાતે નળસરોવરના કિનારા પર પુષ્કળ પ્રમાણમાં થતું ગોંદરી નામનું ઘાસ કાપી લાવીને, તે સૂકવીને, તેનાથી છાપરૂ છાએ છે. કૂબાને જ મજબૂત જાડા લાકડાના ટેકા જો઼ઈએ તે પણ તેઓ સ્થાનિક થતાં વૃક્ષોનાં ડાળાં કાપીને ઉપયોગમાં લેતા હોય છે. જ્યારે જે મકાનોની દીવાલો માટીની હોય તે પણ પોતાના મકાનની નજીકમાં જ ખાડો ખોદીને તે માટી જ મકાનની દીવાલ બનાવવાના ઉપયોગમાં લેતા હોય છે. અને છાપરા ઉપર નળિયાં નાંખવા માટે, વાંસ ખરીદી લાવીને તેની ચીપટો બનાવીને તે છાપરા ઉપર બાંધે છે અને તેના ઉપર નળિયાં ગોઠવે છે. આ વાંસ તેઓ નજીકનાં શહેરો- વિરમગામ, ધોળકા, સાણંદ-થી લઈ આવે છે. આમ પઢારોના આવાસો સ્થાનિક સાધનસામગ્રીનો ઉપયોગ કરીને બનાવે છે. આ તેમના એક જ ખંડના મકાનમાં તમામ પ્રકારની માનવસહજ પ્રવૃત્તિઓ થાય છે. પરંતુ એક નોંધપાત્ર બાબત એ જોવા મળી કે દરેક પઢારનાં મકાનો કે કૂબા તેમની પોતાની માલિકીની જમીન ઉપર હતા. આ એક જ ખંડનાં મકાનોની અંદર પઢારોએ પોતાનું રાચરચીલું અને ઘરવખરીનાં સાધનો સાથે સમાવવું પડે છે. ઘરે કોઈ મહેમાન આવ્યા હોય અને રાત રોકાવાના હોય તો તેમને પણ પોતાના એક ખંડવાળા મકાનની અંદર જ સાથે સૂવાડવામાં આવે છે. રાત્રે કુટુંબના બધા સભ્યો સૂઈ જાય પછી મકાનમાં થોડી પણ જગ્યા ખાલી રહેતી નથી. મકાન નાનું હોવાથી એક જ પથારીમાં બધા સભ્યો સાથે સૂઈ જતા હોય છે. અને ઘરમાં જો નાનાં બાળકો હોય તો તેમને પણ સાથે સમાવવું પડે છે. કુટુંબમાં કોઈ એવું બાળક હોય કે જેને રાત્રે પારણાની જરૂર પડતી હોય, તો તે માટે પોતાની માતા જે જગ્યાએ ખાટલો

રાખીને સૂઇ ગઇ હોય તે ખાટલાની ઉપર છાપરાના જાડા લાકડાને દોરડું બાંધીને પારણું તૈયાર કરે છે. એટલે કે ઉપર બાળકનું પારણું હોય અને નીચે ખાટલામાં તેની માતા સૂતી હોય. આ સ્થિતિ જોયા પછી કોઇ પણ માણસને ખ્યાલ આવી જાય કે પઢારો કેટલી દૈનીય કંગાલિયતમાં પોતાનું જીવન વિતાવે છે. આ સઘળી પરિસ્થિતિ તેમની આર્થિક સ્થિતિની ચાડી ખાય છે.

ઘરવખરીનાં સાધનો :

પઢારોની ઘરવખરીનાં સાધનો માંડ પોતાની જરૂરિયાતને સંતોષી શકે તેટલાં હોય છે. તેમની ઘરવખરીનાં સાધનોમાં રાંધવા માટે એલ્યુમિનિયમ કે પીત્તળની એકાદ તપેલી, ખાવા માટે થાળી કે કાંસાની તાસળી અને પાણી ભરવા માટે માટીનાં એક બે માટલાં, તથા સૂવા માટે ખાટલા અને રાત્રે પ્રકાશ માટે એક પતરાની ડબ્બી-ચીમની- હોય છે. કોઇ કોઇ કુટુંબમાં તો જમવા માટે એલ્યુમિનિયમ કે પીત્તળની થાળીના બદલે માટીની થાળીનો ઉપયોગ કરતા હોય છે. આ માટીની થાળીને તેઓ પેણી તરીકે ઓળખાવે છે. અને ચા પીવા માટે કાચના કપ રકાબીને બદલે માટીનાં બટેરાંનો ઉપયોગ કરે છે. આ માટીનાં વાસણો તેઓ વિરમગામ કે સાણંદના બજારમાંથી ખરીદી લાવે છે.

તપાસમાં લેવામાં આવેલાં ચાર ગામનાં કુલ ૧૦૦ કુટુંબોમાંથી, પઢાર કુટુંબ પાસે ઘરવખરીનાં કેવાં અને કેટલાં સાધનો હોય છે તે બે કુટુંબોની ઘરવખરીનાં સાધનો જોઇએ તો નીચે પ્રમાણે હતાં :



ગામ રળોલના નાનાજી છગનભાઇ મેરના કુટુંબમાં ૮ સભ્યો છે. અને તેમની ઘરવખરીનાં સાધનો નીચે પ્રમાણે ધરાવે છે :

| | |
|---|---|
| એલ્યુમિનિયમ ડીસ-૧ | પીત્તળની થાળી-૨ |
| " થાળી-૨ | " લોટો-૧ |
| " તપેલી-૧ | " કાંસાની તાસળી-૧ |
| " કથરોટ-૧ | ચીમની -૧ |
| લાકડાના ખાટલા-૧ | |

ગામ નાની કઠેચીના સવજી તળશી મકવાણાના કુટુંબમાં ૬ સભ્યો છે અને તેમની પાસે નીચેની વસ્તુઓ ઘરવખરીનાં સાધનોમાં છે :

| | |
|---|---|
| એલ્યુમિનિયમ તપેલાં -૨ | પીત્તળની થાળી - ૨ |
| કાંસાની તાસળી - ૨ | પીત્તળના લોટા - ૨ |
| લાકડાના ખાટલા - ૩ | ચીમની - ૧ |
| પતરાની પેટી - ૧ | માટીનાં માટલાં -૩ |

સમગ્ર ચિત્ર માટે તપાસમાં લેવામાં આવેલાં, ચાર ગામનાં કુલ ૧૦૦ કુટુંબોની ઘરવખરીનાં સાધનો જોઇએ. તેને માટે કોઠો- ૮ જોઇએ.

## કોઠો - ૮

તપાસમાં લેવામાં આવેલાં કુટુંબોની ઘરવખરીનાં સાધનો દર્શાવતો કોઠો :

| સાધન કઇ ધાતુમાંથી બનેલું છે. | ગામનું નામ તથા કુટુંબ સંખ્યા | | | | કુલ |
|---|---|---|---|---|---|
| | ધરજી(દુર્ગી) ૨૫ | શાહપુર ૨૫ | રળોલ ૨૫ | નાની કઠેચી ૨૫ | |
| તાંબાનાં | ૪ | - | ૧૨ | ૧૯ | ૩૫ |
| એલ્યુમિનિયમ | ૮૩ | ૮૯ | ૯૬ | ૧૦૯ | ૩૭૭ |
| પિત્તળ | ૧૧૦ | ૭૩ | ૨૩૩ | ૭૩ | ૪૮૯ |
| માટીનાં | ૮૭ | ૧૦૫ | ૮૯ | ૭૬ | ૩૫૭ |
| કાંસાનાં | ૪૩ | ૧૯ | ૧૫ | ૩૧ | ૧૦૮ |
| અન્ય | ૪ | ૩૧ | ૪૧ | ૯ | ૮૫ |
| કુલ | ૩૩૧ | ૩૧૭ | ૪૮૬ | ૩૧૭ | ૧૪૫૧ |

ઉપર નમૂનાનાં જણાવેલ જે કુટુંબોની ઘરવખરી જોતાં સ્પષ્ટ થાય છે કે તેમના કુટુંબમાં કુલ સભ્યોની સંખ્યા જોતાં, જો કુટુંબના બધા સભ્યો એક સાથે જમવા બેસે તો તેમને ભાગે અડધું વાસણ પણ આવી શકે નહીં. તો પછી મોજશોખની ચીજવસ્તુઓની તો વાત જ કયાં કરવી. ૧૦૦ કુટુંબોમાં ૬૬૩ માણસો છે, ઘરવખરીનાં સાધનો ૧૪૫૧ છે. એટલે કે દરેક સભ્યને ભાગ સરેરાશ બે સાધન આવે. કોઇને ત્યાં સ્ટેનલેસસ્ટીલનાં વાસણો નથી.



જો કે એક નોંધપાત્ર બાબત એ જોવા મળી કે કોઇ કુટુંબ ગમે તેટલું ગરીબ હોય તો પણ તેના ઘરે એક ખાટલામાં બે માણસો સૂઇ શકે તેટલા ખાટલા તો જોવા મળ્યા હતા. આનું કારણ પૂછતાં જાણવા મળ્યુ કે આ પ્રદેશની જમીનમાં ખારાશ હોવાથી તથા જમીનમાં ભેજનું પ્રમાણ વધારે હોવાથી જો જમીન ઉપર પથારી કરીને સૂઇ જાય તો સવારે પથારી નીચે ભેજ આવી જાય છે. અને પથારી ભીની ભીની લાગે છે. તેમજ જમીનમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી કીડી, મંકોડા અને ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ બારેમાસ હોવાના કારણે તેમનાથી બચવા માટે ખાટલાનો જ ઉપયોગ કરવો પડે છે. ખાટલા પર પાથરવાનું ન હોય તો ચાલે પણ નીચે જમીન ઉપર તો સૂવાય જ નહીં.

પઢારોની સ્થાનિક ભૌતિક સામગ્રીનો ઉપયોગ કરવાની અને કલા પ્રત્યેની ઊંડી સૂઝની સાબીતી તો તેમણે બનાવેલ કોઠી પૂરી પાડે છે. જે પઢારો પાસે કોઠી છે તેઓ અનાજ ભરવા માટે અને વધેલું ખાવાનું મૂકવા માટે તેનો ઉપયોગ કરે છે. આ કોઠીઓ તેઓ જાતે ચીકણી કાળી માટીની અંદર ડાંગર કે ઘઉંનાં છાંતરાં ભેરવીને પછી માટીને બરાબર ગુંદીને ચીકણી બનાવે છે. આ કોઠીને ગરમીમાં તપાવવામાં આવતી નથી છતાં તે મજબૂત પાકી કોઠી જેવી બને છે. કોઠીને ચાર પાયા હોય છે અને તે ભોંયતળિયેથી લગભગ અડધો ફૂટ ઊંચી હોય છે. કોઠીની ઊંચાઇ માણસના ખભાની ઊંચાઇ જેટલી હોય છે. આ કોઠીમાં ચાર ખાનાં હોય છે. આમ આ ચાર ખાનામાં જુદા જુદા પ્રકારનું અનાજ ભરી શકાય છે. આ કોઠીની બહારની બાજુએ નાનાં નાનાં ખાનાં બનાવવામાં આવે છે. અને આ ખાનામાં તેમની ઘરવખરીનાં વાસણો ગોઠવે છે.

પરંતુ કોઠીના એક ગોખલામાં તમની કુળદેવીની છબી તો હોય જ. કોઠી ઉપર તેઓ કાચની બંગડીના ટૂકડા અને આભલાં લગાવે છે. આભલાં એવી રીતે લગાવેલાં હોય છે કે તેમાં પ્રકાશનું પરિવર્તન થાય છે, અને કોઠીની અંદર અંધારામાં પણ જોઇ શકાય છે. આ કોઠીમાં રાખેલું અનાજ ભેજ લાગવાથી ખરાબ ન થઇ જાય તે માટે તેઓ કોઠીની નીચે અડધા ફૂટની જગ્યા રાખે છે. જેથી કોઠીની નીચે હવાની અવરજવર રહે અને કોઠીની અંદરનું અનાજ બગડી જાય નહીં. આમ દુનિયાના ગમે તે ભાગમાં જાઓ તો, ત્યાંનો માનવ ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ થઇને જ પોતાનું જીવન વ્યતિત કરતો હશે.

આ ઉપરાંત તેમની ઘરવખરીનાં સાધનોમાં દરેક કુટુંબના ઘરે અનાજ ખાંડવા માટે ખાંડણિયો ઘરના એક ખૂણામાં જરૂર હોય જ. આ ખાંડણિયો મજબૂત લાકડામાંથી કોતરીને બનાવેલો હોય છે. અને જમીનમાં થોડો ઊંડો ખાડો ખોદીને બેસાડેલો હોય છે. ખાંડણિયા ઉપરાંત બીડ ઉપરનાં મુળિયાં સાફ કરવા માટે, બીડની ગાંઠોને ઝૂડવા માટે લાકડામાંથી બનાવેલી મોગરી પણ દરેક પઢાર પાસે અચૂક જોવા મળે છે. કોઇ તહેવાર કે સામાજિક પ્રસંગે પહેરવા માટેનાં કપડાં રાખવા માટે, ઢાંકણાવાળો પતરાનો ડબો હોય છે. કોઇ કુટુંબ પાસે પતરાની પેટી પણ જોવા મળે છે. રાત્રે સૂતી વખતે કપડાં ઉતારીને મૂકવા માટે એક વળગણી દોરડાથી લટકાવેલી હોય છે, જેના પર કપડાં ટીંગાડવામાં આવે છે. જેથી કપડાંને ઉંદર કાપી શકે નહીં.

પહેરવેશ :
--------

પઢાર પુરૂષોનો પોશાક હાથવણાટથી તૈયાર કરેલા જાડા કપડાનો બનેલો હોય છે. કોઇ કોઇ પઢાર મીલના જાડા કાપડનો પણ ઉપયોગ કરતા જોવા મળે છે. તેઓ કેડથી નીચેના ભાગે જાડી પછેડી પહેરે છે. આ પછેડીને લાલ, કાળા કે ભૂરા



રંગની કિનારી હોય છે. શરીરના ઉપરના ભાગમાં બાંય વિનાની જાડી બંડી પહેરે છે. આ બંડીને તેઓ કેડિયા તરીકે ઓળખાવે છે. માથે ફાળિયું અગર બે ત્રણ હાથનો કાપડનો ટૂકડો બાંધે છે. જયારે નાનાં બાળકો હાફપેન્ટ અને બુસર્ટ પહેરે છે. ત્રણ ચાર વર્ષની ઉંમરનાં બાળકો નાગાં જ ફરતાં હોય છે.

સ્ત્રીઓ ૧૦ મીટર કાપડનો ચણિયો- જે લાલ, પીળો કે ભૂરા રંગનો- પહેરે છે. ઉપર બ્લાઉઝની જગ્યાએ જાડું કાપડું અને સાડીના બદલે ઓઢણી ઓઢે છે. જે અડધી માથા ઉપર અને અડધો ભાગ ચણિયા ઉપર વીંટાળે છે. સ્ત્રીઓ કેડિયા નીચે બીજું કોઇ વસ્ત્ર પહેરતી નથી.

પઢારો તેમની નબળી આર્થિક સ્થિતિના કારણે કપડાંની બીજી જોડ રાખી શકતા નથી. અને કારણ તેઓ જે કપડાં પહેરે છે તે દરરોજ ધોવાતાં નથી. આના કારણે તેમનાં કપડાં ગંદાં હોય છે અને તેથી કપડાંમાંથી ખરાબ વાસ આવતી હોય છે.

પુરૂષો કરતાં સ્ત્રીઓના પોશાક પાછળ વધારે ખર્ચ થાય છે. સ્ત્રીઓના ચણિયાનું કાપડ દરેક કાપડનો વેપારી રાખતો નથી. ચાટલી લંબાઇનું ચણિયાનું કાપડ બીજે ક્યાંય પહેરાતું નથી. આથી ત્યાંના નજીકના વેપારી મથકના સ્થળેથી લઇ આવવું પડે છે. પઢારોની સ્થિતિ નબળી હોવાને કારણે તેઓ ઉનાળામાં જયારે અતિશય ગરમી પડે છે અને રસ્તે ચાલતાં દાઝી જવાય ત્યારે નાછૂટકે જ તેઓ મળે તેવાં સસ્તાં પગરખાંની તપાસ કરે છે. અને સસ્તાં પગરખાંનો ઉપયોગ કરે છે. આ પગરખાં માટે ભાગે ટાયર અને ટયૂબમાંથી બનાવેલાં હોય છે. અને તે બહારના ફેરિયા વેચવા આવે છે તેમની પાસેથી ખરીદે છે, કે પછી વિરમગામ, સાણંદ કે ધોળકા જેવા મોટા વેપારી મથકથી ખરીદી લાવે છે. જયારે

નાનાં બાળકો ઘર જ રહેતાં હોય તેઓ પગમાં કંઇ પહેરતાં નથી. કહો કે તેમની નબળી આર્થિક સ્થિતિને કારણ પગરખાં ખરીદી શકતા નથી.

ઘરેણાં :
------

સ્ત્રીઓ ઘરેણામાં ચાંદી કે કલાઇના વેડલા, કાન વીંધાવીને પહેરે છે. હાથે પણ કોઇ કોઇ સ્ત્રીઓ ચાંદી કે પીત્તળની વીંટી પહેર છે. જયાર ગળામાં રૂપાની હાંસડી પહેર છે. પગમાં, ઘુંટણ ઉપર, લોખંડ ઉપર કલાઇ કે ચાંદીનો ઢોર ચઢાવેલા તોડા-કડાં- પહેરે છે. આ બધાં સાધનો વિરમગામ, સાણંદ કે ધોળકામાં વસતા સોની લોકો બનાવે છે. અને ત્યાંથી તેઓ ખરીદી લાવે અને પહેર છે. આ ઉપરાંત સ્ત્રીઓ હાથે પ્લાસ્ટીક કે કાચની બંગડીઓ, ગામમાં ફેરિયા વેચવા આવે છે તેમની પાસેથી ખરીદીને પહેર છે. સ્ત્રીઓ કોણીથી ઉપરના ભાગમાં છેક બગલ સુધી હાથીદાંતનાં બલોયાં પહેર છે. આને કારણે તેમના શરીરની સ્વચ્છતા જળવાતી નથી. માથાના વાળ, કાળી સૂતરની કે રેશમની દોરીથી બાંધે છે. અને વાળનો અંબોડો વાળે છે. યુવાન સ્ત્રીઓ નાયલોનની બોપટી વાળ ઉપર બાંધે છે. આ ઉપરાંત સ્ત્રીઓ કપાળે કંકુનો ચાંલ્લો કરવા માટે બજારમાંથી ખરીદેલ કંકુની શીશીનો ઉપયોગ કર છે. માથું ઓળવા માટ કાંસકી કે કાંસકાનો ઉપયોગ કરે છે. યુવાન સ્ત્રીઓ આંખે કાજળનું આંજણ કરે છે. જે કાજળની ડબી બજારમાંથી ખરીદ છે. તેમજ યુવાન સ્ત્રીઓ માથામાં હેરપીન પણ નાંખે છે. ઉપરાંત સ્ત્રીઓ પ્લાસ્ટીકનાં મોતી ખરીદી લાવીને પોતાની જાતે ગળે પહેરવાના હાર બનાવીને પહેરે છે. જયાર નાની ઉંમરનાં બાળકો બજારમાંથી નાયલોનની દોરી ખરીદી લાવીને તેનો પટ્ટો ગૂંથીને કેડ બાંધે છે. આ પટ્ટામાં તેઓ પ્લાસ્ટીકનાં મોતી ગૂંથીને આકર્ષક બનાવે છે. યુવાન છોકરાઓ માથુ ઓળવા



માટે પ્લાસ્ટીકનો કાંસકો ખીસ્સામાં સાથે રાખતા જોવા મળે છે. તેમજ રંગીન હાથરૂમાલ ગળે બાંધે છે. આ યુવાનો કોઇ કોઇ ટાઇમ આંખોમાં કાજળ પણ આંજતા હોય છે.

આ ઉપરાંત સ્ત્રીઓ પોતાના શરીર ઉપર છૂંદણાં છૂંદાવે છે. મોટે ભાગે સ્ત્રીઓ હાથના કાંડા ઉપર પોતાની કુળદેવીની આકૃતિ ચીતરાવે છે. કોઇ સ્ત્રી હાથ પર ઘડિયાળ, કૃષ્ણ કે વીંછીની આકૃતિ પણ ચીતરાવે છે. આ છૂંદણાં તેઓ છૂંદણાં છૂંદનાર માણસ પાસે છૂંદાવે છે. સ્ત્રીઓ નાક ઉપર, નાક વીંધાવીને પીત્તળની કે ચાંદીની વાળી પણ પહેર છે.

હથિયારો અને શિકારનાં સાધનો :
-------------------------

પઢારો પાસે હથિયારોમાં માત્ર કુહાડી, લાકડી અને ધારિયા સિવાય બીજું કંઇ હોતું નથી. બહાર સીમમાં જવું હોય ત્યારે આ ત્રણમાંથી એક હથિયાર તેઓ સાથે રાખે છે. તે સિવાય પઢારો હથિયારનો ઉપયોગ કરતા નથી.

માછલાં પકડવા માટે તેઓની પાસે બે પ્રકારની જાળ હોય છે. એક જાળ પાણીમાં છૂટી નાંખીને માછલાં પકડી શકાય તેવી હોય છે, જયારે બીજી જાળ વાંસ કે કોઇ વળી શકે તેવા લાકડાની રીંગ બનાવીને, તેની ઉપર જાળ બાંધીને તે પાણીની અંદર હાથથી ફેરવે છે, આથી માછલાં તેમાં સપડાઇ જાય છે.

શિયાળ અને સસલાંનો શિકાર કરવા માટ તેઓ ગાળાનો ઉપયોગ કરે છે. આ ગાળા તેઓ જયાં કાંટાની વાડ હોય ત્યાં આગળ દોરીના બનાવીને માંડે છે. જયાં ગાળો માંડયો હોય ત્યાં આગળ આજુબાજુ કોઇ જગ્યાએ વાડમાં બાકોરું રહેવા દેતા નથી. પછી શિકારને બે ત્રણ માણસો સાથે મળીને જયાં ગાળો માંડયો હોય, તે તરફ ભગાવે છે. આ ગાળો માંડેલી જગ્યામાંથી શિકાર ભાગવા જાય એટલે દોરી તેના ગળા ઉપર ફીટ બંધાઇ

જાય છે. પછી તેઓ દોડીને તે ફસાયેલા પક્ષી કે પ્રાણીને મારી નાખે છે. આ સિવાય તેઓ તેતરનો શિકાર કરવા માટે ગીલોલનો ઉપયોગ કરે છે.

સંગીતનાં સાધનો :
--------------

પઢારોનાં સંગીતનાં સાધનોમાં કોઇ ખાસ પ્રકારની વિશિષ્ટતા જોવા મળતી નથી. તેઓ જયારે ભજન ગાય ત્યારે તાલ મેળવવા માટે મંજીરા અને સાથે નરઘાં વગાડે છે. આ સાધનો પઢારોની ભજન મંડળી બનાવીને સહિયાળાં વસાવતા હોય છે. આ સાધનો ઘણા માણસો એક સાથે ભજન કરવા બેઠા હોય ત્યારે વપરાય છે. જયારે તેઓ જ તંબુરો રાખે છે તે ફકત ભજન ગાનાર જ વગાડે છે. લગ્ન જેવા પ્રસંગે ઢોલી પાસે ઢોલ વગાડાવે છે. આ ઢોલી ગામનો હોય તો ગામમાંથી નહીં તો બીજા ગામથી બોલાવે છે. ઢોલીને ઢોલ વગાડવાના બદલામાં લગ્ન પ્રસંગે બનાવેલ જમવાનું તથા શકિત પ્રમાણે પાંચથી દસ રૂપિયા આપે છે.

ખોરાક અને પીણાં :
-------------

પઢારોનો ખોરાક સામાન્ય રીતે હલકાં અને જાડા પ્રકારનાં ધાન્યોનો છે. તથા બીડ નામના કંદમૂળને દળાવીને તેના રોટલા બનાવીને ખાવાના ઉપયોગમાં લે છે. આ બીડની ગાંઠો નળસરોવર વિસ્તારની જમીનમાંથી ખોદી લાવે છે. નળસરોવરમાં આ બીડની ગાંઠો પુષ્કળ પ્રમાણમાં જમીનની અંદર થાય છે. તેમજ જયાં તળાવ કે પાણીનો ધરો હોય ત્યાં પણ બીડ થતાં હોય છે.

તેઓ કોઇ કોઇ વખત માંસમચ્છીનો ઉપયોગ પણ ખોરાક તરીકે કરતા હોય છે. સામાન્ય રીતે તેઓ ખોરાકમાં બાજરો, જુવાર, બીડ, ઘઉં અને કઠોળમાં મગ, મઠ કે અડદની દાળનો ઉપયોગ કરે છે. સામાન્ય રીતે તેમનો દૈનિક ખોરાક આ પ્રમાણે જોવા



મળે છે :

સવારે બીડના કે બાજરાના રોટલા અને સાથે ચા અગર ગોળ, બપોરે રોટલા અને શાક અગર મગ કે મઠની દાળ અને સાંજે ઘઉંની થૂલીની ખીચડી, સાથેછાશની કઢી કે મરચાની ચટણી ખાય છે. જયારે કોઇ ધાર્મિક કે સામાજિક પ્રસંગ હોય ત્યારે ચોખાનો ઉપયોગ કરે છે. અને આવા પ્રસંગે કોઇકવાર માંસ મચ્છીનો ઉપયોગ પણ કરે છે. આ માંસ મચ્છી તેઓ જાતે શિકાર કરીને કે પછી વિરમગામ, સાણંદ કે ધોળકા જઇને ખાટકીને ત્યાંથી લઇ આવે છે. તેઓ મરેલા ઢોરનું માંસ ખાતા નથી.

પઢાર પોતાના ખોરાકમાં વધુમાં વધુ ઉપયોગ બીડનો કરે છે. આ બીડ તેમને વેચાતાં ખરીદવાં પડતાં નથી. દરેક કુટુંબને પોતાની વર્ષની જરૂરિયાત મુજબનાં બીડ નળસરોવરની ખુલ્લી જમીનમાંથી ખોદી લાવે છે. આ કંદને ખોદી લાવીને તેની ઉપરનાં મૂળિયાં સાફ કરવા માટે તેને તાપે સૂકવવાં પડે છે. તાપે સૂકવ્યા પછી તેઓ લાકડાની મોગરીથી ધોકાવીને, પછી પવનમાં ઉપણીને કચરો સાફ કરે છે. આમ બે ત્રણ ટાઇમ કર્યા પછી તેને દળાવી શકાય છે. દળેલા લોટને ચારણીથી નહીં ચાળતાં તેને કપડાના જીણા વસ્ત્રથી ચારવામાં આવે છે. જેથી તેની અંદર બીજો કચરો આવે નહીં. આ બીડના લોટની અંદર ઘઉં, જુવાર કે બાજરાનો લોટ ઉમેરીને તેના રોટલા બનાવે છે. એકલા બીડના લોટના રોટલા બની શકતા નથી. કારણ કે બીડના લોટને મસળવા છતાં ચીકાસ આવતી નથી. આના કારણે તેના રોટલા ટીપતી વખતે તૂટી જાય છે. માટે બીડના લોટમાં બીજા અનાજનો લોટ ઉમેરવો પડે છે. આ બીડના રોટલા જે ખાવા ટેવાયેલ હોય તે જ ખાઇ શકે છે. બીજું કોઇ ખાય તો તેને પેટમાં ચૂંકાય છે.

પઢારોના ખોરાકનો મુખ્ય આધાર નળસરોવર વિસ્તારમાં થતા બીડ ઉપર રહેલો છે. તો આ બીડ શું છે તે આપણે જોઇએ.

બીડ જમીનની અંદર પાંચ, છ ઇંચ ઊંડે થાય છે. આ બીડની ગાંઠો અળવીની ગાંઠોને મળતી આવે છે. તેનો રંગ એકદમ કાળો હોય છે. તેને જમીનની અંદરથી ખોદતાં તેની સાથે લાંબાં મૂળ જે તેને વળગેલાં હોય છે તે તેની સાથે આવે છે. આ મૂળને છૂટાં પાડવા માટે બીડની ગાંઠોનો ઢગલો કરીને પછી તેના ઉપર ગોંદરીનું સૂકું ઘાસ નાંખીને સળગાવવામાં આવે છે. આથી બીડની ગાંઠો ઉપરનાં મૂળિયાં બળી જાય છે. ત્યારપછી પઢારો બીડની ગાંઠોનું પોટલું બાંધીને ઘર લાવે છે અને ઘર પાંચ, છ દિવસ તાપે સૂકવ્યા પછી ગાંઠો સંપૂર્ણ સૂકાઇ જાય પછી, ગાંઠોને ખાંડણિયામાં ઘાલી ધોકાવવામાં આવે છે. આથી તેનો લોટ જુદો પડે છે. પછી આ લોટને ચારણીથી નહીં ચાળતાં, તેને પાતળા કાપડથી ચાળવામાં આવે છે. આથી લોટની અંદરનો કચરો જુદો પડે છે. આ લોટનો રંગ પણ સહેજ કાળાશ પડતો હોય છે. આ લોટની અંદર મઠ, ઘઉં કે જુવારનો લોટ ભેળવીને તેના રોટલા બનાવીને ખાઇ શકાય છે. એકલા બીડના લોટના રોટલા બનાવી શકાતા નથી. કારણ કે બીડના લોટમાં ચીકાસ નહીં હોવાથી, રોટલો બનાવતાં જ તૂટી જાય છે. આથી બીજો લોટ અંદર ભેરવવો પડે છે. તેનો સ્વાદ જરા ગળચટો હોય છે. બીડના લોટમાંથી બનાવેલા રોટલામાંથી એક પ્રકારની વિચિત્ર વાસ આવે છે. પણ પઢારો તે ખાવાને ટેવાયેલા હોવાથી તેઓ સહેલાઇથી તે ખાઇ શકે છે. બીજા કોઇને તે ભાવે પણ નહીં. તેમજ બીડના રોટલા પચવામાં સહેલા નહીં હોવાથી તે પેટમાં ચૂંકાય છે. અને ઝાડા પણ થઇ જાય. છતાં બીડ એ પઢારોના ખોરાકનો મુખ્ય આધાર છે.



આ સિવાય તેઓ બીડની જેમ કાદવમાંથી થેગ નામનાં બી ખોદી લાવીને તેને શેકીને ખાય છે. આ ઉપરાંત કાંદા (ડુંગરા)નાં બી પણ તેઓ ખોરાક તરીકે ઉપયોગમાં લે છે.

આમ પઢારો તેમનું જીવન ટકાવી રાખવા માટે કુદરત સાથે તાલ મિલાવીને તેમના માટે કુદરત જે કંઇ ઉપલબ્ધ કરી આપે છે તેનો ઉપયોગ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓ કુદરતની સાથે સંઘર્ષ કરતા નથી પરંતુ કુદરત સાથે તાલ મિલાવીને પોતાનું રહેઠાણ, પોતાનો ધંધો અને પોતાનો ખોરાક મેળવે છે.

પીણામાં તેઓ ચા સિવાય બીજું કંઇ લેતા નથી. ઘરમાં પાંચ સાત માણસો હોય તો ૧૦૦ ગ્રામ જેટલું દૂધ ભરવાડને ત્યાંથી લાવીને એની ચા બનાવીને પીએ છે. સાંજની ચા તો કોઇક જ પીએ છે. અને બપોરે ચા સાથ રોટલા ખાય છે.

વ્યસનોમાં તેઓ બીડી અગર ચૂંગી પીએ છે. બીડી તેઓ દુકાનેથી વેચાતી લાવીને પીએ છે. કોઇ કોઇ પઢાર તો એક બીડી બે ટાઇમ પીએ છે. એક વખત અડધી બીડી પીધા પછી, તેને બુઝાવીને પોતાના કાને ભરાવે છે. પછી જ્યારે મન થાય ત્યારે ફરી તે અડધી બીડી પીવાના ઉપયોગમાં લે છે. જો ચૂંગી પીતા હોય તો ચૂંગીમાં એક ટાઇમ તમાકુ ભર્યા પછી તે ચૂંગી ચાર-પાંચ માણસો જો સાથે હોય તો વારાફરતી બે ત્રણ વાર તેઓ ચૂંગી પીએ છે. તેઓમાં દારૂનું વ્યસન બિલકુલ જોવા મળ્યું નહોતું.

ધંધાનાં સાધનો :
------------

લગભગ મોટાભાગના પઢારો જમીનવિહોણા છે. એટલે એમનો મુખ્ય ધંધો મજૂરીનો છે. તેઓ બે પ્રકારની મજૂરી કરે છે. ૧. ખેતમજૂરી અને ૨. માટીકામની મજૂરી. આ બને

પ્રકારની મજૂરી કરવા માટે તેઓની પાસે પૂરતાં સાધનો હોય એમ જોવા મળ્યું હતું. નીંદામણ કરવા માટે ખૂરપી, કાપવા માટે દાતરડાં હોય છે. અને માટીકામની મજૂરી માટે તેઓને પોતાના પાવડા, ત્રિકમ, કોદાળી અને માટી ભરવા માટે ટોપલા કે તગારાં લઈને જવું પડે છે. આથી આ સાધનો પણ તેમની આર્થિક સ્થિતિ સારી નહીં હોવા છતાં તેમણે વસાવવાં પડે છે. જે પઢારો પાસે થોડી ઘણી જમીન છે, અને જાતે ખેતી કરે છે તેઓ પાસે ખેતીનાં પૂરતાં સાધનો હોતાં નથી. તેમની પાસે ખેતીની પૂરતી જમીન નહીં હોવાથી, લગભગ મોટા ભાગના પઢારો પૈસા આપીને જમીનમાં ખેડ કે વાવણી કરાવી લે છે. તેઓની પાસે ફક્ત વાવેતરની અંદર ખેડ કાઢવા માટે રાંપડી રાખે છે. અને આ રાંપડી તેઓ બળદના બદલે જાતે ખેંચે છે. આમ પઢારો તેમની ખેતી માટેનાં સાધનો પણ પૂરતાં વસાવી શકતા નથી.

આમ પઢારોના જીવનનિર્વાહમાં ભૌગોલિક પરિસ્થિતિ અને તેમની આર્થિક પરિસ્થિતિ ઘણી મોટી અસર કરે છે.

હવે આપણે તપાસ માટે પસંદ કરવામાં આવેલાં કુટુંબોની પાસે ઘરવખરીનાં અને તેમના ધંધા માટેનાં કેટલાં સાધનો છે તે કોઠા - ૯ માં જોઈશું.



કોઠો - ૯

તપાસ માટે પસંદ કરવામાં આવેલાં કુટુંબોની ઘરવખરીનાં તથા ધંધાનાં સાધનો દર્શાવતો કોઠો :

| સાધનનું નામ | ગામનું નામ અને સાધન સંખ્યા | | | | કુલ |
|---|---|---|---|---|---|
| | ઘરજી(દુર્ગી) | શાહપુર | રણોલ | નાની કઠ્યી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| તાંબાનાં વાસણો | ૪ | - | ૧૨ | ૧૯ | ૩૫ |
| અલ્યુમિનિયમ | ૮૩ | ૮૯ | ૯૬ | ૧૦૯ | ૩૭૭ |
| પિત્તળનાં વાસણો | ૧૧૦ | ૭૩ | ૨૩૩ | ૭૩ | ૪૮૯ |
| કાંસાનાં વાસણો | ૪૩ | ૧૯ | ૧૫ | ૩૧ | ૧૦૮ |
| માટીનાં વાસણો | ૮૭ | ૧૦૫ | ૮૯ | ૭૬ | ૩૫૭ |
| દળવાની ઘંટી | ૬ | ૫ | ૭ | ૯ | ૨૭ |
| ચીમની | ૨૧ | ૧૯ | ૨૨ | ૧૮ | ૮૦ |
| ફાનસ | ૪ | ૬ | ૩ | ૭ | ૨૦ |
| કાથીના ખાટલા | ૧૦૨ | ૭૯ | ૯૮ | ૧૧૨ | ૩૯૧ |
| પાટીના ખાટલા | ૪ | ૩ | ૧ | ૮ | ૧૬ |
| માટીની કોઠી | ૨૨ | ૧૯ | ૨૪ | ૨૩ | ૮૮ |
| માછલાં પકડવાની જાળ | ૧૨ | ૯ | ૧૬ | ૧૧ | ૪૮ |
| દાતરડું | ૧૩૯ | ૮૯ | ૭૪ | ૯૬ | ૩૯૮ |
| કોદાળી | ૫૪ | ૬૬ | ૭૨ | ૪૮ | ૨૪૦ |
| ત્રિકમ | ૩૨ | ૪૫ | ૩૯ | ૩૧ | ૧૪૭ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ટોપલા | ૩૬ | ૩૧ | ૨૮ | ૩૭ | ૧૨૨ |
| તગાળાં | ૪ | ૭ | ૩ | ૨ | ૧૬ |
| ખુરપી | ૨૯ | ૩૫ | ૩૯ | ૩૨ | ૧૩૫ |
| સાયકલ | - | ૧ | - | - | ૧ |
| કાંડા ઘડિયાળ | ૧ | ૨ | - | ૧ | ૪ |
| રેડિયો | - | - | ૧ | - | ૧ |
| બેટરી | ૩ | ૨ | ૪ | ૫ | ૧૪ |
| પતરાની પેટી | ૨૩ | ૨૫ | ૨૧ | ૨૦ | ૮૯ |
| ખુરશી | - | ૨ | - | ૧ | ૩ |
| ટેબલ | - | - | - | - | - |
| પ્રાયમસ | ૧ | - | - | - | ૧ |
| મોગરી | ૨૪ | ૨૬ | ૨૧ | ૨૩ | ૯૪ |
| કરબ | ૨ | ૩ | ૪ | ૧ | ૧૦ |
| કરબડી | ૪ | ૩ | ૪ | ૨ | ૧૩ |
| હળ | ૧ | ૨ | ૧ | - | ૪ |
| ગાડું | ૧ | - | - | - | ૧ |
| વાવણિયો | ૧ | - | ૧ | - | ૨ |
| ધુસળી | ૧ | - | ૨ | - | ૩ |



મોટા ભાગનાં પઢાર કુટુંબો કેન્દ્રીય કુટુંબો છે. પઢારોમાં છોકરો લગ્ન કરે ત્યારે તેને ખર્ચ કરવું પડે છે. અને આ ખર્ચ તે શાહુકાર કે સગાસંબંધી પાસેથી પૈસા લઇને કરે છે. છોકરાએ પોતાના લગ્નમાં થયેલું ખર્ચ જાતે ભરપાઇ કરવું પડે છે. આવી સ્થિતિમાં છોકરો લગ્ન કર્યા પછી જો મા-બાપ સાથે રહે તો તેની કમાણી કુટુંબમાં ખર્ચાઇ જાય છે. અને દેવું તો ઊભું ને ઊભું જ રહે છે. માટે છોકરો લગ્ન કર્યા પછી પોતાના પરિવારથી અલગ થવાનું પસંદ કરે છે. પઢારોની આવી પરિસ્થિતિમાં તેમની પાસે મોજશોખની ચીજવસ્તુઓ તો ક્યાંથી હોય ? તપાસવામાં આવેલાં ૧૦૦ કુટુંબોમાંથી ૧ કુટુંબ પાસે રેડિયો હતો, ૪ કુટુંબો પાસે કાંડા ઘડિયાળ હતાં અને ૧ કુટુંબ પાસે પ્રાયમસ હતો.

આમ પઢારો પાસે પોતાની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરતા પ્રમાણમાં નથી. કારણ કે તેમની આર્થિક સ્થિતિ એટલી નબળી છે કે તે પૂરતાં સાધનો વસાવી શકતા નથી.

...

## પ્રકરણ - ૫

### પઢાર અર્થવ્યવસ્થા : જીવનનિર્વાહની પ્રવૃત્તિઓ

ભારત એ ખેતીપ્રધાન દેશ છે. ભારતની મોટા ભાગની વસ્તી ગામડાઓમાં વસે છે. ૧૯૭૧ ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં કુલ કામ કરનાર વસ્તીના ૭૨.૦૫ ટકા લોકો પ્રાથમિક વિભાગ (Primiry Sector)માં રોકાયેલા હતા. જયારે ૧૧.૨૦ ટકા લોકો દ્વિતીય વિભાગ (Secondary Sector)માં અને ૧૬.૧૫ ટકા લોકો તૃતીય વિભાગ (Tertiary Sector) માં રોકાયેલા હતા. આમ ૭૨.૦૫ ટકા લોકો પ્રાથમિક વિભાગમાં રોકાયેલા હતા તેઓનો મુખ્ય ધંધો ખેતીનો હતો. પરંતુ ભારતમાં કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ઘણું જ ઓછું છે.

આ જ રીતે ગુજરાતની કુલ કામ કરતી વસ્તીના ૬૭.૫૯ ટકા લોકો પ્રાથમિક, ૧૩.૯૦ ટકા લોકો દ્વિતીય અને ૧૮.૫૧ ટકા લોકો તૃતીય વિભાગમાં રોકાયેલા હતા. આમ ગુજરાતમાં ૬૭.૫૯ ટકા લોકોનો મુખ્ય ધંધો ખેતીનો હોવા છતાં તેઓ ખેતીમાંથી પોતાના કુટુંબના જીવનનિર્વાહ પૂરતું મેળવી શકતા નથી. કારણ કે ભારતની જેમ ગુજરાતમાં ખેતીની જમીનની અસમાન વહેંચણી છે. જે કુટુંબો ખેતી કરે છે તેમની દરેકની પાસે પૂરતા પ્રમાણમાં જમીન નથી.

પઢાર આદિવાસીઓમાં પણ દરેક કુટુંબની પાસે જમીન નહીં હોવાથી, અને જેઓ જમીન ધરાવે છે તેઓની પાસે પણ પૂરતા પ્રમાણમાં જમીન નહીં હોવાથી તેમણે જુદા જુદા ધંધા રોજગાર કરીને પોતાનો જીવનનિર્વાહ ચલાવવો પડે છે.

પઢારો નીચે જણાવ્યા પ્રમાણેના જુદા જુદા પ્રકારનું કામ (અર્થોપાર્જન પ્રવૃત્તિ) કરીને પોતાનો જીવનનિર્વાહ ચિતાવે છે.

૧. ખેતી

૨. ખેતમજૂરી

૩. માટીકામની મજૂરી

૪. બીડ ખોદવાનું કામ

૫. કાલાં ફોલવાનું કામ

૬. હોડી ચલાવવી

૭. મચ્છીમારી

૮. પશુપાલન

ઉપર જણાવેલ જુદા જુદા પ્રકારની અર્થોપાર્જન પ્રવૃત્તિમાં પઢાર કુટુંબનો દરેક સભ્ય રોકાયેલો હોય છે.

હવે આપણ તપાસમાં આવરવામાં આવેલાં કુટુંબો જુદા જુદા ધંધામાંથી કવી અને કેટલી કમાણી કરે છે તે જોઇશું.

**ખેતી :**

તપાસવામાં આવેલાં ૧૦૦ કુટુંબોમાંથી કેટલાં કુટુંબો જમીન ધરાવે છે, અને કેટલા પ્રમાણમાં જમીન ધરાવે છે તે નીચેનો કોઠો (૧૦) જોવાથી જાણી શકાશે.



કોઠો - ૧૦

તપાસ હેઠળનાં કુટુંબોમાં જમીન ધરાવનાર કુટુંબોનું જમીનના કદ પ્રમાણ વર્ગીકરણ (એકરમાં)

| ગામનું નામ | જમીન ધારણનું કદ ( એકરમાં ) | | | | | | જમીન વિહોણાં કુટુંબો | કુલ કુટુંબ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૦.૧ થી ૨.૫ | ૨.૬ થી ૫.૦ | ૫.૧ થી ૭.૫ | ૭.૬ થી ૧૦.૦ | ૧૦.૧ થી ૧૫.૦ | ૧૫.૧ થી વધુ | | |
| ધરજી(દુર્ગી) | ૬ | ૩ | - | - | ૨ | ૧ | ૧૨ | ૨૫ |
| શાહપુર | ૮ | - | ૨ | ૧ | - | - | ૧૪ | ૨૫ |
| રળોલ | ૩ | ૨ | ૧ | ૩ | ૫ | ૧ | ૧૦ | ૨૫ |
| નાની કઠેચી | ૪ | - | ૨ | ૧ | - | ૧ | ૧૭ | ૨૫ |
| કુલ | ૨૧ | ૫ | ૫ | ૫ | ૭ | ૩ | ૫૩ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા (૧૦) પરથી જમીનનું કદ અને જમીન ધારકતાનું પ્રમાણ અને કેટલાં કુટુંબો જમીન વિહોણાં છે તે સ્પષ્ટ જોઇ શકાય છે. જમીન ધરાવનાર કુટુંબો કરતાં જમીન વિનાનાં કુટુંબોનું પ્રમાણ વધારે છે. આવાં જમીન વિહોણાં કુટુંબોની સંખ્યા ૫૩ છે. જ્યારે ૦.૧ એકરથી ૨.૫ એકર જેટલી ઓછી જમીન ધરાવતાં કુટુંબો ૨૧ ટકા છે. આમ જમીન વિહોણાં અને તદ્દન નાના ખેડૂતો મળી લગભગ ૭૫ ટકાનું પ્રમાણ થાય છે. ૨.૬ થી ૫.૦, ૫.૧ થી ૭.૫ અને ૭.૬ થી ૧૦.૦ એકરનાં જમીન ધારણનાં જૂથ સંખ્યામાં સરખાં છે. આ કુટુંબોનું પ્રમાણ ૧૫ ટકા જેટલું થાય છે. જ્યારે ૧૦.૧ થી ૧૫.૦ એકર સુધીની જમીન ધરાવતાં કુટુંબોનું પ્રમાણ ૭ ટકા અને ૧૫.૧ થી વધારે જમીન ધરાવતાં કુટુંબોનું પ્રમાણ ૪ ટકા થાય છે.

આમ જે પઢારો ખેતી કરે છે તેમની પાસે પૂરતા પ્રમાણમાં ખેતીની જમીન નથી. અને જેમની પાસે ખેતીની થોડી ઘણી જમીન છે તેઓ ખેતીનું કામ ભાડે કરાવે છે. કારણ કે તેમનું જમીન ધારણનું કદ ઓછું હોવાને કારણે તેઓને ખેતી માટે બળદ રાખવા પોસાતા નથી. આથી તેમને જમીનમાં ખેડ માટે, વાવણી માટે, બીજા કોઇની ઉપર આધાર રાખવો પડે છે. આના કારણે જ્યારે જમીનમાં ખેડ કરવાની જરૂર ઊભી થાય તો ખરે સમયે તેઓ જમીનમાં ખેડ કરાવી શકતા નથી. તેવી જ રીતે જ્યારે વરસાદ પડે અને વાવણીનું કામ શરૂ થાય ત્યારે તે સમયસર વાવણી કરાવી શકતા નથી. કારણ કે જે કોઇ બળદ રાખતા હોય તેમને પોતાની જમીન તો હોય જ. અને જ્યારે વાવણીનું કામ શરૂ થાય તે સમયે તે પોતાની જમીનમાં વાવણીનું કામ છોડીને બીજે ભાડે કામ કરવા જાય એમ બને નહીં. જ્યારે પોતાને કામ હોય નહીં ત્યાર જ તે બીજાને ત્યાં ભાડે કામ કરવા જતો હોય છે. વળી ભાડે કામ કરનાર રોકડા પૈસા લઇને કામ કરે છે. એટલે જો કોઇ પઢારની પાસે રોકડા પૈસા ન હોય તો કોઇ માણસ તેમની જમીન, પૈસા બાકી રાખીને ખેડી આપવા તૈયાર થતું નથી. આમ તેઓ પોતાની જમીનમાં પૈસા આપીને પણ વાવણીનું કાર્ય સમયસર કરાવી શકતા નથી. જે પઢારો પોતાની માલિકીનો બળદ રાખતા હોય તેમની પાસે બળદને ખવડાવવાનું પૂરતું હોતું નથી, આના કારણે બળદ દૂબળા અને શક્તિ વિનાના હોય છે. તેઓ જમીનમાં ઊંડે સુધી ખેડ કરી શકતા નથી. આ ઉપરાંત તેમની આર્થિક સ્થિતિ એટલી બધી સારી નહીં હોવાથી તેઓ ખેતીનાં સાધનો પણ પૂરતાં વસાવી શકતા નથી. આના કારણે સાધન માટે પણ તેમને બીજા ઉપર આધાર રાખવો પડે છે. જો સાધન જ્યારે જોઇએ ત્યારે તરત મળે નહીં તો તેમને ખેતીનું કામ કર્યા વિના બેસી રહેવું પડે છે.



તેઓને વધુ ઉપજ આપતી જાતનાં બિયારણોનું જ્ઞાન નથી. તેમજ તેમની નબળી આર્થિક સ્થિતિના કારણે હાઇબ્રિડ બિયારણની કિંમત ચૂકવી શકતા નથી. હાઇબ્રિડ બિયારણનો ભાવ એટલો બધો હોય છે કે તેઓ વસ્તુનો ભાવ સાંભળીને જ હબકી જાય છે. દા.ત. તેમને કપાસનું બિયારણ જોઇતું હોય અને તે ખરીદવા જાય ત્યારે હાઇબ્રિડ કપાસનાં બિયારણની એક કિલોની જેટલી કિંમત થાય, તેટલી કિંમતમાં તેઓ બજારમાંથી બીજી જાતના કપાસનું એક મણ બિયારણ ખરીદી શકે છે. તેમને ખ્યાલ નથી હોતો કે હાઇબ્રિડ બિયારણ વાપરવાથી પાક સારી જાતનો અને વધુ ઉતાર આપે છે. આવાં કારણોથી તેઓ સારી જાતનાં બિયારણ ખરીદી શકતા નથી. તેમજ પોતાના ઘરનું બિયારણ પણ તેઓ પાસે હોતું નથી. જ્યારે વાવણીનું કામ શરૂ થાય ત્યારે તેઓ બિયારણ શોધવા માટ નીકળે છે અને દુકાનદારને ત્યાંથી ગમે તેવું બિયારણ ખરીદી લાવીને પોતાની જમીનમાં વાવે છે. ઘણીવાર તો આવું બિયારણ ઊગતું પણ નથી. અને તેથી તેમની મહેનત અને ખર્ચેલાં નાણાં એળે જાય છે. તેમની સ્થિતિ એટલી નબળી છે કે તેઓને દરરોજનું ખાવા માટે પણ દુકાનદારને ત્યાં લેવા જવું પડે છે. તો પછી પોતાના ઘરનું બિયારણ તો તેઓની પાસે ક્યાંથી હોય ? પહેલીવાર વાવેલું બિયારણ ઊગે નહીં તો તેમને બીજી વાર વાવવા માટે બિયારણની શોધ કરવી પડે છે અને પૈસા કાઢવા પડે છે. એટલું જ નહીં પણ બીજી વખત વાવણી કરવાથી તેમનું વાવેતર પાછળ પડે છે. અને તેથી પાક મોડો તૈયાર થાય છે. જ્યારે બાજુની જમીનમાં વહેલો પાક તૈયાર થઇ જવાથી તે જમીનનો માલિક પાક લઇ લે અને પઢારોની જમીનમાં પાક ઊભો હોય. ઘણી જમીનમાં પાક ઊભો હોય ત્યાર પશુ-પક્ષીઓ બધાની જમીનમાં થોડું થોડું નુકસાન પહોંચાડે. પણ જ્યારે મોટા ભાગની જમીનમાંથી પાક લેવાઇ જાય અને થોડી જમીનમાં પાક ઊભો હોય ત્યારે બધાં પશુ-પક્ષીઓ

પાક ખાવા માટે આ ઊભા પાક તરફ દોડે છે, અને પાકને નુકસાન કરે છે. આથી પઢારોને પોતાના પાકના રક્ષણ માટે દિવસે અને રાતે- ચોવીસે કલાક પાકની રખવાળી કરવી પડે છે. આથી તેઓ પાક લઇ લે ત્યાં સુધી બીજી કોઇ જગ્યાએ મજૂરી માટે કે કોઇ કામ માટે જઇ શકતા નથી. અને બીજી કોઇ આવક કરી શકતા નથી.

પઢારો પોતાની જમીનમાં ખાતરનો ઉપયોગ કરતા નહીં હોવાથી તેમની ખેતીની જમીન કસ વગરની છે. આના કારણે તેમની જમીનમાં પાકનો ઉતાર ઓછો ઉતર છે. તેઓ ખાતરનો ઉપયોગ જાણીને કરતા નથી, એમ નથી, પરંતુ તેમની આર્થિક સ્થિતિ જ એટલી નબળી છે કે તેઓ રાસાયણિક ખાતર ખરીદી શકતા નથી.

વળી તેઓ પશુઓ પણ ભાગ્યે જ રાખે છે. અને જે પઢારો ઢોર, બળદ રાખે છે તેઓ પણ તેમનાં પશુઓ આખો દિવસ રખડતાં મૂકે છે. આના કારણે પશુઓનું ખાતર ભેગું થઇ શકતું નથી. આ વિસ્તારમાં દરેક કુટુંબને બળતણનો પ્રશ્ન મૂંઝવે છે. આ વિસ્તારમાં વૃક્ષોનું પ્રમાણ નહિવત્ હોવાથી તેમજ જમીનને વાડ પણ નહીં હોવાથી બળતણ માટે તેઓ લાકડું મેળવી શકતા નથી. આના કારણે પણ જે લોકો પશુઓ રાખે છે તેઓ પણ પશુઓનું છાણ બળતણમાં વાપરી નાખે છે. આવાં બધાં કારણોને લીધે જમીનને ખાતર નહીં મળવાથી પાક વધુ પ્રમાણમાં ઉતરી શકતો નથી. આમ પઢારોને ખેતી અંગે અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

બીજું આ વિસ્તારમાં સિંચાઇની કોઇ વ્યવસ્થા નહીં હોવાથી તેમજ કૂવાનાં પાણી ખારાં હોવાથી ચોમાસાના દિવસો ઉતરી રહેતાં જમીનની અંદરનો ખાર ઉપર ફૂટી નીકળે છે. અને જમીન ઉપર જાણે ચૂનો કર્યો હોય તેવી જમીન થઇ જાય છે. આને



કારણે ચોમાસાની ઋતુ સિવાય જમીનમાં રવિ પાક લઇ શકાતો નથી. આના કારણે એક તો પઢારો પાસે ખેતીની પૂરતી જમીન નહીં હોવાથી તેમજ, જમીનમાં એકથી વધુ પાક નહીં લઇ શકતા હોવાથી તેમને પોતાની ખેતીમાંથી જીવનનિર્વાહ પૂરતુ મળી નહીં શકવાથી તેમજ બારે માસ પોતાની ખેતીમાં કામ નહીં મળવાથી તેઓને ખેતમજૂરી કે અન્ય મજૂરી તરફ વળવું પડે છે.

હવે આપણે જે પઢારો પાસે ખેતીની બિલકુલ જમીન નથી અને માત્ર તેમને મજૂરી ઉપર આધાર રાખવો પડે છે. તેઓને કઇ મજૂરીમાં વર્ષમાં કેટલા દિવસ કામ મળે છે તે જોઇશું.

તપાસ હેઠળનાં કુલ ચાર ગામોમાંથી દરેક ગામનાં ૨૫ કુટુંબો પ્રમાણે કુલ ૧૦૦ કુટુંબોની કુલ સભ્યસંખ્યા ૬૬૩ ની હતી. આમાં ૩૫૭ પુરૂષો અને ૩૦૬ સ્ત્રીઓ હતી. આ ૬૬૩ ની કુલ સભ્યસંખ્યામાંથી ૩૪૫ સભ્યો કમાણી કરનાર હતાં. આ ૩૪૫ ની સભ્યસંખ્યામાં ૧૮૦ પુરૂષો અને ૧૬૫ સ્ત્રીઓ કામ કરતી હતી. આ કામ કરનાર સભ્યો કયા કયા પ્રકારના કામમાં, અને તે કામમાં કેટકેટલા દિવસ મજૂરી મેળવી હતી તે આપણે જોઇશું.

કોઠો -૧૧ જોતાં જણાય છે કે કમાણી કરનાર ૧૮૦ પુરૂષોમાંથી દરેક પુરૂષને વર્ષમાં સરેરાશ ૧૪૭ દિવસ રોજગારી મળી હતી. આ ૧૪૭ દિવસમાંથી ૫૩ દિવસ ખેતમજૂરીમાં, ૭૬ દિવસ માટી કામની મજૂરીમાં અને ૧૮ દિવસ બાંધકામની મજૂરીમાં રોકાયા હતા. તે જ પ્રમાણે સ્ત્રીઓની રોજગારીના દિવસો જોઇએ તો કુલ કામ કરનાર ૧૬૫ સ્ત્રીઓમાંથી દરેક સ્ત્રીને વર્ષમાં સરેરાશ ૧૨૬ દિવસ રોજગારી મળી હતી. આ

કોઠો - ૧૧

તપાસ હેઠળના ગામોમાં કુલ કામ કરનાર સભ્યોને વર્ષમાં કયા કામમાં કેટલા દિવસ મજૂરી મળી હતી તે દર્શાવતો કોઠો :

| ગામનું નામ | કુલ કામ કરનાર સંખ્યા | | | ખેતમજૂરીમાં કામ કરેલા દિવસો | | માટી કામની મજૂરીમાં કામ કરેલા દિવસો | | બાંધકામની મજૂરીમાં કામ કરેલ દિવસો | | કુલ કામ કરેલ દિવસો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | કુલ |
| ધરજી(દુર્ગા) | ૫૧ | ૫૦ | ૧૦૧ | ૨૧૮૮ (૪૩) | ૧૭૪૫ (૩૫) | ૬૪૦ (૧૩) | ૪૫૦ (૯) | ૨૦૭૦ (૪૧) | ૮૭૦ (૧૭) | ૪૮૯૦ (૯૭) | ૩૦૬૫ (૬૧) | ૭૯૫૫ (૭૯) |
| શાહપુર | ૪૧ | ૩૯ | ૮૦ | ૨૪૨૫ (૫૯) | ૧૫૪૫ (૪૦) | ૬૪૫૦ (૧૫૭) | ૬૩૭૦ (૧૬૩) | - | - | ૮૮૭૫ (૨૧૬) | ૭૯૧૫ (૨૦૩) | ૧૬૭૯૦ (૨૧૦) |
| રળોલ | ૪૫ | ૩૫ | ૮૦ | ૩૧૮૦ (૭૧) | ૧૯૪૫ (૫૬) | ૫૧૨૦ (૧૧૪) | ૪૧૦૦ (૧૧૭) | - | - | ૮૩૦૦ (૧૮૪) | ૬૦૪૫ (૧૭૩) | ૧૪૩૪૫ (૧૭૯) |
| નાની કઠવી | ૪૩ | ૪૧ | ૮૪ | ૧૫૯૦ (૩૯) | ૧૩૪૦ (૩૩) | ૧૪૮૫ (૩૫) | ૧૩૯૫ (૩૪) | ૧૨૧૦ (૨૮) | ૯૬૦ (૨૩) | ૪૩૮૫ (૧૦૨) | ૩૬૯૫ (૯૦) | ૮૦૮૦ (૯૬) |
| કુલ | ૧૮૦ | ૧૬૫ | ૩૪૫ | ૯૪૭૫ (૫૩) | ૬૫૭૫ (૪૦) | ૧૩૬૯૫ (૭૬) | ૧૨૩૧૫ (૭૫) | ૩૨૮૦ (૧૮) | ૧૮૩૦ (૧૧) | ૨૬૪૫૦ (૧૪૭) | ૨૦૭૨૦ (૧૨૬) | ૪૭૧૬૭ (૧૩૭) |

નોંધ : કૌંસમાં દર્શાવેલા આંકડા સભ્યદીઠ વાર્ષિક સરેરાશ કામના દિવસો દર્શાવે છે.



૧૨૬ દિવસમાંથી ૪૦ દિવસ ખેતમજૂરી, ૭૫ દિવસ માટીકામની મજૂરી અને ૧૧ દિવસ બાંધકામની મજૂરી મળી હતી. આમ પઢારો વર્ષમાં સરેરાશ ૫ માસ જેટલી મજૂરી મેળવી શકયા હતા. (અહીં એટલું સ્પષ્ટ કરી દેવું જોઇએ કે સ્ત્રીઓએ કરેલી આ મજૂરી એમણે કરેલાં ઘરકામ (રાંધવું, વાસણ માંજવાં, છોકરા રાખવાં તથા ઉછેરવાં વગેરે)ની સાથસાથ હતી.)

કોઠામાં જોતાં જણાશે કે પઢારો જુદા જુદા પ્રકારની જે મજૂરી કરે છે તેમાં વધારેમાં વધારે મજૂરી તેઓને માટીકામની મજૂરીમાં મળે છે. કુલ મજૂરીના ૧૪૭ દિવસોમાંથી ૭૬ દિવસ પુરુષો માટીકામની મજૂરી મેળવી શકયા હતા. અને સ્ત્રીઓ સરેરાશ ૧૨૬ દિવસની મજૂરીમાંથી ૭૫ દિવસ મજૂરી માટીકામની મેળવી મેળવી હતી. આમ પઢારોને વધારે મજૂરી માટીકામમાં મળે છે તે આપણે આગળ જોઇ ગયા છીએ.

બાંધકામની મજૂરી પઢારોને નજીવી મળે છે.

ગામવાર રોજગારીની સ્થિતિ જોઇએ તો ધરજી ગામમાં ૫૧ પુરુષો અને ૫૦ સ્ત્રીઓ મળી કુલ ૧૦૧ ની સંખ્યા કમાણી કરનારની હતી. આ ૧૦૧ ની સંખ્યાને વર્ષમાં સરેરાશ ૭૯ દિવસ રોજગારી મળી હતી. એટલે કે વર્ષના બાર માસમાંથી તેઓને પરાણે ત્રણ માસ કરતાં પણ ઓછો સમય મજૂરી મળી હતી.

જ્યારે સૌથી વધારે રોજગારી શાહપુર ગામના પઢારો મેળવી શકયા હતા. શાહપુરમાં સ્ત્રી-પુરુષ બંને મળીને કામ કરનારની ૮૦ ની સંખ્યા હતી. આ ૮૦ ની સંખ્યામાંથી દરેક વ્યકિતને વર્ષમાં સરેરાશ ૨૧૦ દિવસ રોજગારી મળી હતી. આનું કારણ એ જાણવા મળ્યું કે આ ગામને પાકા રસ્તાનો લાભ મળતો હોવાથી બારે માસ બસ વ્યવહાર ચાલુ રહે

છે. તેમજ વિરમગામ નજીક આવેલું હોવાથી, બહારના કોન્ટ્રાક્ટરનો પણ તેમને જ્યારે મજૂરોની જરૂર પડે ત્યારે આ ગામે જલદી સંપર્ક સાધી શકે છે.

જ્યારે ધરજી અને રળોલ ગામોમાં રસ્તો પાકો હોવા છતાં, આ ગામો તાલુકાના મુખ્ય મથકથી દૂર હોવાથી તેમજ ચોમાસામાં જ્યારે વરસાદ વધુ પ્રમાણમાં થાય છે ત્યાર પાકા રસ્તા પર પણ પાણી ભરાઇ જાય છે અને તેના કારણે બસવ્યવહાર બંધ થઇ જાય છે. આથી ચોમાસામાં સહેલાઇથી બહાર નીકળી શકતા નથી. તેમજ આ બંને ગામો અંદરના વિસ્તારમાં આવેલાં હોવાથી તે ગામોમાં બહારના કોન્ટ્રાક્ટરો, જ્યારે તેમને નજીકમાંથી મજૂરો ન મળે ત્યારે જ તે ગામોમાં જાય છે. આના કારણે આ બંને ગામોમાં પઢારોને વર્ષમાં ઘણા દિવસો રોજગારી વિના બેસી રહેવું પડે છે.

આ બધાં કામોની સરેરાશ દૈનિક ૫ રૂપિયા પ્રમાણે રોજી ગણતાં એક વ્યકિત સરેરાશ વર્ષમાં ૬૮૫ રૂપિયાની રોજગારી મેળવી શકે છે. જો કુટુંબનું કદ સરેરાશ ૫ વ્યકિતઓનું ગણીએ તો વ્યકિતદીઠ વાર્ષિક ૧૩૭ રૂપિયા ભાગ આવે. આ ૧૩૭ રૂપિયામાં તેમણે આખું વર્ષ પસાર કરવું પડે છે. અને આમાંથી પૂરું નહીં થતાં તેઓને નળસરોવરમાંથી બીડ ખોદી લાવીને તેના રોટલા બનાવીને ખાવા પડે છે.

ખેતમજૂરી :
---------

જે પઢારો ખેતમજૂરી કરે છે તેઓને પણ બારેમાસ સ્થાનિક મજૂરી મળી શકતી નથી. આનું એક કારણ એ જોવા મળે છે કે આ વિસ્તારમાં જમીનધારણનું કદ ઓછું છે, તથા મજૂરી કરનારા વધુ છે. જેઓ જાતે ખેતી કરે છે તેઓ ખેતીનું દરેક કામ જાતે કરતા હોય છે. નાછૂટકે જ તેઓ ખેતીના કામ માટે મજૂરને બોલાવતા હોય છે. આના કારણે પઢારોને પોતાના ગામમાં પૂરતા પ્રમાણમાં ખેતમજૂરીનું કામ મળી શકતું નથી. વળી આ



વિસ્તારની જમીન ક્યારીની હોવાથી, ક્યારીની ચીકણી જમીનમાં મજૂરો ઓછા જોઇએ. ક્યારીની જમીનની ખેતી એવા પ્રકારની છે કે આ જમીનમાં થોડો વરસાદ પડવાથી પણ જમીનમાં પાણી ભરાઇ જાય છે. અને આ પાણી, જમીન ચીકણી હોવાથી તે જમીનની અંદર ઉતરી જતું નથી. અને જમીન ઉપર ભરાઇ રહે છે. આથી ક્યારીની જમીનમાં બીજું કોઇ નિંદામણ ઉગી શકતું નથી. એટલે ક્યારીની જમીનમાં નિંદામણ માટે મજૂરો ઓછા જોઇએ. આ જમીનમાં મજૂરો ત્યારે જ જોઇએ કે જ્યારે ડાંગરની રોપણી કરવાની હોય કે ડાંગરની કાપણી કરવાની હોય. ડાંગરની રોપણીનું કાર્ય વધુમાં વધુ પંદર વીસ દિવસ ચાલે. અને ડાંગરનો પાક તૈયાર થઇ ગયા પછી તેની કાપણીનું કાર્ય માંડ પંદર દિવસ ચાલે. આમ, ચોમાસાના ચાર માસમાંથી ત્રણ માસ તો આ જમીનમાં બિલકુલ મજૂરની જરૂર પડતી નથી. આથી ચોમાસામાં લગભગ અડધા દિવસ તો તેમણે મજૂરી વિના ઘરે બેસી રહેવું પડે છે. આવી પરિસ્થિતિ ઉનાળે-શિયાળે પણ થાય છે. કારણ કે આ વિસ્તારમાં સિંચાઇ માટે કોઇ સાધન નહીં હોવાથી તેમજ કૂવાનાં પાણી ખાળાશવાળાં હોવાથી, કૂવાનું પાણી સિંચાઇના કામમાં આવી શકતું નથી. આના કારણે શિયાળે-ઉનાળે જમીન એમની એમ પડી રહે છે. આથી જ લોકો ખેતમજૂરીનું કામ કરે છે તેમને વર્ષમાં માંડ બે થી ત્રણ માસ સ્થાનિક મજૂરી મળે છે. આથી તેમણે સ્થાનિક મજૂરી ઉપરાંત બીજા કોઇ અન્ય સ્થળે મજૂરી માટે આધાર રાખવો પડે છે. અને નજીકમાં જ્યાં ખેતીની મજૂરી મળી શકે તેમ હોય ત્યાં તેમણે મજૂરી કરવા જવું પડે છે.

વળી બહારગામ મજૂરી માટે જવું પડતું હોવાથી પુરૂષો સિવાય બીજું કોઇ મજૂરી માટે જઇ શકતું નથી. જે પુરૂષો મજૂરી માટે બહારગામ જાય છે તેઓને સવારે ઘરેથી વહેલા નીકળવું પડે છે અને સાંજે મોડા ઘરે પાછા ફરવું પડે છે. બહારગામ મજૂરીએ જવાનું હોવાથી એક પ્રશ્ન તેમને બપોરના જમવાનો ઊભો થાય છે. કારણ કે આ વિસ્તારમાં ખેતમજૂરને જમવાનું આપવામાં આવતું નથી. તેના કારણે સવારે મજૂરી માટે જતાં જ પોતાની

સાથે બપોરનું ભાથું લઇ જવું પડે છે. આમ પઢારો પોતે જ મહેનત કરે છે તેનું પૂરું વળતર મેળવી શકતા નથી. કારણ કે કામ કરનાર વધુ હોય છે અને કામ પૂરું પાડનાર ઓછા હોય છે. આના કારણે મજૂરી આપનાર, મજૂરી ઓછી ચૂકવે તો પણ તેમણે બીજે મજૂરી નહીં મળવાના કારણે થોડા પૈસામાં પણ મજૂરી કરવી પડે છે.

કાલાં ફોલવાની મજૂરી :
-----------------

તપાસ હેઠળના વિસ્તારમાં જમીન એવા પ્રકારની છે કે આ જમીન કપાસના પાક માટે માફક આવી શકતી નથી. એટલે પઢારોને સ્થાનિક કપાસનાં કાલાં ફોલવાની મજૂરી મળી શકતી નથી. પરંતુ કપાસ લોઢવા માટેનાં જ સ્થળે જીન આવેલાં છે -ધોળકા, વિરમગામ, બાવળા - ત્યાં જીનમાં બીજા વિસ્તારમાંથી કાલાં સાથેનો કપાસ આવે છે. આ કપાસનાં કાલાં ફોલવાની મજૂરી શિયાળાના બે માસ જેટલો સમય મળી શકે. પરંતુ કપાસ લોઢવાનાં જીન શહેરી વિસ્તારમાં આવેલાં હોવાથી ત્યાં જાય તો તેમને રાત્રે રહેવાનો પ્રશ્ન ઊભો થાય છે. જો ત્યાં રહીને કામ કરવું હોય તો તેમણે રહેવા માટે, ભાડેથી રહેઠાણની વ્યવસ્થા કરવી પડે છે. તેમજ કાલાં ફોલવાનું કામ બેઠ બેઠ કરવું પડતું હોવાથી તેમને તે કામ કરવાનું ફાવતું નથી. તેઓ મહેનતનું કામ કરવા ટેવાયેલા હોવાથી કાલાં ફોલવાનું કામ તેઓ નાછૂટકે જ સ્વીકારે છે. વળી બીજું એક માણસ આખો દિવસ કાલાં ફોલે ત્યારે પરાણે એક મણ જેટલાં કાલાં ફોલી શકે અને તેની મજૂરીના માંડ બે રૂપિયા મેળવી શકે. છે. બીજું કાલાં ફોલતાં કાલામાં થોડું પણ રુ રહી જાય તો માલિકનો ઠપકો સાંભળવો પડે તે જુદો.



મચ્છીમારી :
---------

જે પઢારો મચ્છીમારીનું કામ કરે છે તેઓને પણ મચ્છીમારીના ધંધામાંથી પોતાનું ગુજરાન ચલાવી શકે તેટલું મેળવી શકતા નથી. કારણ કે પઢારો પાસે માછલી પકડવાનાં પૂરતાં સાધનો ઉપલબ્ધ નહીં હોવાથી તેઓ વધારે પ્રમાણમાં માછલી પકડી શકતા નથી. તેઓ આખા દિવસની મહેનતને અંતે માંડ પાંચ સાત કિલો માછલી પકડી શકે છે. આ પકડેલી માછલી પોતાના કુટુંબને ખાતાં વધે તે વેપારીને ત્યાં વેચી આવે છે. આ વેપારી લોકો વિરમગામ અને અમદાવાદના મુસ્લિમ વેપારીઓ છે. તેઓ પઢારો પાસેથી એક કિલો માછલીના બેથી ત્રણ રૂપિયા ભાવ આપીને સસ્તાભાવે પડાવી લે છે. અને પછી આ વેપારીઓ તે માછલી અમદાવાદ લાવી કિલોના ૧૦ થી ૧૨ રૂપિયાના ભાવે વેચે છે. ચોમાસાની ઋતુમાં તો તેઓને ગામની નજીકના તળાવ કે પાણીના વહેરામાંથી માછલી મળી રહે છે પરંતુ ઉનાળો આવતાં તળાવ અને વહેરાનું પાણી સૂકાઇ જવાથી તેઓને માછલી પકડવા માટે દૂર નળસરોવર જવું પડે છે. તેઓની દરેકની પાસે હોડી કે તરાપા નહીં હોવાથી નળસરોવરના ઊંડા પાણીમાં માછલી પકડવા જઇ શકતા નથી. બીજું પઢારોને માછલી પકડવાનું જ્ઞાન નહીં હોવાથી, તેઓ જ્યારે માછલી પકડવા જાળ પાણીમાં નાખે છે ત્યારે મોટી માછલી સાથે નાનાં બચ્ચાં પણ આ જાળમાં સપડાઇ જાય છે. આ નાનાં બચ્ચાંનો પણ પઢારો ઉપયોગ કરી લે છે. જો આ નાનાં બચ્ચાંને છોડી દે તો તે મોટાં થાય ત્યારે પકડે તો તેમને લાભ થાય. સાથોસાથ પઢારો પાસે પકડેલી માછલી વધારે સમય સારી રહી શકે તેવી કોઇ સગવડ નહીં હોવાથી, પકડેલી માછલી તેઓને તેના તે જ દિવસે વેપારીને વેચી દેવી પડે છે. જો તેમની પાસે માછલી સાચવવાની કોઇ વ્યવસ્થા હોય તો તેઓ ચાર-પાંચ દિવસ માછલી પકડે અને જ્યારે તેમની પાસે વધારે પ્રમાણમાં માછલી ભેગી થાય ત્યારે તે નજીકનાં શહેર વિરમગામ, ધોળકા, સાણંદ કે અમદાવાદ

જેવાં મોટાં વેપારી મથકોએ વેચવા જાય તો તેમને માછલીના ભાવ સારા મળે.

ચાલુ સાલથી પઢારો ઉપર એક મોટી આફત એ આવી પડી છે કે નળસરોવર વિસ્તાર જંગલ ખાતા હસ્તક મૂકવામાં આવ્યો છે. આ જંગલ ખાતાએ એક જાહેરનામું બહાર પાડીને એવું ફરમાન બહાર પાડ્યું છે કે નળસરોવરની અંદર કોઇ પણ વ્યક્તિ લાયસન્સ વિના હોડી ફેરવી શકે નહીં, માછલી પકડી શકે નહીં કે બીડ ખોદી શકે નહીં. આમ નળસરોવરની અંદરથી માછલી પકડવા કે બીડ ખોદવા માટે પણ હવે તેઓને જંગલ ખાતા પાસેથી પરવાનો મેળવવાનો રહેશે. આમ પઢારોના જીવનનો એક મોટા આધાર જેવું નળસરોવરનો પણ હવે તેઓ ઉપયોગ કરી શકશે નહીં.

પરવાના પદ્ધતિમાં એવું નક્કી થયું છે કે પરવાના માટ હરરાજી બોલાવવામાં આવશે અને જે વધારે બોલી બોલશે તે પરવાનો મેળવી શકશે. પઢારો આર્થિક રીતે એટલા સંપન્ન નથી કે તેઓ હરરાજીમાં વધારે બોલી બોલી શકે અને પરવાનો મેળવી શકે. આના કારણે બહારનાં તત્વો પગપેસારો કરશે અને તે હરરાજીમાં વધારે બોલી બોલીને પરવાનો મેળવશે. આવો બહારનો પરવાનેદાર પોતે પેટા પરવાનેદાર તરીકે જેને ભાવ પોસાય એવા પઢારોને જ બીડ ખોદવા કે માછલાં પકડવા પરવાના આપશે. આના કારણ જે પઢારો અત્યંત નબળી સ્થિતિવાળા હશે તેઓ નળસરોવરની કુદરતી સંપત્તિનો, પોતાના ગુજરાન માટે ઉપયોગ કરી શકશે નહીં એમ બનવા સંભવ ખરો.

માટીકામ અને બાંધકામ મજૂરી :
------------------------

મોટા ભાગના પઢારો માટીકામ, રસ્તા અને મકાન બાંધકામની મજૂરી સાથે સંકળાયેલા જોવા મળે છે. તેઓ માટીકામ માટે મુખ્યત્વે જ્યાં સરકાર દ્વારા કામો



થતાં હોય તેવાં કામોની મજૂરીમાં રોકાયેલા જોવા મળ્યા હતા. આ કામો જેવાં કે નહેરોનું ખોદકામ, પાળા બાંધકામ, કાંસનું તથા ગટર લાઇનનું ખોદકામ અને રસ્તા બાંધકામની મજૂરી કરતા હોય છે. આ બધાં કામો સરકારી કોન્ટ્રાકટરો દ્વારા થતાં હોય છે. આ કામો ગુજરાતના કોઇ પણ સ્થળે થતાં હોય તે સ્થળે તેઓને મજૂરી માટ લઇ જવામાં આવે છે. કુટુંબમાં જે અશક્ત માણસો હોય છે તેઓને પોતાના વતનમાં ભગવાનને સહાર છોડીને જવું પડે છે. નાનાં બાળકો જે શાળામાં જઇ શકે તેવાં હોય તેઓને '-નાનાં ભાઇ બહેનને રાખવા- પોતાની સાથે લઇ જાય છે. નાનાં બાળક આમ સચવાય એટલે પતિપત્ની બંને મજૂરી કરી શકે. નાના બાળકને પોતાની સાથે લઇ ન જાય તો તેને ઘેર કોની સાથે મૂકે ? આથી નાછૂટકે પણ બાળકને શાળામાં ભણવાનું છોડાવીને પોતાની સાથે લઇ જવું પડે છે.

કોન્ટ્રાકટરો પઢારોને પૂરતી મજૂરી ચૂકવતા નથી. માટીકામની મજૂરી એવા પ્રકારની છે કે તે ઉનાળા-શિયાળાની ઋતુ દરમ્યાન જ થઇ શકે. ચોમાસાની ઋતુમાં આવાં સરકારી કામો મોટ ભાગે બંધ કરી દેવામાં આવતાં હોય છે. આથી જયારે ચોમાસામાં માટીકામ કરવાનું બંધ થાય છે ત્યારે તેઓ પોતાના વતનમાં પાછા ફરે છે. આ સમયે તેમની પાસે એટલી મૂડી હોતી નથી કે તેઓ ચોમાસાના ચાર માસ એમને એમ પસાર કરી શકે. આથી તેઓ ચોમાસુ પૂરું થયા પછી ફરી પાછા મજૂરીકામ કરવા જવાની શરત કરીને કોન્ટ્રાકટર પાસેથી પૈસા લેતા હોય છે. આ કોન્ટ્રાકટરો વગર વ્યાજ પૈસા તો આપે છે પરંતુ મજૂરીનો જે દર નક્કી કરે તેટલા દરમાં કામ કરવા જવું પડે છે.

જે પઢારો માટીકામ ખાશના માપ કરે છે તેમાં પણ તેઓનું શોષણ થતું હોય છે. આમાં એવું બને છે ક કોન્ટ્રાકટર તેઓને માપ ઉપર કામ કરવાનું આપી દે છે. પછી

તેમણે જે કામ કરેલું હોય તે કોન્ટ્રાકટરના માણસો માપવા માટ આવે છે. આ માણસો પઠારોએ જેટલું કામ કર્યું હોય તેના કરતાં ઓછું માપ જણાવે છે અને ઓછા પૈસા ચૂકવે છે. આ માપનારા માણસો પણ કોન્ટ્રાકટરને ત્યાં નોકરી કરતા હોય છે અને આમ વચમાં કમિશન ખાતા હોય છે. માપનારા માણસો કોન્ટ્રાકટરને જેટલું કામ થયું હોય તે ખરેખરું બતાવીને, કામનાં ચૂકવવાનાં થતાં નાણાં કોન્ટ્રાકટરો પાસેથી મેળવે છે. અને પઠારોને ઓછાં નાણાં ચૂકવે છે. આમ વચમાં તેઓ કમિશન કાઢતા હોય છે. આમ પઠારોને તેમના કરેલા કામની મજૂરીના પૂરા પૈસા મળી શકતા નથી.

પઠારોને આવી મજૂરી મેળવવા માટ પણ ગામમાં જે આગેવાન હોય છે તેને દૈનિક કમિશન પેટ દસ પૈસાથી પચીસ પૈસા સુધી આપવા પડે છે. આ વચ્ચેનો માણસ આ જ પ્રમાણે કોન્ટ્રાકટર પાસેથી પણ કમિશન લેતો હોય છે.

માટીકામ મેળવવા માટે તેઓને શું શું કરવું પડે છે તે પણ જાણવા જેવું છે. સરકારનાં જે કામો થતાં હોય છે તે બધાં કામો કોન્ટ્રાકટરો દ્વારા થતાં હોય છે. કોન્ટ્રાકટરો કામનો કોન્ટ્રાકટ રાખ્યા પછી તે કામ કરાવવા માટ તેને મજૂરોની જરૂર પડે. આ માટ કોન્ટ્રાકટર આ પઠાર ગામોમાં જાય. ગામમાં જઇને ગામનો પચાતીયો હોય તેને મજૂરો પૂરા પાડવા માટ જણાવે. આ પચાતીયો જેટલા મજૂર પૂરા પાડે તેના બદલામાં મજૂરદીઠ દિવસના પચીસ પૈસા કમિશન લેવાનું ઠરાવે. બીજી તરફ ગામના પઠારો, જે કામ ધંધા સિવાય બેકાર બેસી રહયા છે તેઓને જઇને મળે છે, અને જણાવે છે કે હું તમને અમુક જગ્યાએ અમુક કામ, અમુક સમય માટ અપાવું, જો તમે મને દિવસના પચીસ પૈસા પ્રમાણે વ્યકિતદીઠ કમિશન આપો તો. પઠારો તો કામ ધંધા સિવાય બેકાર બેસી રહેલા હોય છે તેઓને પોતાના પેટ માટ અને બાળકો માટ જે કંઇ મજૂરી મળે તે કરવા તૈયાર થઇ



જાય છે. આમ ગામનો પચાતીયો -મોટે ભાગે મુસ્લિમ - હોય છે તે બંને પક્ષેથી કમિશન ખાતો હોય છે. આમ, પઠારોને તેમની દૈનિક મજૂરીની આવકમાંથી સીધા પચીસ પૈસા કમિશન પેટ આપવા પડે છે. જો કમિશન આપવાનું ના પાડે તો તેને સીધુ કામ મળી શકતું નથી. કારણ કે કોન્ટ્રાકટર પઠારને તો ઓળખતા નથી. વળી જયારે પઠારોને અગાઉથી પૈસાની જરૂર પડે ત્યારે આ વચ્ચેનો પચાતીયો માણસ કોન્ટ્રાકટરને તેની જામીનગીરી આપે છે. કોન્ટ્રાકટરને જો જામીનગીરી ના આપે તો તે અગાઉથી પૈસા આપવાનુ જોખમ ઉઠાવતો નથી. આથી નાછૂટકે પણ પઠારોને પચાતીયાને કમિશન આપવું પડે છે.

## બીડ ખોદવું :

પઠારોના જીવનમાં કેન્દ્ર સ્થાને નળસરોવર રહેલું છે. એ તેમના માટે આશીર્વાદ રૂપ છે. નળસરોવરમાંથી તેઓ પોતાનાં મકાનો માટેની કાચી સામગ્રી મેળવે છે, અને ખોરાક માટે કંદમૂળ ખોદે છે. અને માછલી પકડે છે. શિયાળા - ઉનાળાની ઋતુ દરમ્યાન પઠારો નળસરોવર વિસ્તારમાંથી, સરોવરનું પાણી જેમ જેમ સૂકાતું જાય અને જમીન જેમ જેમ ખુલ્લી થતી જાય, તેમ ત્યાંથી પોતાના બાર માસના ખોરાક માટે બીડ ખોદવાનું કામ કરે છે. આ બીડ શું છે તે આપણે આગળ પ્રકરણ-૪ માં જોઇ ગયા છીએ. શરૂઆતમાં બીડ સરોવરના કિનારા વિસ્તારમાંથી મળી રહે છે. પરંતુ જેમ જેમ બીડ ખોદાતાં જાય તેમ તેમ તેઓ નળસરોવરના અંદરના ભાગમાં બીડ ખોદતા ખોદતા આગળ વધે છે અને છેલ્લે તો પોતાના ગામથી બે ત્રણ માઇલ દૂર સુધી નળસરોવરની અંદરના વિસ્તારમાં બીડ ખોદવા જવું પડે છે. પઠારો બીડ ખોદવા માટે વહેલી સવારના પોતાના કુટુંબ સાથે ઘરેથી નીકળી પડે છે. અને બપોર સુધી બીડ ખોદે છે. બપોરના ખાવાનો સમય થાય ત્યારે જેટલાં બીડ ખોદાયાં હોય તેનું પોટલું બાંધીને પોતાના ઘર પાછા ફરે છે. કુટુંબના બે ત્રણ સભ્યો

બપોર સુધી બીડ ખોદે ત્યારે માંડ મણ દોઢ મણ બીડ ખોદીને ભેગાં કરી શકે છે. બપોરે ઘરે જમવાનું પતાવીને પાછા ફરીથી તેઓ બીડ ખોદવા ઉપડી જાય છે. અને અંધારું થતાં સુધી બીડ ખોદવાનું કામ કરે છે. જ્યારે ગામની નજીકમાં બીડ મળતાં બંધ થઇ જાય અને ગામથી દૂર બીડ ખોદવા જવું પડે ત્યારે પઢારો સવારથી જ બપોરનું ભાથુ સાથે લઇને જાય છે. અને આખો દિવસ બીડ ખોદીને રાત પડે ત્યાર પોતાના ઘરે પાછા ફરે છે. જો બપોરનું ભાથુ સાથે ન લઇ ગયા હોય તો કુટુંબની સ્ત્રી સવારે બધાં સાથે બીડ ખોદવા માટે જતી નથી, પરંતુ બપોરે ઘરેથી ભાથુ બનાવીને લઇને જાય છે. આમ આખા દિવસની સખત મહેનત પછી તેઓને માંડ બેથી અઢી મણ જેટલી બીડની ગાંઠો મળી શકે છે.

આ બીડની ગાંઠો જમીનની અંદર બે ત્રણ ઇંચ ઊંડે થતી હોવાથી તેને કોદાળી કે ખુરપીની મદદથી ખોદી કાઢવાની હોય છે. પહેલાં જમીન ખોદી નાંખવામાં આવે છે. આ ખોદેલી જમીન સૂકાય એટલે બીડની ગાંઠો સહેલાઇથી માટીથી છૂટી પડે છે. અને મહેનત ઓછી કરવી પડે છે.

<u>હોડી ચલાવવી :</u>

ચોમાસાની ઋતુ દરમ્યાન જ્યારે આ વિસ્તારમાં પાણી ભરાઇ જાય છે ત્યારે એક ગામથી બીજા ગામ ચાલીને જઇ શકાય તેમ હોતું નથી. આથી આ વિસ્તારમાં ગામના લોકોને એક ગામથી બીજા ગામ જવા માટે, કે પોતાની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે ધોળકા, વિરમગામ કે સાણંદ જેવાં વેપારી મથકોએ જવું પડે છે ત્યારે પોતાના ગામથી બહાર જવા માટે તેઓ તરાપાનો ઉપયોગ કરે છે. અથવા નાનાં હોડકામાં બેસીને પાણી પાર કરે છે. આ હોડકાં કે તરાપા હંકારવાનું કામ પણ પઢારો કરતા હોય છે. તેમને જિલ્લા પંચાયતે નક્કી કરી આપ્યા પ્રમાણે વ્યક્તિદીઠ ભાડું લઇ શકે છે.



નક્કી કરેલા ભાડાથી વધારે ભાડું લઇ શકાતું નથી.

બીજી એક હકીકત એ જાણવા મળી કે નળ સરોવર વિસ્તારમાં પુષ્કળ પ્રમાણમાં ઘાસ થતું હોવાથી ત્યાંના ભરવાડ લોકો ગાય, ભેંસ અને ઘેટાં-બકરાં પાળવાનો ધંધો કરે છે. અને દૂધના ઉત્પાદનમાથી પોતાનો નિર્વાહ સારી રીતે ચલાવે છે, જ્યારે આ પઢાર લોકો ભાગ્યે જ આવાં પશુઓ રાખતા જોવા મળે છે.

<u>દિનચર્યા :</u>

અર્થઉપાર્જનના કાર્યમાં કુટુંબના દરેક સભ્યો કેવા પ્રકારની સહાય કરે છે તે જાણવા માટે પઢારોની રોજની દિનચર્યા જોવાથી સહેલાઇથી સમજી શકાશે.

પઢારોની દિનચર્યા ટૂંકાણમાં નીચે પ્રમાણે જોવા મળે છે :

<u>પુરૂષો :</u>

પઢાર પુરૂષો સવારથી રાત્રે સૂતાં સુધી કોઇને કોઇ પ્રકારના કાર્યમાં રોકાયેલા રહે છે. સવારે મોંસૂઝણું થાય ત્યારે ઊઠે છે, પછી નિત્યકર્મ વગેરે પતાવીને, સાંજનું જે કંઇ જમવાનું વધેલું હોય તે ચા સાથે અથવા મરચા સાથે ખાઇને પછી ખેતીના કે મજૂરીના કામે જાય છે. જે પઢારો ખેતી કરે છે તેઓ સવારથી સાંજ સુધી ખેતરમાં જ રોકાય છે. બપોરનું જમવાનું ભાથું પણ ખેતરમાં મંગાવીને જમે છે. અને આખો દિવસ ખેતરમાં કોઇને કોઇ પ્રકારનું કાર્ય કર્યા કરે છે. જે પુરૂષો મજૂરી કરે છે તેઓ સવારે જને ત્યાં મજૂરી માટે જવાનું હોય ત્યાં મજૂરી માટે જાય છે. જો મજૂરી અડધા દિવસની એટલે કે બપોર સુધીની હોય તો બપોરે બે વાગે ઘરે પાછા આવીને જમે છે. અને ત્યાર પછી થોડો આરામ કરીને પોતાના ખોરાક માટે, બીડ ખોદવા કે મચ્છીમારી માટે અથવા બીજા દિવસની મજૂરી શોધવા માટે કોઇ મોટા ખેતી કરનારા જમીનદારને ત્યાં જાય છે. બીડ

ખોદવા કે મચ્છીમારી માટ ગયા હોય તો રાત પડે ત્યારે ઘર પાછા ફરે છે. ઘર આવીને જમે છે. પછી વાસમાં સરખી ઉંમરના પુરૂષો ટોળે વળીને વાત્ચીતો કરે છે અને રાત્રે નવ સાડા નવ વાગે સૂઇ જાય છે.

સ્ત્રીઓ :

પઢાર સ્ત્રીઓ પુરૂષો કરતાં સવારે વહેલી ઊઠે છે. ઊઠીને દાતણ-પાણી પતાવીને ઘરની સફાઇ કરે છે. ત્યાર પછી કૂવેથી પાણી ભરી લાવે છે. આ કામ પતાવીને પુરૂષો અને બાળકોને સાંજનું જે કંઇ ખાવાનુ વધેલું હોય તે જમાડે છે. ત્યાર પછી બપોર માટેનું જમવાનું બનાવીને તે પણ મજૂરી કરવા માટ જાય છે. બપોરે ઘર પાછી આવીને બાળકોને જમવાનું આપે છે અને પોતે જમીને, વાસણો વગેરે સાફ કરીને બળતણ માટ સીમમાં છાણાં વીણવા માટે જાય છે. અથવા પુરૂષો સાથે બીડ ખોદવા કે માછલી પકડવા માટે જાય છે. સાંજે અંધારું થવા આવે એટલે ઘરે આવીને ઘરની સફાઇ કરે, કૂવેથી પાણી ભરી લાવે અને ત્યાર પછી સાંજનું જમવાનું બનાવે છે અને કુટુંબના બધા સભ્યોને જમાડીને રસોડાનું કામ પતાવી, ત્યાર પછી બીજા દિવસનું રાંધવાનું સીધુ તૈયાર કરે છે. અને રાત્રે સાડા નવ, દસ વાગે સૂઇ જાય છે.

બાળકો :

ઘરમાં નાનાં મોટાં બાળકો હોય તો સૌથી મોટી ઉંમરનું બાળક પોતાનાં નાનાં ભાઇ-બહેનને સાચવવાનું કામ કરે છે. જેથી તેમનાં મા-બાપ મજૂરી માટ નાના બાળકને ઘરે મૂકીને જઇ શકે. બપોરે જ્યાં તેમનાં મા-બાપ મજૂરી કરવા માટ ગયાં હોય ત્યાં તેમનું ભાતું આપવા જાય. બળતણ માટ છાણાં, લાકડાં વીણી લાવે. બીડ ખોદવા માટે મા-બાપ સાથે જાય તો ખોદેલાં બીડ માટીમાંથી વીણવામાં મદદ કરે છે. આમ,



નાનાં બાળકો કોઇને કોઇ પ્રકારનું કામ દિવસ દરમ્યાન કરતાં હોય છે.

વર્ષ ચક્ર :

આમ ઉપર જણાવ્યા પ્રમાણે ઘરનાં દરેક સભ્યો દૈનિક કાર્યોમાં રચ્યાપચ્યાં રહેતાં હોય છે. તેવી જ રીતે વર્ષના બારે માસ પણ અર્થઉપાર્જન માટે કુટુંબના બધા સભ્યો કોઇને કોઇ કાર્યમાં રત રહે છે. પઢારોનું વાર્ષિક અર્થઉપાર્જનનું ચક્ર નીચે પ્રમાણે જોવા મળે છે.

જેઠ : જેઠ માસમાં ખેડૂતો પોતાની જમીનમાં કાંટા-ઝાંખરાં ખોદીને ખેતીની જમીન સાફ કરે,

સ્ત્રીઓ બળતણ માટે લાકડાં, છાણાં વગેરે વીણીને ભેગાં કરે, તેમજ ઘરની દીવાલો લીંપે તથા ચોમાસામાં વરસાદનું પાણી દીવાલને ન લાગે તે માટે ગાંદરીનું ઘાસ કાપી લાવીને દીવાલો ઉપર મૂકે.

અષાઢ : વરસાદ પડે એટલે જમીનમાં વાવણી કરે, ખેડ કરે, ડાંગરનું બિયારણ વાવે.

સ્ત્રીઓ ખેતીના કામમાં મદદ કરે, નિંદામણ કરે, કરબડી ખેંચવા લાગે.

શ્રાવણ : પુરૂષો પાકની અંદરથી નકામું ઘાસ કાઢી નાંખવા માટે કરબડી ફેરવે, નિંદામણ કરે, ડાંગર રોપવા માટે જમીન તૈયાર કરે, ક્યારીમાં ઘાસ ઉગેલું હોય તે સાફ કરે, ડાંગર રોપે, હોડી ફેરવે.

ભાદરવો : જમીનમાં કઠોળ વાવે, પાકમાં નિંદામણ કરે, હોડી ફેરવે.

આસો : કાલાં વીણે, કાલાં ફોલે, જમીન ખેડે, મચ્છી મારે, હોડી ચલાવે, પાક સાચવે.

કારતક : ડાંગર કાપે, ઝૂડે, ઘરે લાવે, કાલાં વીણે, કાલાં ફોલે, માટીકામની મજૂરી કરે.

માગસર : કાલાં વીણે, બીડ ખોદે, બીડ ખોદીને ઘર લાવે, બીડ સાફ કરે, મજૂરી કરે.

પોષ : કઠોળ કાપીને ઝૂડે, ગોંદરીનું ઘાસ કાપીને મકાન માટે ઘર લાવે, કપાસ વીણે, કાલાં ફોલે.

મહા : બીડ ખોદે, ગોંદરીનું ઘાસ કાપીને મકાન માટે ઘર લાવે. મકાનમાં સુધારા-વધારા કરે. ખેતીની મજૂરી કરે.

ફાગણ : કપાસની સાંઠી ખોદે, ઘઉંની કાપણી કરે, બળતણ માટે કપાસની સાંઠી ભેગી કરે, છાણાં વીણીને ભેગાં કરે.

ચૈત્ર : જમીનમાં પાળા બાંધે, મકાન સરખાં કરે, નવાં મકાન બનાવે, મકાનની દીવાલો લીંપે, બીડ ખોદે, સાફ કરે, લગ્નનાં કામ પતાવે.

વૈશાખ : અખાત્રીજે ખેતીની જમીનમાં ખાતરની પાંચ ઢગલી કરે. જમીન ખેડે, જમીનમાં ઉગેલા કાંટા-ઝાંખરાં સાફ કરે, લગ્નનાં કામ પતાવે.

આમ જે પઢારો પાસે પોતાની ખેતીની જમીન છે, અને જાતે ખેતી કરે છે તેઓ ઉપર બતાવ્યા પ્રમાણે આખું વર્ષ ખેતીકામમાં, બીડ ખોદવાના કે બીજા કોઇ કામમાં રોકાયેલા રહે છે. પરંતુ જે પઢારો માટીકામની મજૂરી કરે છે તેઓ માટીકામ માટે ચોમાસુ ઉતરી રહયા પછી, કારતક માસમાં જયારે કોન્ટ્રાકટરો કામ શરૂ કરે છે એટલે મજૂરી માટે, જયાં કામ ચાલતું હોય ત્યાં જાય છે. અને ચોમાસુ આવતાં સુધી બહારગામ રોકાઇને માટીકામની મજૂરી કરે છે. ચોમાસુ શરૂ થાય એટલે કોન્ટ્રાકટરો આ કામ બંધ કરે એટલે પોતાના ગામમાં પાછા ફરે છે. અને ખેતીકામની મજૂરી મળે તો તે કરવા જાય છે. આમ, પઢારો પોતાનું ગુજરાન ચલાવવા માટે, ઘરના દરેક સભ્યે સખત મહેનત-મજૂરી કરવી પડે છે.

...

## પ્રકરણ - ૬

### પઢાર અર્થવ્યવસ્થા : આવક, ખર્ચ અને દેવું

હવે આપણે તપાસ માટે પસંદ કરવામાં આવેલાં કુટુંબોને જમીનમાંથી અને અન્ય ધંધામાંથી કુલ કેટલી કમાણી થાય છે તે જોઇશું. કારણ કે કુટુંબના ભરણપોષણ અને સામાજિક પ્રસંગો, ધાર્મિક તહેવારો અને કુટુંબના સભ્યોની માંદગી વગેરે પ્રસંગોએ નાણું અગત્યનો ભાગ ભજવે છે.

આવક :

કોઠો - ૧૨

તપાસવામાં આવેલાં કુટુંબોની, ગામવાર જુદા જુદા ધંધામાંથી થતી આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો:

| ક્રમ | ગામનું નામ | ખેતી અને પશુપાલનમાંથી થતી આવક | મજૂરીમાંથી થતી આવક | કુલ આવક |
|---|---|---|---|---|
| ૧. | ધરજી (દુર્ગી) | ૧૪૮૦૩ | ૫૪૨૫૩ | ૬૯૦૫૬ |
| | | (૨૧.૪૪) | (૭૮.૫૬) | (૧૦૦.૦૦) |
| ૨. | શાહપુર | ૪૩૩૨ | ૫૯૭૯૦ | ૬૪૫૨૨ |
| | | (૭.૩૩) | (૯૨.૬૭) | (૧૦૦.૦૦) |
| ૩. | રળોલ | ૩૮૬૫ | ૫૯૧૩૫ | ૬૩૦૦૦ |
| | | (૬.૧૩) | (૯૩.૮૭) | (૧૦૦.૦૦) |
| ૪. | નાની કઠેચી | ૩૩૨૫ | ૧૦૧૪૫૦ | ૧૦૪૭૭૫ |
| | | (૩.૧૭) | (૯૬.૮૩) | (૧૦૦.૦૦) |
| કુલ | | ૨૬૭૨૫ | ૨૭૪૫૨૮ | ૩૦૧૩૫૩ |
| | | (૮.૮૭) | (૯૧.૧૩) | (૧૦૦.૦૦) |

કોઠા-૧૨ પરથી જોઇ શકાય છે કે પઢાર લોકોના જીવનનિર્વાહનો બધો આધાર મજૂરીની આવક પર છે. તપાસેલા ૧૦૦ કુટુંબોની કુલ આવકમાંથી ૯૧.૧૩ ટકા આવક નો તેઓ મજૂરીના ધંધામાંથી કર છે. જયારે માત્ર ૮.૮૭ ટકા આવક ખેતી અને પશુપાલનના ધંધામાંથી કર છે.

પહેલાં આપણ તપાસમાં લીધેલાં ૧૦૦ કુટુંબોને ગામ પ્રમાણે જોઇએ તો ધરજી (દુર્ગી) ગામનાં ૫૨.૦ ટકા કુટુંબોની આવક, ખેતીમાંથી ૨૧.૪૪ ટકા થાય છે. જ કુલ આવકના પ્રમાણમાં નહિવત્ છે. જયારે મજૂરીમાંથી થતી આવકનું પ્રમાણ ઘણું વધારે છે. જ ખેતીની આવક કરતાં લગભગ સાડા ત્રણ ગણી વધાર છે. એટલે કે ૭૮.૫૬ ટકા આવક એ મજૂરીમાંથી પ્રાપ્ત કર છે. જયાર શાહપુર ગામમાં ખેતી અને પશુપાલનની આવકનું પ્રમાણ ૭.૩૩ ટકા છે, અને મજૂરીની આવકનું પ્રમાણ ૯૨.૬૭ ટકા થાય છે. રળોલ ગામમાં પણ ખેતી અને પશુપાલનની આવકનું પ્રમાણ ૬.૧૩ ટકા થાય છે, જયારે મજૂરીની આવકનું પ્રમાણ ૯૩.૮૩ ટકા થાય છે. જમીન ધરાવતાં ૪૭ ટકા કુટુંબો અને જમીનવિહોણાં ૫૩ ટકા કુટુંબોને મોટા ભાગનો આધાર મજૂરી પર રાખવો પડે છે. આમ તેમનો ખેતીનો ધંધો તો કહેવા પૂરતો જ છે. કારણ કે એક તો તેમની પાસે પૂરતી જમીન નથી અને બીજું જેમની પાસે થોડી ઘણી જમીન છે તેઓની નબળી આર્થિક સ્થિતિના કારણે જમીનમાં સારી જાતનાં બિયારણો, ખાતરો કે ખેડ કરી શકતા નથી. અને આ વિસ્તારની જમીન ખારવાળી હોવાથી તેમાં વધાર ઉત્પાદન ગઇ શકતું નથી.

ઉપર પ્રમાણે આવકની સરખામણીએ જોઇએ તો જમીનવાળાં કુટુંબો કરતાં જમીન વિહોણાં કુટુંબોની સંખ્યા પણ ૬ ટકા વધાર છે. આમ આવકનું પ્રમાણ જાણ્યા પછી આવકજૂથ પ્રમાણ કુટુંબોની સંખ્યા જોઇએ તો કોઠા-૧૩ માં દર્શાવ્યા મુજબની સ્થિતિ જોવા મળે છે.



## કોઠો - ૧૩

આવકજૂથ પ્રમાણ કુટુંબોનું વર્ગીકરણ દર્શાવતો કોઠો :

| ગામનું નામ | ૫૦૦ થી ઓછી | ૫૦૧ થી ૧૦૦૦ | ૧૦૦૧ થી ૧૫૦૦ | ૧૫૦૧ થી ૨૦૦૦ | ૨૦૦૧ થી ૩૦૦૦ | ૩૦૦૧ થી ૪૦૦૦ | ૪૦૦૧ થી ૫૦૦૦ | ૫૦૦૧ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ધરજી(દુર્ગી) | - | ૨ | ૩ | ૨ | ૧૧ | ૧ | ૩ | ૩ | ૨૫ |
| | - | ૮% | ૧૨% | ૮% | ૪૪% | ૪% | ૧૨% | ૧૨% | ૧૦૦% |
| શાહપુર | ૧ | ૨ | ૩ | - | ૧૧ | ૬ | ૧ | ૧ | ૨૫ |
| | ૪% | ૮% | ૧૨% | - | ૪૪% | ૨૪% | ૪% | ૪% | ૧૦૦% |
| રળોલ | ૩ | ૨ | ૧ | ૨ | ૯ | ૪ | ૩ | ૧ | ૨૫ |
| | ૧૨% | ૮% | ૪% | ૮% | ૩૬% | ૧૬% | ૧૨% | ૪% | ૧૦૦% |
| નાની કઠ્યી | ૨ | ૪ | ૧૧ | ૨ | ૨ | ૨ | - | ૨ | ૨૫ |
| | ૮% | ૧૬% | ૪૪% | ૮% | ૮% | ૮% | - | ૮% | ૧૦૦% |
| કુલ | ૬ | ૧૦ | ૧૮ | ૬ | ૩૩ | ૧૩ | ૭ | ૭ | ૧૦૦ |
| | ૬% | ૧૦% | ૧૮% | ૬% | ૩૩% | ૧૩% | ૭% | ૭% | ૧૦૦% |

ઉપરના કોઠા-૧૩ પરથી જોઇ શકાય છે કે ૧૦૦ કુટુંબોની કુલ આવકમાંથી રૂ.૫૦૦ થી ઓછી આવકવાળાં ૬ કુટુંબો, ૫૦૧થી ૧૦૦૦ની આવક ધરાવતાં ૧૦ કુટુંબો અને ૧૦૦૧ થી ૧૫૦૦ ની આવક ધરાવતાં ૧૮ કુટુંબો છે. ૧૫૦૧ થી ૨૦૦૦ ની આવકવાળાં ૬ કુટુંબો છે. જયારે દરેક આવકજૂથ કરતાં ૨૦૦૧થી ૩૦૦૦ સુધીની આવક ધરાવનાર કુલ

૩૩ કુટુંબો છે. જે રૂ. ૫૦૦ થી ઓછી અને ૧૫૦૧ થી ૨૦૦૦ સુધીની આવક ધરાવનાર કુટુંબો ના પ્રમાણમાં તેનું પ્રમાણ ૩૩ ટકા જેટલું છે. જયારે બાકીનાં ૧૩ કુટુંબો ૩૦૦૧ થી ૪૦૦૦ સુધીની અને ૭ કુટુંબો ૪૦૦૧ થી ૫૦૦૦ સુધીની આવક ધરાવે છે. જયારે સૌથી વધુ આવક ધરાવનાર એવાં ૭ કુટુંબો છે. જેમની આવક રૂ.૫૦૦૦ થી વધુ છે. આમ આપણે આવકજૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ જોયા પછી હવે આપણે તપાસેલ કુટુંબોને ખેતી અને ખેતમજૂરીમાંથી કુટુંબદીઠ વાર્ષિક, માસિક તથા માથાદીઠ વાર્ષિક, માસિક અને દૈનિક આવક કેટલી છે તે જોઇશું.

કોઠો - ૧૪

તપાસેલ ૧૦૦ કુટુંબોની ખેતી અને પશુપાલન તથા જુદી જુદી મજૂરીમાંથી કુટુંબદીઠ વાર્ષિક, માસિક તથા માથાદીઠ વાર્ષિક, માસિક અને દૈનિક આવક દર્શાવતો કોઠો :

| | ખેતી અને પશુપાલનમાંથી થતી આવક (રૂ.માં) | મજૂરીમાંથી થતી આવક (રૂ.માં) | કુલ આવક (રૂ.માં) |
|---|---|---|---|
| કુટુંબદીઠ વાર્ષિક આવક | ૨૬૭ | ૨૭૪૬ | ૩૦૧૩ |
| કુટુંબદીઠ માસિક આવક | ૨૨ | ૨૨૯ | ૨૫૧ |
| માથાદીઠ વાર્ષિક આવક | ૪૦.૨૦ | ૪૨૪.૧૨ | ૪૬૪.૩૨ |
| માથાદીઠ માસિક આવક | ૩.૩૫ | ૩૪.૫૧ | ૩૭.૮૬ |
| માથાદીઠ દૈનિક આવક | ૦.૧૧ | ૧.૧૫ | ૧.૨૬ |



કોઠા - ૧૪ માં જોતાં જણાય છે કે પઢારોની મુખ્ય આવક તો મજૂરીના ધંધામાંથી થાય છે. જે કુલ આવકમાં ૯૧.૧૩ ટકાનું પ્રમાણ છે. જયારે ખેતી અને પશુપાલનની આવક તો નામ માત્રની છે. જે ૮.૮૭ ટકા જેટલી છે. તપાસેલ ૧૦૦ કુટુંબોમાંથી કુટુંબદીઠ પશુપાલન અને ખેતીમાંથી થતી આવક ૨૬૭ રૂપિયા વાર્ષિક થાય છે. જયારે મજૂરીની આવકનું પ્રમાણ કુટુંબદીઠ ૨૭૪૬ રૂપિયા થાય છે. તેવી જ રીતે ખેતી અને પશુપાલનની કુટુંબદીઠ આવક રૂ. ૨૨ એક માસની થાય છે. જયારે મજૂરીની માસિક આવક રૂ. ૨૨૯ થાય છે. આવી જ રીતે જો માથાદીઠ વાર્ષિક, માસિક અને દૈનિક આવક તપાસીએ તો અનુક્રમે ૪૦.૨૦, ૩.૩૫ અને ૦.૧૧ રૂપિયા ખેતી અને પશુપાલનની આવક થાય છે. જયારે મજૂરીમાંથી આ આવકનું પ્રમાણ વાર્ષિક, માસિક અને દૈનિક જોઇએ તો અનુક્રમે ૪૨૪.૧૨, ૩૪.૫૧ અને ૧.૧૫ રૂપિયા થાય છે. આમ પઢારોનો જીવનનિર્વાહનો મોટો આધાર મજૂરી ઉપર જ છે.

ઉપરોક્ત આવકજૂથમાંથી વર્ગીકરણ કરતાં કુટુંબોનું આર્થિક જીવન એ નક્કી કરેલી ગરીબાઇની રેખાની નીચે જીવન જીવે છે. જે તેમની કુલ સભ્યસંખ્યા, કુટુંબનું કદ અને આવકના પ્રમાણ ઉપરથી નક્કી થઇ શકે છે. આમ પઢારોનું આર્થિક જીવન પારાવાર મુશ્કેલીઓથી ભરેલું છે. તેઓ જીવન જીવવા માટે ખેતી, પશુપાલન કે જુદા જુદા પ્રકારની મજૂરીમાંથી જે આવક મેળવે છે તેનો મોટો ભાગ તો આઠ માસના સમયગાળામાં જ વપરાઇ જાય છે. જયારે બાકીના ચોમાસાના ચાર માસ દરમ્યાન આ લોકોનું જીવન અસ્તવ્યસ્ત થઇ જાય છે. અને માત્ર બીડના રોટલા ખાઇને જ દિવસો વિતાવે છે. અને જો ઘરમાં બીડની ગાંઠો પણ થઇ રહે તો તેમને ભૂખે દિવસો વિતાવવા પડે છે. કારણ કે તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેમજ તેમની પાસે ગીરો મૂકી શકાય એવું કોઇ સાધન નહીં હોવાથી કોઇ દુકાનદાર તેમને ઉધાર આપતો નથી. જયારે જે કુટુંબો થોડી ઘણી જમીન ધરાવે છે તેઓ સહકારી

મંડળીમાંથી લોન લઇને કે કોઇ શાહુકાર વેપારી પાસેથી જમીન લખી આપીને નાણાંનો ઉપાડ કર છે. અને જયારે પોતાની જમીનમાં પાક તૈયાર થાય ત્યારે તેનું દેવું ચૂકવવા પહેલાં તે શાહુકાર-વેપારીને ત્યાં જ ખેતરમાંથી જ સીધા જાય છે. તેણે લીધેલી મૂડી અને તેના ઉપર ચઢેલ વ્યાજ બંને થઇને એટલું બધું વધી જાય છે કે મૂડી કરતાં વ્યાજની રકમ બે ત્રણ ગણી થઇ જાય છે. અને છેવટે આ દેવું ચૂકવી નહીં શકવાથી તેની જમીન કાયમ માટે ચાલી જાય છે. આથી જ વર્ષો પહેલાં કહયું હતું કે ખેડૂત દેવામાં જન્મે છે, દેવામાં જીવે છે અને દેવામાં જ મરણ પામે છે, તે હજી પઢારો માટ સાચું છે.

આમ ઉપર પ્રમાણે આવક અને આવકજૂથ પ્રમાણ કુટુંબોનો અભ્યાસ કર્યા પછી હવે આપણે તેના વપરાશી ખર્ચ અંગે જોઇશું.

પઢાર લોકો પોતાના જીવનનિર્વાહ માટ કઇ કઇ બાબતો પાછળ કેટકેટલો ખર્ચ કરે છે તે કોઠા - ૧૫ માં દર્શાવવામાં આવ્યું છે.

કોઠા- ૧૫ ઉપરથી પઢારાનું ગામવાર અને વિગતવાર જીવનનિર્વાહનું ખર્ચ તપાસીએ તો જણાય છે કે ધરજી (દુર્ગી) ગામમાં કુલ તપાસેલ ૨૫ કુટુંબોમાંથી ૧૩ કુટુંબો ખેતીવાળાં અને ૧૨ કુટુંબો જમીનવિહોણાં છે. આ બંનેની કુલ સભ્યસંખ્યા ૨૦૪ ની છે. જેમની કુલ આવક ૬૯૫૬ રૂપિયા છે. જેમાં ૨૧.૪૪ ટકા ખેતીની આવક અને ૭૮.૫૬ ટકા મજૂરીની આવક છે. જે વ્યકિતદીઠ ગણીએ તો રૂ.૩૪૦ થાય છે. જયારે તેમની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું ખર્ચ રૂ.૮૧૩૨૭ નું છે. અને માથાદીઠ ખર્ચનું પ્રમાણ જોઇએ તો રૂ.૪૦૦.૬૨ થાય છે. આમ ધરજી (દુર્ગી) ગામનાં કુટુંબોમાં આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધુ થાય છે. તેઓ તેમનું ખર્ચ કઇ કઇ બાબતો પાછળ કર છે તે જોઇએ.



કોઠો - ૧૫

તપાસેલ કુટુંબોનું ગામવાર જીવનનિર્વાહનું ખર્ચ દર્શાવતો કોઠો :

| વસ્તુનું નામ | ગામનું નામ | | | | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| | ધરજી(દુર્ગી) | શાહપુર | રળોલ | નાની કઠેચી | | |
| અનાજ | ૩૪૯૭૦ | ૨૫૧૨૨ | ૩૦૧૩૧ | ૩૩૦૭૦ | ૧૨૩૨૯૩ | ૪૧.૬ |
| તેલ | ૮૩૨૫ | ૫૮૮૦ | ૪૯૬૬ | ૫૬૧૨ | ૨૭૭૮૩ | ૮.૩ |
| ગોળ-ખાંડ | ૪૭૬૫ | ૫૧૨૨ | ૪૫૬૯ | ૩૨૬૧ | ૧૭૭૧૭ | ૬.૦ |
| દૂધ | ૧૯૬૪ | ૧૯૨૦ | ૨૦૭૬ | ૧૯૯૨ | ૭૯૫૨ | ૨.૭ |
| ચા | ૧૯૨૦ | ૧૨૧૩ | ૯૧૨ | ૮૪૨ | ૪૮૮૭ | ૧.૬ |
| ગરમ મસાલા | ૧૧૬૧ | ૧૧૫૮ | ૧૯૮૨ | ૭૯૫ | ૫૪૯૬ | ૧.૯ |
| બીડી-તમાકુ | ૨૦૯૦ | ૩૧૭૦ | ૩૦૪૩ | ૧૬૯૫ | ૯૯૯૮ | ૩.૪ |
| બળતણ | ૬૫૨ | ૫૯૪ | ૨૫૫ | ૭૧૪ | ૨૨૧૫ | ૦.૭ |
| દિવાસળી | ૩૭૦ | ૪૬૯ | ૨૮૪ | ૫૬૮ | ૧૬૯૧ | ૦.૫ |
| શાકભાજી | ૬૪૦ | ૧૬૧૫ | ૩૭૦૦ | ૨૦૯૦ | ૮૦૪૫ | ૨.૭ |
| શિક્ષણ-દવાદારૂ | - | ૧૪૪૪ | ૯૮૦ | - | ૨૪૨૪ | ૦.૮ |
| મુસાફરી ખર્ચ | ૨૬૩૫ | ૩૪૫૫ | ૩૨૩૦ | ૪૩૫૦ | ૧૩૬૭૦ | ૪.૬ |
| કપડાં | ૧૭૦૮૦ | ૧૨૩૬૫ | ૧૦૯૧૦ | ૧૭૧૨૦ | ૫૭૪૭૫ | ૧૯.૫ |
| પગરખાં | ૧૦૭૫ | ૯૭૦ | ૧૪૮૦ | ૮૦૦ | ૪૩૨૫ | ૧.૪ |
| સામાજિક | ૩૬૮૦ | ૫૨૬૦ | ૧૪૦૦ | ૨૫૩૭ | ૧૨૮૭૭ | ૪.૩ |
| કુલ ખર્ચ | ૮૧૩૨૭ | ૭૦૧૫૭ | ૬૯૯૧૮ | ૭૫૪૪૬ | ૨૯૬૮૪૮ | ૧૦૦.૦૦ |

અનાજ પાછળ ૪૩ ટકા, તેલ ૧૦.૨૪ ટકા, ગોળ-ખાંડ ૫.૮૬ ટકા, દૂધ ૨.૪૧ ટકા ચા. ૨.૩૬ ટકા, ગરમ મસાલા ૧.૪૩ ટકા, બીડી-તમાકુ ૨.૫૦ ટકા, બળતણ ૦.૮૦ ટકા, દિવાસળી ૦.૪૫ ટકા, શાકભાજી ૦.૭૯ ટકા, મુસાફરી ૩.૨૪ ટકા, કાપડ ૨૧ ટકા, પગરખાં ૧.૩૨ ટકા, સામાજિક અને ધાર્મિક ૪.૫૨ ટકા ખર્ચ થાય છે. આમ તેમના કુલ ખર્ચમાં સૌથી વધાર ખર્ચ ખાધાખોરાકી અને કપડાં પાછળ થાય છે.

આ જ પ્રમાણે શાહપુરમાં પણ કુલ કુટુંબ સંખ્યા ૨૫ ની છે. જેમાં ૧૧ કુટુંબો પાસે થોડી ઘણી જમીન છે, જયાર બાકીના ૧૪ કુટુંબો પાસે બિલકુલ જમીન નથી. આ બંને પ્રકારનાં કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૧૪૨ ની છે. અને તેમની કુલ આવક રૂ. ૬૪૫૨૨ ની છે. જેમાં ખેતીની આવક ૭.૩૩ ટકા અને મજૂરીની આવક ૯૨.૬૭ ટકા છે. આમની માથાદીઠ સરેરાશ આવક ૪૫૪.૩૮ છે. અને માથાદીઠ સરેરાશ ખર્ચ ૪૯૪.૦૬ રૂપિયા છે. આમ તેમની આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધી જાય છે.

આ જ રીતે રળોલ ગામમાં પણ ૨૫ કુટુંબોમાથી ૧૫ કુટુંબો જમીન ધરાવતાં અને ૧૦ કુટુંબો જમીન વિહોણાં છે. આ ૨૫ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૧૨૧ છે. આ કુટુંબોની કુલ આવક રૂ. ૬૩૦૦૦ ની છે. આમાથી ખેતીની આવકનું પ્રમાણ ૬.૧૩ ટકા અને મજૂરીની આવકનું પ્રમાણ ૯૩.૮૭ ટકા થાય છે. આમની કુલ આવકમાં માથાદીઠ સરેરાશ આવક ૪૧૭.૨૧ રૂપિયા થાય છે અને માથાદીઠ સરરાશ ખર્ચ ૪૬૩.૦૩ થાય છે.

આમ ઉપરનાં ત્રણે ગામોનાં કુટુંબોની વિગતો તપાસી તેમાં આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધારે જોવા મળે છે. જયાર નાની કઠ્યીમાં ખર્ચ કરતાં આવકનું પ્રમાણ થોડું વધુ છે. આ ગામની વિગતો જોઇએ તો, આ ગામનાં પણ ૨૫ કુટુંબો છે. તેમાં ૮ કુટુંબો પાસે



જમીન છે અને ૧૭ કુટુંબો પાસે બિલકુલ જમીન નથી. આ બંને પ્રકારનાં કુટુંબોની કુલ આવક રૂ. ૧૦૪૭૭૫ છે. જેમાં ૩.૧૭ ટકા ખેતીની અને ૯૬.૮૩ ટકા મજૂરીની આવક છે. આમ કુલ આવકને સભ્યસંખ્યાની રીતે જોઇએ તો માથાદીઠ સરરાશ આવક રૂ. ૬૨૭-૨૯ થાય છે. આમ ચારેય ગામોની આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં જોઇએ તો નાની કઠ્યી ગામની આર્થિક પરિસ્થિતિ કંઇક અંશે સારી ગણી શકાય. આનું પણ એક કારણ છે. જે ગામમાં વધુ કુટુંબો થોડી ઘણી જમીન ધરાવતાં છે અને મજૂરી કરતાં કુટુંબોની સંખ્યા ઓછી છે તે ગામમાં કુટુંબની આવક પણ ઓછી છે. જયાર આની વિરુધ્ધ જે ગામમાં જમીન ધરાવતાં કુટુંબોની સંખ્યા ઓછી છે અને મજૂરી કરતાં કુટુંબોની સંખ્યા વધુ છે તે ગામનાં કુટુંબોની આવક વધાર છે. આ હકીકત આપણે આગળ જોઇ ગયા છીએ કે પઢારોની મુખ્ય આવકનું સાધન મજૂરી છે. ખેતી તો એમનો ગૌણ ધંધો બની જાય છે.

આમ ઉપર પ્રમાણે વપરાશ ખર્ચને જોયા પછી ચારેય ગામનાં કુલ ૧૦૦ કુટુંબોના સંદર્ભમાં આ તપાસીએ તો પરિસ્થિતિ તદન જુદી તરી આવે છે. ચારેય ગામનાં કુટુંબોની કુલ સભ્યસંખ્યા ૬૬૩ ની છે. અને કુલ આવક રૂ. ૩૦૧૩૫૩ છે. આમાથી ૮.૮૭ ટકા આવક ખેતીની અને ૯૧.૧૩ ટકા આવક મજૂરીમાથી થાય છે. જેમાં ખેતીવાળાં ૪૭ ટકા કુટુંબો અને મજૂરી કરતાં ૫૩ ટકા કુટુંબો છે. આ બંને પ્રકારનાં કુટુંબોની કુલ આવકમાથી કુટુંબદીઠ સરેરાશ આવક જોઇએ તો રૂ. ૩૦૧૩.૫૧ થાય છે. અને કુટુંબદીઠ સરરાશ ખર્ચનું પ્રમાણ ૨૯૬૮.૪૮ થાય છે. જયાર ૧૦૦ કુટુંબોના કુલ ૬૬૩ સભ્યોમાથી માથાદીઠ આવક જોઇએ તો રૂ. ૪૬૪.૩૨ થાય છે. અને માથાદીઠ સરરાશ ખર્ચ ૪૪૭.૭૩ જેટલું થાય છે. આ હકીકત આપણે આગળના કોઠા-૧૪ માં તપાસી ગયા છીએ.

હવે આપણે કુટુંબદીઠ વાર્ષિક અને માસિક ખર્ચ તથા માથાદીઠ વાર્ષિક, માસિક અને દૈનિક, સરેરાશ કેટલું ખર્ચ થાય છે તેની વિગતો જોઇએ. આ માટે આપણે કોઠો-૧૬ જોઇએ.

કોઠો - ૧૬

તપાસેલ ૧૦૦ કુટુંબોનું કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ, માસિક ખર્ચ તથા માથાદીઠ વાર્ષિક, માસિક અને દૈનિક ખર્ચ દર્શાવતો કોઠો :

| વિગત | ખર્ચ (રૂ.માં) |
|---|---|
| કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૨૯૬૮-૦૦ |
| કુટુંબદીઠ માસિક ખર્ચ | ૨૪૭-૦૦ |
| માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૪૪૭-૦૦ |
| માથાદીઠ માસિક ખર્ચ | ૩૭-૦૦ |
| માથાદીઠ દૈનિક ખર્ચ | ૧-૨૩ |

ઉપરનો કોઠો-૧૬ જોતાં જણાય છે કે તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ રૂ.૨૯૬૮/- છે જયારે માસિક સરેરાશ ખર્ચ રૂ.૨૪૭/- થાય છે. તેવી જ રીતે માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૪૪૭/- થાય છે, અને માસિક ખર્ચ સરેરાશ રૂ.૩૭/- છે. અને દૈનિક ખર્ચ સરેરાશ રૂ.૧-૨૩ થાય છે. આનો અર્થ એ થયો કે પઢાર કુટુંબની દરેક વ્યકિત ૧.૨૩ નું ખર્ચ કરી પોતાની આખા દિવસની જરૂરિયાતો જેવી કે ખોરાક, કપડાં, ચા, બીડી, શિક્ષણ, દવાદારૂ કે સામાજિક ધાર્મિક વગેરે બાબતો સંતોષે-સંતોષવી પડે છે.



ઉપર પ્રમાણે કુટુંબનું વાર્ષિક, માસિક તથા માથાદીઠ વાર્ષિક, માસિક અને દૈનિક ખર્ચ તપાસ્યા પછી હવે આપણે તપાસ માટે પસંદ કરવામાં આવેલાં ગામોના કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક અને સરેરાશ વાર્ષિક ખર્ચ તપાસીએ.

કોઠો - ૧૭

તપાસ માટે પસંદ કરવામાં આવેલાં ગામોના કુટુંબોનું, કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક અને ખર્ચ દર્શાવતો કોઠો :

| ક્રમ | ગામનું નામ | કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક (રૂ.માં) | કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ (રૂ.માં) |
|---|---|---|---|
| ૧. | ધરજી (દુર્ગી) | ૨૭૯૨ | ૩૨૫૩ |
| ૨. | શાહપુર | ૨૫૮૦ | ૨૮૦૬ |
| ૩. | રળોલ | ૨૫૨૦ | ૨૭૯૬ |
| ૪. | નાની કઠેચી | ૪૧૯૧ | ૩૦૧૭ |
| | કુલ સરેરાશ | ૩૦૧૩ | ૨૯૬૮ |

ઉપરનો કોઠો-૧૭ જોતાં સ્પષ્ટ થાય છે કે રળોલ ગામનાં કુટુંબોની આવક બાકીનાં ત્રણ ગામોના પ્રમાણમાં ઓછી છે. જયારે ધરજી (દુર્ગી) ગામનાં કુટુંબોનું ખર્ચ બાકીનાં ત્રણ ગામનાં કુટુંબો કરતાં સરેરાશ વધુ છે.

ઉપરની વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે એક જ વિસ્તારનો અમુક ભાગ વિકાસમાં આગળ હોય છે અને અમુક ભાગ વિકાસમાં પાછળ પડી જાય છે. અને તેના જ કારણે સરકાર અત્યારે બ્લોક લેવલ પ્લાનીંગની યોજના અમલમાં મૂકી રહી છે.

ઉપરનાં જુદાં જુદાં તારણો જોયા પછી એ બાબત સાબિત થાય છે કે પઢારોને પોતાનો જીવનનિર્વાહ ચલાવવા માટે તનતોડ મહેનત કરવા છતાં તે પોતાના પેટ પૂરતું પણ મેળવી શકતો નથી. આને કારણે તે પોતાના કુટુંબના સભ્યોના વિકાસ માટે શિક્ષણ માટે કંઇ કરી શકતો નથી. તેમને પોતાના પેટનું પણ પૂરું થતું નથી તો બાળકોને શિક્ષણ આપવા માટે કેવી રીતે ખર્ચ કરી શકે ? અને આને કારણે જ પઢારોમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ નીચું છે. જે મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળાઓમાંથી મેળવેલા આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે.

રળોલ ગામની કુલ વસ્તી ૪૨૮૫ છે. તેમાંથી પઢાર લોકોની વસ્તી ૯૬૫ છે. રળોલ ગામની પ્રાથમિક શાળામાં કુલ અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા ૪૭૧ છે. તેમાંથી પઢાર બાળકો અભ્યાસ કરતાં હોય તેવી સંખ્યા ૨૪ ની હતી. અને આ ૨૪ ની સંખ્યામાંથી એક પણ છોકરી નહોતી. આ વિગતો નીચેનો કોઠો - ૧૮ જોવાથી સ્પષ્ટ સમજી શકાશે.



કોઠો - ૧૮

રળોલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં કુલ બાળકોમાં પઢાર બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો (શ્રેણીવાર)

| ધોરણ | શાળામાં કુલ અભ્યાસ કરતા | | કુલ | કુલ સંખ્યામાંથી પઢાર | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | છોકરા | છોકરી | | છોકરા | છોકરી | |
| ૭ | ૧૮ | ૨ | ૨૦ | - | - | - |
| ૬ | ૩૩ | ૮ | ૪૧ | ૩ | - | ૩ |
| ૫ | ૪૨ | ૫ | ૪૭ | - | - | - |
| ૪ | ૫૩ | ૧૦ | ૬૩ | ૧ | - | ૧ |
| ૩ | ૭૪ | ૧૦ | ૮૪ | ૨ | - | ૨ |
| ૨ | ૬૫ | ૨૦ | ૮૫ | ૧૩ | - | ૧૩ |
| ૧ | ૯૪ | ૩૭ | ૧૩૧ | ૫ | - | ૫ |
| કુલ | ૩૭૯ | ૯૨ | ૪૭૧ | ૨૪ | - | ૨૪ |

આગળ આગળ કુટુંબોના જીવનનિર્વાહનું ખર્ચ દર્શાવતા કોઠા - ૧૫ માં જોયું કે પઢારોના કુલ ખર્ચમાં તેમનું શિક્ષણ પાછળનું ખર્ચ માત્ર ૦.૮ ટકા છે. આ તેમની આર્થિક સ્થિતિનું પરિણામ છે. જયાં પોતાના રોટલા માટે સાંસાં પડે ત્યાં તેઓ શિક્ષણ પાછળ ખર્ચ કયાંથી કરી શકે ?

તપાસ માટે પસંદ કરવામાં આવેલાં ૧૦૦ કુટુંબોના કુલ ૬૬૩ સભ્યોમાંથી કેટલા સભ્યોએ શિક્ષણ પ્રાપ્ત કર્યુ છે તે નીચેનો કોઠો - ૧૯ જોવાથી જાણી શકાશે.

કોઠો - ૧૯

તપાસ હેઠળનાં કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ દર્શાવતો કોઠો :

| ગામનું નામ | પ્રાથમિક | | માધ્યમિક | | અભણ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ધરજી (દુર્ગી) | ૧ | - | - | - | ૧૦૭ | ૯૫ | ૧૦૮ | ૯૫ |
| શાહપુર | ૮ | ૨ | - | - | ૭૪ | ૫૮ | ૮૨ | ૬૦ |
| રળોલ | ૪ | - | - | - | ૭૮ | ૬૯ | ૮૨ | ૬૯ |
| નાની કઠેચી | - | - | - | - | ૮૫ | ૮૨ | ૮૫ | ૮૨ |
| કુલ | ૧૩ | ૨ | - | - | ૩૪૪ | ૩૦૪ | ૩૫૭ | ૩૦૬ |

ઉપરનો કોઠો - ૧૯ જોતાં સ્પષ્ટ જણાય છે કે પઢારોમાં શિક્ષણનું પ્રમાણ નજીવું છે. પુરૂષોમાં શિક્ષણનું પ્રમાણ ૩.૬૪ ટકા અને સ્ત્રીઓમાં તો માત્ર ૦.૬૫ ટકા જ છે. આ ૧૦૦ કુટુંબોની કુલ સભ્યસંખ્યા ૬૬૩ માંથી જે ૬ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો છે, જે શાળામાં જવા લાયક ઉંમરનાં નથી તેમની સંખ્યાને બાદ કરીએ તો તેમના શિક્ષણનો સાચો ખ્યાલ આવશે. તપાસ હેઠળની કુલ સભ્યસંખ્યામાંથી ૩૫૭ પુરૂષો છે અને આમાંથી ૧ થી ૬ વર્ષની ઉંમરનાં બાળકોની સંખ્યા ૪૪ છે. આ સંખ્યા કુલ સંખ્યામાંથી બાદ કરતાં ૩૧૩ ની થાય છે. જે શિક્ષણ માટે શાળામાં દાખલ થવા માટેની ઉંમર ધરાવે છે, કે ઉંમર



વધારે છે. આ ૩૧૩ ની સંખ્યામાંથી માત્ર ૧૩ પુરૂષોએ જ શિક્ષણ મેળવ્યું છે, કે મેળવી રહયા છે. આમ, પુરૂષોમાં શિક્ષણનું પ્રમાણ ૪.૧ ટકાનું થાય છે. જયારે સ્ત્રીઓની કુલ ૩૦૬ ની સંખ્યામાંથી ૧ થી ૬ વર્ષની ઉંમરની છોકરીઓની સંખ્યા જ ૩૯ ની છે. આ સંખ્યાને કુલ સ્ત્રી સંખ્યામાંથી બાદ કરતાં ૨૬૭ સ્ત્રીઓ ભણવા લાયક ઉંમર ધરાવે છે કે ભણવાની ઉંમર વટાવી ચૂકયાં છે. આ ૨૬૭ ની સંખ્યામાંથી માત્ર ૨ સ્ત્રીઓ અભ્યાસ કરે છે કે અભ્યાસ કરેલો છે. આમ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૦.૮ ટકાનું જ છે. અને જો સ્ત્રી અને પુરૂષ બંનેનું ભેગું શિક્ષણનું પ્રમાણ જોઇએ તો માત્ર ૨.૫ ટકા જ થાય છે.

હવે આપણે તપાસવામાં આવેલાં ૧૦૦ કુટુંબોમાંથી કેટલાં કુટુંબો દેવાદાર છે, અને તેમને કેટલું દેવું છે, તથા તેઓ દેવું કોનું કરે છે અને તેમને શા માટે દેવું કરવું પડે છે તે અંગે જોઇશું.

તપાસ માટે પસંદ કરવામાં આવેલાં ૧૦૦ કુટુંબોમાંથી ૫૫ ટકા કુટુંબો દેવાદાર છે. અને આ ૫૫ ટકા કુટુંબો શાહુકાર, સહકારી મંડળી કે સગાંસંબંધી પાસેથી પૈસા લઇને દેવું કરેલું છે. આ માટે કોઠો - ૨૦ જોવાથી વધારે સ્પષ્ટ ખ્યાલ આવી શકશે.

કોઠો - ૨૦

તપાસવામાં આવેલાં કુટુંબોમાં દેવાદાર કુટુંબોમાં દેવાનું પ્રમાણ દર્શાવતો કોઠો :

| ગામનું નામ | કુલ કુટુંબો | દેવાદાર કુટુંબો | કોનું દેવું છે અને કેટલું છે ? | | | કુલ દેવું |
|---|---|---|---|---|---|---|
| | | | શાહુકાર/વેપારી | સહકારી મંડળી | સગાસંબંધી | |
| ધરજી (દુર્ગી) | ૨૫ | ૧૩ | ૨૨૫૦ | ૨૯૯૫૦ | ૩૦૦૦ | ૩૫૨૦૦ |
| શાહપુર | ૨૫ | ૧૫ | ૭૭૧૫ | - | ૨૮૫૦ | ૧૦૫૬૫ |
| રળોલ | ૨૫ | ૧૫ | ૭૨૦૦ | ૪૮૦૦ | ૫૨૦૦ | ૧૭૨૦૦ |
| નાની કઠેચી | ૨૫ | ૧૨ | ૨૫૩૬ | ૯૧૦૦ | ૫૮૦૦ | ૧૭૪૩૬ |

ઉપરના કોઠા-૨૦ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે દેવાદાર કુટુંબોના કુલ દેવામાંથી સૌથી વધારે દેવું સહકારી મંડળીનું છે. જેનું પ્રમાણ ૫૪.૫૪ ટકા થાય છે. જ્યારે ૨૪.૫૦ ટકા શાહુકારનું કે વેપારીનું છે અને ૨૦.૯૬ ટકા દેવું સગાસંબંધીનું છે. જે કુટુંબો પાસે થોડી ઘણી જમીન છે તેઓ પોતાની જમીન સહકારી મંડળીમાં તારણમાં મૂકી દેવું કરે છે. અને આ સહકારી મંડળીનું દેવું એ જમીન ધરાવતાં કુટુંબોનું જ છે. જ્યારે જે કુટુંબો પાસે બિલકુલ જમીન નથી તેઓને તો સહકારી મંડળીમાંથી ધિરાણ મળતું નથી, આથી તેમણે શાહુકાર-વેપારી કે સગાસંબંધીનું દેવું કરવું પડે છે. આ શાહુકાર-વેપારી તેમની પાસેથી ૧૮ ટકા વ્યાજ લે છે. જ્યારે સહકારી મંડળી ૧૩ ટકા વ્યાજ લે છે. આમ સહકારી મંડળી કરતાં શાહુકારો ૫ ટકા વ્યાજ વધારે લેતા હોવા છતાં જેમની પાસે જમીન નથી તેમને શાહુકાર પાસે જવા સિવાય છૂટકો થતો નથી.



આ દેવાદાર કુટુંબોને દેવા કારણ પૂછતાં જાણવા મળ્યું કે જ્યારે ૧૯૭૭-૭૮ ની સાલમાં રેલ આવી ત્યારે તેમનાં મકાનો તથા ઘરવખરી વગેરેનો નાશ થયો હતો, તેના કારણે અમારે નાછૂટકે આ દેવું કરવું પડયું છે. અને થોડું ઘણું દેવું અમારે સામાજિક પ્રસંગો જેવા કે લગ્ન, મરણ વગેરે પાછળ કરવું પડયું છે.

આમ પઢારોનાં મકાનો, તેમની ઘરવખરી, તે વિસ્તારની જમીન, ભૌગોલિક પરિસ્થિતિ, તેમનાં ધંધાનાં સાધનો, તેમને જુદા જુદા ધંધામાંથી મળતી રોજી, કુટુંબદીઠ વાર્ષિક આવક, કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ તેમજ માથાદીઠ વાર્ષિક આવક તથા ખર્ચ, તેમનું દેવું, શિક્ષણ વગેરે બાબતો તપાસતાં એક હકીકત ઉપસી આવે છે, કે પઢારો અત્યંત નિમ્નકક્ષાનું જીવન જીવી રહયા છે. પઢારોની ઉપરની બધી હકીકતોનો વિચાર કરતાં ગુજરાતના ડોંલવા, કાથોડી અને કાતકરી આદિવાસી જાતિઓ જે પ્રકારનું જીવન જીવે છે તેનાથી સહેજ પણ વધારે સારું જીવન આ નળકાંઠાના પઢારોનું નથી.

મિલકતની અવધારણા :

પઢારોની આર્થિક સંરચનાને સમજવા માટે તેઓ કઇ કઇ ચીજવસ્તુઓને મિલકત તરીકે ગણાવે છે તે સમજવું આવશ્યક છે. દરેક સમાજમાં તે આદિમ હોય કે અર્વાચીન, કૃષિપ્રધાન હોય કે ઔદ્યોગિક તેમની એક અર્થવ્યવસ્થા હોય છે. અને આ અર્થવ્યવસ્થામાં મિલકતની ધારણા મહત્વપૂર્ણ રહે છે. માણસ પોતાની દૈનિક આવશ્યકતાઓની પૂર્તિ જે સાધનો દ્વારા કરે છે તેને તે મિલકતની અંદર સામેલ કરી દે છે. આ જગ્યાએ આપણે સંપત્તિનો અર્થ બે પ્રકારે ગણીએ છીએ. સ્થાવર મિલકત અને જંગમ મિલકત. સ્થાવર મિલકતની અંદર પ્રાકૃતિક તથા માનવનિર્મિત અચલ વસ્તુઓનો સમાવેશ થાય છે. જેમ કે જમીન, મકાન વગેરે જ્યારે જંગમ મિલકતની અંદર માણસે બનાવેલી ચીજવસ્તુઓ આવે છે.

જેમ કે કપડાં, ઘરેણાં, હથિયારો તથા પશુ-પક્ષીઓ વગેરે.

પઢાર લોકોમાં ઉપર ગણાવેલી બંને પ્રકારની -સ્થાવર અને જંગમ- મિલકત છે. પરંતુ દરેક પાસે એક સરખી મિલકત નથી. તેને આપણે આ પ્રકારે ગણી શકીએ : સ્થાવર મિલકતના રૂપમાં જમીન, મકાન અને નળસરોવર. આમાં કોઇને એ પ્રશ્ન થશે કે નળસરોવર એ એમની મિલકત કયાંથી ? તો અહીં નળસરોવર એમની મિલકત એ રીતે ગણવામાં આવી છે કે સવારે પઢારો બીડ ખોદવા જાય છે ત્યારે ત્યાં જઇને પહેલાં તે જેટલી જમીનમાંથી બીડ ખોદવા માગતા હોય તેટલી જમીનની ચારે બાજુ નિશાની કરીને રોકી લે છે. આ નિશાની કરેલી જમીનમાં બીજા કોઇ પઢાર બીડ ખોદી શકતા નથી. આ રીતે નળસરોવરને પઢારોની મિલકત ગણવામાં આવી છે. તેમની જંગમ મિલકતમાં પશુ, નાણું, દાગીના, ખેતીનાં ઓજારો, શિકારનાં સાધનો અને મજૂરી માટેનાં ઓજારો, આ ઉપરાંત પઢારો પોતાના નાના દીકરાને પણ મિલકત તરીકે ઓળખાવે છે. કારણ કે નાનાં બાળકો પણ અર્થઉપાર્જનમાં પોતાનો સહયોગ આપે છે. જેમ કે કુટુંબમાં સ્ત્રી-પુરૂષ અને બીજાં મોટી ઉંમરનાં માણસો મજૂરી કરવા જાય ત્યારે તેઓ ઘરની દેખરેખ રાખે છે. અને પોતાનાં નાનાં ભાઇ બહેનને સાચવવાનું કાર્ય કરે છે. અને આ રીતે નાનાં બાળકો તેમની જંગમ મૂડી છે. અને આમ પઢારોની મિલકતની અવધારણા બિનઆદિવાસી સમાજો કરતાં જુદા પ્રકારની છે.

...

## પ્રકરણ - ૭

## સામાજિક રીતરિવાજ

### યૌવન શરૂઆત :

પઢાર જાતિમાં કન્યા ઋતુમતી થવા માંડે એટલે લગ્ન લાયક ઉંમરની ગણાય છે. માસિક આવે તેને 'ધર્મમાં આવવું' કહેવાય છે. પઢાર જાતિમાં રજસ્વલા સ્ત્રીથી કયાં કામ થાય અને કયાં કામ ન થાય તે અંગે કોઇ ચોકકસ નિયમો પાળવામાં આવતા નથી. સામાન્ય રીતે સ્ત્રી આ દિવસોમાં રાંધી શકતી નથી અને પાણિયારે અડી શકતી નથી. પરંતુ પઢાર જાતિમાં રજસ્વલા સ્ત્રીને એક નિયમ ફરજિયાત રીતે પાળવો પડે છે : તેમના રહેઠાણના મકાનમાં પોતાની કુળદેવીના સ્થાનકથી તેને દૂર રહેવું પડે છે. સ્ત્રી ચાર દિવસે માથું ધુએ છે ત્યાર પછી તે ઘરનાં બધાં કામ કરી શકે છે.

### ગર્ભાધાન :

પઢાર નવયુવતીને જયારે માસિક આવતું બંધ થાય ત્યારે તે જાણે છે કે પોતાને ગર્ભ રહયો છે. સ્ત્રીને જયારે પ્રથમવાર ગર્ભ રહે છે ત્યારે કોઇ પ્રકારની વિધિ કરવામાં આવતી નથી. સ્ત્રીને જયારે પ્રથમવાર ગર્ભ રહે છે ત્યારે સ્ત્રીને ગર્ભ રહયાના સાતમા માસે ખોળો ભરવામાં આવે છે.

### ખોળો ભરવો :

પરણેલી યુવતીને જયારે પ્રથમ સુવાવડ આવવાની હોય ત્યારે ગર્ભ રહયાના સાતમા માસે તેના સાસરામાં તેનો ખોળો ભરવામાં આવે છે. પિયર પક્ષની પાંચ સ્ત્રીઓ તેની સાસરીના ગામ આવે છે અને ખોળો ભરવાની વિધિ કરાવે છે. આ વિધિ વખતે તેના પિયર પક્ષ તરફથી એક જોડ કપડાં અને સવા પાંચશેરનું નૈવેદ્ય લાવે છે. આ નૈવેદ્યમાં

ચોખા કે ઘઉં તથા બે શ્રીફળ હોય છે.

ખોળો ભરવાની વિધિ સ્વશાખની કુળદેવીના સ્થાનકે જઇને ભરવામાં આવે છે. ખોળો ભરવાની વિધિ વખતે સગર્ભા સ્ત્રીને પોતાની સ્વકુળદેવીની સામે પાટલા ઉપર બેસાડવામાં આવે છે. પછી તેની પહેરેલી સાડીના પાલવમાં સવા પાંચશેર અનાજ ( જે ઘઉં અગર ચોખા) તથા સવા રૂપિયો અને શ્રીફળ મૂકવામાં આવે છે. આને પઢારો ખોળો ભરવો એમ કહે છે. આ વિધિ પૂરી થયા પછી જ નૈવેદ્ય લાવ્યા હોય તે કુળદેવીને ચઢાવીને પછી જે સ્ત્રીઓ ત્યાં હાજર હોય તે બધી સ્ત્રીઓ નૈવેદ્યને પ્રસાદરૂપે આરોગે છે. ત્યાર પછી સીમંતિનીને તેના પિયર લઇ જવામાં આવે છે.

જન્મ :
-----

સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં કરાવવામાં આવે છે. સુવાવડ કરાવવાનુ કામ તેમની જાતિની જ કોઇ સ્ત્રી જે દાયણનું કામ કરતી હોય તે કરાવે છે. બાળકના જન્મ વખતે સ્ત્રીઓ હાજર રહી શકે છે. દાયણને સુવાવડ કરાવ્યાના મહેનતાણાના સવા શેર ગોળ, પચાસ પૈસા તથા પાંચ શેર અનાજ આપવામાં આવે છે. તથા સાથે એક શ્રીફળ આપવામાં આવે છે. આ શ્રીફળ સિવાય બધી વસ્તુઓ દાયણ પોતાની ગણે છે. જયારે શ્રીફળ તે પોતાની કુળદેવીનું ગણે છે. કારણ કે દાયણ પોતાની કુળદેવીની મહેરબાનીથી સુવાવડ સફળ રીતે કરાવી શકે છે એમ માને છે. એટલે શ્રીફળ પોતાની કુળદેવીને ચઢાવીને પછી તેનો પ્રસાદ બધાને વહેંચી દે છે. બાળકના જન્મ પછી તરત જ દાયણ બાળકની નાળ કાપે છે, અને એને સુવાવડની પથારી હોય તેની નીચે હાથ દોઢ હાથ ઊંડો ખાડો ખોદીને દાટી દેવામાં આવે છે.



પ્રસવમાં વેદના થતી હોય અને બાળકનો જન્મ ના થતો હોય ત્યારે ભગત-ભૂવાને બોલાવવામાં આવે છે. ભૂવો આવીને મંત્ર-તંત્ર કરીને દોરો આપે છે તે સ્ત્રીના કાંડે બાંધવામાં આવે છે. ભૂવો બાધા પણ આપે છે.

પઢાર જાતિમાં સ્ત્રીને પ્રથમવાર પુત્ર જન્મે કે પુત્રી જન્મે બંનેના જન્મને સમાન ગણવામાં આવે છે. પરંતુ જો પુત્રી જન્મે તો તેઓ એમ માને છે કે ઘરમાં લક્ષ્મીનો જન્મ થયો અને તે સારું ગણાય છે. પરંતુ પુત્રીના જન્મ પછી કંઇ વહેંચવામાં આવતુ નથી. પરંતુ જો પ્રથમવાર પુત્ર જન્મે તો સવા પાંચશેર ગોળ, સુવાવડી સ્ત્રીની સાસરીમાં વહેંચવામાં આવે છે.

સુવાવડી સ્ત્રીને બાળકના જન્મ પછી ગોળનું ગરમ પાણી આપવામાં આવે છે. અને બીજા દિવસે ગોળ અને બાજરીના લોટની રાબ બનાવીને આપવામાં આવે છે. પઢારોની આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી સુવાવડી સ્ત્રીને તેઓ સારો ખોરાક આપી શકતા નથી. ઘણીવાર તો સુવાવડના નવ-દસ દિવસ પછી સ્ત્રીને મજૂરી કરવા માટે પણ જવું પડે છે. આમ સ્ત્રીને સુવાવડમાં પૂરતો આરામ મળતો નથી.

છઠ્ઠી :
-----

બાળકના જન્મ પછી છઠ્ઠા દિવસે છઠ્ઠી ઉજવવામાં આવે છે. આ છઠ્ઠીની વિધિમાં રાતના સારું ચોઘડિયું જોઇને, એક થાળીમાં કોરો કાગળનો ટૂકડો, લાલ રંગની પેન્સિલ અને એક સફેદ નવા વસ્ત્રનો ટૂકડો મૂકવામાં આવે છે. તે જગ્યાએ અગરબત્તી સળગાવે છે.

આ છઠ્ઠીની વિધિ પાછળ પઢારો એવી માન્યતા ધરાવે છે કે છઠ્ઠીના દિવસે વિધાતા બાળકના જન્મથી તે તેના મૃત્યુ સુધીના જીવનમાં શું શું બનશે તે લખે છે. આને પઢારો 'છઠ્ઠીના લેખ' તરીકે ઓળખાવે છે.

નામકરણ વિધિ :

બાળકના નામકરણની વિધિ વખતે બાજરા કે જુવારના ઠોઠા બાફીને અંદર ગોળ નાખી નાનાં બાળકોને વહેંચવામાં આવે છે. અને બાળકની ફુઇ એનું નામ પાડે છે. આના બદલામાં ફુઇને બાળકનો બાપ શકિત પ્રમાણે ભેટ આપે છે. ઘણાં કુટુંબોમાં આ દિવસે કુળદેવીને દીવો કરી નાળિયેર અને નૈવેદ્ય ધરાવવામાં આવે છે. પઢારોમાં સામાન્ય રીતે કાનજી, પરતાપ, રાયસંગ, જેસંગ, કાશીરામ, મંગળ, રૂપો, તળસી, જતુ, પમા, સુખા, મોતી, છગન, બીજલ, હમીર, મેરૂ, રામજી વગેરે જેવાં નર નામો હોય છે. જયારે હરખા, મૂજી, જીવી, મોંતી, રૂડી, માણેક વગેરે સ્ત્રી નામો હોય છે.

લગ્ન :

સામાજિક રચનાતંત્રમાં સ્થિરતા અને દૃઢતા લાવવાને માટે વિવિધ સામાજિક સંસ્થાઓની આવશ્યકતા ઊભી થાય છે. આમાં કુટુંબ અને લગ્ન એ બંને સંસ્થાઓ પરસ્પર એવી રીતે સંકળાયેલી છે કે સામાજિક રચનાતંત્રને ટકાવી રાખવાનું મહત્વપૂર્ણ કાર્ય તે કરે છે. સ્ત્રી પુરૂષોના જાતીય સંબંધોને વ્યવસ્થિત અને નિયંત્રિત કરવા માટે લગ્નસંસ્થા એક અગત્યનું તેમજ આવશ્યક અંગ બની જાય છે. લગ્નથી કુટુંબ અસ્તિત્વમાં આવે છે. એટલું જ નહીં પણ બાળકોનું ભરણપોષણ અને સમાજનું અસ્તિત્વ તેનાથી ટકી રહે છે. આ રીતે લગ્ન એ સમાજની અનિવાર્ય સંસ્થા છે. પરંતુ લગ્ન સંબંધી નિયમો પ્રત્યેક સમાજના પોતાના હોય છે. પઢાર આદિવાસીઓમાં પણ એમના પોતાના અલગ વિધિ નિયમો જોવા મળે છે.

પઢારોમાં પોતાની જાતિની અંદર જ લગ્ન કરવું અનિવાર્ય ગણવામાં આવે છે. પણ કેટલાંક સગાંઓ લગ્ન માટે વર્જ્ય ગણાય છે. ઉદાહરણાર્થ, સગાંની લગ્ન થતાં નથી. જેમ કે મામા-ફુઇનાં સંતાનો વચ્ચે લગ્ન સંબંધ બાંધી શકાતા નથી.



સગાઇ :

પઢાર આદિવાસી જાતિમાં લગ્ન કરવાની ઉંમર સામાન્ય રીતે છોકરા માટે ૨૦ વર્ષની અને છોકરી માટે ૧૭ વર્ષની ગણવામાં આવે છે. બાળક લગ્ન કરવાની ઉંમર લાયક થાય ત્યારે છોકરા-છોકરીનાં લગ્ન કરવામાં આવે છે. વિવાહ નકકી કરવામાં છોકરા-છોકરીને પૂછવામાં આવતું નથી. માત-પિતા જ લગ્ન નકકી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. વરવહુની પસંદગીમાં સામાન્ય રીતે ઉંમર, રંગ, રૂપ, આબરૂ, ઘર વગેરે લક્ષમાં લેવાય છે. કન્યાની ઉંમર વર કરતાં ઓછી હોવી જોઇએ. શિક્ષણને હજી મહત્વ નથી આપવામાં આવ્યું. લગ્ન કરવા માટે પ્રથમ છોકરા પક્ષ તરફથી છોકરીના બાપ પાસે લગ્ન અંગેનું માગું કરવામાં આવે છે. જો છોકરીનો બાપ હા પાડે તો વાત આગળ ચાલે છે. સગાઇ નકકી કરવા માટે છોકરા પક્ષ તરફથી છોકરાનો બાપ, જાતિપંચનો આગેવાન અને પોતાના ઘર સિવાયની પરંતુ પોતાની જાતિની બીજી કોઇ એક વ્યકિત મળીને, ત્રણ વ્યકિત છોકરીના ગામે જાય છે. અને ત્યાં આપવા-લેવાનું નકકી કરે છે. પઢાર જાતિમાં છોકરાપક્ષેથી છોકરી પક્ષને દહેજમાં ૧૦૦ રૂપિયા રોકડા આપવા પડે છે.

સગાઇ વિધિ :

સગાઇની વિધિ કરતી વખતે છોકરાપક્ષવાળા સાથે સવાશેર ગોળ, એક નાળિયેર અને રૂપિયા બે રોકડા લઇને છોકરીપક્ષના ગામ જાય છે. અને તે છોકરીના બાપને આપવામાં આવે છે. સગાઇની વિધિ તેમની જાતિનો આગેવાન કરાવે છે. વેવાઇઓ એક બીજાને સામ સામે ચાંલ્લા કરે ... કરે એટલે વિવાહ નકકી થયા એમ માનવામાં આવે છે. વિવાહ નકકી થયા પછી છોકરાપક્ષ તરફથી છોકરીને ચૂંદડી ઓઢાડવામાં આવે છે. આ ચૂંદડીને તેઓ 'સગપણની ચૂંદડી' તરીકે ઓળખાવે છે. આ સગપણની ચૂંદડીનો રંગ લાલ અથવા

પીળો પસંદ કરાય છે. કાળા રંગની ચૂંદડી કોઇ સંજોગોમાં ચાલે નહીં. લાલ અથવા પીળો રંગ એ સારા કાર્યની નિશાની તરીકે શુકનિયાળ માને છે. જ્યારે કાળા રંગને તેઓ અપશુકનિયાળ માને છે. ચૂંદડી ઓઢાડવા માટે છોકરાપક્ષેથી કોઇ એક વ્યક્તિ છોકરીના ગામે જાય છે અને ચૂંદડી ઓઢાડી આવે છે.

લગ્ન વિધિ :

બંને પક્ષની અનુકૂળતાનો ખ્યાલ કરી લગ્નની તિથિ નક્કી કરવામાં આવે છે. સામાન્ય રીતે ચોમાસામાં લગ્ન થતાં નથી. લગ્નની તિથિ નક્કી કરવામાં ફક્ત વર-કન્યાના કુટુંબનો જ નહીં પણ ગામના પઢાર સમાજની અનુકૂળતાનો પણ ખ્યાલ રાખવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ બીજા ગામે રહેતાં પોતાનાં સગાંઓની અનુકૂળતાનો પણ ખ્યાલ રાખવામાં આવે છે. લગ્નની તિથિથી પાંચ કે નવ દિવસ અગાઉથી લગ્નની જાણ પોતાનાં સગાંઓને કરવામાં આવે છે. બહારગામ કંકોત્રી લખીને જણાવવામાં આવે છે, જ્યારે ગામમાં કંકુવાળા ચોખા, જેને લગ્નમાં આમંત્રણ આપવાનું હોય તેના ઘરના ઉંબરા ઉપર મૂકવામાં આવે છે. જેને ઘેર કંકુવાળા ચોખા ઉંબરા ઉપર મૂક્યા હોય તે સમજી જાય છે કે મારે તેને ઘેર લગ્નમાં જવાનું આમંત્રણ મળ્યું છે. લગ્નના બે-ત્રણ દિવસ પહેલાં લગ્નની તૈયારી કરવામાં આવે છે. રાત્રે સ્ત્રીઓ લગ્નનાં ગીતો ગાય છે. લગ્નના દિવસે છોકરી અને છોકરાને ત્યાં ગણપતિનું સ્થાપન કરવામાં આવે છે. અને પૂજા કરવામાં આવે છે. લગ્નના દિવસે કન્યાને અને વરને, પોતપોતાને ઘેર પીઠી ચોળવામાં આવે છે.



લગ્નની જાન :

જાન લગ્નના દિવસે છોકરીના ગામ રવાના થતાં પહેલાં વરરાજાનો વરઘોડો કાઢવામાં આવે છે. પરણનાર છોકરાને ગાડામાં બેસાડવામાં આવે છે. ગાડું ન હોય તો માગી લાવવામાં આવે છે, બળદ ન મળે તો માણસ જાતે ગાડું ખેંચે છે. અને ફળિયાના ઝાંપા સુધી ગાડું ખેંચી જાય છે. ઝાંપે ગાડું પહોંચે એટલે ત્યાં નાળિયેર વધેરવામાં આવે છે, જેને પઢારો 'પૈડુ સીંચવું' કહે છે. આ વિધિ પતાવ્યા પછી પરણનાર છોકરો ગાડામાંથી નીચે ઉતરી જાય છે, અને ગાડું લાવ્યા હોય ત્યાં પાછું આપી દેવામાં આવે છે. ત્યાર પછી વરરાજા પણ જાનની સાથે ચાલતાં જ છોકરીના ગામે જાય છે.

જાન લગ્નના દિવસે, છોકરાના ગામેથી સાંજના નીકળે છે જે છોકરીના ગામે રાત પડતાં પહોંચી જાય છે. જો દૂરના ગામે જવાનું હોય તો વહેલા નીકળે છે. જાનમાં નવ જાનૈયા લઇ જવાના હોય છે, નવથી વધારે પર પ્રતિબંધ છે. નવથી વધુ જેટલા ગયા હોય તેટલા માટે દરેકના પાંચ રૂપિયા લેખે દંડ વસૂલ કરવામાં આવે છે. (દંડની રકમ વસૂલ થયા પછી જ જાન જમી શકે છે) પહેલાં આ દંડ બે રૂપિયા પ્રતિવ્યક્તિ હતો. કન્યાપક્ષની સ્થિતિ સારી હોય તો દંડ માફ પણ થાય છે. બીજી જ્ઞાતિના માણસને જાનમાં લઇ જઇ શકાય, પણ તે માણસને છોકરીના બાપને ત્યાં જાન સાથે જમાડવામાં આવતો નથી. પરંતુ ગામમાં બીજી કોઇ ઓળખાણવાળાને ત્યાં એને જમાડવામાં આવે છે.

છોકરીના ગામે જાન પહોંચે ત્યારે ગામની ભાગોળે છોકરીપક્ષવાળા જાનનું સામૈયું કરે છે. ત્યાં બંને પક્ષવાળા એક બીજાને ખભા મિલાવી રામ રામ કરે છે. ત્યાર પછી જાનૈયાઓને જ્યાં ઉતારો આપ્યો હોય ત્યાં લઇ જવામાં આવે છે. સામાન્ય રીતે જાનનો ઉતારો તેમની કુળદેવીના સ્થાનકે, મઠ હોય ત્યાં આપવામાં આવે છે.

લગ્ન કરવા જાય છે ત્યારે વરપક્ષ તરફથી ૨૫ નાળિયેર સાથે લઇને જવું પડે છે. આ ૨૫ નાળિયેરના નીચે પ્રમાણે ભાગ પાડવામાં આવે છે :

૯ નાળિયેર પોતાની કુળદેવીના મઢે તોરણ બાંધવાનાં, ૩ નાળિયેર લગ્નની વિધિ કરાવનાર ગોર (જે જાતિએ પઢાર જ હોય છે.)નાં, ૩ નાળિયેર ઢોલીને ઢોલ વગાડવનાં (આ ઢોલી સેનવા જાતિનો હોય છે.), ૩ નાળિયેર વાળંદ-હજામને, અને ૨ નાળિયેર કસુંબા માટે હોય છે. (જે લગ્નની વિધિ પૂરી થયા પછી બંને પક્ષના સાથે મળે છે ત્યારે ઉપયોગમાં લેવાય છે.), ૪ નાળિયેર વરકન્યાનાં પગેલાગવાનાં (આમાં બે છોકરાનાં અને બે છોકરીનાં હોય છે.) અને બાકીનું ૧ નાળિયેર તોરણવાળા માટે હોય છે. (તોરણ બાંધવાનું કામ સેનવા જાતિનો માણસ કરે છે

લગ્નની વિધિ કરાવનાર પઢારજાતિ ગોરને બંને પક્ષ તરફથી સવા, સવા રૂપિયો લગ્નની વિધિ કરાવ્યાના આપવામાં આવે છે.

રાતના ૧૧-૧૨ વાગ્યા પછી જાનીવાસેથી વરરાજાને લગ્ન માટે બોલાવવામાં આવે છે. વરરાજા પરણવા માટે તૈયાર થઇને કન્યાના ઘરે જવા માટે નીકળે છે. સાથે જાનમાં આવેલા માણસો પણ હોય છે. વરરાજા કન્યાના ઘરના ઝાંપે આવે ત્યારે કન્યાપક્ષની સ્ત્રીઓ ગીતો ગાતી વરરાજાને પોંખવા માટે આવે છે. વરરાજાને પોંખવાનું કામ કન્યાની માતા કરે છે. વરરાજાને પોંખ્યા પછી, વરરાજાને અને કન્યાને સામ સામે બેસાડવામાં આવ છે. અને લગ્નની વિધિ કરાવવામાં આવે છે. લગ્નની વિધિ એકાદ કલાક જેટલો સમય ચાલે છે. લગ્નની વિધિમાં પ્રથમ જ્યાં લગ્નની વિધિ માટે 'માંયરું' બનાવેલ હોય ત્યાં પરણનાર વરરાજાને પ્રથમ બેસાડવામાં આવે છે. ત્યાર પછી કન્યાને તેનો મામા માંયરામાં પધરાવવા લઇને આવે છે. પછી કન્યા વરના ગળામાં લાલ નાડાની વરમાળા પહેરાવે છે અને વર



કન્યાના ગળામાં નાડાની માળા પહેરાવે છે. ત્યાર પછી ચોરીમાં અગ્નિ લાવીને ચોરીની આસપાસ વરકન્યા ચાર આંટા ફરે છે જેને તેઓ 'મંગળફેરા' કહે છે.

પરણનાર છોકરો પોતાના ગામેથી, છોકરીના ગામે વિદાય થાય છે ત્યારે પઢાર સ્ત્રીઓ નીચેનું ગીત ગાય છે :

મારી પનિહારીએ કંકુ વાવ્યાં,
ઉગ્યા છે નવ નવ દા'ડે !
મારો દિયર પરણવા હાલ્યા,
હાલ્યો અંધારી રાતે !
લાવ્યો છે કાણી કૂતરી !
મારો વિરોજી પરણવા હાલ્યા
હાલ્યા અજવાળી રાતે !.
લાવ્યા છે લાહરડની લાડી,
મારી પનિહારીએ કંકુ વાવ્યાં,
ઉગ્યા છે નવ નવ દા'ડે !

લગ્નની વિધિ પૂરી થયા પછી જાનને જમાડવામાં આવે છે. જમણમાં ભાત, ગોળ અથવા ખીચડી આપવામાં આવે છે. કેટલાક સારી સ્થિતિવાળા પઢારો તેલમાં રાંધેલી લાપસી કે બુંદીના તૈયાર લાડુનું જમણ આપે છે. જાન જમી રહયા પછી જાનીવાસે જાય છે. જો જાન ગામની જ હોય તો તેને વિદાય આપવામાં આવે છે. બહારગામની જાન હોય તો તે જાનીવાસે થોડો સમય રોકાયા પછી પોતાના ગામ જવા માટે વિદાય લે છે.

લગ્નની વિધિ પૂરી થયા પછી વર-કન્યા ફળિયાના ચોટે 'તોરણે ચઢે'. પછી કન્યાપક્ષ તરફથી તેમને વળાવવામાં આવે છે. પછી જાન સાથે વરઘોડિયું ચાલતું છોકરાના ગામે આવે છે. વરઘોડિયું છોકરાના ગામ આવે ત્યારે તેમને ફળિયાના ઝાંપે પોંખવામાં આવે છે. આ પોંખવાની વિધિ વખતે વરની માતા થાળીમાં ચાર લાડવા - ૨ રાજના અને ૨ અનાજના - લઇને આવે છે. આ લાડવા વર અને કન્યાના માથા ઉપર ફેરવી ચાર દિશામાં ફેંકે છે. આમ કરવા પાછળનું કારણ તેઓ એમ જણાવે છે કે, આમ કરવાની વરકન્યા સાથે જો કોઇ વળગાડ આવ્યું હોય તો તેનાથી બચવા માટે આમ કરવામાં આવે છે. ઝાંપે પોંખ્યા પછી વર કન્યા ઘરે આવે છે. જયાં ઘર આગળ માંડવો બાંધ્યો હોય છે ત્યાં પોંખવામાં આવે છે. ત્યાર પછી તેમની કુળદેવીના સ્થાનકે વરઘોડિયું જાય છે. માતાના મઢે જઇ પોતાની કુળદેવીને પગે લાગે છે. અને ત્યાર પછી વરકન્યાના હાથે બાંધેલું મીંઢળ વરનો નાનો ભાઇ વરકન્યાના હાથનું મીંઢળ છોડે છે. ત્યાર પછી વરકન્યાને 'પૈસા રમાડવા'માં આવે છે. આ માટે એક પિત્તળની થાળી લેવામાં આવે છે, અને થાળીની અંદર કંકુવાળું પાણી ભરવામાં આવે છે. ત્યાર પછી વરનો નાનો ભાઇ પાંચ વખત પૈસા થાળીમાં ઉછાળે છે અને તે પૈસા વર અને કન્યા બંનેમાંથી જે ત્રણ વખત પહેલા લઇ લે તે જીત્યું એમ માનવામાં આવે છે. આ પૈસાની રમતમાં જે જીતે છે તેને માટે પઢારો એમ કહે છે કે એ વ્યકિતનું કાયમ માટે તેના ઘરમાં ચલણ રહેશે. નાનો ભાઇ જ પૈસા રમાડવાનું કામ કરે છે, તેને રમાડવાના માટે જે પૈસા :ઉપયોગમાં લેવાયા હોય તે મળે છે.

લગ્નના ત્રીજા દિવસે કન્યાને તેના પિયર તેડી જવા માટે, પિયરના ગામેથી ત્રણ પુરૂષો આવે છે. આ તેડવા આવનાર પુરૂષોમાં કન્યાનો ભાઇ અને ગામની જ વ્યકિતઓ આવે છે. કન્યાને તેડવા માટે કાકા કે બાપા ના ચાલે. તેડવા આવનાર સાથે કન્યા એકલી જ જાય છે. સાસરાપક્ષનું કોઇ સાથે જતું નથી.



પહેલું આણું :
---------

કન્યાને તેના પિયર તેડી ગયા પછી દસમા કે બારમા દિવસે 'જમાઇઆણું' કરવામાં આવે છે. જમાઇઆણામાં પરણનાર છોકરો એકલો જ પોતાની સાસરીમાં તેની વહુને તેડવા માટે જાય છે. છોકરો પોતાની વહુને તેના -છોકરાના - ગામે તેડી લાવે છે. ત્યારે તેમની સાથે બીજું કોઇ હોતું નથી. જમાઇઆણું કર્યા પછી છોકરીને તેના પિયર તેડી જવા માટે ૧૫-૨૦ દિવસ પછી છોકરીનો ભાઇ એકલો આવીને તેડી જાય છે. લગ્ન પછીની પ્રથમ દિવાળી આવે ત્યાર 'દિવાળીઆણું' કરવામાં આવે છે.

બીજું આણું :
---------

'દિવાળીઆણા'માં છોકરીનો બાપ એક જોડ કપડાં લે છે અને પોતાની છોકરીને સાસરે વળાવે છે. દિવાળીઆણું કર્યા પછી છોકરી તેના સાસરે જાય છે, અને પછી જો તેને તેના પિયર જવું હોય તો તે એકલી જઇ શકે છે. ત્યાર પછી તેને કોઇ તેડવા કે મૂકવા જનાર હોતું નથી. તેમજ કોઇ સામાજિક કે ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી.

છૂટાછેડા :
-------

પઢાર જાતિમાં છૂટાછેડા લઇ શકાય છે. સામાન્ય રીતે સંતાનના જન્મ પછી છૂટાછેડાનો બનાવ ભાગ્યે જ બને છે. પઢાર જાતિમાં કન્યાશુલ્ક આપવું પડતું હોવાથી વારંવાર છૂટાછેડાના બનાવો બનતા નથી. આ ઉપરાંત છોકરીનાં માત-પિતા પણ તેને છૂટાછેડા માટે પ્રોત્સાહિત કરતાં નથી. કારણ કે જો સ્ત્રી પોતાના પતિને છોડીને ચાલી જાય તો એના પિતાએ કન્યાશુલ્ક પાછું આપવું પડે છે. આ ઉપરાંત બંનેમાંથી એક વ્યકિત વ્યભિચારી હોય તેવા સંજોગોમાં છૂટાછેડાનો પ્રસંગ ઊભો થાય છે. વાંઝીયાપણું પણ છૂટાછેડા માટે કારણભૂત થતું પઢારજાતિમાં જોવા મળે છે. (મહેનત મજૂરી પર જીવતા હોવાથી) પઢાર સમાજમાં વાંઝીયાપણાને એક દોષ માનવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં યુવતીનાં માત-પિતાએ છૂટાછેડાનો સ્વીકાર

કરવો પડે છે. અથવા તો તેમને બીજી છોકરી હોય તો તે છોકરા સાથે પરણાવે છે.

પઢાર સમાજમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોનો દરજ્જો ઊંચો ગણાવાથી છૂટાછેડાનો વિશેષ અધિકાર પુરૂષને રહે છે.

છૂટાછેડા વખતે પઢાર જાતિમાં છૂટાછેડા માટે પોતાના જાતિપંચ સમક્ષ જવું પડે છે. પંચની બહાલી વગર છૂટાછેડા મળી શકતા નથી. પઢાર સમાજમાં છૂટાછેડા લેવાનો પ્રસંગ ઊભો થાય તો છોકરીના બાપે છોકરાના બાપને ૨૫૦ રૂપિયા આપવા પડે છે અને ૫૦ રૂપિયા દંડ પેટે જાતિપંચને ભરવા પડે છે. અને છૂટાછેડા માટે જો છોકરાપક્ષેથી માગણી કરવામાં આવે તો ફક્ત ૫ રૂપિયા જાતિપંચને દંડ પેટે ભરવા પડે છે.

છોકરી પક્ષને ૨૫૦ રૂપિયા વત્તા ૫૦ રૂપિયા દંડ ભરવાનું કારણ એ છે કે જ્યારે લગ્ન થયું હોય ત્યારે છોકરાના બાપે છોકરીના બાપને રકમ ચૂકવી હોય છે. માટે તે છૂટાછેડા વખતે વસૂલ કરવામાં આવે છે.

જાતિપંચને જે દંડ પેટે રકમ આપવામાં આવે છે તે રકમમાંથી પઢારોમાં જાતિપંચના માણસો ભેગા થઈને વાપરી નાંખે છે. પઢારોમાં જાતિપંચની મંજૂરી સિવાય છૂટાછેડા લઈ શકાતા નથી. તેમજ સ્ત્રીને જો બાળકો થતાં ના હોય તેવા સંજોગોમાં પણ મહદંશે છૂટાછેડા લેવામાં આવતા નથી.

## દિયરવટુ :

દિયરવટુ એટલે દિયર અને ભોજાઈ વચ્ચેનો લગ્ન સંબંધ. પરંતુ ભાઈની હયાતીમાં દિયરવટુ પઢારોમાં થઈ શકતું નથી. પતિના મૃત્યુ પછી વિધવા બનેલી સ્ત્રી પોતાના પતિના નાના ભાઈ સાથે જો તેની મરજી હોય તો લગ્ન કરી શકે છે. આ માટે દિયરની



પણ મરજી હોય તો જ થઈ શકે છે. પઢારોમાં વિધવા સ્ત્રીની ઉંમર નાની હોય અને જો તેને બાળકો ના હોય અને દિયર તેને સ્વીકારવા રાજી હોય તો દિયરવટુ થઈ શકે છે.

દિયરવટાની વિધિમાં વિધવા સ્ત્રી પોતાની ચૂંદડીનો છેડો મરનાર પતિના નાના ભાઈ એટલે કે તેના દિયર ઉપર નાંખે છે. અને તે દિવસથી તે તેની પત્ની તરીકે રહેવા લાગે છે. આ વિધિ વખતે દિયર ભાભીનું કાંડુ બાંધે છે અને કુલ ૪૨ રૂપિયા કન્યાપક્ષને આપે છે.

પઢારોમાં જેઠવટાની પ્રથા જોવા મળતી નથી.

## સાળીવટુ :

સાળીવટુની પ્રથા પઢારોમાં ભાગ્યે જ જોવા મળે છે. આ પ્રથામાં પુરૂષ પોતાની પત્નીની બહેન (જે સ્વપત્ની કરતાં નાની)હોય તેની સાથે લગ્ન કરે છે. પુરૂષની પ્રથમ સ્ત્રી મૃત્યુ પામે અગર તે સ્ત્રીને બાળકો થતાં ન હોય તેવા સંજોગોમાં સ્ત્રીની નાની બહેન કુંવારી હોય તેની સાથે પુરૂષ લગ્ન કરી શકે છે. પરંતુ પોતાની પત્નીથી તેની બહેન મોટી ઉંમરની હોય તો તેની સાથે સાળીવટુ પઢારોમાં થઈ શકતું નથી. પઢારોમાં મોટી સાળીને 'પાટલાસાસુ' તરીકે ઓળખાવે છે.

## વિધવા-વિધુર પુનઃલગ્ન :

પઢાર જાતિમાં વિધવા અગર વિધુરને ફરજિયાત વૈધવ્ય ભોગવવું પડતું નથી. વિધવા પોતાના મા-બાપની સંમતિ લઈ પોતે ઈચ્છે ત્યાં પુનર્લગ્ન કરી શકે છે. સામાન્ય રીતે પઢારોમાં વિધવા સ્ત્રી જો નિરાધાર હોય, પિયર કે સાસરીમાં કોઈ ન હોય તો

પઢાર જાતિપંચ વિધવા સ્ત્રીને લાયક વર શોધી આપે છે. આવા પ્રસંગોમાં વિધવા સ્ત્રી લગ્ન કરે તો તેના અગાઉના પતિની મિલકત પર તે હકક રાખી શકતી નથી.

આ પ્રથામાં વિધવા સ્ત્રી કુંવારા પુરૂષ સાથે પુનર્લગ્ન કરી શકે છે, પરંતુ વિધુર પુરૂષ કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકતો નથી. વિધવા સ્ત્રીને નાનાં બાળકો હોય તો તે બાળકો પણ તેની સાથે જાય છે. પરંતુ બાળકો ઉંમરલાયક થતાં તેમને પોતાના મૂળ કુટુંબમાં પાછા જવું હોય તો જઇ શકે છે.

<u>બહુપત્નીત :</u>

પઢાર જાતિમાં બહુ પત્નીત્વની પ્રથા ખાસ કરીને જોવા મળતી નથી. બહુપત્નીત્વ સામાન્ય સંજોગોમાં કે જયારે ખાસ કરીને પ્રથમ સ્ત્રીને સંતાનો થતાં ન હોય તો જ બીજી પત્ની કરવામાં આવે છે. આવા સંજોગોમાં પણ બીજી પત્ની કરતાં પહેલાં, પ્રથમ પત્નીની પરવાનગી લેવી પડે છે. તેમજ પ્રથમ પત્નીનું જીંદગીભર ભરણપોષણની ખાતરી આપવી પડે છે. પુરૂષ બીજી પત્ની કરે છતાં સામાન્ય રીતે પઢાર જાતિમાં ઘરમાં પ્રથમ પત્નીનું ચલણ રહે છે.

<u>વૃધ્ધાવસ્થા :</u>

પઢાર જાતિમાં વ્યકિત ઉંમરથી નહીં પણ કાર્ય કરવાની કમ થતી શકિતથી વૃધ્ધ ગણાય છે. પઢારોમાં વ્યકિતથી જયા સુધી તે આર્થિક પ્રવૃત્તિ કરી શકે ત્યાં સુધી તે કર્યા કરે છે. કારણ કે તેમની સ્થિતિ એટલી નબળી છે કે કુટુંબમાં એક વ્યકિત આર્થિક પ્રવૃત્તિ કરે અને બીજી વ્યકિતઓ તેના પર આધાર રાખે તે બની શકતું નથી. ઘરમાં દરેક વ્યકિત નાની હોય કે મોટી, કોઇને કોઇ આર્થિક ઉપાર્જનના કાર્યમાં લાગેલી જોવા મળે છે.



જયારે વ્યકિત શારીરિક રીતે કામ કરવા શકિતમાન ન હોય ત્યારે જ તે નિવૃત્તિનું જીવન વિતાવે છે. આવા સંજોગોમાં તે વ્યકિત વૃધ્ધ તરીકે ઓળખાય છે.

કુટુંબમાં વડીલ દિકરાના સંતાનોનાં લગ્ન થઇ ગયાં હોય અને તેમના બાળકોને પણ સંતાન હોય તેવા સંજોગોમાં ઘરમાં તે વ્યકિત વૃધ્ધ તરીકે સામાન્ય રીતે ગણાય છે. પરંતુ આર્થિક પ્રવૃત્તિમાંથી કામ કરવાની શકિત હોય ત્યાં સુધી તે નિવૃત્તિ મેળવી શકતો નથી.

<u>મૃત્યુ :</u>

પઢારોમાં માણસના મૃત્યુ પછી મૃતકને બાળવાની અને દાટવાની બન્ને પ્રથા પ્રવર્તે છે. તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેમજ આ વિસ્તારમાં બળતણનું લાકડું ઉપલબ્ધ નહીં હોવાથી તેઓ મૃતક બાળતા નથી, મોટે ભાગે મૃતદેહને દાટવામાં આવે છે. પરંતુ મરનારના કુટુંબના બધા લોકો એક એક ટોપલો છાણાં આપે તો મૃતદેહને અગ્નિદાહ દેવામાં આવે છે.

મોટી ઉંમરની વ્યકિત મૃત્યુ પામે તો પ્રથમ મૃતદેહને સ્નાન કરાવવામાં આવે છે. મૃતદેહને સ્નાન કરાવ્યા પછી જમીન ઉપર મૃતદેહને સૂવાડે છે. આને તેઓ 'ભોંય પથારી' કહે છે. શબને સ્મશાને લઇ જવા માટે વાંસની ઠાઠડી બનાવે છે. આ ઠાઠડી ઉપર મૃતદેહને સુવાડી, જો મરનાર સધવા સ્ત્રી હોય તો તેના મૃતદેહ ઉપર લાલ રંગની કોરી સાડી ઓઢાડે છે. પુરૂષના મૃતદેહ ઉપર સફેદ કોરું કાપડ ઓઢાડવામાં આવે છે. અને ઠાઠડીના ચાર ખૂણે એક એક નાળિયેર બાંધવામાં આવે છે. પછી ઠાઠડીને ચાર માણસો ઉપાડીને સ્મશાન તરફ ચાલે છે. મૃતદેહની ઠાઠડીની આગળ 'હાંડીવાળો' ચાલે છે. આ હાંડીવાળા પાસે માટીની કાળી હાંડી હોય છે, તેને દોરડાથી બાંધવામાં આવે છે,

અને હાંડલીની અંદર દેવતા હોય છે. સ્મશાને જતાં જ્યાં ચાર રસ્તા આવતા હોય ત્યાં ઠાઠડીને નીચે ઉતારવામાં આવે છે. આ જગ્યાને પઢારો 'મડાપોળ' તરીકે ઓળખાવે છે. અહીં ઠાઠડીને જે નાળિયેર બાંધેલાં હોય તે છોડી નાંખવામાં આવે છે અને નાળિયેરને તોડી નાંખીને ફેંકી દેવામાં આવે છે. આમાંથી એક ટુકડો મૃતદેહની સાથે બાળવામાં કે દાટવામાં આવે છે.

સધવા સ્ત્રીના શબને સ્નાન કરાવાય છે અને આંખમાં કાજળ આંજવામાં આવે છે તથા કપાળે કુમકુમનો ચાંલ્લો કરાય છે માથાના વાળમાં તેલ નાંખીને કંકુથી સેંથો પૂરાય છે.

સ્ત્રીની સ્મશાનયાત્રામાં તેનો પતિ જઈ શકતો નથી. મરનાર સ્ત્રીનો પતિ 'મડાપોળ' સુધી સ્મશાનયાત્રામાં જાય છે અને ત્યાં આગળ બેસી રહે છે. અને બીજા લોકો મૃતદેહનો અંતિમ સંસ્કાર કરી પાછા ઘેર આવતાં મડાપોળે આગળ બેઠેલા પુરૂષને ઘેર લઈ આવે છે.

કોઈએ મૃતદેહને અગ્નિદાહ આપ્યો હોય અને તેની આર્થિક સ્થિતિ સારી હોય તો મરણના ત્રીજા દિવસે મૃત વ્યક્તિનાં ફૂલ ઉપાડે છે અને તે ફૂલ વૌઠામાં સાત નદીના સંગમમાં પધરાવે છે. જો ત્યાં ના જઈ શકે તો વઢવાણ જઈ ભોગાવો નદીમાં ફૂલ પધરાવી આવે છે. કુટુંબની સ્થિતિ સારી હોય તો મરનારની પાછળ બારમું કરે છે. નહીં તો, જે ચાર વ્યક્તિ મૃતદેહને ઉપાડીને સ્મશાને લઈ ગઈ હોય તેમને તો ફરજિયાત જમાડવી પડે છે. સ્ત્રીનું બારમું બાર દિવસે અને પુરૂષનું બારમું તેર દિવસે કરવામાં આવે છે.



સ્ત્રી જો વિધવા થાય તો બારમાના દિવસે તેના સૌભાગ્યનો ચૂડો ભાંગવાનું કામ સ્ત્રીનો દિયર કરે છે. આ દિવસે સ્ત્રીના પિયર પક્ષમાંથી જે સ્ત્રીઓ એક જોડ કાળાં કપડાં લઈને આવે છે. આ કપડાં 'હોંજીયા' અથવા 'હોડિયા' કપડાં તરીકે ઓળખાવે છે. આ કપડાં સ્ત્રીનો સૌભાગ્યનો ચૂડો ભાંગ્યા પછી વિધવા થનાર સ્ત્રીનાં કપડાં ઉતરાવીને આ કાળાં 'હોડિયા' કપડાં પહેરાવવામાં આવે છે. સ્ત્રી વિધવા થયા પછી કયારે ય હાથે બંગડી નથી પહેરતી કે કપાળે ચાંલ્લો કરતી કે સેંથામાં સિંદુર પૂરતી. તે કાયમ માટે કાળાં કપડાં પહેરે છે. પઢારોમાં વિધવા સ્ત્રી માથા પરના વાળનું મુંડન કરાવતી નથી.

ત્રણ વર્ષથી નાની ઉંમરનું બાળક મરણ પામે તો તેને દાટવામાં આવે છે. બાળકના શબને હાથમાં ઉપાડીને લઈ જવામાં આવે છે. બાળકના મૃતદેહ સાથે એક નાળિયેર લઈ જવામાં આવે છે, જે બાળકના શબની સાથે જમીનમાં દાટવામાં આવે છે.

...

## પ્રકરણ - ૮

### કુટુંબ તથા સગાઇ સંબંધ

મનુષ્યનો જન્મ, વિકાસ અને સંસ્કૃતિરણ કુટુંબમાં પ્રારંભ થાય છે. કુટુંબ સમાજવ્યવસ્થાનું એક અનિવાર્ય અંગ છે. આખા વિશ્વમાં સંસ્કૃતિ વિકાસને બધે તબક્કે સામાજિક એકમ કોઇને કોઇ પ્રકારે જોવા મળે છે. તેમ છતાં જુદા જુદા સ્થળે તેનાં સંરચના અને કાર્યમાં વિભિન્નતા જોવા મળે છે.

#### કુટુંબનું સ્વરૂપ :

પઢાર જાતિમાં કુટુંબ પિતૃસત્તાત્મક, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય હોય છે. કુટુંબના દરેક કાર્યમાં કુટુંબના વડા- કુટુંબનો વડો એટલે ઉંમરમાં મોટો એમ નહીં પરંતુ કુટુંબમાં જ વ્યક્તિ કુટુંબનો કાર્યભાર સંભાળતી હોય તે - પુરૂષની પ્રધાનતા હોય છે. સ્ત્રી લગ્ન કરીને પુરૂષના ગામે આવીને રહે છે તથા સંતાનોના નામ પાછળ પિતાનું નામ લખાય છે. તેમજ પિતાની સંપત્તિ તેના પુત્રને મળે છે નહિ કે તેની દિકરીઓને. પતિ પોતાની પત્નીની પૂરી દેખભાળ અને રક્ષણ કરે છે. પઢારોમાં સ્ત્રીનું સ્થાન રસોઇ બનાવવા સુધી કેન્દ્રિત નથી હોતું પરંતુ પઢાર સ્ત્રી પોતાના પતિની સાથે ખેતીકામ કે મજૂરીકામ કરે છે, છાણ વીણી લાવે તથા બાળકોની દેખભાળ રાખે છે.

#### કુટુંબના સભ્યો :

બાળક જન્મથી જ પોતાના પિતાના કુટુંબમાં સભ્ય બની જાય છે. માતા-પિતાનું એ કર્તવ્ય થઇ જાય છે કે તે પોતાનાં સંતાનોની દેખભાળ કરે. દરેક બાળકનું કુટુંબમાં જ પાલનપોષણ થાય છે અને તે કુટુંબમાં જ મોટું થાય છે.

કુટુંબમાં ભેદ :

પઢાર જાતિમાં સામાન્યતયા બે પ્રકારનાં કુટુંબો જવા મળે છે : ૧. કેન્દ્રીય કુટુંબ અને ૨. સંયુકત કુટુંબ. પઢારોમાં કેન્દ્રીય કુટુંબવ્યવસ્થા વધારે પ્રમાણમાં જોવા મળે છે. કેન્દ્રીય કુટુંબવ્યવસ્થામાં એક પતિ-પત્ની તથા તેમનાં અપરિણીત સંતાનોનો સમાવેશ થાય છે. કેન્દ્રીય કુટુંબો વધારે હોવાનું મુખ્ય કારણ એ પઢારોને પોતાની માલિકીની ગણાવી શકાય તેવી મિલકત બહુ જ ઓછા પ્રમાણમાં હોય છે. તેમજ તેમનાં મકાન-કૂબા- એટલાં નાનાં હોય છે કે તેમાં વધારે સભ્ય સહનિવાસ કરી શકતાં નથી. તેમજ પઢારોમાં છોકરાને પરણાવતાં ખર્ચ કરવો પડે છે, અને લગ્નમાં જે ખર્ચ થયું હોય તે પરણનાર વ્યકિતએ જ તેની વ્યવસ્થા કરવી પડે છે. આથી પઢારોમાં છોકરો લગ્ન કરીને પોતાના લગ્નમાં થયેલું દેવું વાળવા માટે પોતાના કુટુંબથી, પોતાની પત્ની સાથે અલગ થઇ જાય છે. અને મહેનત મજૂરી કરીને દેવું વાળવાનો પ્રયત્ન કરે છે.

પઢારોમાં આપણે જેને સંયુકત કુટુંબવ્યવસ્થા તરીકે ઓળખીએ છીએ તેવાં કુટુંબો પણ હોય છે. એવાં કુટુંબોમાં ત્રણ પેઢી સુધીનાં સભ્યો જોવા મળે છે. આવાં કુટુંબોમાં માતા-પિતા, તેમના પરિણીત સંતાનો અને તેમનાં બાળકો જોવા મળે છે. પરંતુ આ જાતિમાં સંયુકત કુટુંબો પ્રમાણમાં જૂજ છે. પઢારોમાં સંયુકત કુટુંબોમાં સભ્યસંખ્યા વધારે હોય છે, સ્ત્રી સભ્યોમાં કલહો થયા કરે છે, જમીન જાયદાદના તથા કામ કરવા અંગેના ઝઘડા થતા રહે છે. કુટુંબની મુખ્ય વ્યકિત આ સ્થિતિમાં અસરકારક નેતૃત્વ કરી શકતી નથી, કુટુંબની દરેક વ્યકિત સ્વતંત્ર મિજાજની બની જાય છે, અને પરિણામે કુટુંબનું વિભાજન થાય છે. જો કે સંયુકતના કોઇને કોઇ અંશ રહે છે ખરી. મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન મારા ધ્યાન પર એક પઢાર કુટુંબ એવું જોવા મળ્યું કે એક વ્યકિતને ૯ પુત્રો હતા અને ૩ પુત્રીઓ હતી. આમાંથી ૮ પુત્રો પરિણીત હતા અને ૩ પુત્રીઓને પરણાવીને સાસરે વળાવી હતી. પોતે, પત્ની, પોતાના પરણેલા ૮ પુત્રો અને તેમની સ્ત્રીઓ તથા સંતાનો અને એક અપરિણીત પુત્ર મળી કુટુંબમાં ૩૫ સભ્યો થતા હતા. એક સાથે બધા સભ્યોને ઘરમાં રહેવામાં મુશ્કેલી નડતી હતી. આના કારણે પિતાએ પરિણીત પુત્રોને અલગ કરી દીધા. પરંતુ તેમને થોડી ઘણી જ ખેતીની જમીન હતી તેના ભાગ પાડયા નહીં. આ જમીન બધા સહિયારી રીતે ખેડતા હતા, અને જે ઉત્પન્ન થાય તે વહેંચી લેતા હતા. આવા કુટુંબને આપણે વિભકત કુટુંબ ન કહી શકીએ.



સગાઇ સંબંધ :

દરેક વ્યકિત જન્મ, લગ્ન, એક સ્થળ રહેઠાણ વગેરેના આધારથી પોતાના સમાજની બીજી વ્યકિતઓ સાથે સંબંધિત બને છે. આને સગાઇસંબંધ કહેવાય. પઢાર જાતિમાં બે પ્રકારના સગાઇસંબંધ જોવા મળે છે.

૧. રકત સંબંધી સંબંધ તથા

૨. લગ્ન કરવાથી થતા સંબંધ

સગાઇ સંબંધ અને સંબોધન :

આ રીતના સગાઇ સંબંધને વ્યકત કરવા શબ્દો હોય છે. પરસ્પરિત સંબંધિત સગાઓ એક બીજાને અમુક શબ્દોથી સંબોધે છે.

સગાઇ, શબ્દ અને સંબોધન :

| સંબંધ | શબ્દ | સંબોધન |
|---|---|---|
| પિતા | બાપા | બાપા |
| માતા | મા | મા |
| પુત્ર | દીકરો | નામ દઇને બોલાવે |
| પુત્રી | દીકરી | નામ દઇને બોલાવે |
| ભાઇ | ભઇ | નામ દઇને બોલાવે |
| બહેન | બૉન | નામ દઇને બોલાવે |
| પિતાના પિતા | ગઢાભા | ગઢાભા |
| માતાના પિતા | ભા | ભા |
| પિતાની માતા | દાદીમા | ગઢીમા |
| માતાની માતા | દાદીમા | દાદીમા |
| પિતાનો મોટો ભાઇ | કાકા | દાદા |
| પિતાનો નાનો ભાઇ | કાકા | કાકા |
| માતાનો ભાઇ | મામા | મામા |
| પિતાના મોટાભાઇની પત્ની | ભાભુ | ભાભુ |
| પિતાના નાનાભાઇની પત્ની | કાકી | કાકી |
| માતાના ભાઇની પત્ની | મામી | મામી |
| પિતાની બહેન | ફુઇ | ફુઇ |



| | | |
|---|---|---|
| માતાની બહેન | માસી | માસી |
| માતાની બહેનનો પતિ | માસા | માસા |
| પિતાના ભાઇનો પુત્ર | ભઇ | નામ દઇને બોલાવે |
| માતાના ભાઇનો પુત્ર | ભઇ | નામ દઇને બોલાવે |
| બહેનનો પુત્ર | ભાણેજ | નામ દઇને બોલાવે |
| પતિનો પિતા | હાહરો | ભા |
| પતિની માતા | હાહુ | મા |
| પત્નીનો પિતા | હાહરો | ભા |
| પત્નીની માતા | હાહુ | મા |
| પતિના પ્રિતાનો મોટો ભાઇ | હાહરો, દાદજી | મોટા ભા |
| પતિના પિતાનો નાનો ભાઇ | કાકોજી, હાહરો | કાકાજી |
| પુત્રનો સસરો | વેવાઇ | નામ દઇને બોલાવે |
| પુત્રની સાસુ | વેવણ | નામ દઇને બોલાવે |
| પતિના પિતાની બહેન | ફુઇજી | ફુઇજી |
| પતિના પિતાની બહેનનો પતિ | ફુઓજી | ફુઆ |
| પત્નીની માતાનો ભાઇ | મામોજી | મામા |
| પતિની બહેન | નણંદ | નામ દઇને બોલાવે |
| પતિની બહેનનો પતિ | નણદોય | નામ દઇને બોલાવે |
| પત્નીની મોટી બહેન | પાટલા સાસુ | નામ દઇને બોલાવે |
| પત્નીની નાની બહેન | સાળી | નામ દઇને બોલાવે |

| | | |
|---|---|---|
| પત્નીની બહેનનો પતિ | સાઢુભાઇ | નામ દઇને બોલાવે |
| ભાઇની પત્ની | ભાભી | ભાભી |
| પતિનો નાનો ભાઇ | દિયર | નામ દઇને બોલાવે |
| પતિનો મોટો ભાઇ | જેઠ | નામ દઇને બોલાવે |
| પતિના મોટાભાઇની પત્ની | દેરાણી | નામ દઇને બોલાવે |
| પતિના મોટાભાઇની પત્ની | જેઠાણી | નામ દઇને બોલાવે |
| પુત્રીની પુત્રીનો પતિ | ભાણેજ જમાઇ | નામ દઇને બોલાવે |
| બહેનનો પતિ | બનેવી | નામ દઇને બોલાવે |

પરિહાસ સંબંધ :

પઢાર જાતિમાં પરિહાસના સંબંધો જોવા મળે છે. પરિહાસના સંબંધોમાં એક વ્યક્તિ પોતાની સાથે અમુક રીતે સંબંધિત બીજી વ્યક્તિ સાથે છૂટથી હરીફરી શકતી હોય, વાત્ચીત કરી શકતી હોય તેમજ એકબીજાની મશ્કરી કરી શકતી હોય તેવા સંબંધોને પરિહાસના સંબંધો તરીકે ઓળખવામાં આવે છે. પઢારોમાં ભાભીદિયર, સાળા બનેવી, નણંદ ભોજાઇ, મામી ભાણા, બનેવી સાળી એક બીજા સાથે ઠઠ્ઠા મશ્કરીના સંબંધો ધરાવે છે.

પરિહારના સંબંધ :

પઢાર જાતિમાં પરિહારના સંબંધ પણ જોવા મળે છે. એમાં એક વ્યક્તિ અમુક રીતે પોતાની સાથે, સંબંધિત અન્ય વ્યક્તિની સાથે પડદો રાખે છે, છૂટથી બોલતી નથી કે બીજી છૂટછાટ લેતી નથી. જેમાં સસરા અને પુત્રવધૂ, સાસુ અને જમાઇ, જેઠ અને નાના ભાઇની પત્ની એક બીજા સાથે વાતચીત કરી શકતાં નથી. તેમજ એક બીજાનું મોં પણ જોઇ શકતાં



નથી. ભાઇ બહેન વચ્ચે પણ અમુક વ્યવહારોમાં પરિહારના સંબંધો જોવા મળે છે. ભાઇ બહેન એક બીજા સાથે વાતચીત કરી શકે છે પરંતુ એક બીજાની મશ્કરી કરી શકતાં નથી તેમજ એક બીજાની હાજરીમાં ખરાબ બોલી શકાતું નથી. આવા પરિહારના સંબંધોમાં તે બન્નેને કોઇ કામ અંગે વાત કરવાની હોય ત્યારે કોઇ મધ્યસ્થ મારફતે વાતચીત કરવામાં આવે છે. પઢારોમાં પુત્રવધૂ સાસુ, સસરાને તેમનું નામ લઇ બોલાવી શકતી નથી. તેમજ પુત્રવધૂએ જીંદગીભર પોતાના સસરાનો ઘૂમટો તાણીને લાજ કાઢવી પડે છે. તેવી રીતે સ્ત્રીના જેઠ સાથેના સંબંધો પણ તેના સસરાની સાથે હોય તેવા જ હોય છે. તેઓ સાથે જમવા બેસી શકતાં નથી.

## પ્રકરણ - ૯

## સામાજિક સંરચના

પઢારોના કુટુંબ અને સગાઇસંબંધનું વિશ્લેષણ આપણે જોયું. અહીં એમની સામાજિક સંરચનાનાં બીજાં પાસાંઓની ચર્ચા કરીશું.

**શાખ :**

કેટલીક આદિવાસી જાતિઓમાં એક પુરૂષ કે તત્વ કે વસ્તુથી ઉત્પન્ન થયેલાં મનાતાં સૌ સ્ત્રી-પુરૂષોના સમૂહને ગોત્ર કે કુળ કહેવાય છે. પઢારોમાં આને શાખ કહેવાય છે.

પઢારોની જુદી જુદી શાખો વચ્ચે ચઢઉતરનો ક્રમ જોવા મળતો નથી. એમની બધી શાખો એક સરખા સ્તરની જોવા મળે છે.

એક જ શાખમાં લગ્નવ્યવહાર થતો નથી. કારણ કે એક શાખના છોકરો અને છોકરી એ ભાઇ બહેન ગણવામાં આવે છે. આથી છોકરાની અને છોકરીની શાખ અલગ હોય તો જ લગ્નસંબંધ સ્થાપી શકાય છે.

પઢાર જાતિ હિંદુ ધર્મી છે. પઢારના વસવાટનાં કુલ ૧૧ ગામો છે અને તેમની જુદી જુદી ૧૩ શાખો ગણાવે છે. અને આ ૧૩ શાખોના પઢારો પોતાની જુદી જુદી કુળદેવી અને ચઢવમાતા ગણાવે છે.

પઢારોની શાખ અને પ્રત્યેક શાખની કુળદેવી નીચે બતાવવામાં આવ્યાં છે.

પઢારોમાં શાખ અને શાખની કુળદેવી તથા ચડવમાતા :

| શાખ | કુળદેવી | ચડવમાતા |
| --- | --- | --- |
| લાલાણી | ઝૂંપાળી | બુટમાતા |
| પાચાણી | ભવાની | ચામુંડા |
| સાપરા | હિંગળાજ | ગળમાતા |
| ધરજીયા | વેરાઇ | બુટમાતા |
| સામતિયા | મેલડી | સિંધવાઇ |
| ભૂવાતરા | હિંગળાજ | કાળકા |
| ઢાંસડા | શક્તિ | મેલડી |
| દોંમડા | શિહોરી | મેલડી |
| કાણોતરા | ખોડિયાર | ચામુંડા |
| ડાભી | બુટ | ઝૂંપાળી |
| દેવથળા | હિંગળાજ | કાળકા |
| મકવાણા | ભવાની | ચામુંડા |
| કઠડીયા | ઝૂંપાળી | બુટમાતા |

માતાનો માંડવો :

એક જ શાખના પઢારો જુદા જુદા ગામોમાં રહેતા હોવા છતાં તેમની વચ્ચે ભાઇચારો ઘણો જોવા મળે છે. તેનું નાટકીય સ્વરૂપ માતાના માંડવા વખતે જોવા મળે છે. આ માતાના માંડવામાં જુદા જુદા ગામોમાં વસવાટ કરતા એક જ શાખના પઢાર



સગાસંબંધીઓ ભેગા મળે છે અને પોતાની શાખની શાખમાતાનું નૈવેદ્ય કરે છે. આને પઢારો 'માતાનો માંડવો' તરીકે ઓળખાવે છે. માતાનું નૈવેદ્ય કરવા સમશાખીઓ કોઇ ઘરેથી ચોખા લાવે, કોઇ ઘઉં લાવે, કોઇ તેલ લાવે તો કોઇ ગોળ લાવે. આમ જેની પાસે જે વસ્તુ હોય તે પોતપોતાના ઘરેથી લઇ આવે છે. અને બધી વસ્તુઓ ભેગી કરીને તેનો ખીચડો રાંધવામાં આવે છે. આ ખીચડો માતાને નૈવેદ્ય તરીકે ધરાવીને પછી બધા સાથે ભેગા થઇને જમે છે. આ નૈવેદ્યનો ખીચડો જમવા માટે ગામમાં રહેતા બીજા પઢારોને પણ આમંત્રણ આપવામાં આવે છે. જમવા માટે દરેક જણ પોતપોતાના ઘરેથી વાસણ લઇને આવે છે. માતાના માંડવામાં ૭ થી ૮ હજારનો અત્યારે ખર્ચ થાય છે. સ્ત્રીઓ સુંદર કપડામાં શણગારાઇને, બાળકો હસતાં હસતાં તથા જુવાનિયાઓ વાત કરતા કરતા આમાં જોડાય છે. આખા ગામમાં એક ઉત્સવી વાતાવરણ બની રહે છે. મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન ધરજી (દુર્ગી) ગામના ધરજીયા શાખના પઢારોનો 'માતાના માંડવા'નો ઉત્સવ જોવા મળેલો.

બીજી જ્ઞાતિઓમાં પણ આ નામની શાખો હોય છે છતાં તેમની અને પઢારો વચ્ચે કશો સંબંધ હોતો નથી.

વાસ (ફળિયું) :

ગામમાં પઢારોનું રહેઠાણ એક જથ્થે હોય છે. તેને પઢારવાસ કહેવાય છે. પઢારવાસમાં પણ જુદી જુદી શાખવાળાઓનાં ઘરો પણ અલગ તરી આવે એવી રીતે એક સમૂહમાં બંધાયેલાં હોય છે. પૂછીએ તો જવાબ મળે કે આ ધરજીયા વાસ અથવા આ લાલાણી ફળિયું.

**કૂબા કાચા મઠ મોભાદાર :**

એક શાખના પઢારોના રહેઠાણની વચ્ચે તેમની કુળદેવીનો મઠ હોય છે અને મઠની ફરતે પઢારનાં મકાનો-કૂબા- જોવા મળે છે. આમાં એક વાત ખાસ ધ્યાન ખેંચે તેવી એ જોવા મળે છે કે એક પણ પઢાર કુટુંબને પોતાનું રહેવાનું મકાન-કૂબો- પાકું જોવા મળતું નથી પણ તેમની કુળદેવીના મઠ દરેક ગામોમાં પાકા મોભાદાર બનાવેલા જોવા મળે છે. એટલે જ કહી શકાય કે પઢારોના તો કૂબા કાચા પણ મઠ મોભાદાર. પઢારોને પોતાની કુળદેવી ઉપર ઘણી આસ્થા હોય છે અને આ આસ્થા પ્રગટ કરવા માટે, તેમની ગમે તેટલી નબળી સ્થિતિ હોય છતાં કુળદેવીના સ્થાનક માટેના કામમાં દરેક પઢાર પોતાનો ફાળો અચૂકપણે આપે છે.

**ઘર માટે જમીનનો પ્રશ્ન :**

આ નળસરોવરનો વિસ્તાર નીચાણવાળો હોવાથી, વરસો પહેલાં જ્યારે ગામો ઊંચી જગ્યા શોધીને વસ્યાં હશે ત્યારે તે ગામોને, ગામની વસ્તીના પ્રમાણમાં, ગામની વસવાટની જગ્યા પૂરતી હશે. પરંતુ જેમ જેમ વસ્તી વધવા લાગે અને કુટુંબો વિભાજિત થવાથી શાખ પ્રમાણે નવાં ઘરોની જરૂરિયાત ઊભી થતાં ગામની તે જ જમીન ઉપર નવાં નવાં ઘરો થવાથી હાલમાં આ વિસ્તારનાં ગામોમાં મકાનોની ગીચતા એટલી બધી વધી ગઇ છે કે ગામમાં રસ્તા માટે પણ જગ્યા ઓછી પડે છે. આવી પરિસ્થિતિમાં પઢાવાસનું તો પૂછવું જ શું ? પઢારો પાસે શરૂઆતથી જ તેમની ઘરથાનની જમીન અપૂરતી હતી અને તેમાં નવાં નવાં કુટુંબો અસ્તિત્વમાં આવવાથી શહેરી વિસ્તાર કરતાં પણ પઢારોનો વસવાટ ગીચ જોવા મળે છે. ગામથાનની જમીન સિવાય બીજી જમીન નીચાણવાળી હોવાથી ચોમાસામાં પ્રથમ વરસાદ પડતા જ તેમનાં ગામોની ચારેય તરફ પાણી ભરાઇ જાય છે.



આમ પઢાર ગામોની વસ્તીને વસવાટનો મોટો પ્રશ્ન રહે છે.

**પઢાર શાખપંચ :**

પઢાર જાતિમાં જે જુદી જુદી શાખો છે તે દરેક શાખોને પોતાનું અલગ અલગ શાખપંચ અથવા ફળિયાપંચ હોય છે. આ ફળિયાપંચ દરેક ફળિયામાં મોટે ભાગે એક જ શાખના પઢારોનો વસવાટ હોય છે. અને તે લગભગ બધા બે ત્રણ પેઢીએ એક જ બાપની પ્રજા હોય છે. તેઓની અંદરના જે કંઇ પ્રશ્નો હોય, તેના નિવારણ માટે આ ફળિયાપંચના સભ્યો પાસે જે કંઇ પ્રશ્નની પતાવટ કરવાની હોય તેની રજૂઆત કરવામાં આવે છે. ફળિયાપંચ બંને પક્ષની રજૂઆત ધ્યાનથી સાંભળી, તેનો જે ઉકેલ સૂચવે તે બંને પક્ષને સ્વીકાર કરવો પડે છે. ફળિયાપંચ અથવા શાખપંચ સમક્ષ આવતા પ્રશ્નોમાં મિલકતની વહેંચણી અંગે, લગ્ન સબંધ અંગે, ભાઇ-ભાઇ વચ્ચેના ઝઘડા, પિતા-પુત્ર વચ્ચેના ઝઘડા વગેરે પ્રશ્નો શાખપંચ સમક્ષ આવે છે.

**પંચમાતા :**

પઢારોની બધી શાખોનાં ફળિયાં મળી પઢારવાસ થાય. પઢારવાસ એટલે ગામની પઢાર જાતિની સામાજિક એકતાનું ભૌતિક સ્વરૂપ. પઢારવાસની એકતાના પ્રતીક રૂપે દરેક ગામમાં પઢારજાતિની ગામમાતા (એને એ લોકો પંચમાતા કહે છે.) ઝૂંપાળીનો મઠ હોય છે. ત્યાં બધા જ પઢારો માતાને પગે લાગે, માતાને માને, પોતાની શક્તિ પ્રમાણે કંઇ ચઢાવે. બહારગામ ગયેલા હોય તે પણ માતાને માટે દર પ્રાસે પાંચ પૈસા જુદા કાઢી મૂકે. કટલાક પઢારો મજૂરીમાંથી ડાંગર લાવે તો તેમાંથી ઝૂંપાળી માતાના મઠ મૂકવા પાંચશેરના હિસાબે ડાંગર આપે. માતાને નામે પઢારો દર પૂનમે અને અમાસે કામ નથી કરતા. એને અણજો કહેવાય છે. અણજો પાળવામાં પણ પઢાર સમસ્ત એક હોય છે. ગામના પઢારો

એક સામાજિક એકમ તરીકે ઉત્સવો ઉજવવામાં, ભજન મંડળીની રચના તથા વ્યવસ્થામાં કે કાયદાકીય પંચાયતમાં પ્રતિનિધિત્વ એકદમ અલગ જણાય આવે છે. એમનું પોતાનું પરંપરાગત પઢારપંચ પણ હોય છે.

પઢાર જાતિમાં ગામપંચમાં ગામ પટેલ, મોટીયાર અને કોટવાળ જેવાં પદો હોય છે.

ગામપંચમાં એક જ ગામમાં વસવાટ કરતી જુદી જુદી શાખોના પઢારો વચ્ચે કોઇ ઝઘડા હોય તો તેના નિવારણ માટે ગામપંચ સમક્ષ પ્રશ્નો આવે છે. આ ગામપંચમાં ગામમાં વસતી દરેક શાખનો વડો, ગામપંચનો સભ્ય હોય છે. તે બધા ગામપંચના સભ્યો ભેગા મળે છે. અને બંને પક્ષની ફરિયાદ-રજૂઆત- સાંભળે છે. અને તેના પર પંચના સભ્યો ચર્ચા કરી પ્રશ્નનો નિવેડો લાવે છે. આ પંચના સભ્યો મોટીયાર તરીકે ઓળખાય છે. આ મોટીયાર ગામના પટેલને તેના કાર્યમાં મદદ કરવા તેમજ મૂઝવણભર્યા પ્રશ્નોમાં સલાહ-સૂચનો આપે છે. અને આ સલાહ-સૂચનોના આધારે ગામ પટેલ ન્યાય આપે છે.

જો કોઇ પક્ષ આ ગામપંચના ન્યાયને અવગણે તો તે વ્યક્તિ અગર સમગ્ર શાખને જ્ઞાતિબહાર મૂકે છે. આ જ્ઞાતિબહાર મૂકેલી વ્યક્તિ કે શાખની સાથે, તે ગામમાં વસવાટ કરતી બીજી શાખના લોકો કોઇ પણ જાતનો વ્યવહાર કરતા નથી, તેમજ બીજા ગામના લોકોને પણ આ અંગે જાણ કરવામાં આવે છે. આ સંદેશો પહોંચાડવાનું કાર્ય કોટવાળ કરે છે. કોટવાળના ભરણપોષણની જવાબદારી પઢાર સમાજની હોય છે. કન્યાના સગપણ વખતે પચીસ પૈસા કોટવાળને મળે છે. કોટવાળનું પદ વંશપરંપરાગત છે, પરંતુ જો કોટવાળ બિનઆવડતવાળો હોય તો તેનું પદ લઇ લેવામાં આવે છે, અને કુટુંબના બીજા કોઇ સભ્યને કોટવાળનું પદ સોંપવામાં આવે છે.



ગામના વસવાટની ઢબ :

પઢારવાસમાં પઢારો રહે. પણ ગામમાં તો બીજી ઘણી બધી જ્ઞાતિઓ હોય. તેઓ પોતપોતાના વાસમાં ઘર બાંધીને રહે. આખા ગામના વાસો એક બીજાની ખૂબ નજીક હોય છે. વચમાં એક માણસ ચાલી શકે એવો સાંકડો માર્ગ હોય છે. અછૂત ગણાતી જાતિઓ પણ ગામમાં રહે, એમનો વાસ ગામ છેવાડે હોય. છતાં ય નળકાંઠાનાં આ ગામો એટલાં ખીચોખીચ વસેલાં છે કે જોનારને એમ લાગે કે આ જાતની રહેવાની એમની આ એક સાંસ્કૃતિક ઢબ છે. (ઉત્તર ગુજરાતનાં આદિવાસી ગામો જુઓ કે દક્ષિણ ગુજરાતનાં બીજાં આદિવાસી ગામો જુઓ તો એમની બાંધણી અને નળકાંઠાનાં ગામોની બાંધણીની ભિન્નતા તરત જ જણાય આવશે.) આગળ બતાવ્યું તેમ આ ગામોની અર્થવ્યવસ્થા જમીન ઉપર ખાસ આધાર રાખતી નથી. એટલે બીજી સંસ્કૃતિઓમાં જેમ ગામ એ જમીન વ્યવસાય માટેનું એકમ હોય છે તેમ અહીં હોતું નથી. અહીં તો ગામ એ સમાજ વ્યવસ્થાપન 'માટેનું એકમ હોય એમ ચોકકસ લાગે.છે. ભારતીય ગ્રામ સમાજશાસ્ત્રમાં આ એક મહત્વનો મુદ્દો છે એના ઉપર વધુ વિસ્તારોમાં શોધ થવી જરૂરી છે.

ગામના વાસો એક બીજાથી ઘણા નજીક હોય છે. જ્ઞાતિ વ્યવસ્થાનું જે અંતર બીજી જગ્યાઓએ જોવામાં આવે છે તે અહીં રહેતું નથી. અહીં તો ભૌતિક દૂરત્વ જ ઓછું છે. બધી જ્ઞાતિઓ પઢારો સાથે ઘણી જ આત્મીયતા અનુભવતી લાગે છે. આ વાત વિસ્તારથી જોઇએ.

ગામની અન્ય જ્ઞાતિઓ સાથે સંબંધ :

પઢારો જે ગામોમાં વસવાટ કરે છે તે ગામોમાં તેમના સિવાય બીજી અન્ય જ્ઞાતિઓના લોકો પણ વસવાટ કરે છે. જેમ કે બ્રાહમણ, વાણિયા, કડવા પાટીદાર,

ભરવાડ, કોળી પટેલ, ખોજા, પ્રજાપતિ, સુથાર, લુહાર, હરિજન વગેરે. આમાં પઢારો કેટલીક જ્ઞાતિઓને પોતાની જ્ઞાતિથી ઊંચી અને કેટલીક જ્ઞાતિઓને પોતાની જ્ઞાતિથી નીચી જ્ઞાતિઓ તરીકે ગણાવે છે. આમાં પોતાની જ્ઞાતિથી જે જ્ઞાતિઓને પઢારો ઊંચી માને છે તે જ્ઞાતિઓનું પઢારો રાંધેલું અનાજ ખાઇ શકે છે, તેમજ તેમના ઘરનું પાણી પીવામાં બાધ નડતો નથી. પરંતુ આ ઊંચી જ્ઞાતિઓ પઢારના ઘરનું પાણી કે રાંધેલું ખાઇ શકતા નથી. જયારે જે જ્ઞાતિઓને પઢારો પોતાની જ્ઞાતિથી નીચી ગણે છે તે જ્ઞાતિઓનું પઢારો રાંધેલું ખાતા નથી કે પાણી પીતા નથી. આવી જ્ઞાતિઓમાં ભંગી અને વણકર જાતિનો સમાવેશ થાય છે. તો હવે આપણે પઢારોને તેમના ગામોમાં વસતી આ ઊંચી અને નીચી જ્ઞાતિઓ સાથે કેવા પ્રકારના સંબંધો પ્રવર્તે છે તે જોઇશું :

બ્રાહ્મણ : ગામમાં રહેતા બ્રાહ્મણ પાસે પઢારો કોઇ સારા કાર્યનું મૂહુર્ત કઢાવે છે તથા સ્થિતિવાળા પઢારો લગ્ન કરાવવા માટે તેમને બોલાવે છે. બદલામાં પઢારો બ્રાહ્મણને દાનદક્ષિણા અને અનાજ આપે છે.

વાણિયા : વાણિયા આમ તો પોતાનાં ગામ છોડીને ધંધાર્થે બહારગામ રહે છે. છતાં ગામમાં ઓળખાણને લીધે તેઓ જયાં રહેતા હોય ત્યાં પઢારો જાય તો તેમને બોલાવે અને તેમને કોઇ કામ અંગે મુશ્કેલી હોય તો સલાહસૂચન આપે. હાલના ધારાસભ્ય શ્રી વાડીલાલ કામદારનું મૂળ વતન રળોલ તા. લીમડી છે. તેઓ હાલ અમદાવાદ રહે છે. છતાં તેમની ઓળખાણથી તેઓ ગામના પઢારોને નોકરી ધંધો અપાવવામાં મદદ કરે છે.

કડવા પાટીદાર : પઢારો તેમને ત્યાં ખેતી કામની મજૂરી કરવા જાય છે. અને જે પઢારો ખેતી કરે છે, તેમની પાસે ખેતીનાં પૂરતાં સાધનો નહીં હોવાથી, જયારે તેમને કોઇ સાધનની જરૂર પડે તો તે એમની પાસેથી માગી લાવે છે. આ પાટીદારો સારા જમીનદારો છે.



રજપૂત : સ્વતંત્રતા પહેલાં પઢારોએ લીંમડીના રજપૂત રાજાને મદદ કરેલી એટલે પઢારોનું જમીન મહેસૂલ પણ માફ કરેલું.

બારોટ : બારોટ એટલે કે પઢારોના વૈવંચા. આ બારોટ પઢાર ગામોમાં નથી રહેતા પણ ધોળકા કે મહેસાણા રહે છે. તેઓ બે ત્રણ વરસે ગામમાં આવે છે અને પઢારોને ત્યાં નવાં જન્મેલાંનાં નામ પોતાના ચોપડામાં ઉમેરે છે અને મરણ પામેલાંનાં નામ કમી કરે છે. આમ બારોટ પઢારોની વંશાવળી રાખે છે. જયાર ગામમાં બારોટ આવે ત્યારે ગામના પઢારો શખદીઠ પાંચ મણ દાણા આપે છે.

કોળી પટેલ : ગામમાં વસતા કોળી પટેલો સાથે પણ પઢારો સંબંધ ધરાવે છે. જેમ કે એક બીજાને ત્યાં લગ્ન-મરણ જેવા પ્રસંગે ભેગા થાય છે. આ કોળી પટેલો અંગે એમ કહેવાય છે કે તેઓ પણ પઢારો સાથે બહારથી આવેલા છે. કોળી પટેલો પાસે પઢારો કરતાં જમીન વધુ હોય છે.

ખોજા : પઢાર ગામોમાં મોટા ભાગના ખોજા દુકાનદાર વેપારીઓ છે. તેઓ પઢારોને અગાઉથી પૈસા આપીને તેમનો પાક નોંધી લે છે, અને પૈસા અગાઉથી આપતા હોવાથી પાક તૈયાર થાય ત્યારે બીજા કોઇને વેચી શકાતો નથી. એક ગામમાં જાણવા મળ્યું કે ખોજા વેપારીઓએ પઢારોના મગના ૩૦ રૂપિયાના ભાવથી નોંધી લીધા હતા. અને જયારે મગનો પાક તૈયાર થયો ત્યારે તેનો બજાર ભાવ એક મણના ૭૦ રૂપિયા હતો. છતાં વેપારીએ અગાઉથી નકકી કર્યા મુજબ એક મણ મગના રૂપિયા ૩૦ થી લીધા હતા. આમ ખોજા વેપારીઓ પઢારોનું શોષણ કરે છે. સાથે સાથે પઢારોને ગમે ત્યારે માલ ઉધાર જોઇતો હોય ત્યારે આપે ખરા પણ તેનો ભાવ દોઢો કે બમણો હોય છે.

<u>ગોસાઇ</u> : ગોસાઇ લોકો ગામમાં મંદિર હોય ત્યાં પૂજા કરે તથા જો પઢારો લગ્ન માટે બોલાવે તો લગ્નની વિધિ કરાવવા પણ જાય છે.

<u>સુમા સંધી</u> : સુમા સંધી જાતે મુસ્લિમ ધર્મી છે. છતાં ગામમાં પઢારો સાથે રહેતા હોવાથી તેઓ પઢાર લોકોના તહેવારો મનાવે છે. તેવી રીતે પઢારો પણ તેમના તહેવારો મનાવે છે. ગામમાં પઢારોની વસ્તી ઓછી અને સુમા સંધીની વસ્તી વધુ ત્યાં મુસલમાનો પઢારોને ત્યાં કોઇનું મરણ થયું હોય તો દિલાસો આપવા જાય છે. કાયલા ગામમાં તો મુસલમાનો હિંગળાજ માતાને પૂજે છે. અને હિંગળાજ માતાના મઢમાં મુસ્લિમ ફકીર સેવા પૂજા કરે છે. વળી આ ફકીર કૂવો કયાં કરવાથી મીઠું પાણી મળશે અને કેટલે ઊંડેથી મળશે તે પણ જણાવે છે.

<u>પ્રજાપતિ</u> : ગામમાં રહેતા પ્રજાપતિ પઢારોને માટીનાં વાસણો પૂરાં પાડે છે. બદલામાં પઢારો બાર મહિને દસ-પંદર શેર અનાજ આપે, અને તેમને ત્યાં કોઇ સામાજિક પ્રસંગ હોય ત્યારે જમવાનું કાચું સીધુ આપે. ગામમાં પઢારના કોઇ ઓળખીતા આવે અને તે પઢારના ઘરનું જમતા ના હોય તો પઢારો પ્રજાપતિને કાચું સીધુ આપીને તેની પાસે રસોઇ બનાવડાવે છે અને મહેમાનને જમાડે છે.

<u>ભરવાડ</u> : ભરવાડો પઢારોને દૂધ પૂરું પાડે તથા બળતણ માટે છાણાં વેચાતાં આપે. પઢારો અંગે ભરવાડો એમ કહે છે કે પઢાર પ્રજા આમ તો મહેનતું પ્રજા છે. પરંતુ તે માછલાં અને પક્ષીઓનો શિકાર કરીને ખાય છે. તથા નળસરોવરમાંથી માછલાં પકડતા હોવાથી સરોવરનું પાણી ડહોળી નાખે છે. તથા ઊગતા ઘાસને નુકસાન કરે છે.



<u>લુહાર</u> : લુહાર પઢારોને તેમના ધંધાનાં સાધનો ગરમ કરી ટીપી આપે છે. ગાડાના પૈડાની વાટ ગરમ કરી ચઢાવી આપે છે. આ માટે પઢારોએ ઓજારને ગરમ કરવા માટે ઓજાર મુજબ નકકી કરેલાં છાણાં આપવાં પડે છે. મજૂરીના બદલામાં રોકડા પૈસા અથવા બાર મહિને નકકી કરેલું અનાજ આપે છે.

<u>સુથાર</u> : સુથાર પઢારોનાં ખેતી કામનાં સાધનો જેવાં કે કરબડી, રાંપ, વાવણિયો વગેરે બનાવી આપે તથા પાવડા, તિકમના હાથા તૈયાર કરી આપે છે. બદલામાં પઢારો રોકડા પૈસા અગર બાર મહિને નકકી કરેલું અનાજ આપે છે.

<u>હજામ</u> : ગામનો હજામ પઢારોની હજામતનું કામ કરે છે. હજામતના બદલામાં વરસે જેટલી વ્યકિતઓની દાઢી બનાવતો હોય તેનું વ્યકિતદીઠ પોણો મણ અનાજ આપવામાં આવે છે. પરંતુ નાનાં છોકરાં કે જેમને દાઢી થતી ના હોય અને ફકત માથાના વાળ કાપવાના હોય તેનું કંઇ આપવામાં આવતું નથી. પરંતુ જયારે આ છોકરાનાં લગ્ન થાય ત્યારે હજામને પાંચ-દસ રૂપિયા રોકડા આપવામાં આવે છે તથા એક જોડ કપડાં લઇ આપવામાં આવે છે. હજામ પઢારના ઘરનું રાંધેલું ખાતો નહીં હોવાથી લગ્ન જેવા પ્રસંગે તેને કાચું સીધુ-દાળ, ચોખા, ગોળ, તેલ- આપવામાં આવે છે.

<u>વાઘરી</u> : વાઘરી અને પઢારો ધાર્મિક રીતે સંકળાયેલા જોવા મળે છે. આ બંને જાતિઓ કાળકા માતાની પૂજા કરે છે. આ અંગે એમ કહેવાય છે કે વરસો પહેલાં કોઇ ગુનાસર પઢારોને અને વાઘરીઓને પકડવામાં આવેલા અને તેમની સામે કેસ ચાલતાં તેમને ગુનેગાર ઠરાવીને ફાંસીનો હુકમ થયેલો. વચમાં એક રાત બાકી હતી ત્યારે આ બંને જાતિઓએ કાળકા માતાની બાધા રાખી કે, હે માતા જો તું અમને ફાંસીની સજામાંથી બચાવીશ તો અમે તારી કાયમ માટે પૂજા કરીશું. આથી કાળકા માતા તેમની પર પ્રસન્ન થયાં. અને

બીજા દિવસે માતાની કૃપાથી ફાંસીનો હુકમ માંડવાર થયેલો એમ પઢારો જણાવે છે. અને ત્યારથી આ બંને જાતિઓ કાળકા માતાને પૂજે છે. શિયાળ ગામમાં તો આ બંને જાતિનાં રહેવાનાં ઘરો કાચાં માટીનાં છે પરંતુ માતાના મઠ પાકા બનાવેલા છે. વાઘરી અને પઢારોના વાસ જુદા જુદા છતાં કાળકા માતાનો મઠ એક સાથે જોવા મળે છે.

<u>વણકર</u> : ગામમાં વસવાટ કરતા વણકરો પઢારો વિષે એમ કહે છે કે પઢાર પ્રજા દુખી અને ગંદી તથા પાપી પ્રજા છે. તેમને ગમે તેટલી મદદ કરો તો પણ તે ઊંચી આવશે નહીં. કારણ કે માછલી મારે છે અને પક્ષીઓ પકડે છે. આવું પાપ કરતા હોવાથી ભગવાન તેમને સુખી કયાથી કરે ?

<u>ભંગી</u> : ભંગી પઢાર સ્ત્રીને પાણી ભરવા જતાં બેડું માથે મૂકવા વપરાતી ડાબની ઉઢરણી, ઘર સાફ કરવા માટે સાવરણી તથા અનાજ સાફ કરવા માટે સૂપડું વગેરે પૂરાં પાડે છે. આના બદલામાં પઢારો એ ભંગીને ખેતીમાં પાક તૈયાર થાય ત્યારે, જો ખળે જાય તો પાંચ-સાત શેર દાણા આપે છે. તેમજ પોતાને ત્યાં કોઇ સારો પ્રસંગ હોય ત્યારે જમવાનું અને બે-પાંચ રૂપિયા રોકડા આપે છે. આ સિવાય કોઇ વ્યવહાર રોકડમાં થતો નથી.

આમ પઢારો ગામમાં વસતી બીજી જ્ઞાતિઓ સાથે કોઇને કોઇ રીતે સંકળાયેલા જોવા મળે છે. આખું ગામ એક સામાજિક (અને સમાજશાસ્ત્રીય )એકમ છે. પ્રત્યેક ગામને પોતાની માતાનું સ્થાનક હોય છે. હિંગળાજ માતા એ ગામની માતા હોય છે. એની આણ આખા ગામમાં પ્રવર્તે છે. ગામના ઝઘડા પણ ગામના પટેલ કે આગેવાનો પતાવે છે. ગામને પોતાની જમીન તથા હદ હોય છે.



પઢાર જાતિ પણ એક સામાજિક એકમ છે. બધા પોતાને પઢાર જાતિના માને છે અને બીજાથી જુદા છે એમ પણ માને છે. એમનાં બાર ગામ છે, હિંગળાજ માતાએ આ બધાં અહીં વસાવ્યાં છે એમ માને છે. સમગ્ર જાતિનું એક જાતિપંચ પણ હોય છે.

<u>સમગ્ર જાતિપંચ</u> :

આ જાતિપંચ સમગ્ર પઢાર જાતિનું બનેલું છે. આ જાતિપંચમાં જે પઢારનાં બાર ગામ છે તે દરેક ગામના ગામ પટેલ સભ્ય હોય છે. આ સમગ્ર જાતિ પંચ 'બાર ગામના ચોરા' તરીકે ઓળખાય છે. બારગામનો ચોરો રાણાગઢમાં છે. આ બારગામના ચોરાનો આગેવાન રાણાગઢ ગામનો દોમડા શાખનો પઢાર છે. તેનું પદ વંશપરંપરાગત છે.

આ બાર ગામના ચોરામાં એક ગામ અને બીજા ગામ વચ્ચેના ઝઘડાના પ્રશ્નો આવે છે. આ પ્રશ્નોમાં છોકરીને સાસરે ન મોકલવી, છોકરીને તેના સાસરામાં તેડતા ન હોય, છૂટાછેડા લેવાના હોય, જાતિના રિવાજોની અવગણના થતી હોય વગેરે. આવા પ્રશ્નો બારગામના ચોરા સમક્ષ આવે છે. અને આ બારગામનો ચોરો જે ન્યાય આપે તેનું ઉલ્લંઘન કોઇ પણ કરી શકતું નથી. એટલું જ નહીં પરંતુ બારગામના ચોરાના ન્યાયની ઉપરવટ જઇ કોઇથી કોર્ટમાં ફરિયાદ પણ કરી શકાતી નથી. જો કોઇ તેનું ઉલ્લંઘન કરે તો તે વ્યકિતને સમગ્ર જ્ઞાતિની બહાર મૂકવામાં આવે છે. અને તે વ્યકિત સાથે બોલવા ચાલવાનું, હુકકા પાણી કે લગ્ન સંબંધ પણ બંધ કરવામાં આવે છે.

મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન એક કિસ્સો એવો બનેલો કે શાહપુર ગામના પઢાર અને દરજી (દુર્ગી) ગામના પઢારો વચ્ચે ઝઘડો થયેલો અને તેમાં શાહપુરના પઢારોએ દરજી (દુર્ગી) ગામના એક પઢારને મારેલો. આથી તે પઢારે બારગામના ચોરા સમક્ષ ફરિયાદ

કરેલી. એટલે બારગામના ચોરામાં એવો ન્યાય કરવામાં આવેલો કે શાહપુર ગામના પઢારો સાથે બીજા ગામના પઢારોએ દરેક જાતનો વ્યવહાર બંધ કરવો. આમ શાહપુર ગામના બધા પઢારોને જ્ઞાતિ બહાર મૂકેલા. શાહપુર ગામમાં પોતાની દીકરી પરણાવી હોય અને તે તેના પિયરના ગામે આવે તો તેની સાથે પણ ગામના બધા પઢારો અને તેનાં મા-બાપ પણ પાણીનો ભાવ પૂછી શકે નહીં એટલો કડક પ્રતિબંધ મૂકવામાં આવેલો. આથી શાહપુર ગામના પઢારોએ બારગામના ચોરા સમક્ષ માફી માગી ત્યારે જ તે ગામને જ્ઞાતિની અંદર લેવામાં આવેલું.

પઢાર સમાજમાં કાયદા- નિયમો-ની પાછળ બે પ્રકારની અનુમતિ રહેલી જોવા મળે છે. (૧) અનુમતિ અને (૨) વિમતિ. પહેલા પ્રકારની અનુમતિ વ્યકિતને જનકલ્યાણનાં કાર્યો કરવા પ્રેરે છે, કે જે સમૂહની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનાં હોય છે. આ કાર્યો દ્વારા સમૂહનાં હિતોનું રક્ષણ થતું હોવાથી તેને કલ્યાણકારી માનવામાં આવે છે. આથી આવા નિયમોનું જે વ્યકિત અથવા શખ્સ પાલન કરે છે તેનું સમગ્ર પઢાર સમાજ બહુમાન કરે છે. બીજા પ્રકારની અંદર એવા નિયમોનો સમાવેશ કરવામાં આવ્યો છે કે કોઇ વ્યકિત અગર શખ્સથી લોકહિત વિરોધી કાર્યો ન કરવાનો આદેશ આપે છે. આ રીતે આ વિમતિ દ્વારા સમાજની હિતની વિરુધ્ધનાં કાર્યો રોકવામાં આવે છે. અને જે વ્યકિત વિરુધ્ધનાં કાર્યો કરે છે તેની નિંદા કરે છે અગર તેને જ્ઞાતિ બહાર મૂકવામાં આવે છે.

પઢાર સમાજમાં કાયદાની પાછળની વાસ્તવિક અનુમતિ પઢારોનો લોકમત છે. કારણ કે પઢાર સમાજ કદ-સંખ્યા-ની દ્રષ્ટિએ નાનો છે. તેથી દરેક પઢાર પરસ્પર એક બીજાને સારી રીતે ઓળખતા હોય છે. આથી કોઇ વ્યકિત કોઇ કાર્ય કરતાં પહેલાં બીજાઓ પોતાના વિષે શું ધારશે તેની ચિંતા હમેશાં કરતા હોય છે. જો કોઇ વ્યકિત સમાજની વિરુધ્ધનું



કાર્ય કરે તો તેનું સ્થાન ખૂબ જ નીચું બની જાય છે. અથવા તો પઢાર સમાજ તે વ્યકિતનો બહિષ્કાર કરે છે.

પઢારોમાં તેમની જ્ઞાતિનું બંધારણ લેખિત સ્વરૂપે નથી. એકની એક જ વાતનું વારંવાર પુનરાવર્તન થયા કરે એટલે તે એક રૂઢિ થઇ જાય છે. અને તે પછી એ પરંપરાગત રીતે તેનું પાલન કરે છે.

નળકાંઠો આપણે જોયું તેમ એક ભૌગોલિક વિસ્તાર છે. છતાં એ એક સામાજિક એકમ પણ છે. ત્યાં રહેનારને એ પોતીકો પ્રદેશ લાગે છે. તેની કેટલીક ખાસિયતો પણ એઓ જણાવે છે. અહીં પાણી નથી મળતું, ખારૂ બહુ રહે છે, હિંગળાજે વસાવેલા છે. અમારું નળ ઉપર જીવન છે, લોકો બહું પછાત છે, એવું એવું ઘણું લોકમાનસમાં પ્રવર્તે છે. પાણીનું દુઃખ છે છતાં અને જમીનનો આવો કારમો પ્રશ્ન હોવા છતાં પઢારોને તેમનાં ગામ અને નળસરોવરની એટલી બધી માયા છે કે તેમને આ વિસ્તારમાંથી બીજે વસાવવાનું પૂછવામાં આવે છે તો તેઓ પોતાનું ગામ અને નળસરોવર છોડીને બીજે કયાંય જવાનું ના પાડે છે. તેઓ જણાવે છે કે . અમો અહીં છીએ તેથી જ જીવતા રહયા છીએ. કારણ કે અગાઉ ઘણી વખત દુષ્કાળ પડવાથી જયારે અમને અનાજ મળતું નહીં ત્યારે અમે નળસરોવરમાંથી બીડની ગાંઠો ખોદી લાવીને તેને સાફ કરી, તેના રોટલા ખાઇને જીવ્યા છીએ. જો અમને અહીંથી દૂર બીજે વસાવવામાં આવ અને કોઇ ટાઇમ દુકાળ પડે, અને અમને કોઇ તરફથી કંઇ મદદ ના મળે તો અમે હેરાન થઇ જઇએ.

બીજું એક કારણ તેમની ધાર્મિક માન્યતા તેમનાં ગામ અને નળસરોવર સાથે વણાઇ ગયેલી જોવા મળે છે. પઢારો જણાવે છે કે જયારે અમે સિંધમાંથી અહીં આવ્યા ત્યારે માતા હિંગળાજે અમારા પૂર્વજો જે બાર ભાઇઓ હતા તેઓ દરેકને નળસરોવર ફરતાં બાર ગામોમાં

વસાવ્યા હતા. અને માતા હિંગળાજ પોતાની સાથે જ બીડ નામનું કંદમૂળ લાવેલાં તે નળસરોવરમાં વાવેલું. આ કંદમૂળમાંથી અનેક કંદમૂળ થયાં અને તે અમારા ખોરાક માટે ઉપયોગમાં આવે છે. તો અમોને માતા હિંગળાજ અમારાં ગામ, અમારા પૂર્વજોને વસાવવા કહેલાં તે ગામો છોડીને અમે બીજે જઇએ તો માતા હિંગળાજ અમારા ઉપર રૂઠે.

પઢારોને તેમની માતૃભૂમિ પર અને નળસરોવર ઉપર ઘણી બધી માયા છે, તે તેમનાં લોકગીતોમાં પ્રગટ થતી જોવા મળે છે. આ માટે આપણે એક નીચેનું લોકગીત જોઇએ.

મેં તો નળમાં વાવ્યો
---

મેં તો નળમાં વાવ્યો ગોંદરો,
મેં તો નળમાં વાવ્યો ગોંદરો !
માથે રઇ ગિયાં છે બાત,
મૂઠ સાબેલું લેવું પડ રે !
ખંભે કોદાળી પાંગડી રે !
માથે રઇ ગિયાં છે બાત,
મૂઠ સાબેલું લેવું પડ રે !
મેં તો ખઇને માંડયું ખોદવા રે !
મેં તો વાળી દીધો છે ખંગ,
મૂઠ સાબેલું લેવું પડ રે !
બીડનાં કાળા જૂના ગાંઠિયા રે !
તીની ધોળી જોને હેલ રે !
મૂઠ સાબેલું લેવું પડ રે !

...

પ્રકરણ - ૧૦
---

ધર્મ
---

સમાજની બધી જ ઘટનાઓ અને સૃષ્ટિનાં રહસ્યોને મનુષ્ય સમજી શકતો નથી. પોતાના જીવનમાં બનતી ઘટનાઓમાંથી તે શીખે છે કે એવી કેટલીક ઘટનાઓ અસ્તિત્વ ધરાવે છે કે જેને પોતે વશમાં રાખી શકતો નથી. આથી સ્વાભાવિક રીતે જ તેનામાં એક પ્રકારનો ખ્યાલ દૃઢ થાય છે કે કોઇ એવી શક્તિ હોવી જોઇએ કે જેને જોઇ શકાતી નથી, પરંતુ જે મનુષ્ય કરતાં વધારે શક્તિશાળી છે. આ શક્તિને પોતાના લાભમાં લાવવાનો એક માત્ર ઉપાય તેની પૂજા, પ્રાર્થના અને આરાધના કરવાનો છે. આ અગમ્ય શક્તિ સાથે સંબંધિત વિશ્વાસો અને વ્યવહારો એની સાથે સંકળાયેલ ભૌતિક સાધનસામગ્રી અને એવાં વ્યક્તિઓ કે વ્યક્તિસમૂહો : એક સંશ્લિષ્ટ અંકુસે ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. જે પ્રત્યેક માનવસમાજમાં કોઇને કોઇ સ્વરૂપમાં અવશ્ય દ્રષ્ટિગોચર થયા કરે છે.

પઢાર જાતિમાં કોઇ અલૌકિક શક્તિ પરનો વિશ્વાસ જ ધર્મનો મૂળ આધાર માનવામાં આવે છે. એમનામાં કેટલાંક દેવી-દેવતા એવા જોવા મળે છે જે એમની સમગ્ર જાતિની, કોઇ શાખની તો કોઇ ગામની રક્ષા કરે છે. દેવી-દેવતાના કોપથી બચવા માટે તથા તેમને પ્રસન્ન રાખવા માટે જુદી જુદી પૂજાવિધિ કરવામાં આવે છે. સાથે સાથે પઢાર જાતિ ગામમાં વસતી બીજી અન્ય હિંદુ જાતિઓ સાથે આત્મસાત થઇ ગઇ હોવાથી હિંદુ દેવી-દેવતાઓને, પોતાના દેવી-દેવતાઓની સાથે એકરૂપ કરી દીધા છે. તેમના ધાર્મિક ઉત્સવો પણ બીજી બિનઆદિવાસી હિંદુ લોકોના જેવા જ જોવા મળે છે.

જેમ ગુજરાતની બીજી આદિવાસી જાતિઓ ભૂત, પ્રેત અને ડાકણમાં માને છે તેમ પઢારો પણ ભૂત, પ્રેત અને ડાકણમાં માને છે. આથી કુટુંબમાં કોઇ બિમાર પડે, કોઇ સ્ત્રીને પ્રસૂતિમાં પીડા થતી હોય, કે ઘરે પશુઓ બિમાર પડે ત્યારે તેઓ દર્દીને દવાખાને લઇ જવાને બદલે તેમના ભૂવાને બોલાવે છે. ભૂવો આવીને દાણા જુએ ધૂણે અને બિમાર માણસને બાધા-માનતા આપે છે. ભૂવો આવી બિમારીઓથી બચાવે છે તેમ પઢારો માને છે.

ધર્મની સાથે તેમના તહેવારો, ઉત્સવો, વાર્તાઓ તથા લોકનૃત્યો વણાઇ ગયેલાં દ્રષ્ટિગોચર થાય છે.

પઢારો પોતાની શાખની કુળદેવીને નવરાત્રની આઠમે નૈવેધ ચઢાવે છે. નૈવેધમાં સવાશેર ચોખાનો ખીચડો બનાવવામાં આવે છે. અને તે ખીચડો કુળદેવીને ધરાવીને પછી શાખના બધા પ્રસાદ રૂપે લે છે.

પોષ માસની પુનમે ગામની સમગ્ર પઢાર જાતિ ઝૂંપાળી માતાના મઢે ભેગી થાય છે અને ઝૂંપાળી માતાને નૈવેધ ચઢાવે છે. આ ઝૂંપાળી માતા એ સમગ્ર પઢાર જાતિની કુળદેવી ગણાય છે. આ માતાને જે નૈવેધ ચઢાવવામાં આવે છે તેને વરાધ તરીકે ઓળખવામાં આવે છે. આ વરાધ કરવાનું ખર્ચ ગામના બધા પઢાર લોકો ઉઠાવે છે. કોઇ અનાજ લાવે, કોઇ ગોળ લાવે તો વળી કોઇ બીજું કંઇ લઇ આવે. આમ વરાધ માટેનો સામાન એકત્ર કરવામાં આવે છે. જેની પાસે જે કંઇ વસ્તુ હોય તે લાવે અને કોઇની પાસે ચીજવસ્તુમાં કંઇ ના હોય તો તે પોતાની શક્તિ પ્રમાણે રોકડ રકમ આપે. આ રોકડ રકમમાંથી ખૂટતી વસ્તુઓ ખરીદી લાવે અને વરાધનું કામ પતાવે છે.



કૌટુંબિક દેવી-દેવતા :

પઢારો પોતાની શાખ તેમજ સમગ્ર પઢાર જાતિના દેવી-દેવતા ઉપરાંત પોતાના કુટુંબના આગવા દેવી-દેવતામાં માનતા ધરાવે છે. આ કૌટુંબિક દેવી-દેવતાનું સ્થાનક પોતાના વસવાટના મકાનની અંદરના કોઇ એક ભાગમાં રાખતા હોય છે. મકાનની અંદરના આ ભાગમાં ઋતુમતિ સ્ત્રી જઇ શકતી નથી. આ જગ્યાએ સ્વચ્છ થઇને જવું પડે છે. અને તે સ્થળે વર્ષમાં એકવાર-કારતક માસમાં કે ચૈતમાસમાં-નૈવેધ કરે છે-ચઢાવે છે.

આર્થિક ક્ષેત્રમાં ધર્મનું સ્થાન :

પઢારોની અર્થઉપાર્જનની કોઇ પણ પ્રવૃત્તિ એવી નહીં હોય કે જેમાં ધર્મનાં દર્શન થતાં ના હોય. આ અર્થઉપાર્જનની પ્રવૃત્તિમાં ખેતી હોય કે મજૂરી અથવા મચ્છીમારી પરંતુ દરેક પ્રવૃત્તિ ધાર્મિક ક્રિયાકાંડોથી વણાઇ ગયેલી જોવા મળે છે. પઢારોના આર્થિક જીવનમાં ધર્મનું શું સ્થાન છે તે નીચે આપવામાં આવ્યું છે.

અનાજની વાવણી :

અખાત્રીજના બીજા દિવસની ચોથને પઢારો ગણેશચોથ તરીકે ઓળખાવે છે. જેમ અન્ય હિંદુ જાતિઓ શુભકાર્યની શરૂઆતમાં ગણપતિનું પૂજન કરે છે તેમ પઢારો પણ ગણેશચોથના દિવસે પોતાની શાખમાતાને નૈવેધ ચઢાવે છે. જે પઢારો ખેતી કરતા હોય તેઓ સાંતીડુ જોડીને પોતાના ખેતરે જઇને, હળથી જમીનમાં પાંચ ચાસ પાડી વાવણીનું મૂહુર્ત કરતા હોય છે. જો પોતાની પાસે સાંતીડું ના હોય તો કોદાળીથી જાતે પાંચ ચાસ કરે છે અને આ ચાસની અંદર પૈસો, કંકુ તથા સોપારી મૂકે છે. અને ત્યાર પછી ચાસમાં જે કંઇ અનાજ લાવ્યા હોય તે વાવે છે. આ દિવસે વાવણીનું મૂહુર્ત કર્યા પછી જયારે ચોમાસાની શરૂઆત થાય ત્યારે કોઇ ધાર્મિક વિધિ કર્યા સિવાય વાવણી કરવામાં આવે છે.

નવું મકાન બનાવવું કે નવા મકાનમાં રહેવા જવું :

પઢારો પોતાનું નવું મકાન બનાવતા પહેલાં જમીનમાં ખાડો ખોદીને તેમાં પૈસો અને કંકુ મૂકે છે તથા નાળિયેર વધેરે છે. પછી મકાનનો પાયો પૂરવામાં આવે છે. મકાન તૈયાર થઇ ગયા પછી નવા મકાનમાં વસવાટ કરવા જતા પહેલાં પાંચ કુંવારિકાઓને જમાડે છે. આ કુંવારિકાઓ કુંવારી તો ખરી જ પરંતુ સાથે સાથે તે કુંવારિકાને માસિક ધર્મની શરૂઆત થઇ ના હોય તેને જ જમાડવામાં આવે છે.

સામાજિક કાર્યમાં ધર્મનું સ્થાન :

જેમ અન્ય હિંદુ જાતિઓમાં લગ્ન જેવા પ્રસંગો ધાર્મિક વિધિવિધાન સાથે વણાઇ ગયેલા હોય છે, તેવી રીતે પઢારોમાં પણ સામાજિક રીતરિવાજો ધર્મની સાથે વણાઇ ગયેલા જોવા મળે છે.

પઢારોમાં કુટુંબમાં કોઇ વ્યકિતના લગ્ન અંગે વાતચીત શરૂ થાય ત્યારે પ્રથમ પોતાની કુળદેવીને સંભાળે છે. અને બોલે છે કે હે માતા મારે ત્યાં લગ્નનો પ્રસંગ કોઇ વિઘ્ન વગર સારી રીતે પાર પડશે તો હું તને પાંચ અથવા સાત નાળિયેરનું તોરણ ચઢાવીશ. અગર પ્રથમ કુળદેવીનાં દર્શન કર્યા પછી જ હું જમીશ. એવી માનતા રાખે છે.

તહેવારો, ઉત્સવો, મેળાઓ :

તહેવારો : સામાન્ય રીતે માતાના મુખ્ય તહેવારો ઉપરાંત હિંદુ સમાજના તહેવારો પઢારો પોતાની રીતે ઉજવે છે.

આસો માસમાં નવરાત્રીના દિવસોમાં આઠમને દિવસે નૈવેદ્ય ધરાવે છે. પહેલાં આ દિવસે માતાને પાડાનો ભોગ આપતા, હવે તે બંધ કર્યું છે. હવે થાળીમાં પાડાનું ચિત્ર દોરી. તેનાથી એમ માને છે કે માતાને પાડાનો ભોગ ચઢાવ્યો.



ચૈત્ર માસની વદ આઠમને દિવસે 'જાતર' કાઢે છે. આ દિવસે માતાના મઢે બધા પઢારો ભેગા થાય છે. ખીજડાના પાનની ચૂંદડી બનાવીને માતાને ઓઢાડે છે, તથા ખીજડાના પાનના બે દડા બનાવી માતાના માથે મૂકવામાં આવે છે. આમાં એક દડો દુષ્કાળ અને બીજો દડો સારા વર્ષનું પ્રતિક હોય છે. દડા માતાના માથા ઉપર મૂકયા પછી ભૂવો ધૂણવા લાગે છે અને ડાકલાં વગાડવામાં આવે છે. માતાના માથે મૂકેલા દડામાંથી ગમે તે એક દડો ભૂવાના ખોળામાં પડે છે. અને એ દડા ઉપરથી વરસ કેવું આવશે તેનું અનુમાન કરે છે. જો વરસ સારું આવવાનું હોય તો સારા વર્ષના પ્રતિકનો દડો ખોળામાં પડે છે અને ખરાબ આવવાનું હોય તો દુષ્કાળના પ્રતિકનો દડો ભૂવાના ખોળામાં પડે છે.

વૈશાખ માસની સુદ ચોથના દિવસે હિંગળાજ માતા સિંધમાંથી નળસરોવર આવવા નીકળી હતી તેમ પઢારો માને છે. આથી આ દિવસે માતાનો ઉત્સવ મનાવે છે, તથા માતાને નૈવેદ્ય ચઢાવે છે.

શ્રાવણ વદ આઠમને દિવસે દરેક ગામમાં પઢાર સ્ત્રી-પુરૂષો અને બાળકો ભેગાં થાય છે અને રાસ ગરબા ગાય છે.

આ સિવાય દિવાળી, ઉત્તરાયણ, વસંતપંચમી, હોળી, ગોકુલાષ્ટમી જેવા તહેવારો પોતાની રીતે મનાવે છે.

શ્રાવણ માસની પાંચમે નાગપંચમીનો તહેવાર ઉજવે છે. આ દિવસે પઢારો 'ચરમારીયા' અથવા 'ઘોઘાદાદા'ને નાળિયેર ચઢાવે છે. આ 'ચરમારીયા'અથવા 'ઘોઘાદાદા' ઝેરી જીવનજંતુઓથી તેમનું રક્ષણ કરે છે તેમ તેઓ માને છે. કોઇ માણસને ઝેરી જીવજંતુ કરડયું હોય તો 'ઘોઘાદાદા'ની બાધા રાખે છે. અને વ્યકિતને સારું થઇ જતાં માનેલી બાધા પૂરી કરે છે. આ ચરમારીયા અથવા ઘોઘાદાદાનું દેવસ્થાન રાણાગઢમાં આવેલું છે. ત્યાં બધા

ગામના પઢારો નાગપાંચમના દિવસે ભેગા થાય છે અને ધોંધાદાદાને નૈવેધ ચઢાવે છે.

આમ નવરાત્ર અને નાગપાંચમ એ પઢારોના ધાર્મિક તહેવારો છે. નવરાત્રના નવ દિવસ, ગામમાં વસતા પઢારો પોતાની કુળદેવીના મઢે ભેગા થાય છે. અને ત્યાં માતાના ગરબા, રાસ અને જુદાં જુદાં ધાર્મિક નાટકો ભજવે છે. નાટકોમાં રામલીલા, શ્રવણનું નાટક, રામદેવપીરનું નાટક વગેરે ભજવે છે. આમ નવરાત્રના નવ દિવસ દરરોજ, કોઇ દિવસ રાસ, કોઇ દિવસ માતાના ગરબા તો વળી કોઇ દિવસ નાટક ભજવે છે.

મેળાઓ :
-------

કારતક સુદ ૧૧ થી ૧૫ સુધી ધોળકા તાલુકાના વૌઠા ગામમાં ભરાતા 'વૌઠાના મેળા'માં પઢારો ઘણા ઉત્સાહથી ભાગ લે છે. આ સ્થળે સાત નદીઓનો સંગમ થાય છે એટલે આ સ્થળ પવિત્ર માનવામાં આવે છે. આ સાત નદીના સંગમમાં સ્નાન કરવાથી અતિ પૂણ્ય મળે છે તેમ પઢારો માને છે. આ પાંચ દિવસ તેઓ મેળામાં આનંદોત્સવ માનવે છે.

ભારતીય સમાજમાનવશાસ્ત્રના ઇતિહાસમાં પઢારોની ઉત્પત્તિ કથા પહેલીવાર મને મળી છે, તે નીચે પ્રમાણે છે :

હિંગળાજમાતા અને પઢારોના મૂળ વતન અંગે પઢારો પાસેથી નીચે પ્રમાણે કિંવદંતી જાણવા-સાંભળવા મળે છે:

હિંગળાજમાતા અને તેની બહેન ભૂરેખ કાસીરના મેર ગઢવીની દિકરીઓ હતી. એક વખતે કાસીર કોળીને સ્વપ્નમાં માતા હિંગળાજે દર્શન દીધાં અને જણાવ્યું કે તમે તમારા રાજયમાં અમારું સ્થાનક બનાવો, અને અમારી આરાધના કરો. આથી કાસીરકોળીએ બંને બહેનોનું સ્થાનક બનાવડાવ્યું અને તેમની આરાધના શરૂ કરી. માતાના સ્થાનકમાં સેવા-પૂજા



ભૂવો કરતો, અને આ ભૂવાને સેવા પૂજામાં મદદ કરવામાં, ધૂપ-દીવા કરવા જે મદદ કરતા તે પઢિયાર તરીકે ઓળખાવવા લાગ્યા. અને પઢિયારમાંથી પઢાર તરીકે ઓળખાવવા લાગ્યા. માતા હિંગળાજની સારી રીતે સેવા-પૂજા કરવાથી માતા હિંગળાજ કાસીરકોળી ઉપર ખુશ થયાં અને તેને વરદાન આપ્યુ કે તારા રાજયમાં કયારે ય દુષ્કાળ નહીં પડે અને લોકો સુખી થશે.

બીજી તરફ સિંધ પ્રાંતમાં મહંમદ બેગડો નામે બાદશાહ રાજય કરતો હતો. તેને કાસીરકોળીના સ્વપ્નની અને માતાના સ્થાનકની તથા વરદાનની વાત જાણવા મળી. એટલે તે માતા હિંગળાજને અને પૂજારી ભૂવાને તથા ભૂવાને મદદ કરનારને સિંધમાં લઇ આવે છે. અને માતા હિંગળાજની સારી રીતે સેવા-પુજા કરાવે છે. તેના કારણે સિંધમાં દુષ્કાળ પડતો બંધ થયો અને લોકો સુખ શાન્તિથી રહેવા લાગ્યા.

બીજી તરફ કાસીરમાંથી હિંગળાજ માતા ચાલી જવાથી કાસીરકોળીને દુ:ખ પડવા લાગ્યું તથા તેની પ્રજા હેરાનપરેશાન થવા લાગી. આથી કાસીરકોળી વિચાર કરે છે કે માતા હિંગળાજના વરદાન છતાં મારા દેશમાં આમ કેમ બનવા લાગ્યું ? વિચાર કરતાં કરતાં તેને ખબર પડી કે હિંગળાજમાતા અને તેની બહેન ભૂરેખ ચાલી જવાથી મને અને મારી પ્રજાને દુ:ખ પડે છે. આથી કાસીરકોળી અને તેની પત્ની માતા હિંગળાજની શોધ કરવા નીકળ્યાં. અને શોધતા શોધતા તે સિંધમાં આવી પહોંચ્યાં. તેઓ સિંધમાં આવીને જુએ છે તો દેવળે દેવળે દીવા બળે છે, અને લોકો સુખથી રહે છે. રસ્તે ખૂબ ચાલવાથી તે અને તેની પત્ની ખૂબ થાકી જાય છે આથી તે બંને એક જગ્યાએ સૂઇ ગયાં. એટલામાં મહંમદ બેગડાનો પ્રધાન ફરતો ફરતો ત્યાં આવી ચઢયો. અને તેમને પૂછયું કે કોણ છો ? તો જવાબ મળ્યો કે હું કાસીરકોળી છું. કાસીરમાં ખૂબ દુ:ખ પડવાથી હું અને મારી પત્ની અહીં આવ્યાં છીએ. મહંમદ બેગડો તેના રાજયમાં કોઇને ભૂખે સુવા દેતો નથી. તેણે કાસીરકોળીને ખાવાનું આપ્યું. કાસીરકોળીએ વિચાર

કર્યો કે અહીં આટલી જાહોજલાલી છે તો માતાનો વાસ અહીં જરૂર હશે જ. આથી તે માતા હિંગળાજને સાદ પાડે છે કે માતા તમે ક્યાં છો ? કાસીરથી તમારા ચાલ્યા જવાથી હું અને મારી પ્રજા દુ:ખી થઇ રહયાં છીએ. ત્યાં માતા હિંગળાજે કાસીરકોળીને દર્શન દીધાં અને સોનાનો કળશ ભેટ આપ્યો. અને સાથે એવું વરદાન આપ્યુ કે આ કળશ તારી પાસેથી કોઇ લઇ શકશે નહીં અને જો લેવા જશે તો તેનો જીવ જશે.

કાસીરકોળી ત્યાંથી ગાડામાં માતા હિંગળાજ અને સાથે તેના પૂજારી ભૂવાને તથા પૂજામાં ધૂપ-દીપ કરવામાં મદદ કરનાર પઢિયારો સાથે ચાલી નીકળ્યા. મૂળે એ સાત ભાઇ હતા, તેના વધતાં બાર થયા હતા. સાથે ગાડાના ભંડારિયામાં છૂપાઇને એક સુમા મુસ્લિમ પણ આવ્યો હતો. ગાડામાં બેસી રસ્તો કાપતાં કાપતાં રસ્તામાં સરોવર આવ્યું. એટલે સરોવર પાર કરવા માટે તેમણે ઘાસ કાપીને તરાપો બનાવ્યો અને તેની ઉપર બધા બેઠા. એટલે ગાડાના ભંડારિયામાં છૂપાઇ રહેલો સુમો મુસલમાન પણ બહાર નીકળ્યો અને કહેવા લાગ્યો કે મને પણ તમારી સાથે તરાપામાં બેસાડી લઇ જાવ. કાસીરકોળીને આ મુસલમાને જોઇએ અને તેનું બોલવું સાંભળીને કાળ ચઢયો. અને મનમાં વિચાર કર્યો કે આને તરાપા પર બેસાડી સરોવરની વચ્ચે લઇ જઇ પાણીમાં ધક્કો મારીને મારી નાંખીશ. આમ વિચારી તેને પણ તરાપા પર બેસાડી સરોવર પાર કરવા માટે ચાલવા માંડયું. અને જયાં સરોવરમાં વધારે ઊંડું પાણી આવ્યું એટલે કાસીરકોળીએ તેને પાણીમાં ધક્કો માર્યો. પણ તેના નસીબજોગે તરાપાને નાંગરવા માટેનું દોરડું પાણીમાં ખેંચાતું હતું તે તેના હાથમાં આવ્યું અને તે તેણે પકડી લીધું. અને તરાપાની પાછળ પાછળ છાનોમાનો ખેંચાવા લાગ્યો. તરાપો સરોવર પાર કરીને કિનારે આવ્યો એટલે બધા તરાપા પરથી નીચે ઉતરી ગયા. અને પેલો સુમો મુસલમાન પણ તરાપાની પાછળ છૂપાયેલો તે પણ બહાર નીકળ્યો. એને જોઇને કાસીરકોળીને



રીસ ચડી કે આને પાણીમાં ધક્કો માર્યો છતાં તે જીવતો રહયો તો તેને હવે અહીં જ પૂરો કરું. એમ કહી તે તેને મારવા ધસ્યો. પણ સુમો મુસલમાન કાસીરકોળીને કગરવા લાગ્યો અને કહયું કે મને મારશો નહીં હું તમારે આશરે આવ્યો છું. હું પણ માતા હિંગળાજની પૂજા કરીશ. આથી કાસીરકોળીને દયા આવી અને તેને જીવતો રહેવા દીધો. સરોવર પાર કરીને સોનાનો કળશ એક સૂડલા-ટોપલા-માં મૂકીને તેને ચૂલા પર ટીંગાડયો. અહીં માતાની પૂજા થાય છે અને દેવળે દેવળે દીવા બળે છે.

બીજી તરફ સિંધમાં મહંમદ બેગડાને ખબર પડવાથી તે કાસીરકોળી પાસેથી સોનાનો કળશ પાછો મેળવવા માટે તેના માણસો પાછળ પાછળ આ સરોવર કાંઠા સુધી આવ્યા. અને આવીને કાસીરકોળીને પૂછયું કે તું આ કળશ કયાંથી ચોરી લાવ્યો છે ? તો કાસીરકોળી જવાબ આપે છે કે હું ચોરી કરીને લાવ્યો નથી. મને માતા હિંગળાજે ભેટ આપ્યો છે. છતાં મહંમદ બેગડાના માણસો કાસીરકોળીને પકડી જઇને કચેરીમાં હાજર કરે છે. ત્યાં તેને પૂછવામાં આવતાં ત્યાં પણ તે એ જ જવાબ આપે છે કે મેં કળશની ચોરી કરી નથી. મને માતા હિંગળાજે ભેટ આપ્યો છે. છતાં બાદશાહ માનતો નથી અને કહે છે કે જો તું સાચું નહીં બોલુ તો કાલે તને સૂળીએ ચઢાવવામાં આવશે. એટલું કહી તે પોતાના મહેલની સાતમી મેડી પર જઇને સૂઇ ગયો, અને કાસીરકોળીને જેલમાં મોકલી આપ્યો. રાત્રે માતા હિંગળાજ, જયાં બાદશાહ ઊંઘતો હતો, તેની પાસે આવીને, તેને કહે છે કે જાગૃત થા. તેં કાસીરકોળીને શા માટે જેલમાં પૂર્યો છે ? તો બાદશાહ કહે છે કે તેણે સોનાના કળશની ચોરી કરી છે માટે તેને જેલમાં પૂરવામાં આવ્યો છે. તો માતા જવાબ આપે છે કે, જાણી લે, તેણે કળશ ચોર્યો નથી, પણ માતાએ તેને ભેટ આપ્યો છે. તો બાદશાહ કહે છે કે જો કળશમાં અને તમારામાં સત હોય તો, જો હું કળશ ફોડું અને સોનામહોર ચાલતાં થાય તો તમે ખરાં

અને હું ખોટો. અને જો કળશ એમનો એમ રહે તો હું ખરો અને તમે ખોટાં. જો તમે ખોટાં પડશો તો હું કાસીરકોળીને સૂળીએ ચઢાવી દઇશ. જેગડાની આવી ગર્વભરી વાત સાંભળતાં બીજી જ ક્ષણે માતા હિંગળાજે તેની આંખો ખેંચી લીધી અને ત્યાંથી ચાલી નીકળ્યાં. સાથે બાર ભાઇઓ આવ્યા હતા તેમને પૂછ્યું કે આપણે ક્યાં વસવાટ કરીશું ? તો બાર ભાઇઓ કહેવા લાગ્યા કે આ ધરતી સિંધના જેવી નથી, માટે આપણે અહીં વસવાટ કરવો નથી. તો માતાએ કહ્યું કે તમે અહીં આરામ કરો, હું બીજે સિંધના જેવી સારી જગ્યાની શોધ કરી આવું. એટલું કહીને પેલા બાર ભાઇઓને મૂકીને માતા હિંગળાજ પાછી સિંધમાં પહોંચી અને ત્યાંથી બીડની ગાંઠો લઇ આવી અને પેલા બાર ભાઇઓ જ્યાં ઊંઘતા હતા ત્યાં આવીને બીડની ગાંઠો જમીનમાં વાવી દીધી. અને રાતોરાત આ જગ્યા સિંધના જેવી બનાવી દીધી. સવારે બધાને જગાડીને માતા પૂછે છે કે બોલો આ જગ્યાએ ગામ વસાવીશું ? તો પેલા બાર ભાઇઓ બોલ્યા કે હા. આ જગ્યા સિંધના જેવી લાગે છે માટે અહીં આપણે ગામ વસાવીશું. આ બાર ભાઇઓ માટે નરસરોવર ફરતે બાર ગામ હિંગળાજ માતાએ વસાવ્યાં અને તે દરેક ગામમાં એક એક ભાઇએ વસવાટ કર્યો. આમ પઢારોના વસવાટનાં બાર ગામ થયાં અને હાલ પણ આ માતાએ વસાવેલાં બાર ગામોમાં પઢારોની વસ્તી છે.

બીજું પ્રથમ કાસીરકોળી સાથે ગાડાના ભંડારિયામાં છૂપાઇને આવેલો સુમો મુસલમાન કાયલા ગામમાં વસવાટ કરવા લાગ્યો[1] અને ત્યાં માતા હિંગળાજનું દેવસ્થાન બનાવીને માતાની પૂજા કરવા લાગ્યો.[2]

---

૧ આ વાર્તા કહેનારના કહ્યા પ્રમાણે કાયલા ગામમાં તપાસ કરી તો, કાયલા ગામના સુમા મુસલમાનો માતા હિંગળાજને પૂજે છે તથા માતા હિંગળાજની સેવા પૂજા કરનાર માણસ મુસલમાન છે.

૨ આ વાર્તા કહેનાર પઢાર મોટું સિંધ અને નાનું સિંધ એમ બે સિંધ ગણાવે છે. કાસીરને મોટું સિંધ અને હાલમાં પાકિસ્તાનમાં આવેલું સિંધ એ નાનું સિંધ ગણાવે છે. એટલે પઢાર એમ કહે છે કે પઢારો પહેલાં મોટા સિંધમાંથી નાના સિંધમાં આવ્યા. અને નાના સિંધમાંથી માતા હિંગળાજ સાથે નળકાંઠામાં આવ્યા.

...

## પ્રકરણ - ૧૧

## લોકનૃત્ય અને લોકગીતો

લોકકળાઓમાં લોકનૃત્યો મોખરાનું સ્થાન ધરાવે છે. લોકનૃત્યો એટલે લોકજીવનના સરળ, સહજ આવિર્ભાવનો સંગીત, વાદન અને સાથે નૃત્યનો ત્રિવેણી સંગમ. સંગીત, વાદન અને નર્તનના સુમેળમાંથી ઉત્પન્ન થયેલાં લોકનૃત્યો એક એવી કલા છે કે જે પહાડોમાં વસતી આદિવાસી જાતિઓને સાગર ખેડતી નાવિક કોમોને અને મેદાનોમાં વસતી અનેકવિધ જાતિઓની લાગણીઓને એક સરખી વાચા આપે છે.

લોકગીતોના અનેક પ્રકારો જોવામાં આવે છે. જેમ કે મજૂરી કરતાં ગવાતાં ગીતો, વહાણ ચલાવતાં, પાણી ભરતાં, હાલરડાં ગાતાં, લગ્ન પ્રસંગોમાં તથા ધાર્મિક ક્રિયાના પ્રસંગોમાં ગવાતાં ગીતો તથા રાસ વગેરે જોવામાં આવે છે.

ગુજરાતની લોકસંસ્કૃતિની કેટલીક વિશિષ્ટતા આજે પણ ભારતનાં બીજાં રાજ્યોથી જુદી તરી આવે છે. ગુજરાતનું લોકનૃત્ય, રાસ, રાસડા, ગરબા-ગરબી છે. ધર્મ સાથે વણાઇ ગયેલા લોકોત્સવોમાં લોકો મન મૂકીને રાસ રમે છે. નવરાત્રીના નવે દિવસોમાં ગુજરાતમાં એક ય ગામ એવું નહીં હોય કે જ્યાં રાતના સ્ત્રીઓ ઉમંગથી ગરબે રમતી ના હોય.

આમાં નળકાંઠાના પઢારોનો રાસ પ્રચલિત છે. સાગરનાવિકોના રાસડામાં મસ્તી અને કરૂણતા વિશેષ હોય છે. આ પઢાર શ્રમજીવી જાતિના રાસડા હલકદાર, ખુમારીભર્યા, રંગમસ્તીભર્યા હોય છે. તેમનો કંઠ ઘૂંટાયેલો હોય છે.

પઢારોનાં રાસનૃત્યો જોતાં જ તરત સાગર સંસ્કૃતિનો ખ્યાલ આવ્યા વિના રહે નહીં. પઢારો પણ નળકાંઠા પર જ રહે છે. સૌરાષ્ટ્ર એક વેળાએ બેટ હતો, તે આપણે જાણીએ છીએ. દ્વિપકલ્પ થતાં નળસરોવર રચાયું અને આ પઢારો નળકાંઠાના કાયમી વસવાટી બન્યા. આજે પઢાર જાતિ ખારવા નથી રહી પણ એમનાં રાસનૃત્યોમાં એ વેળાનો સંસ્કાર ઊંડો ઉતરી ગયો છે. આપણે જોયું કે એમનો પહેરવેશ, પાંચાળી કોળી જેવો જ છે. એમના શરીરનો વીજળિક વેગ આંખને આંચકો આપ્યા સિવાય લસરતો રહે છે, અને વિશેષ મોહક બની રહે છે. પગની સ્ફૂર્તિ તો અજબ હોય છે. એટલા લયબધ્ધ અને તાલબધ્ધ! પગ ઉપડતા જાય છતાં ક્યાંયે એ આંચકો ખાતા નથી, અને નૃત્યના વર્તુળાકારમાં સમાન સરળ રેખાઓ દોરતા આવે છે.

રાસનૃત્યની એમની શિસ્ત કદાચ સૌરાષ્ટ્રની તમામ કોમોમાં રાસનૃત્યથી ચઢે એવી છે. નૃત્યનો આ સમાન વેગ, સમાન અંગભંગ, સમાન ગતિ અને સમાન સ્ફૂર્તિથી પઢારો વધારે પ્રકાશમાં આવ્યા છે. એ જ રીતે રાસનૃત્યના જે વિવિધ આકારો રચાતા જાય છે તે સૌરાષ્ટ્રનાં અન્ય રાસનૃત્યોથી વિશિષ્ટતા ધરાવે છે. દાંડિયા લેતા લેતા દોડવા લાગે, પણ એ દોડતો રાસની લયબધ્ધી સાથે ઝમક વધારે છે. અંગના હિલોળ એમાં ઓછા આવે છે. પછડાટ ખાધા વગર, સાગરની સપાટી ઉપર પાણીનાં મોજાં દ્રુત ગતિએ લસરતાં હોય એવી એમની ગતિ હોય છે. પણ વિશિષ્ટતા તો તેમના મંજીરા રાસમાં જોવા મળે છે.

પઢારો મંજીરાને રાસમાં ઉતારીને એનાં અદ્ભૂત દૃશ્યો ખડાં કરે છે. પહેલાં વર્તુળાકારે અંદરના ભાગમાં લાંબા પગ કરીને બેસે છે. હાથમાં મંજીરાના તાલ સાથે શરીર પાછું જમીન સરસું નાંખી દઇને તાલબધ્ધ બેઠા થાય છે. એક સરખી ગતિમાં, લાંબા પગ



પઢાર જાતિની વસ્તીને પોતાના જીવન ગુજરાનનો મોટો આધાર નળસરોવર પર પહેલેથી રહેલો જોવા મળે છે. આ નળસરોવર વિસ્તારમાં પહેલાં ડુક્કરની વસ્તી એટલી મોટા પ્રમાણમાં હતી કે, ડુક્કરો નળસરોવરમાં થતાં જીતેલાં, બીડ, ડુંગરો વગેરે ખાઇ જતાં એટલે પઢારોએ ડુક્કરોના ત્રાસ પર એક લોકગીત બનાવેલું તે નીચે આપવામાં આવ્યું છે :

આગળ ઘનશ્યામ સાહેબના ઘોડલા રે,
વાંહે વાંહે પઢારની ટોળી
સુરીંગડો સુવ્વરને મારવા દોયલો રે.
ગયા વૈરાસર નામના તળાવડે,
ઘેરી લીધો સુવ્વરને ત્યાંહી, સુવ્વરને મારવો દોયલો રે.
કંઇક કલાને કાને અવાજ, સુવ્વરને મારવો દોયલો રે
ત્યાં તે પઢાર-પાયદલ દોડે, સુવ્વરને મારવો દોયલો રે.
પડખે પરતાપસંગ પડકાર કરે સુવ્વરને મારવો દોયલો રે.
ભેળા મોનુભા સરદાર, સુવ્વરને મારવો દોયલો રે.
ત્યાં તો કૂતરાએ દાટવાળી દીધી, સુવ્વરને મારવો દોયલો રે.
ઘોડી સવિતાએ સપડાવ્યો, સુવ્વરને મારવો દોયલો રે.
હવે પે'લો ભાલો કોણે ભોંકયો ? સુવ્વરને મારવો દોયલો રે.
નાનભઇ સા'બ નાખ્યો નાળ્યે, સુવ્વરને મારવો દોયલો રે.
પેલા પગના ડાબોટે પાડી દીધો, સુવ્વરને માસ્વો દોયલો રે.
ત્યાં તો લૂલો થયો તત્કાળ, સુવ્વરને માવો દોયલો રે.
હવે પે'લો તે ભાલો ભાંગી તૂટયો, સુવ્વરને મારવો દોયલો રે.
હવે બીજો લાવો તત્કાળ, સુવ્વરને મારવો દોયલો રે.
ત્યાં તો માધુભાએ માકારો કર્યો, સુવ્વરને મારવો દોયલો રે.
હવે મરેલાને શું મારો, ખુમાનસંગ, સુવ્વરને મારવો દોયલો રે.

...

ઉપર, કેડ ઉપરના શરીરને ઝુલાવતા જાય છે. મોજાં ઉપડે ને વીખાય, વીખાય ને ઉપડે એવાં દૃશ્યો આથી ખડાં કરે છે. એ પછી એ જ વર્તુળમાં એકની પાછળ એક એમ બેઠા બેઠા જ ગોઠવાય છે. ઠીયણ સુધી આગળનો માણસ બે પહોળા પગ વચ્ચે ગોઠવાય છે અને આખું વર્તુળ આ પ્રમાણે રચાય છે. પછી એ જ રીતે તાલબદ્ધપણે મંજીરા વગાડતા સરળ ગતિથી શરીરને સૂવડાવીને બેઠું કરતા જાય છે. વર્તુળ આકાર હોવા છતાં સાગરની છાતી ઉપર વહાણ હિલોળા લેતું જતું હોય એવાં સુંદર દૃશ્યો ખડાં કરે છે.

આ સ્ફૂર્તિલા લસરતા વેગમાં એમના મંજીરા, ઝાંઝ અને તબલાંની લય એકધારી અભંગ રહીને ગીત, નૃત્ય અને વાદનને એકાકાર બનાવી દે છે. આ ગીત, નૃત્ય ને વાદનની એકરૂપતામાં એમનો સહજ તીણો મધુર કંઠ રસની ભરતી ચઢાવે છે.

આ પઢારોમાં કંઠનું અજબ મોહક તત્વ જોવા મળે છે. સાગરકાંઠાના હોય કે જમીનપરના વસાહતી હોય પણ કંઠની અજબ એકરૂપતા જોવા મળે છે. કંઠ સહેજ તીણો હોવા છતાં યે જરાય નબળો નહીં પણ, નક્કર, રણકતો, મીઠો ને મધુર.

પઢાર બહેનો સામાન્ય રીતે રાસ ઉપરાંત કાનુડાનાં ભજનોને પણ રાસમાં ઉતારે છે. રાસમાં કાનુડાનાં ગીતો તો બધાં લોકનૃત્યોમાં ગવાય છે. પણ રાસમાં ભજન ઉતારનાર તો પઢાર સ્ત્રીઓ જ જોવા મળે છે. તાલમાં સામાન્ય રીતે હીંચ અને કેરવો એ બે તાલ મોટે ભાગે લેવાય છે. આ રીતે પ્રેમને સૌંદર્યમાં પલટાવતું બહેનોનું ટિપણીનૃત્ય ગુજરાતમાં વિરલ અને અજોડ લેખાય છે.



ભાલનળકાંઠામાં પુષ્કળ ગરમીમાં નળસરોવરમાંથી બીડ ખોદતાં પઢાર સ્ત્રીઓનાં શરીર પરસેવે રેબઝેબ થઇ જાય છે અને પાણી વિના કંઠ સૂકાય એટલે પઢાર સ્ત્રીઓને બોલવાના સાંસા પડે તો રાગની સરવાણી તો ક્યાંથી સંભળાય. ઉનાળાના દિવસોમાં જાણે આખો પઢારવાસ ઉજ્જડ બની ગયો હોય એમ લાગે. પણ જ્યારે ચોમાસાની ઋતુ આવે અને આકાશમાં વાદળો ઘૂમતાં દેખીને પઢારણ સ્ત્રીઓના કંઠ અને હૈયું ખૂલે અને મન પ્રસન્નતા અનુભવે. મોરના ટહુકા સાથે પઢારણના કંઠ ખૂલે, મેઘગર્જના સાથે તેનું હૈયું થનગનવા લાગે ને મેહુલો આવે ત્યાર ગાય :

તારા મલકમાં વરસ્યા મેવલા, મારા મલકમાં આવી રેલ
મારી આયર ઘોડી વાંકડી, મૂછુના છો મનિયાર
તારા મલકમાં આંબા આંબલી,
મારા મલકમાં મીઠી ધરાખ,
મારી આયર ઘોડી વાંકડી,
મૂછુના છો મનિયાર
દેરાણી જેઠાણી આજે જોડલું,
ચાલો રાજીનો અસવાર જોવા
મારી આયર ઘોડી વાંકડી,
મૂછુના છો મનિયાર
સૌને ઓળેસે ખારેકટોપરાં,
બેની મારી બાળ્યો છે અવતાર
મારી આયર ઘોડી વાંકડી,
મૂછુના છો મનિયાર.

...

પઢાર જાતિની આર્થિક સ્થિતિ એટલી નબળી છે કે તેમને દારૂ, તાડી કે બીડીનું વ્યસન રાખવું પણ પાલવતું નથી. જો તે બીડીનું વ્યસન રાખે તો તેની શી દશા થાય. બીડી ખરીદવા ચપટી દાણા તો જોઇએ ને ? અને તે દાણાની માલિકણ છે પઢાર સ્ત્રી. તેથી પઢાર પુરૂષને બીડી લાવવા માટે દાણા જોઇએ તે માટે તેને રગરગવું પડે છે. આથી પઢાર પુરૂષને તેની સ્ત્રી ભૂંડી લાગે છે તે અંગે એક લોકગીત છે :

હોકો મારો દલનો ભોગી, હોકે કરેલ છે જોગી,
બજર તો મને ગમતી નથી, ને હોકો સૂરતા લાવી દ.
ચૂલે બેઠો ટગુટગું ત્યાર બૈરું ચપટી દાણા દ !
આ હોકો મારો દલનો ભોગી, હોકે કરેલ છે જોગી !
આ શાપર ગામનો સવાદિયો, સાંભડા જેવી નાળ્ય,
ભરી સભામાં તો પીવા બેઠો, કોઇને ન કે' લે,
આ હોકો મારો દલનો ભોગી, હોકે કરેલ છે જોગી.
ભાયોજી જીની બાયડી ભૂંડી, પીડા અંતરે ઊંડી !
આ બામણ આવ્યો લોટ માગવા, દોડી ઘરમાં જાય !
ઊભી ઊભી તાળિયું પાડે, બાવો ચાલ્યો જાય !
ભાયોજી જીની બાયડી ભૂંડી, પીડા અંતરે ઊંડી !
આ પાંચ રૂપિયાનો સાડલો લીધો, ને લમ્મરિયાળી ભાત !
જમી કરીને ઊભી થઇ ત્યારે સાડલે લૂછ્યા હથ !
ભાયોજી જીની બાયડી ભૂંડી, પીડા અંતરે ઊંડી !
ઘરમાં ખાંડણિયો ને ઘરમાં ઘંટી, પરઘર દળવા જાય !
ટોડલે ઊભી ટોલા મારે, ત્યારે કૂતરા લોટ ચાટ જાય !
ભાયોજી જીની બાયડી ભૂંડી, પીડા અંતરે ઊંડી !

...



પઢાર જાતિ શ્રમજીવી જાતિ છે. આ વિસ્તારમાં બળતણ માટેનાં લાકડાંની બહું જ ખોટ પડે છે. તે પઢારો નળસરોવરના બેટ ઉપર થતાં ઝાડી ઝાંખરાં કાપી લાવીને આજુબાજુનાં ગામોમાં વેચવા જાય છે. તેના ઉપર એક લોકગીત જોવા મળે છે :

લ્યો, લ્યો, તમ્મરનાં લાકડાંનો ભારો,
એ તમ્મરનો ભારો !
સવારે ઊઠીને અમે દરિયે જઇએ,
ગોઠણ સુધીના ગારામાં પડીએ,
તો યે ન આવતો વારો !
એ તમ્મરનો ભારો !
લ્યો, લ્યો, તમ્મરનાં લાકડાંનો ભારો !
એ તમ્મરનો ભારો !
હાથમાં કુવાડી તે માથે છે પોટલા !
થોડાં થોડાં મરચાં
ને ટાઢા છે રોટલા,
બપોરે ખાવાનો વારો !
એ તમ્મરનો ભારો !
લ્યો, લ્યો, તમ્મરનાં લાકડાંનો ભારો !
એ તમ્મરનો ભારો !
જેમતેમ, ઝટપટ, ઝટપટ કાપીકૂપીને,
તમ્મરનાં લાકડાં ભેગાં કરીને,
સીંદરીએ બાંધવાનો વારો !
એ તમ્મરનો ભારો !
લ્યો, લ્યો, તમ્મરનાં લાકડાંનો ભારો !
એ તમ્મરનો ભારો !

સાંજ પડે તારે ઘર ભેળાં થઈને,
થાકીપાકીને પછે ઊંઘી જઈએ,
બીજે દિ વેચવાનો આરો !
એ તમ્મરનો ભારો !

...

શામળા વેલણિયા, ખેતર પાદર ખેડિયા,
એણે આવ્યો મારો સાસરો !
શામળા વેલણિયા, માથોડું માળો ઘાલિયો,
શામળા વેલણિયા, મારગે આવે ચાર જણા !.
શામળા વેલણિયા, વચ્ચે આવે ઇ મારો વીર,
શામળા વેલણિયા, વીરાની ગાંઠે ચૂંદડી,
શામળા વેલણિયા, ચોખલિયા ભાત જો !
શામળા વેલણિયા, ભાલિયો આંધણ મેલિયો.
શામળા વેલણિયા, એક જ ચોખો ઓરિયો !
શામળા વેલણિયા, આખું કુટુંબ નોંતર્યું,
શામળા વેલણિયા, સોકયનાં છોકરાં નોંતર્યાં રે,
શામળા વેલણિયા, તોયે ન ખૂટી મારી ખીચડી !

...



હળ જોડી હળેશ આવ્યો,
નાડી ને જોતર છીંતિયે મેલ્યા !
ટાઢનો ઠરિયો ને ચૂલામાં પડિયો,
આપણ ચૂલામાં વીંછણ વિયાણી !
પડોશીના ચૂલે જાવ રે ઠાકોરિયાં,
ગોરાંદે, દલ ઘેલું દાઝયું !
પડોશીના છોકરે રોકયો,
આપણા ચૂલાના હોંશી, ગોરાંદે, દલ...!
તમને તમારા બંધવ બોલાવે,
ઘોડલા ખેલવવા આવ રે, ગોરાંદે, દલ... !
ઘોડલા ખેલવશે અમારા બાંધવ,
અમે ખોરડિયાના હોંશી, ગોરાંદે, દલ... !
તમને તમારા ગોઠિયા બોલાવે,
દડાગેડીએ રમવા આવરે, ગોરાંદે, દલ... !
દડે જેડીએ રમશે અમારા ગોઠિયા,
અમે ઓરડિયાના વાસી, ગોરાંદે, દલ... !
ચૂલામાંથી દલ ઘેલું કાઢયું,
કોઠામાંથી ગાડવો કાઢયો,
શીકેથી માટલી ઉતારી,
ચોળી મચોડીને ખાધું,
ઠાકોરિયા દલ ઘેલું દાઝયું !
પાણી ભરી પાણિયારી આવી,
આજે ખાધું ને કાલ શું ખાશો ?
પરમ દા'ડે જોગી થાશો !
ગોરાંદે, દલ ઘેલું દાઝયું !

...

હોલારાણા, ખાંડે ચોખલા, ગામેતી ચાળે દાળ !
માને કે'જો કે કડલાં મોકલે, મારાં અણલાં આયાં આજ !
માને કે'જો કે ઓઢણી મોકલે, મારાં અણલાં આયાં આજ !
માને કે'જો કે ઘાઘરો મોકલે, મારાં અણલાં આયાં આજ !
માને કે'જો કે કડલાં મોકલે, મારાં અણલાં આયાં આજ !
માને કે'જો કે કાંબિયું મોકલે, મારાં અણલાં આયાં આજ !
માને કે'જો કે હાંડલી મોકલે, મારાં અણલાં આયાં આજ !
માને કે'જો કે પારો મોકલે, મારાં અણલાં આયાં આજ !
માને કે'જો કે ટીડલી મોકલે, મારાં અણલાં આયાં આજ !
હોલા રાણા ખાંડે ચોખલા, ગામેતી ચાળે દાળ !

...

ઊઠી હાલી પરદેશ, લાડુડી ઊઠી હાલી રે,
તરણેતરનો મેળો, લાડુડી ઊઠી હાલી રે !
બે જોડ કડલાં કયાંથી, લાડુડી ઊઠી હાલી રે !
મોહન કે બસ મારાં લીધેલાં, લાડુડી ઊડી હાલી રે,
ઊડી હાલી પરદેશ, લાડુડી ઊડી હાલી રે !
બે જોડ ઘાઘરા કયાંથી, લાડુડી ઊડી હાલી રે !
મોહન કે બસ મારા લીધેલા, લાડુડી ઊડી હાલી રે !
બે જોડ સાડલા કયાંથી, લાડુડી ઊડી હાલી રે !
મોહન કે બસ મારા લીધેલા, લાડુડી ઊડી હાલી રે,
પગમાં સપાટ કયાંથી, લાડુડી ઊડી હાલી રે,
મોહન કે બસ મારી લીધેલી, લાડુડી ઊડી હાલી રે !

(આમ જુદાં જુદાં ઘરેણાં, વસ્ત્રોનાં નામ દઇ ગીતોને લંબાવવામાં આવે છે.)

...

પ્રકરણ - ૧૨

## પરિવર્તન પામતા પઢારો

આ ઘણી થોડી વસ્તીવાળી આદિવાસી જાતિની અર્થવ્યવસ્થા અને સામાજિક સંરચનાનાં ઘણાં પાસાં આપણે વિસ્તારથી ચર્ચ્યાં. આ પ્રજામાં કોઇ જાતનું પરિવર્તન આવી રહયું છે કે નહીં એવો પ્રશ્ન આપણને સહેજે થાય. એમનામાં આવી રહેલ પરિવર્તનને સમજવા માટે એમની ભૂભૌતિક પરિસ્થિતિ અને સામાજિક સંરચના એમનાં જીવન અને સંસ્કૃતિ કેવી રીતે સંકલિત કરે છે તે સમજવું જરૂરી છે.

પઢારો ને નળકાંઠામાં જયારથી માતા હિંગળાજે ઉતાર્યાં ત્યારથી વસે છે. નજીમાંથી એમને બધું મળી રહે છે, એમના ઢોરને માટે પાણી અને ઘાસ, એમને બીડ, ઘેગ, કુંભા માટે ઘાસ, ખેતરો માટે મોસમે પાણી, અને કાંઠે વસતા બીજા લોકો સાથે મિત્રાચારી. આ પ્રદેશ જનદ્રષ્ટિએ નપાણિયો મુલક લાગે પણ પઢારોને મન મહામૂલો છે. એને છોડીને એમને કયાંય જવું ગમતું નથી. માટીકામ કરવા જાય તોય વારતહેવારે, માતાને માંડવે કે અણુજા પર ઘરગામે આવી જાય છે. અને ચોમાસાના ચાર મહિના તો ગામમાં રહે છે. આ બધું આપણે વિસ્તારથી જોયું. એનો અર્થ એ થયો કે ભૌતિક કે શારીરિક રીતે ભલે એઓ ગતિશીલ હોય- નળકાંઠો છોડી દૂર દૂરનાં શહેરો ને ગામો જતા હોય છે- છતાં એઓ માનસિક અને સામાજિક રીતે નળકાંઠાનાં જ અભિન્ન અંગ છે. એમની ભૂભૌતિક પરિસ્થિતિમાં હજી કશો ફેરફાર થયો નથી. અમારા કેટલાક માહિતીદાતાઓએ કહયું કે અમારા બાપના બાપ પણ માટી ખોદવા જતા અને અમે પણ જઇએ છીએ. ભૂભૌતિક વ્યવસ્થામાં ફેરફાર નથી થતો. અથવા વધુ સત્ય હકીકત કહેવી હોય તો એમ કહેવાય કે ફેરફાર બહુ ઓછો

અને અત્યંત ધીમો થાય છે. એટલે એમનામાં સામાજિક આર્થિક પરિવર્તન પણ ઘણું જ ઓછું અને ધીમું થાય છે.

એમની સામાજિક સંરચનાની ખૂબી પણ આપણે જોઇ. સમગ્ર પઢાર સમાજ ગામ અને વાસની માતાઓની આજુબાજુ એમનું સામાજિક માળખું ગોઠવાયેલું છે અને આ માળખામાં જ એટલા સુસંકલિત થઇ ગયા છે કે આ સંરચનામાં ફેરફાર થવાને બદલે એમની સામાજિક સંરચના વધુને વધુ મજબૂત થતી જાય છે. (આ પ્રક્રિયાને અંગ્રેજીમાં ''સ્ટ્રકચરલ રીઇન્ફોર્સમેન્ટ'' કહી શકાય.) જયારે સામાજિક સંરચનાનું દૃઢીકરણ થાય છે ત્યારે એનાં પ્રત્યેક તત્વનું દૃઢીકરણ થાય છે. સામાજિક પરિવર્તનથી આ ઉલટી પ્રક્રિયા છે. પઢારોમાં જે રિવાજો છે, જે સામાજિક સંસ્થાઓ છે, સામાજિક સંબંધો છે એ બધાં આ કારણે પરિવર્તન પામી શકતા નથી.

પઢારો સ્વભાવે શાંત, પ્રમાણિક અને સખત મહેનત મજૂરી કરનાર, તથા જે મળે તેનાથી સંતોષ માનવાવાળા છે. તેઓના સ્વભાવમાં ચોરવૃત્તિ સહેજ પણ જોવા મળતી નથી. પઢારો જે ગામોમાં વસવાટ કરે છે તે ગામોની અન્ય જ્ઞાતિઓ સાથે સહકારથી જીવન જીવતા જોવા મળે છે. આ ગામોમાં બ્રાહ્મણ, વાણિયા, ખોજા, સુથાર, લુહાર, ભરવાડ, વાળંદ, ગોસાઇ, પ્રજાપતિ, વણકર, ભંગી વગેરે જેવી જુદી જુદી જ્ઞાતિઓના લોકો વસવાટ કરે છે. આ જ્ઞાતિઓ સાથે પઢારો એક યા બીજી રીતે સંકળાયેલા જોવા મળે છે.

પઢારોમાં કુટુંબ વ્યવસ્થા સંયુકત કરતાં કેન્દ્રીય વધાર પ્રમાણમાં જોવા મળે છે. પઢાર જાતિમાં છોકરાનાં લગ્ન કરતાં છોકરા પક્ષે છોકરી પક્ષને અમુક રકમ આપવી પડે છે. અને તે માટે તેમણે દેવું કરવું પડે છે કે કોઇની પાસેથી હાથ ઉછીની રકમ લઇને કામ પતાવવું પડે છે. આ લીધેલી રકમ પરણનાર છોકરાએ ભરપાઇ કરવી પડતી હોવાથી



તે લગ્ન કરીને પોતાના કુટુંબથી અલગ થઇ જાય છે. અને પતિ-પત્ની મહેનત-મજૂરી કરીને લીધેલી રકમ ભરપાઇ કરે છે. બીજું કારણ પઢારોને પોતાનાં વસવાટના મકાનો એટલાં નાનાં હોય છે કે તેમાં વધારે સભ્યો સમાઇ શકતા નથી. આથી પણ કુટુંબમાં છોકરાનાં લગ્ન થતાં, છોકરો પોતાનું મકાન-કૂબો- અલગ ઊભું કરીને રહેવા લાગે છે.

જયારે પઢારો સાથે ખુલ્લા મને વાત કરીએ અને એમને લાગે કે સાંભળનાર એમના પ્રત્યે પ્રેમભાવ રાખે છે તો એ લોકો એમની સમસ્યાઓ કહે છે. એમને માટે શું શું કરવું જોઇએ એ બધું કહેશે. સામાજિક સંરચનાના દૃઢિકરણના સંદર્ભમાં આનો અર્થ એ થયો કે પઢારો પરિવર્તન માટે તૈયાર નથી પણ વિકાસ માટે તો તૈયાર છે જ.

<u>પઢારોના મતે એમનો વિકાસ શું કરવાથી થઇ શકે :</u>

પઢારો તેમનો પોતાનો વિકાસ શું કરવાથી, કઇ યોજના કે મદદ કરવાથી થઇ શકે તે સારી રીતે સમજે છે. અને તેમને પૂછવામાં આવતાં તેઓ કહે છે પણ ખરા કે અમારા માટે આમ કરો કે તેમ કરો. અને તે કરવાથી અમને મજૂરી મળશે, અમારું ગુજરાન સારી રીતે ચાલી શકશે.

રળોલ ગામના પઢારોએ તો તેમના ગામથી ત્રણ કિ.મી. દૂર કલુંડા બંધ તૂટી ગયો છે તે અમને લઇ જઇને બતાવ્યો. આ બંધ નજીકની ખરાબાની જમીન સરકારે તેમને આપી છે, પણ બંધ તૂટી જવાથી પાણી બંધમાંથી જતું રહે છે. એટલે અમને આપેલી જમીનમાં ખેતી થઇ શકતી નથી, અને જમીનમાં ખાર આવી જાય છે. તેઓ કહે છે કે જો આ ત્રણસો ફૂટનું ગાબડું સાંધી દેવામાં આવે તો અમને મળેલી જમીનમાં ડાંગર પાકી શકે. જયારે જસમતપુર ગામની ચોમાસામાં ડૂબમાં જતી જમીનમાં શિયાળામાં ઘઉં પાકી શકે. આમ બંધમાંથી ચાલી જતું પાણી બંધ કરવાથી જે ગામને સારો એવો ફાયદો થાય

એમ છે. હાલમાં આ બંને ગામની જમીન એમને એમ પડી રહે છે.

**ગૃહ ઉદ્યોગો માટે સાધનો અને તાલીમ :**

શિયાળ ગામના પઢાર ભાઇઓએ કહ્યું કે જો અમને કપડાં સિવવા માટે સિલાઇ મશીન આપે અને સિલાઇનું કામ શીખવાડે તો અમે તે કામ કરવા તૈયાર છીએ. કારણ કે ચોમાસામાં અમારે કામ ધંધા વિના બેસી રહેવું પડે છે. તો વળી કેટલાક પઢાર ભાઇઓ અંબર ચરખાની માગણી કરે છે. તેઓ જણાવે છે કે અંબર ચરખા ઉપર અમને કાંતવાનું શીખવાડવામાં આવે તો, જેઓ ભારે મહેનતનું કામ કરી શકે તેમ નથી તેઓ ઘરે રહીને કાંતવાનું કામ કરી શકે અને થોડી ઘણી આવક કરી શકે. વળી કેટલાક પઢારો દૂધાળી ભેંસોની માગણી કરે છે. તેઓ કહે છે કે અમને ભેંસ ખરીદવા મદદ કરવામાં આવે તો અમે પશુપાલન કરવા તૈયાર છીએ.

કેટલાક પઢારો એમ કહે છે કે માટીકામથી અમારું કૌટુંબિક જીવન ખોરવાઇ જાય છે. માટીકામ માટે અમારે બહારગામ જવું પડે છે. આથી શાળામાં અભ્યાસ કરતાં બાળકોને પણ સાથે લઇને જવું પડે છે. આથી તેમનું ભણતર બગડે છે. વળી અશક્ત માણસોને ઘરે એકલાં મૂકીને જવું પડે છે અને તેમની સારસંભાળ રાખનાર કોઇ હોતું નથી. આથી, અમારો જીવ તો, અમે ગમે ત્યાં હોઇએ પણ માંદા માણસમાં હોય છે.

છતાં એટલું તો કહેવું પડે કે આમ ભલે પઢાર સમાજ પોતાનામાં સુદૃઢ હોય પણ એમની આસપાસ બહારની દુનિયામાં એટલો ફેરફાર થઇ રહયો છે કે એની થોડી ઘણી અસર એમના ઉપર થયા વગર રહેતી નથી.



જે ખાસ પરિવર્તન દેખાય છે તેનું થોડું વર્ણન કરીએ : પઢારોની જમીન ધીમે ધીમે ચાલી જવા લાગી છે. આ વિસ્તારમાં તથા ગુજરાતમાં વારંવાર દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઊભી થતાં, તેમના ધંધા રોજગારમાં મંદી આવે છે. આથી તેઓ પોતાના જીવનનિર્વાહ માટે દેવું કરવાની પરિસ્થિતિમાં મૂકાઇ જાય છે. તેઓની આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી, તેઓને દુકાનદાર વેપારી ઉધાર આપતો નથી. તેથી જેમની પાસે જમીન હોય છે તેઓ જમીન ગીરો મૂકીને નાણાં ઉપાડતા હોય છે. આ કરેલું દેવું લંબાતાં જતાં મૂડી કરતાં તેનું વ્યાજ વધી જાય છે. અને આખરે એવી પરિસ્થિતિમાં મૂકાઇ જાય છે કે તે દેવું ચૂકવવા અશક્તિમાન બની જાય છે અને આથી તેને કાયમ માટે પોતાની જમીન લખી આપવી પડતી હોય છે.

જેમની પાસે જમીન હજી બાકી છે તેઓ ખેતીની નવી પદ્ધતિઓ અપનાવતાં શીખ્યા છે. ખેતીમાં સારા ઉત્પાદન માટે ગ્રામસેવક પાસેથી કંઇક શીખે છે. કેટલીકવાર બળજબરીએ પણ નવાં સાધનો લેતા સંભળાયા છે.

ગ્રામસેવક ખેડૂતોને ખેતીમાં સમજણ આપતા હોય છે. ગામનો કોઇ સારો વિકાસશીલ ખેડૂત હોય અને તે નવા નવા અખતરા કરતો હોય અને તેને સારો લાભ થતો હોય તો બીજા પઢારો આ ખેડૂતની પાસેથી આ અંગેની માહિતી મેળવે છે, અને પોતાની ખેતીમાં પણ આ પ્રમાણે ફેરફાર કરવાનું વિચારતા થયા છે. અને આનાથી ક્યાંક આર્થિક પરિવર્તન પણ થયું છે. વળી ચોમાસામાં એક વરસાદના અભાવે તૈયાર થયેલો પાક પહેલાં નિષ્ફળ જતો પણ હવે બેન્કો દ્વારા ઓછા વ્યાજની લોન મળવાથી કેટલાક પઢારો સિંચાઇ માટેના પંપ પણ લાવ્યા છે. આનાથી તેમને એક વરસાદના અભાવે નિષ્ફળ જતો પાક બચાવી શક્યા છે, તો વળી કોઇ ડાંગર પકવતા થયા છે. પરંતુ આનાથી તેમને જાજો

લાભ થતો હોય તેમ લાગતું નથી. કારણ કે પોતાને જમીન થોડી હોય અને પંપમાં રોકાણ વધારે કર્યું હોય. જો બીજાને વેચાતું પાણી આપવા જાય તો તેના પૈસા વસૂલ જાય છે કે મોડા મળે છે. અને બેન્કનું વ્યાજ તો ચઢતું જ જાય. ધરજી (દુર્ગી) ગામના પઢારોને બે વર્ષ પહેલાં બેન્કના વિકાસ અધિકારીએ પંપ માટે લોન અપાવેલી. એટલે બે ચાર પઢારો ઉત્સાહથી પંપ ખરીદી લાવેલા. આ પંપનો પહેલા વર્ષે ઉપયોગ કર્યો પણ હવે આ પંપ કોઇની પાસે ચાલુ હાલતમાં હોય તેમ લાગતું નથી.

વિકાસ યોજનાઓનો ફાયદો એમને નથી મળ્યો એનું બીજું ઉદાહરણ ગામની સહકારી સમિતિઓમાં જોવા મળ્યું. પઢારો એમાં સભ્ય હોવા છતાં તેમને બહુ લાભ મળતો નથી. કારણ કે ગામની ખેતી મંડળીમાંથી એક વાર ધિરાણ લીધું હોય અને તે ભરપાઇ ના થાય ત્યાં સુધી તે વ્યક્તિને બીજીવાર ધિરાણ મળી શકતું નથી. વર્ષ આખરે મુદ્દતવીતીના બાકી કેસો ઘણા હોય છે. શિયાળ ગામની સેવા સહકારી મંડળીમાં તેના પ્રમુખ અને મંત્રી જાતે પઢાર હોવા છતાં ગામના પઢારોને લાભ અપાવી શકતા નથી. કારણ કે મુદતવીતી બાકી પડવાથી તેમને નવું ધિરાણ આપી શકાતું નથી.

શિયાળ ગામની સેવા સહકારી મંડળીમાં કુલ સભાસદ સંખ્યા ૨૩૭ છે. તેમાં ૧૩૭ ખાતેદારનું ધિરાણ મુદતવીતી બાકી છે. અને તેમાંના ૮૭ ખાતેદારો ઉપર સહકારી મંડળીના કાયદાની કલમ ૯૬/૧૦૬ ના કાગળો કરવામાં આવેલા છે. કુલ ૨૩૭ સભાસદોમાંથી ૧૬૫ મોટા ખેડૂતો, ૪૨ નાના ખેડૂતો અને ૩૦ ઊભડ મજૂરો છે. તે પૈકી કરજ લેનાર સભાસદોમાં મોટા ખેડૂતો ૧૬૫, નાના ખેડૂત ૪૨ અને ઊભડ મજૂરો ૨૧ હતા. આમાંથી મુદતવીતી બાકીમાં ૧૧૧ મોટા ખેડૂતો, ૨૦ નાના ખેડૂતો અને ૬ ઊભડ મજૂરો હતા.



આમ ઉપરની સંખ્યાના આંકડા જોતાં સ્પષ્ટ થાય છે કે મોટા ખેડૂત એ પૈસાપાત્ર હશે, અને તેઓને દેવું નહીં હોય તે માન્યતા અહીં ખોટી ઠરે છે. ૧૬૫ ની સંખ્યામાંથી ૧૧૧ મોટા ખેડૂતોનું ધિરાણ મુદતવીતી બાકી પડે છે. આથી તેમણે લીધેલ ધિરાણ સમયસર ભરી નહીં શકવાથી વ્યાજની રકમ મૂડી કરતાં વધી જાય છે. અને છેવટે દેવામાંથી મુક્ત થવા માટે તેમણે જમીન બીજાને ત્યાં ગીરો કે વેચાણ આપી દેવી પડે છે. આમ પઢારોની જમીન ધીમે ધીમે બીજા લોકો પાસે ચાલી જવા લાગી છે. અને તેઓ ખેડૂત મટીને ખેતમજૂર થવા લાગ્યા છે.

મોટા ભાગના પઢારો પાસે ખેતીની બિલકુલ જમીન નથી. તેમજ આ વિસ્તારની જમીનમાં ખાર આવી જવાથી ઉત્પન્ન પણ સામાન્ય થાય છે. એટલે તેમને પોતાના ગામમાં કે નજીકનાં ગામોમાં ખેતીની મજૂરી પૂરતા પ્રમાણમાં મળી શકતી નથી. આથી તેમને બીજી મજૂરી તરફ નજર દોડાવવી પડે છે. અને તેઓ મજૂરી માટે, ખાસ કરીને માટીકામની મજૂરી અંગે ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં જયાં સરકારી કામો થતાં હોય ત્યાં જાય છે. આ માટીકામની મજૂરી ચોમાસુ ઉતરતાં શરૂ થાય છે એટલે તેઓ ચોમાસાના ચાર માસ પોતાના ગામમાં રહે. આ માટીકામની મજૂરીમાં કેટલીક જગ્યાએ એમને, કરેલ કામનું માપ ઓછું બતાવવામાં આવે છે. તો કેટલાકને તો અર્ધી જ મજૂરી મળતી હોય છે એમ કહેવાય છે. વળી માટીકામમાં પોતાના કુટુંબનાબધા સભ્યો સાથે જાય છે. શાળામાં અભ્યાસ કરતાં બાળકોને પણ સાથે લઇ જાય છે. કારણ કે ઘરમાં બે ત્રણ નાનાં બાળકો હોય તો મોટું બાળક તેનાં નાનાં ભાઇ-બહેનને સાચવવા જોઇએ. કે જેથી માતા-પિતા બંને મજૂરી કરી શકે. આના કારણે પઢારોમાં શિક્ષણનું પ્રમાણ નહિંવત્ જોવા મળે છે.

ઉપર પ્રમાણે પઢારોની આર્થિક સ્થિતિ અને શિક્ષણ સારાં નહીં હોવાથી તેઓમાં પરિવર્તનની ગતિ મંદ જોવા મળે છે. અને આને કારણે પોતાના સામાજિક માળખામાંથી બહાર નીકળવાનું વિચારી શકતા નથી. છતાં તેમની પરિસ્થિતિને લઇને તેઓ બહારના સમાજના સંપર્કમાં આવવા લાગ્યા છે. દા.ત. સમાજસેવાનું કામ કરતી સંસ્થાઓના કારણે પણ પઢારોમાં પરિવર્તન આવવા લાગ્યું છે.

મકાનમાં પરિવતન :

૧૯૭૮ માં રેલ આવવાને કારણે તેમના કૂબા અને ઘરવખરીનાં સાધનો તણાઇ ગયેલાં ત્યારે સદવિચાર પરિવારના સહકારથી સર્વોદય આશ્રમ ગુંદી તરફથી તેમનાં નવાં મકાનો તૈયાર કરી આપેલાં. આ મકાનો ચોરસ બનાવેલાં તથા માટીની દીવાલવાળાં અને છાપરા ઉપર દેશી નળિયાંનાં કરી આપેલાં. જયારે તેમનાં મૂળ મકાનો-કૂબા- ઘાસમાંથી બનાવેલા અને ગોળાકાર હતા. આ મકાનો જોઇને હવે બીજા પઢારો પણ તેમનાં નવાં મકાનો ચોરસ અને માટીની દીવાલવાળાં બનાવવા લાગ્યા છે. આમ તેમનાં મકાનોમાં પરિવર્તન આવતું જોવા મળે છે.

શિક્ષણનું મહત્વ સમજતા થયા :

પઢાર બાળકો માટે બાલવાડીઓ અને આશ્રમશાળાઓ અમુક ગામોમાં શરૂ કરવાથી તેમનાં બાળકોને ત્યાં ભણાવવા માટે મોકલતા થયા છે. બાળકો આશ્રમશાળામાં રહીને અભ્યાસ કરી શકે તેવી સગવડ મળવાથી હવે તેઓ તેમનાં બાળકોને આશ્રમશાળામાં મૂકી તેઓ મજૂરી માટે બહારગામ જઇ શકે છે. આમ શિક્ષણની બાબતમાં પણ તેમનામાં ધીમું પરિવર્તન આવવા લાગ્યું છ.



ધંધામાં પરિવર્તન :

વળી ઉપર જણાવેલી સંસ્થાઓમાં ભણેલા પઢારોના ધંધાઓમાં પણ વિસ્તાર થયેલો જોવા મળે છે. પહેલાં પઢારો ખેતી, ખેતમજૂરી કે મચ્છીમારી જેવાં જ કામો કરતા. પણ હવે કોઇ શિક્ષકનું કામ કરે છે, કોઇ દરજી કામ કરે છે તો વળી કોઇ કોન્ટ્રાકટરનો ધંધો કરે છે તો કોઇ હજામ, ભજનિક કે દુકાનદાર પઢાર જાતિમાં જોવા મળે છે. આ સમાજમાં વ્યાવસાયિક વ્યાપકતા વધી છે અને તેને લઇને સમાજના વિશેષ વિભાગો થવા લાગ્યા છે. આવી જ એક બીજી વસ્તુ પણ જોવા મળી હતી- કેટલીકવાર હાઇવે રસ્તા પરના ગામના પઢારો છેક અંદરના ગામના પઢારોને જૂનવાણી ગણતા થયા છે. પોતે સુધરેલ સમાજના સંપર્કમાં આવવાથી તેઓ ઊંચા છે એવું એમને લાગે છે.

હવે પઢારો રોજગારી મેળવવા માટ, માટીકામની મજૂરી કરવા પોતાના વિસ્તારથી દૂર દૂર જતા થયા છે. કેટલાક ગામના પઢાર આગેવાનો રાજકીય પક્ષો દ્વારા યોજાતી રેલીઓમાં ભાગ લેવા માટ દિલ્હી સુધી ગયેલા પણ-જોવા-સાંભળવા મળે છે.. તો પઢાર ભજન મંડળીના સભ્યો નૃત્યો માટે, ભજનો માટ દિલ્હી, અમદાવાદ વગેરે સ્થળોએ જતા જોવા મળે છે. આમ તેઓના બહારના સંપર્કના પરિણામે તેઓ બહારની દુનિયાનું ઘણું ઘણું જાણતા થયા છ, સમજતા થયા છે.

ધર્મમાં આંતરિક સુદૃઢતા વધવા લાગી :

એક શાખના પઢારો પોતાની શાખમાતાનો મઢ પાકો બનાવે તો બીજી શાખના પણ કેમ રહી જાય ? પોતાની શાખમાતાનો મઢ પાકો કરાવવા ગમે તેમ કરીને, ફંડફાળો ભેગો કરીને પણ મઢ તો પાકો જ બનાવે. ભલે પોતાનાં બાળકોને ખાવાનું મળતું ના હોય

પણ ધર્મના કામમાં કોઇ પઢાર ફાળો આપવાનું ચૂકતા નથી. મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન પઢાર ગામોની મુલાકાત વખતે જોવા મળ્યું કે એક પણ પઢાર કુટુંબને રેતી સીમેન્ટના ચણતરવાળું તો શું પણ ઈંટ માટીનું મકાન પણ જોવા મળ્યું ન હતું. તો આની વિરુધ્ધ પઢારોની ૧૧ શાખોમાંથી એક પણ શાખનો તેમની શાખમાતાનો મઠ કે કૂળવેદીના મઠ કાચા જોવા મળ્યા ન હતા.

માતાના માંડવા પણ હવે પઢારો ધામધૂમથી ઉજવતા થયા છે. જે ગામમાં જે શાખના પઢારોનો માતાના માંડવાનો ઉત્સવ હોય તે ગામના પઢારો પોતાનાં સગાસંબંધીઓને અને તેમાંય ખાસ કરીને ભાણેજોને આમંત્રણ આપવાનું ભૂલતા નથી. માતાના માંડવા પ્રસંગે ગામના પઢારો પોતાની યથાશક્તિ પ્રમાણે ભાગ આપતા હોય છે.

બહારગામ મજૂરી માટે જાય તેઓ પણ પોતાની દૈનિક મજૂરીમાંથી દિવસના પાંચ પૈસા પ્રમાણે માતાના નામે અલગ કાઢે છે. અને મજૂરીમાંથી ડાંગર વગેરે લાવેલા હોય તે ઘરદીઠ પાંચશેર ડાંગર માતાના મઠે આપે. આ પૈસા અને અનાજ માતાને સવાર-સાંજે ધૂપ દીવો કરતો ભૂવો લે અને તેમાંથી તે માતાના ધૂપ દીવાનું ખર્ચ કાઢે અને પોતાનું ગુજરાન ચલાવે છે.

ધર્મમાં મનોરંજનનું તત્વ :
-------------------

સાથે સાથે ધર્મમાં હવે મનોરંજનનું તત્વ જોવા મળે છે. ગામમાંથી કોઇ નાટક, સિનેમા જોઇ આવે તો તેના ઉપરથી તેઓ જાતે નાટક કરે છે. શિયાળ ગામના સરપંચ ધોળકા ગયેલા ત્યાં તેમણે જીવી રબારણ ફિલ્મ જોયેલી. આના ઉપરથી તેમણે બીજા પઢારોને પાત્રોનો અભિનય શિખવાડીને ગામમાં જીવી રબારણનું નાટક ભજવેલું. અને જીવી રબારણનું



પાત્ર સરપંચે લીધેલું. આ સરપંચ તો પોતાની જાતે ભજનો અને ગીતો રચીને તેનું ધ્વનિમુદ્રણ કરે છે અને ગામમાં લોકોને સંભળાવે છે. તથા બીજે ભજન માટે આમંત્રણ મળે તો પોતાના ગામની ભજન મંડળી લઇને ભજન કરવા માટે પણ જાય છે.

પરંપરાગત જાતિપંચમાં પરિવર્તન :
-------------------------

ગુજરાતમાં ગુજરાત પંચાયત ધારો ૧૯૬૩ થી અમલમાં આવતાં ગામમાં કાયદા દ્વારા રચાયેલી પંચાયતો અસ્તિત્વમાં આવી. આના કારણે તેમના પરંપરાગત જાતિપંચ પર અસર પડી. જાતિપંચમાં સભ્યપદ વારસાગત હતું. પરંતુ ગ્રામ પંચાયતમાં સભ્યપદ માટે વ્યકિતએ ચૂંટણી લડવી પડે છે અને જે વધુમતિથી ચૂંટાઇ આવે તેને જ સભ્યપદ પ્રાપ્ત થાય છે. આ જોઇને પઢારો પણ પોતાના જાતિપંચના સભ્યપદ માટે અંદરો અંદર ચર્ચા કરતા માલુમ પડે છે કે જાતિપંચમાં પણ સભ્યપદ વારસાગત રીતે નહીં પણ ચૂંટણી દ્વારા નક્કી થવું જોઇએ.

બીજું કાયદાકીય પંચાયત પ્રથા અમલમાં આવ્યા પછી તેઓના ઝઘડા જાતિપંચ સમક્ષ જવાને બદલે ન્યાય માટે હવે તેઓ કોર્ટ કચેરીનો આશરો લેતા થયા છે. પહેલાં તેમને ન્યાય મેળવવામાં ૨૦-૨૫ રૂપિયાના ખર્ચમાં પતી જતું પરંતુ હવે વકીલોની ફી ભરીને તેમજ કોર્ટમાં વારંવાર મુદત પડવાથી, વારંવાર ધક્કા ખાવા પડે છે. અને બીજી તરફ પોતાનું કામ બગડે છે. આ કાયદાકીય પંચાયત પ્રથાના કારણે પઢારોને લાભ થવાને બદલે ગેરલાભ વધારે થયો હોય એમ લાગે છે. કારણ કે તેમના જાતિપંચે કરેલો નિયમ કોઇ વ્યકિત તોડતાં ખચકાય છે. અને જો કોઇ વ્યકિત જાતિપંચના નિયમની વિરુધ્ધનું કામ કરે તો તે વ્યકિતનો સામાજિક બહિષ્કાર કરવામાં આવતો. આનાથી દરેક વ્યકિત સમાજની વિરુધ્ધનું કામ કરવામાં ખચકાટ અનુભવતી. તેમનામાં જો કોઇ વ્યકિત દારૂ પીએ અને કોઇને ખબર

પડી જાય તો તે વ્યકિતનો જાતિપંચે નકકી કરેલો દંડ કરવામાં આવે છે. જો વ્યકિત દંડ ભરવાની ના પાડે તો તેનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે છે. આથી કોઇ પણ વ્યકિત દારૂ પીતાં પહેલાં સો વાર વિચાર કરે છે. આના કારણે તેઓમાં દારૂનું વ્યસન કયાંય જોવા મળતું નથી. તો આ તેમની પરંપરાગત જાતિપંચની વ્યવસ્થા ચાલુ રહે એ પઢાર સમાજના હિતમાં છે એમ લાગ્યા વિના રહેતું નથી.

...

# પ્રકરણ - ૧૩

## વિકાસનું આયોજન

આપણે આગળ જોયું તેમ પઢાર આદિવાસી જાતિ વર્ષોથી કચડાયેલી રહી છે. આ જાતિમાં અક્ષરજ્ઞાનનો અભાવ તેમજ ધંધા રોજગારના સાધનો અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી તેઓને પોતાના નિર્વાહ માટે કોઇ દિશાની સૂઝ પડતી નથી. વળી ૧૯૭૧ પહેલાં સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાનાં ગામોમાં વસવાટ કરતા પઢારોને આદિવાસી ગણીને, આદિવાસીઓને મળતા લાભો આપવામાં આવતા હતા. જયારે અમદાવાદ જિલ્લાનાં ધોળકા અને વિરમગામ તાલુકાનાં ગામોમાં વસતા પઢારોનો આદિવાસીઓમાં સમાવેશ કરવામાં નહીં આવેલો હોવાથી તેઓને કોઇ પણ જાતની સરકારી યોજનાઓનો લાભ મળતો ન હતો. આના કારણે અમદાવાદ જિલ્લાના પઢારો તો ઘણી જ દયનીય અવસ્થામાં પોતાનું જીવન ગુજારતા હતા.

આપણે એ જોયું કે પઢાર જાતિના લોકો પોતાના જીવનનિર્વાહ માટે ખેતી ઉપરાંત અનેક પ્રકારની મજૂરી-ધંધા કરતા હોવા છતાં તેઓને બે ટંક પૂરતો ખોરાક મળી રહેતો નથી. આના કારણે તેમની શારીરિક શકિત ક્ષીણ થઇ જાય છે. છતાંય નિર્વાહ માટે વલખાં મારવાં પડે છે, અને જયાં મજૂરી-ધંધો મળી શકે તેમ હોય ત્યાં સ્થળાંતર કરી જતા હોય છે. આમ સ્થળાંતર કરવાથી તેઓ પોતાનાં બાળકોને શાળામાં ભણવા મોકલી શકતા નથી.

પઢારોને ધંધો-મજૂરી કરવાની આવડત હોવા છતાં તેમની પાસે ધંધાનાં સાધનો ઉપલબ્ધ નહીં હોવાથી તેમને બીજા પર આધાર રાખવો પડે છે અને તેના કારણે તેમનું શોષણ થયા કરે છે. જો આ શોષણને અટકાવવું હોય, અને પઢારોને પાયાપૂર્વક ખેતી તથા ધંધા-રોજગાર કરી શકે તેવી પરિસ્થિતિ ઊભી કરવામાં આવે તો તેઓનો સમાજ ગરીબીમાંથી જરાક સારી આર્થિક સ્થિતિમાં અને અજ્ઞાનના અંધકારમાંથી જાણકારીની દુનિયામાં બહાર નીકળી

શકે એમ છે.

મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન પઢારોના વિકાસ માટે તેમને પૂછવામાં આવતાં તેમણે પોતાના વિકાસ માટે અનેક સૂચનો કર્યાં છે. મેં પણ એમના વિષે સમાજમાનવશાસ્ત્રની દ્રષ્ટિએ વિચાર્યું છે. બીજા સંબંધિત અધિકારીઓ અને સંશોધકો સાથે પણ મેં ચર્ચા કરી છે. આ સૌના આધારે પઢારો માટે શું કરવા જેવું છે તે અત્રે રજૂ કરું છું

## ૧. નળકાંઠાનું નવીકરણ

પઢારોની સંસ્કૃતિ અને અર્થરચના નળસરોવર અને એના કાંઠાના વિસ્તાર પર જ સોએ સો ટકા આધારિત છે. જેમ કે પઢારો નળસરોવરમાંથી તેમના ખોરાક માટે બીડ, થેગ, ડુંગરો, સામો તથા માછલી મેળવે છે. અને તેમના ઝૂંપડાં તૈયાર કરવા માટ, માટી અને ગોંદરીનું ઘાસ પણ નળમાંથી જ મેળવે છે. તેમનાં પશુઓને ચરવા માટેનું ઘાસ પણ નળમાંથી જ મળી રહે છે. આમ પઢારોની અર્થરચના નળસરોવર પર આધારિત છે. અને તે તેમનાં લોકગીતો અને ભજનોમાં વ્યકત થાય છે. જો સમગ્ર નળકાંઠાનું નવીકરણ અને સુદ્દઢીકરણ કરવામાં આવે તો નળ સમૃધ્ધ થશે. તેને લીધે પઢારો પણ સમૃધ્ધ થશે. નળકાંઠાનું નવીકરણ કરવા માટે નળસરોવરનું ખારું પાણી, બને તેટલું અને વધુમાં વધુ સમય સુધી મીઠું કરવું જોઇએ. આવા મીઠા પાણીનો ખેતીની સિંચાઇમાં ઉપયોગ કરી શકાય તો આ વિસ્તાર આખો આપ સમૃધ્ધ થશે. આ સરોવરના પાણીની ખારાશ જેમ બને તેમ ઓછી કરવા માટે જો ચોમાસાના વરસાદનું પાણી સરોવરમાંથી વહી જતું અટકાવવામાં આવે તો ચોમાસા સિવાયની ઋતુમાં પણ લાંબો સમય પાણી મીઠું રાખી શકાય. આ માટે એમ થઇ શકે કે નળસરોવરમાંથી જે વધારાનું પાણી જે જગ્યાએથી વહી જાય છે તે સ્થળે અમુક ચોક્કસ સપાટીએ દીવાલ બાંધવામાં આવે અને પાણીને અટકાવવામાં આવે તો આ વરસાદનું પાણી સરોવરમાં લાંબો સમય ટકી



રહેવાથી પાણીની ખારાશ ઓછી થશે અને આ મીઠા પાણીનો ખેતીની સિંચાઇમાં ઉપયોગમાં લેવા માટે નળમાંથી નહેરો કાઢીને ખેતીના પાકમાં આપવામાં આવે તો આ વિસ્તારની જમીનમાં વધારે સારા પ્રમાણમાં પાક લઈ શકાશે. અને આને લઇને લોકોની સ્થિતિ સુધરશે. આ કામ માટે મોટું ખર્ચ કરવું પડે તો પણ કરવું જોઇએ.

વળી સરોવરની અંદર અને સરોવરની બહાર જે વનસ્પતિ થાય છે, તથા પાણીની અંદર પુષ્કળ પ્રમાણમાં જે સેવાળ અને લીલ થાય છે તે બધી વનસ્પતિઓ સેવાળોને વિકસાવવી તથા ઉપયોગમાં લેવી જોઇએ. વનસ્પતિશાસ્ત્રના નિષ્ણાતો તથા રસાયણશાસ્ત્રના નિષ્ણાતો દ્વારા આ વનસ્પતિ અને સેવાળ તથા લીલની વધુ ઉપયોગીતાની ચકાસણી કરાવવી જોઇએ. વળી સરોવરના કિનારા વિસ્તારમાં ગોંદરી નામનું માથાપુર ઊંચું ઘાસ થાય છે. આ ઘાસનો હાલ કોઇ ઉપયોગ થતો નથી. જો આ ઘાસનો ઉપયોગ કાગળનાં પૂઠાં બનાવવામાં કરી શકાય તેમ છે તો આ ઉદ્યોગ અંગેની શકયતા પણ વિચારવી જોઇએ.

આ વિસ્તારના નવીકરણની સાથે સાથે એ પણ ખ્યાલમાં લેવાનું જોઇએ કે અહીં જે શિયાળે-ઉનાળે બહારનાં પક્ષી આવે છે અને તેને લઇને સરોવરની સુંદરતા વધે છે તેને સહેજે પણ અસર ન થાય તેનો ખ્યાલ રાખવો જોઇએ.

ઉપર જણાવેલી બધી વિગતોને અમલમાં મૂકવા માટે એક સુઆયોજિત, સુગ્રથિત પ્રાયોજના બનાવવી જોઇએ. જેમાં સંબંધિત બધા જ વિષયના નિષ્ણાતોની ભલામણથી કામ કરવું જોઇએ.

## ૨. પાયાની સવલતો

(૧) મકાન :

મોટા ભાગના પઢારો ઘાસમાંથી બનાવેલા કૂબાઓમાં તથા માટીની દીવાલોવાળાં કાચાં ઘરોમાં રહે છે. કૂબાઓ કેન્દ્રીય પરિવારના રહેઠાણ પૂરતા જ હોય છે. પરિવાર મોટો થાય તો આખા કુટુંબના સભ્યોનો તેમાં માંડ સમાવેશ થઇ શકે છે. આ લોકો શિયાળે ઉનાળે કૂબાની બહાર પણ ગમે ત્યાં સૂઇ શકે પણ ચોમાસામાં તો તેમને આટલા નાના કૂબામાં ઘરના બધા સભ્યોને સમાવવાની મુશ્કેલી નડે છે. પઢારોની વસ્તી વધતી જાય છે એટલે એમને આવાસનાં ઘરોની ઘણી જ તાણ પડે છે. તો તેમને ઇંટવાળાં પાકાં મકાનો ભલે ન અપાય પરંતુ માટીની દીવાલવાળાં અને છાપરા પર દેશી નળિયાંવાળાં મકાનો બનાવવા માટે મદદ કરવી જોઇએ. આ માટે એમ થઇ શકે કે માટીમાંથી દીવાલ બનાવવાનું કામ પઢારો જાતે પોતાની મહેનતથી કરે અને મકાનમાં જોઇતી સામગ્રી જેવી કે મોભ, બારીબારણાં, નળિયાં વગેરેની મદદ સરકાર કરે. વળી હાલ સરકાર તરફથી મકાન માટે મદદ આપવામાં આવે છે તે ત્રણ તબક્કે આપવામાં આવે છે અને તે પણ સમયસર મળતી નથી. આના કારણે પઢારોનાં ઘણાં મકાનો એવાં જોવા મળે છે કે માટીની દીવાલો તૈયાર કરેલી હોય પરંતુ ઉપર છાપરું ના હોય કે છાપરા પર નળિયાં ના હોય. આથી તેમણે મકાનની તૈયાર કરેલી દીવાલો ચોમાસામાં ધોવાઇ જાય છે. આમ થતાં કરેલી મહેનત માથે પડે છે. (હાલ આવાં અધૂરાં મકાનો ઘણાં જોવા મળે છે અને તેની દીવાલો ધોવાઇ ગયેલી અને ફરી મહેનત કરવી પડે તેવી પરિસ્થિતિ ઊભી થયેલી છે.) તો પઢારો મકાનની દીવાલો તૈયાર કરે એટલે તેમને છાપરા માટે જોઇતી સામગ્રી તાત્કાલિક પૂરી પાડવી જોઇએ. સૌથી વધુ જરૂરિયાતવાળા ગરીબમાં ગરીબ પઢારોના ઘરોની વ્યવસ્થા પહેલી કરવી. ત્યાર પછી ક્રમે ક્રમે બીજાઓ માટે વ્યવસ્થા કરતા જવું.



(૨) વીજળીકરણ :

કેટલાંક પઢાર ગામોમાં વીજળી આવી છે. ત્યાં પઢારવાસમાં પણ વીજળી પહોંચાડવી જોઇએ.

(૩) પીવાનું પાણી :

જે પઢાર ગામોમાં પીવાના પાણીની હાડમારી છે ત્યાં બોર કરીને પાણી પૂરું પાડવા માટે અગ્રિમતાના ક્રમે કામ કરવું જરૂરી છે.

## ૩. આર્થિક વિકાસ

ખેતી :

(૧) ખેતી માટે પૂરતી જમીન : કેટલાક પઢારો ખેતી કરે છે પણ તેમની પાસે પૂરતી જમીન નથી. તેઓને ખેતી માટેની પૂરતા પ્રમાણમાં જમીન આપવી જોઇએ. આ વિસ્તારમાં સરકારી ખરાબાની જમીન છે જેને ખેતીની જમીનમાં ફેરવી શકાય તેમ છે અને તે સારા પ્રમાણમાં અણવપરાયેલી પડી રહેલી છે. જો આ ખરાબાની જમીન પઢારોને આપવામાં આવે તો તેઓ ખેતીમાંથી સારી રીતે પોતાનું ગુજરાન ચલાવી શકશે.

(૨) ખેતીની જમીનને નવસાધ્ય કરી ક્યારીની જમીનમાં ફેરવવી : આ વિસ્તારની જમીનમાં વરસાદનું પાણી પૂરતા પ્રમાણમાં ઉતરી શકતું નથી, અને તેની અંદરનો ખાર ચોમાસું ઉતરતાં જ ઉપર આવી જાય છે. જો આ જમીનને નાના નાના ટૂકડામાં વિભાજીત કરવામાં આવે અને વચ્ચે પાળા બાંધવામાં આવે તો વરસાદનું પાણી જમીનમાં ઉતરે અને એવી જમીનને જીપ્સમથી ઠીક કરવામાં આવે તો ખાર જલદીથી ઉપર આવી શકે નહીં. તેમજ આ જમીનમાં ડાંગરનું ઉત્પાદન લઇ શકાય તેમ છે.

(૩) <u>સિંચાઇ માટે પાતાળ કૂવા</u> : આ વિસ્તારમાં ખેતીની સિંચાઇ માટે કોઇ સાધન ઉપલબ્ધ નથી. વળી આ વિસ્તારની જમીનમાં ખારવાળી હોવાથી જમીનમાં કૂવો ખોદતાં ખારૂં પાણી નીકળે છે. આ પાણી ખેતીના કામમાં આવી શકે તેમ નથી. અહીં પાતાળ કૂવા કરવાથી મીઠું પાણી મળવાની પૂરી શકયતા છે. સદ્‌વિચાર પરિવાર તરફથી શાહપુર તથા નાની કઠેચી ગામોમાં પાતાળ કૂવા કર્યા છે તેમાંથી મીઠું પાણી મળી આવ્યુ છે. તે પીવા માટે અને ખેતીની સિંચાઇ માટે વપરાય છે. જો આ વિસ્તારમાં પાતાળ કૂવા બનાવીને પાઇપલાઇન મારફતે ખેતીમાં પાણી પૂરું પાડવામાં આવે તો પઢારોની ખેતી ઘણીવાર એક વરસાદના અભાવે નિષ્ફળ જાય છે તે બચાવી શકાય. તેમજ શિયાળા-ઉનાળાની મોસમમાં પણ પાક લઇ શકાય.

(૪) <u>સુધારેલા બિયારણોનો વપરાશ</u> : અત્યારે ગુજરાતમાં અને દેશમાં અનેક જાતના પ્રયોગ કરીને કયી જમીનમાં કયું બિયારણ વાપરવાથી પાક સારો અને વધારે લઇ શકાય તે શોધવામાં આવ્યું છે. તો આ વિસ્તારની જમીનમાં કેવા પ્રકારનું બિયારણ વાપરવાથી સારો અને વધારે પાક લઇ શકાય તે માટે જમીનના તજજ્ઞો પાસે તેની ચકાસણી કરાવવી જોઇએ. અને આ જમીનમાં કયા કયા પાક સારા થઇ શકશે તેની માહિતી પઢારોને આપવી જોઇએ. વળી આ દરેક પઢાર ગામોમાં પાકના નિદર્શન પ્લોટ તૈયાર કરવા જોઇએ અને પઢારોને તે બતાવવા જોઇએ.

(૫) <u>ખેતીમાં વચગાળાના ધિરાણની વ્યવસ્થા</u> : પઢારો પાસે પૂરતી મૂડી નહીં હોવાથી તેઓને જયારે બિયારણ, ખાતર કે ખાધાખોરાકી માટે અનાજની જરૂર પડે છે ત્યારે તેઓ વેપારી પાસે ઉધારે લેવા જાય છે. આ વખતે વેપારી, પઢારોએ કરેલા પાક તૈયાર થયા પહેલાં ઓછા ભાવે નોંધી લે છે અને પૈસા કે માલ સામાન આપે છે. જયાર પાક તૈયાર થાય છે ત્યારે બજારભાવ ગમે તેટલો વધારે હોય છતાં તેમણે વેપારીને નોંધાવેલ ભાવથી જ પોતાનું ઉત્પાદન આપી દેવું પડે છે. દા.ત. ચાલુ સાલે વેપારીઓએ પઢારોએ કરેલા મગ અગાઉથી રૂ.૩૫ ના ભાવે નોંધી



લીધેલા. અને જયારે મગનો પાક તૈયાર થયો ત્યારે તેનો બજાર ભાવ ૨૦ કિલોના રૂ.૭૦ થી ૮૦ જેટલો હતો. આમ પઢારો વેપારીઓના શોષણના ભોગ બને છે. તો તે અટકાવવા માટે તેમને વચગાળાનું ધિરાણ મળી શકે તેવી વ્યવસ્થા થવી જોઇએ. આ કામ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા કરાવી શકાય.

(૫) <u>પઢારોની ખેતી વિકાસ સહકારી મંડળીની રચના</u> : પઢારોને શાહુકારો અને વેપારીઓના શોષણના ભોગ થતા અટકાવવા માટે તેઓની ખેતી વિકાસ સહકારી મંડળીની રચના કરવી જોઇએ. આ મંડળી મારફતે તેઓને સારી જાતનાં બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓ વગેરે પૂરાં પાડે તથા તેઓએ પકવેલ પાકનું પૂરું વળતર આપીને ખરીદી કરે તેવી વ્યવસ્થા આ સહકારી મંડળી દ્વારા ઊભી કરવી જોઇએ.

(૬) <u>દૂધાળાં ઢોર ખરીદવા ઓછા દરની લોન</u> : નળકાંઠા વિસ્તારમાં પુષ્કળ પ્રમાણમાં ઢોરને ચરવાનું ઘાસ થાય છે. આ ઘાસ પર અહીંના ભરવાડ લોકો એકલું પશુપાલન કરીને પોતાનું ગુજરાન સારી રીતે ચલાવે છે. પઢારોને પણ પશુપાલન માટે ઓછા વ્યાજની લોન આપવામાં આવે તો તેઓમાંના ઘણા પશુપાલન કરવા તૈયાર થશે.

(૭) <u>રળોલ ગામનો બંધ</u> : લીમડી તાલુકાના રળોલ ગામના પઢારોને સરકાર ખરાબાની જમીન ખેતી માટે આપેલી છે. આ જમીન ગામથી ત્રણ કિ.મી. અંતરે આવેલા કલુડા બંધની બાજુમાં આવેલી છે. આ જગ્યાએ સરકારી ખરાબાની જમીન આવેલી છે જેમાં ખેતી થઇ શકે તેમ છે. પરંતુ આ જમીનની નજીકમાં બાંધવામાં આવેલા કલુડા બંધમાં લગભગ ૩૦૦ ફુટ જેટલો બંધનો પાળો તૂટી ગયેલો હોવાથી બંધમાં પાણી ભરાઇ શકતું નથી. આના કારણે પઢારોને આપવામાં આવેલી જમીનમાં તેઓ ચોમાસામાં ડાંગર કરે છે પરંતુ વરસાદ ખેંચાતાં આ ડાંગરને પાણી મળી નહીં શકવાથી તેમની કરેલી મહેનત નિષ્ફળ જાય છે. આ તૂટેલા

બંધને પથ્થર અને માટીના પૂરાણથી તાત્કાલિક પૂરો કરવો જોઇએ. જો આ બંધનું કામ પૂરું કરવામાં આવશે તો કેટલા પઢારોને જ નહીં પરંતુ ગામના બીજા લોકોને અને બાજુના ગામના લોકોને પણ ઘણો ફાયદો થશે એમાં સહેજ પણ શંકાને સ્થાન નથી.

૨. મચ્છીમારી

પઢારો વધારે પ્રમાણમાં માછલી પકડી શકે તે માટે તેમને પૂરતા સાધનો જેવાં કે હોડકાં અને જાળ પૂરાં પાડવાં જોઇએ. બીજું અત્યારે પઢારો જે માછલી પકડે છે તે તેમણે કિલોના ૨ થી ૪ રૂપિયાના ભાવથી વેચી દેવી પડે છે. આ જ માછલી વેપારીઓ અમદાવાદ લાવી તેના દર કિલોના ૧૫ થી ૧૭ રૂપિયા ઉપજાવે છે. મચ્છીમારીનો પૂરો લાભ મેળવવા માટે પઢારોની મચ્છીમારી સહકારી મંડળીની રચના કરવી જોઇએ. આ મંડળી મારફતે પઢાર મચ્છીમારોને જાળ અને હોડકાં માટે સસ્તા દરના ધિરાણની વ્યવસ્થા થઇ શકશે. વળી આ મંડળી તેમણે પકડેલી માછલી યોગ્ય ભાવ આપીને ખરીદે અને મંડળીએ ખરીદેલી માછલી તે જાતે જ બજારમાં વેચે તો તેને વધારે સારા ભાવ મળી શકે. પઢારોને સારી માછલી પકડવા માટે તથા બીજાં પક્ષીઓને બચાવવા માટે આ મંડળી મારફતે તાલીમ પણ આપી શકાશે.

૩. મજૂરી :

(૧) મોટા ભાગના પઢારો માટીકામની મજૂરી કરવા માટે ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં જાય છે. આ કામ મેળવવા માટે તેઓને વચ્ચેના માણસને દિવસના પચીસથી પચાસ પૈસા સુધીનું કમિશન આપવું પડે છે. વળી તેઓ જેટલું કામ કરે છે તે કામનું માપ ઓછું કાઢવાથી પૂરાં નાણાં પણ મળી શકતાં નથી. આમ તેઓનું ઘણી રીતે શોષણ થાય છે. આ શોષણથી અટકાવવા માટે તેમજ તેઓને કામનું પૂરું વળતર મળી શકે તે માટે તેમની માટીકામની સહકારી મંડળીની રચના કરવી જોઇએ. જે સરકારી કામો નીકળે છે તે કામોનો સીધો કોન્ટ્રાકટ આ મંડળીને



આપવો જોઇએ. માટીકામમાં કોઇ ટેકનીકલ સહાયની જરૂર પડે ત્યાં સરકારે જ તેની વ્યવસ્થા કરવી જોઇએ. જો આમ કરવામાં આવશે તો પઢારોને તેમણે કરેલા કામનાં પૂરેપૂરાં નાણાં મળી શકશે.

પઢારોની કામ સ્થળ પરની આવાસ તથા તેમનાં બાળકોની દેખરેખ અને શિક્ષણનું કામ પણ આ મંડળીને સુપરત કરવું જોઇએ.

(૨) જે પઢારો ખેતી કામની મજૂરી કરે છે તેમને સરકારે નક્કી કરેલ લઘુત્તમ મજૂરી ચૂકવવામાં આવતી નથી. સરકારે ઠરાવેલી મજૂરી તેમને મળી રહે તે અંગે પગલાં ભરવાં જોઇએ.

૪. ગૃહોદ્યોગો :

પઢારો નવરાશના સમયમાં ઘેર બેઠાં પૂરક રોજગારી મેળવી શકે તે માટે તેમને નાના નાના ઉદ્યોગોમાં રોકવા જોઇએ. આ વ્યવસાયો દ્વારા તેઓ પૂરક રોજગારી પ્રાપ્ત કરી શકે. આ માટે નીચેના ગૃહોદ્યોગો વિચારી શકાય :

(૧) અંબર ચરખા : પઢારોને જરૂરિયાત પ્રમાણે અંબર ચરખા આપવામાં આવે અથવા દરેક ગામમાં એક અંબર કતાઇ કેન્દ્ર શરૂ કરીને ત્યાં ૨૦-૨૫ અંબર ચરખા રાખવામાં આવે. જેમને સમય મળે ત્યારે ત્યાં આવી કાંતે. તેઓ જેટલું કાંતે તે પ્રમાણે તેમને રોજી ચૂકવવી જોઇએ. આ માટે શરૂઆતમાં પઢારોને કાંતવાનું શીખવવું જોઇએ. અને આ શીખવાના સમય દરમ્યાન તેઓને શિષ્યવૃત્તિ પણ આપવી જોઇએ.

(૨) ભરત-ગૂંથણ : પઢાર બહેનો ભરતકામ અને મોતીકામ સારું જાણે છે. તેમની આ કળા ખીલવવા માટે તેમજ તેમને પૂરક રોજગારી પૂરી પાડવા માટે જો સરકાર દ્વારા કાચો માલ પૂરો પાડવામાં આવે અને તૈયાર માલ લેવાની વ્યવસ્થા કરવામાં આવે તો પઢાર સ્ત્રીઓ નવરાશના સમયમાં આ કામ કરીને પૂરક રોજી મેળવી શકે તેમ લાગે છે.

(૩) <u>કપડાં સિવવા માટે સિલાઇ મશીન અને તાલીમ</u> : મોટા ભાગના પઢાર સ્ત્રી-પુરૂષો પોતાનાં કપડાં તૈયાર સીવેલાં બજારમાંથી લાવીને પહેરતા હોય છે. જો તેમને કપડાંનું કટીંગનું કામ અને સીવવાનું શીખવવામાં આવે તો તે કામ કરવા ઘણા પઢાર પુરૂષોએ તૈયારી બતાવી છે. તો તેમને સીવવાનું અને કટીંગનું કામ શીખવવું જોઇએ. વળી જ્યારે તેઓ આ કામ શીખી જાય ત્યારે તેમને સિલાઇ મશીન ખરીદવા માટે ઓછા વ્યાજની લોન મળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

આ બધાં કામો માટે સહકારી ધોરણે વ્યવસ્થા કરવી જોઇએ. સાથોસાથ એમનામાં નવીન કૌશલ આણવા માટે તાલીમવર્ગો કરવા જોઇએ. ઉપર જણાવેલ ધંધાઓ ઉપરાંત સુથારીકામની તાલીમ પણ વિચારવી જોઇએ.

(૪) <u>કપડાંની ફેરી કરવા માટે ધિરાણ</u> : કેટલાક પઢાર યુવાનોને સીવતાં આવડે છે પણ એમને ઘરાકી સારી નથી મળતી. એમને તૈયાર કપડાં બનાવવા માટે ધિરાણ મળે તો પઢાર બજારમાંથી કાપડ લાવી તેનાં કપડાં તૈયાર કરી, ફેરી ફરી એમાંથી સારું કમાઇ શકે.

(૫) કોઠાર બનાવવા : પઢાર સ્ત્રીઓ માટીના કોઠાર સારા બનાવે છે. એ કળાકારીગરીવાળા હોઇ એની માંગ સારી રહેશે. આને બનાવડાવવાની અને વેચવાની વ્યવસ્થા કરવી જોઇએ.

(૬)( અ.)<u>સસ્તા અનાજની દુકાનો</u> : પઢારો સખત મહેનત મજૂરીનું કામ કરે છે. આથી તેમના શરીરને ઘસારો વધારે રહે છે. મહેનતના પ્રમાણમાં જો ખોરાક ના મળે તો થોડા જ વર્ષમાં શરીર કમજોર થઇ જાય. આથી પઢારોને સસ્તા અનાજની દુકાનેથી અનાજ, ગોળ અને તેલ જેવી વસ્તુઓ સબસીડી આપેલ ભાવથી પૂરી પાડવી જોઇએ. હાલ સરકાર તરફથી કંટ્રોલ ભાવની ખાંડ આપવામાં આવે છે પરંતુ પઢારો ખાંડનો ઉપયોગ



કરતા નથી. આ ખાંડ તો દુકાનદાર કાળાબજારમાં વેચી દેતા હોય છે. માટે પઢારોને ખાંડના બદલામાં સસ્તા ભાવે ગોળ મળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. આવી વ્યવસ્થા દરેક પઢાર ગામોમાં કરવી જોઇએ. વળી તેમને અનાજ અને તેલ પણ બજારભાવથી ઓછી કિંમતે મળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. આ માટે ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ થોડું ખર્ચ ભોગવીને પઢારોને સસ્તાં અનાજ, ગોળ, તેલ વગેરે મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

(બ)<u>અપંગો અને વૃધ્ધોને પેન્સન</u> : સરકાર તરફથી અપંગો અને વૃધ્ધોને માટે પેન્સન યોજના શરૂ કરવામાં આવી છે. છતાં પઢારો સુધી આવી કોઇ સહાય પહોંચતી નથી. તેમને આવી યોજનાની ખબર પણ નથી. તો સરકારે આ યોજનાનો લાભ પઢારોને તાત્કાલિક મળે તેમ કરવું જોઇએ.

(ક) <u>આરોગ્ય</u> : પઢારોનું આરોગ્ય સચવાઇ રહે તે માટે તેઓને પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. તથા નાનાં બાળકો માટે પોષક આહાર યોજના શરૂ કરવી જોઇએ. વળી તેઓ માંદગીમાં દોરા ધાગા કરવાને બદલે દવા કરાવતા થાય તેની સમજણ આપવી જોઇએ. અને દરેક ગામે આરોગ્ય કેન્દ્રની સગવડ કરવી અથવા બધાં પઢાર ગામો વચ્ચે એક ફરતા દવાખાના (મોબાઇલવાન)ની વ્યવસ્થા કરવી જોઇએ. વળી દરેક પઢારોની આરોગ્યની તપાસ મેડીકલમાં અભ્યાસ કરતા ઇન્ટર્ની પાસે કરાવવી જોઇએ.

## ૪. શિક્ષણ

(૧) બાલવાડી :

પઢાર બાળકોને નાનપણથી જ શિક્ષણ તરફનો અભિગમ કેળવવા માટે બાલવાડીઓ શરૂ કરવી જોઇએ. જો બાળક નાનપણથી જ બાલવાડીમાં જતું થાય તો ત્યાં તેને જ્ઞાન સાથે ગમ્મત મળતાં તેને મજા પડશે. અને આના કારણે તે નિયમિત બાલવાડીમાં જશે તો બાળક છ વર્ષનું થતાં તેને શાળામાં જતાં મુશ્કેલી પડશે નહીં.

આવી પાંચ બાલવાડીઓ ધરજી (દુર્ગી) તા. ધોળકા, નાની કઠેચી, રણોલ વગેરે ગામોમાં શરૂ કરવી જોઇએ.

(૨) આશ્રમશાળા :

મોટાભાગનાં પઢાર કુટુંબો વર્ષનો મોટો સમય માટીકામની મજૂરી માટે પોતાના વિસ્તારમાંથી સ્થળાંતર કરતા હોય છે. આના કારણે તેઓ બાળકોને ઘરે એકલાં મૂકી શકતા નથી. અને તેના કારણે બાળકો શિક્ષણ લઇ શકતાં નથી. તો બાળકો શિક્ષણ મેળવી શકે તે માટે આશ્રમશાળાઓ શરૂ કરવી જોઇએ. અથવા દરેક પઢાર ગામોમાં જ્યાં શાળાઓ છે ત્યાં તેમને રહેવા માટે છાત્રાલયોની વ્યવસ્થા કરવી જોઇએ. તથા બાળકોની શાળામાં નિયમિત હાજરી માટે પ્રોત્સાહન રૂપે તેમનાં વાલીઓને થોડી ઘણી મદદ કરવી જોઇએ.

(૩) પ્રૌઢ શિક્ષણ :

જે પઢાર સ્ત્રી-પુરુષો ચૌદ વર્ષથી ઉપરની ઉંમરવાળાં છે અને જેઓએ બિલકુલ શિક્ષણ મેળવ્યું નથી તેમને માટે પ્રૌઢ શિક્ષણના વર્ગો શરૂ કરવા જોઇએ. અને આ વર્ગો દ્વારા તેમના સર્વાંગી વિકાસ માટેનું જ્ઞાન મળી રહે અને તેઓ શિક્ષણનું મહત્વ સમજતા થાય અને



પોતાનાં બાળકોને ભણાવતા થાય. સાથે સાથે તેમને આરોગ્યની અને બીજી અન્ય ઉપયોગી માહિતી આપી શકાય.

## ૫. અન્ય

(૧) સ્વૈચ્છિક સમાજસેવી સંસ્થાઓએ પઢારોના સમગ્ર વિકાસ અંગેનું કામ ઉપાડી લેવું જોઇએ.

(૨) પઢારો ભજનો ગાવામાં, નૃત્યો કરવામાં, તથા ભવાઇનો વેશ કરવામાં ઉત્સાદ છે. તો પઢારોની આ કળા ખીલવવા માટે તેમનાં ભજન મંડળો, નૃત્ય મંડળો વગેરેની રચના કરવી જોઇએ.

(૩) પઢારો માટે ઉપરોક્ત દર્શાવવામાં આવેલા મુદ્દાઓને આવરી લેવા એક ખાસ વિકાસ યોજના બનાવવી જોઇએ. આ યોજનાના અમલીકરણ માટે એક સ્પેશ્યલ અધિકારીની નિમણૂક કરવી જોઇએ. આ અધિકારીને જોઇતો સ્ટાફ પણ આપવો જોઇએ.

### પ્રજા પોતાનું ભાવિ પોતે ઘડે છે :

ઉપરનું યોજના વિવરણ જોઇને કોઇને થશે કે બધું જ સરકારે કરવાનું છે. અમારો એવો જરાક ય વિચાર નથી. પઢાર ભાઇઓએ પણ સમજવું જોઇએ કે સરકાર તેમના માટે વિકાસ યોજના બનાવીને અમલમાં મૂકે, અને પઢારો તેનો લાભ લીધા કરે. અને જુદી જુદી મદદની આશા રાખ્યા કરે તે હવે ચાલી શકે તેમ નથી. માતા પોતાના નાના બાળકને ચાલતાં શીખવવા માટે શરૂઆતમાં આંગળી પકડીને ટેકો આપે છે. પરંતુ બાળક જયારે પોતાને જાતે ચાલતું શીખી જાય પછી તેને ટેકાની જરૂર પડતી નથી. તેમ પઢારોને પણ શરૂઆતમાં પોતાના ધંધા રોજગાર માટે સરકાર મદદ કરે પરંતુ તેઓ કાયમ માટે આવી મદદની આશા કર્યા કરે તે કોઇપણ સંજોગોમાં ચાલી શકશે નહીં.

પઢારોએ સમજી લેવું જોઇએ કે કોઇપણ પ્રજાનું નસીબ એના પોતાના હાથમાં હોય છે. એમણે સરકારની વિકાસ યોજનામાં પોતાનાથી બનતી મદદ કરવી જોઇએ. જેમ કે સરકાર બાલવાડીમાં નાસ્તો અને આશ્રમશાળામાં અભ્યાસ કરતાં બાળકોને મફત જમવાનું અને કપડાંની મદદ કરે છે. તો પઢાર ભાઇઓએ પણ થોડો ફાળો આપવો જોઇએ. પઢારો હાલ પોતાની દૈનિક મજૂરીમાંથી દિવસના પાંચ પૈસા પ્રમાણે માતાના મઢમાં આપે છે. તથા ઘરદીઠ પાયલીશેર અનાજ આપે છે. તેવી રીતે આશ્રમશાળામાં અભ્યાસ કરતાં પોતાનાં બાળકો માટે પણ થોડી ઘણી રકમ અને અનાજની મદદ કરવી જોઇએ.

આ જ પ્રમાણે પઢાર ભાઇઓની જે ભજન મંડળીઓ અને નાટક મંડળીઓ છે. તે મંડળીઓ પણ પોતાના વિકાસ માટેનાં ભજનો અને નાટકો ભજવે અને પોતાના સમાજના લોકોને તે દ્વારા શિખામણ આપે તે જરૂરી છે.

વળી ગામના આગેવાનોએ એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે સરકાર તેમના માટે જે વિકાસ યોજના બનાવીને તેના અમલીકરણ માટે પ્રયાસો કરી રહી છે તે ફક્ત સરકારી અમલદારો દ્વારા જ થશે તેમ માનવું નહીં. આ માટે દરેક પઢાર ગામના ગામ આગેવાનોએ પોતાની વિકાસ સમિતિઓની રચના કરવી જોઇએ. અને આ સમિતિઓના સભ્યો વારંવાર મળીને પોતાના વિકાસ અંગે ચર્ચા કરે અને તે પોતાના ભાઇઓને સમજાવે તે જોવું જોઇએ. તેમજ યોજનાનો અમલ સરખી રીતે થાય છે કે નહીં તેનું ધ્યાન રાખવું જોઇએ.

...

## પ્રકરણ - ૧૪

### સૂચિત વિકાસ કાર્યક્રમ

પઢારોના સર્વાંગી વિકાસ માટે આ સૂચિત વિકાસ યોજના દ્વારા ત્રણ વર્ષમાં લગભગ રૂપિયા ૮૫,૨૨,૦૦૦/- નું ખર્ચ થશે. આ ખર્ચ પ્રથમ નજર ઘણો મોટો લાગે પરંતુ પઢારોની ૧૦,૦૦૦ ઉપરાંતની વસ્તીમાં જો માથાદીઠ સરરાશ ખર્ચ જોઇએ તો રૂ.૮૫૨/- જેટલો થાય.

પઢારો માટે આજ સુધી કશો ખર્ચ થયો નથી. આદિવાસી હોવા છતાં તેમને આદિવાસીના લાભો માત્ર નામના જ અલ્પ પ્રમાણમાં મળ્યા છે.

આ સમાજની અર્થરચનાનું બુનિયાદી (ઇન્ફ્રાસ્ટ્રકચર) માળખું બનાવવું હશે તો ખર્ચ તો કરવું જ પડશે. આ લોકો ગરીબીમાં જીવે છે. એટલે તેઓ જાતે બુનિયાદી માળખું તૈયાર કરી શકે તેમ નથી. તો તે કરી આપવું પડશે.

વિકાસ યોજનામાં કેટલોક ખર્ચ તો અનાવર્તક છે. જે પ્રથમ વર્ષે કર્યા પછી, ફરી કરવો પડશે નહીં. જો આ ખર્ચને બાદ કરીએ તો ખર્ચ ઓછો જણાશે.

પઢારોને બુનિયાદી માળખું તૈયાર કરી આપ્યા પછી એવી આશા જરૂર રાખી શકાય કે તેઓ વિકાસમાં ભાગીદાર થશે અને થોડા સમય પછી પોતે પોતાનું ફોડી લેશે.

### વિકાસ કાર્યક્રમ

**૧. નળકાંઠાનું નવીકરણ :**

નળસરોવરના પાણીની ખારાશ ઓછી કરવા માટે, ચોમાસામાં વરસાદનું પાણી વહી જતું અટકાવવા માટે, સરોવરમાં નીચાણવાળી જગ્યાએ દીવાલ બાંધવી તથા પાણીને ખેતીની સિંચાઇમાં ઉપયોગમાં લેવા માટે નહેરો કાઢવા તથા વનસ્પતિના વિકાસ માટે

ત્રણ વર્ષમાં નીચે પ્રમાણે ખર્ચ થાય :

| | પ્રથમ વર્ષ | બીજા વર્ષે | ત્રીજા વર્ષે | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| રૂ. (લાખમાં) | ૧.૫૦ | ૧.૫૦ | ૧.૦૦ | ૪.૦૦ |

૨. મકાન :

જે પઢારોને મકાન માટે જમીન છે. પરંતુ તેઓ ઘાસમાંથી બનાવેલા કુબામાં રહે છે. તેઓને હવા ઉજાસવાળાં, માટીની દીવાલવાળાં અને છાપરા પર દેશી નળિયાંવાળાં મકાનો બનાવવા માટે સરકાર મદદ કરવી જોઇએ. આ માટે માટીની દીવાલ બનાવવાની મહેનત પઢારો જાતે કરે. તેમને ફક્ત કાચી સાધન સામગ્રી સરકાર તરફથી પૂરી પાડવી જોઇએ. ૩૦'x૧૫' ના ક્ષેત્રફળનું મકાન બનાવવાનું ખર્ચ નીચે પ્રમાણે કરવાથી એક મકાન તૈયાર થઇ શકે.

| | |
|---|---|
| દેશી નળિયાં નંગ ૫૦૦૦ ભાવ દર ૧૦૦૦ ના રૂ.૧૦૦ | ૫૦૦ |
| વાંસ નંગ ૧૦૦ એક વાંસના રૂ. ૫ મુજબ | ૫૦૦ |
| મોભિયાં નંગ ૮ એક નંગના રૂ.૧૦૦ મુજબ | ૮૦૦ |
| વાંસના ખપાટિયાંની ભારી નંગ ૨૦ એક ના રૂ.૨૦ મુજબ | ૪૦૦ |
| સુથારની મજૂરી રૂપિયા | ૨૦૦ |
| બારણાં | ૨૦૦ |

એક મકાન તૈયાર કરવા રૂ.૨૬૦૦ ખર્ચ થાય



| વર્ષ | એક મકાનનું ખર્ચ | | કુટુંબો | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૨૬૦૦ | X | ૨૦૦ | ૫૨૦૦૦૦ |
| બીજા વર્ષે | ૨૬૦૦ | X | ૨૦૦ | ૫૨૦૦૦૦ |
| ત્રીજા વર્ષે | ૨૬૦૦ | X | ૧૦૦ | ૨૬૦૦૦૦ |
| કુલ | | | ૫૦૦ | ૧૩૦૦૦૦૦ |

૩. ખેતી :

(૧) જે પઢારો પાસે ખેતીની થોડીઘણી જમીન છે તેમને ખેતી માટે પૂરતા પ્રમાણમાં જમીન આપવી. આ વિસ્તારમાં સરકારી ખરાબાની જમીન મોટા પ્રમાણમાં મળી શકે તેમ છે. તો તે જમીનને નવસાધ્ય કરીને પઢારોને આપવી.

| વર્ષ | જમીન એકર | | એકરદીઠ ખર્ચ રૂ. | કુલ ખર્ચ રૂ. |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૫૦૦ | X | ૫૦૦ | ૨૫૦૦૦૦ |
| બીજા વર્ષે | ૫૦૦ | X | ૫૦૦ | ૨૫૦૦૦૦ |
| ત્રીજા વર્ષે | ૧૦૦૦ | X | ૫૦૦ | ૫૦૦૦૦૦ |
| કુલ | ૨૦૦૦ | X | ૫૦૦ | ૧૦૦૦૦૦૦ |

(૨) આ વિસ્તારમાં ખેતીમાં સિંચાઇ માટે કોઇ સાધન નહીં હોવાથી જતુંતોને વારંવાર દુષ્કાળના ભોગ બનવું પડે છે. આ વિસ્તારમાં કૂવો ખોદવાથી જે પાણી મળે છે તે ખારવાળું હોવાથી ખેતીના કામમાં કે પીવાના કામમાં આવી શકતું નથી. જો સારું મીઠું પાણી મેળવવું હોય તો માત્ર એક ઉપાય તરીકે આ વિસ્તારના ગામોમાં પાતાળકૂવા

બનાવ્યા સિવાય છૂટકો નથી. અને પાતાળકૂવા સફળ થાય તેવી શકયતા છે. કારણ કે આ વિસ્તારમાંનાં ત્રણ ગામોમાં જયાં પાતાળકૂવા કર્યા છે તેમાંથી મીઠું પાણી મળી આવ્યું છે. એટલે પાતાળકૂવા નિષ્ફળ જશે એવી બીક રાખવાની જરૂર નથી.

| વર્ષ | પાતાળકૂવા સંખ્યા | | એક પાતાળકૂવાનું ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૫ | X | ૧.૫ લાખ | ૭.૫ લાખ |
| બીજા વર્ષ | ૩ | X | ૧.૫ લાખ | ૪.૫ લાખ |
| ત્રીજા વર્ષ | ૨ | X | ૧.૫ લાખ | ૩.૦ લાખ |
| કુલ | ૧૦ | X | ૧.૫ લાખ | ૧૫.૦ લાખ |

(૩) થોડા પઢારો ખેતી કરે છે. પરંતુ તેમની પાસે ખેતીનાં સાધનો પૂરતાં નહીં હોવાથી બીજા લોકોનાં સાધનો ઉપર આધાર રાખવો પડે છે. વળી જયારે સાધનની જરૂર હોય પરંતુ સમયસર મળી નહીં શકવાથી જમીનમાં જયારે ખેડનો સમય થયો હોય ત્યારે ખેડ કરી શકતા નથી. તો તેમને હળ, કરબ, વાવણિયા જેવાં સાધનો માટે મદદ કરવી.

| વર્ષ | કુટુંબ સંખ્યા | | કુટુંબદીઠ મદદ રૂ. | કુલ ખર્ચ રૂ. |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૨૦૦ | X | ૫૦૦ | ૧૦૦૦૦૦ |
| બીજા વર્ષ | ૨૦૦ | X | ૫૦૦ | ૧૦૦૦૦૦ |
| ત્રીજા વર્ષ | ૧૦૦ | X | ૫૦૦ | ૫૦૦૦૦ |
| કુલ | ૫૦૦ | X | ૫૦૦ | ૨૫૦૦૦૦ |



(૪) નળકાંઠા વિસ્તારની જમીનમાં ચોમાસુ ઉતરતાંની સાથે જ ખાર ફુટી નીકળે છે. જો વરસાદ થોડા દિવસ લંબાય તો પણ જમીનમાં ખાર આવી જાય છે. માટે આ જમીનને કયારીની જમીનમાં ફેરવવામાં આવે તો જમીનમાં લાંબો સમય સુધી વરસાદનું પાણી ભરાઇ રહે. આ માટે એક એક એકરના ટૂકડા બનાવીને તેને કયારીની જમીનમાં ફેરવવી જોઇએ. આના કારણે આ જમીનમાં ડાંગરનો પાક લઇ શકાય તથા ખાર ફુટતો અટકાવી શકાય.

| વર્ષ | એકર | | એકરદીઠ ખર્ચ રૂ. | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૫૦૦ | X | ૫૦૦ | ૨.૫ લાખ |
| બીજા વર્ષ | ૫૦૦ | X | ૫૦૦ | ૨.૫ લાખ |
| ત્રીજા વર્ષ | ૫૦૦ | X | ૫૦૦ | ૨.૫ લાખ |
| કુલ | ૧૫૦૦ | X | ૫૦૦ | ૭.૫ લાખ |

### ૪. પશુપાલન :

(૧) નળસરોવર વિસ્તારમાં પશુઓને ચરવાનું ઘાસ પુષ્કળ પ્રમાણમાં થાય છે. માટે અહીંના ભરવાડો માત્ર પશુપાલન ઉપર જ પોતાનું ગુજરાન સારી રીતે ચલાવતા જોવા મળે છે. જો પઢારો પણ પશુપાલન કરતા થાય તો પોતાના જીવનનિર્વાહ માટે પશુપાલનમાંથી થોડીઘણી આવક મેળવતા થાય. આ માટે તેમને દૂધાળાં ઢોર ખરીદવા માટે લોન તથા સબસીડી આપવી.

| વર્ષ | કુટુંબ સંખ્યા | | ભેંસદીઠ કિંમત રૂ. | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષે | ૨૦૦ | X | ૨૦૦૦ | ૪.૦ લાખ |
| બીજા વર્ષે | ૨૦૦ | X | ૨૦૦૦ | ૪.૦ લાખ |
| ત્રીજા વર્ષે | ૧૦૦ | X | ૨૦૦૦ | ૨.૦ લાખ |
| કુલ | ૫૦૦ | X | ૨૦૦૦ | ૧૦.૦ લાખ |

(૨) જે પઢારો એકલી માટીકામની મજૂરી ઉપર નભે છે અને આ કામ માટે તેમને પોતાના વિસ્તારમાંથી વર્ષમાં આઠ માસ જેટલો સમય બીજા વિસ્તારમાં સ્થળાંતર કરવું પડે છે. આ માટીકામની મજૂરી એ સખત મહેનતનું કામ છે. જો તેમને પૂરતો પૌષ્ટિક ખોરાક ના મળે તો તેમનું સ્વાસ્થ્ય નબળું પડે. આ માટે જો તેમને દૂધાળી બકરીઓ આપવામાં આવે તો તેઓ બીજા વિસ્તારમાં કામ માટે જાય છે ત્યાં પોતાની સાથે બકરી પણ લઇ જઇ શકે.

| વર્ષ | કુટુંબ સંખ્યા | | બકરીદીઠ કિંમત રૂ. | કુલ ખર્ચ રૂ. |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષે | ૨૦૦ | X | ૨૦૦ | ૪૦૦૦૦ |
| બીજા વર્ષે | ૨૦૦ | X | ૨૦૦ | ૪૦૦૦૦ |
| ત્રીજા વર્ષે | ૧૦૦ | X | ૨૦૦ | ૨૦૦૦૦ |
| કુલ | ૫૦૦ | X | ૨૦૦ | ૧૦૦૦૦૦ |



૫. મચ્છીમારી :

પઢારો અત્યંત ગરીબ હોવાથી તથા તેમને પૂરતો ખોરાક નહીં મળવાથી દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં તેઓ માછલી પકડી ખાય છે તથા વેચે છે. જો મચ્છીમારીમાં તેમને પગભર કરવામાં આવે તો તેઓ પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે તેમ છે. માટે મચ્છીમારી માટે તેમને સાધનો માટે મદદ કરવી અને મચ્છીમારીની તાલીમ આપવી.

| વર્ષ | કુટુંબ સંખ્યા | | કુટુંબદીઠ મદદ રૂ. | કુલ ખર્ચ રૂ. |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષે | ૧૦૦ | X | ૨૦૦ | ૨૦૦૦૦ |
| બીજા વર્ષે | ૧૦૦ | X | ૨૦૦ | ૨૦૦૦૦ |
| ત્રીજા વર્ષે | ૫૦ | X | ૨૦૦ | ૧૦૦૦૦ |
| કુલ | ૨૫૦ | X | ૨૦૦ | ૫૦૦૦૦ |

૬. શિક્ષણ :

પઢારોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. આ માટેનું કારણ તેમની આર્થિક સ્થિતિ અને વર્ષમાં મોટો સમય મજૂરી માટે બીજા વિસ્તારમાં સ્થળાંતર કરવું પડે છે તે છે. તેમને મજૂરી માટે જવું પડે છે ત્યારે બાળકોને પણ સાથે લઇ જવાં પડે છે. કારણ કે ઘેર તેમની દેખરેખ રાખનાર કોઇ હોતું નથી. આના કારણે શાળામાં ભણતાં બાળકોને પણ શિક્ષણ છોડાવીને પોતાની સાથે લઇ જવાં પડે છે. માટે પઢાર બાળકો માટે બાલવાડીઓ અને આશ્રમશાળા શરૂ કરવામાં આવે તો બાળકો ત્યાં રહીને શિક્ષણ મેળવી શકે. આશ્રમશાળા માટે વિરમગામ તાલુકાનું શાહપુર ગામ યોગ્ય લાગે છે તો ત્યાં આશ્રમશાળા ખોલવી જોઇએ.

(૧) બાલવાડીઓ :

પછાત બાળકોને નાનપણથી જ શિક્ષણ પ્રત્યે રસ જગાવવા માટે ૫ બાલવાડીઓ શરૂ કરવી જોઇએ. તે માટે નીચે મુજબ ખર્ચ થાય :

રીકરીંગ (આવર્તક) ખર્ચ :

(૧) એક શિક્ષકનો રૂ. ૨૫૦ મુજબ ૫ શિક્ષકનો પગાર
૨૫૦X૫X૧૨ = ૧૫૦૦૦

(૨) બાળકોને આપવા માટે નાસ્તા ખર્ચ એક બાલવાડીને રૂ. ૧૫૦૦ મુજબ
૧૫૦૦ X ૫ = ૭૫૦૦

(૩) બાલવાડી માટે મકાનનું ભાડું માસિક રૂ. ૨૫ મુજબ
૨૫ X ૫ X ૧૨ = ૧૫૦૦

કુલ ૨૪૦૦૦

નૉનરીકરીંગ (અનાવર્તક) ખર્ચ :

શિક્ષણનાં તથા રમતગમતનાં સાધનો દરેક બાલવાડીને રૂ. ૨૦૦૦ મુજબ
૨૦૦૦ X ૫ = ૧૦૦૦૦

બાલવાડીઓનું ત્રણ વર્ષમાં નીચે મુજબનું ખર્ચ થશે :

| વર્ષ | રીકરીંગ ખર્ચ રૂ. | નૉનરીકરીંગ ખર્ચ રૂ. | કુલ ખર્ચ રૂ. |
|---|---|---|---|
| પ્રથમ વર્ષે | ૨૪૦૦૦ | ૧૦૦૦૦ | ૩૪૦૦૦ |
| બીજા વર્ષે | ૨૪૦૦૦ | - | ૨૪૦૦૦ |
| ત્રીજા વર્ષે | ૨૪૦૦૦ | - | ૨૪૦૦૦ |
| કુલ | ૭૨૦૦૦ | ૧૦૦૦૦ | ૮૨૦૦૦ |



(૨) એક આશ્રમશાળા શરૂ કરવાનો ખર્ચ નીચે મુજબ થાય :

નૉનરીકરીંગ (અનાવર્તક) ખર્ચ

(૧) ફરનિચર અને સરસામાન........................ ૪૦૦૦

(૨) ૫૦ બાળકો માટેનાં વાસણો.................... ૫૦૦૦

(૩) રમતગમતનાં સાધનો........................... ૧૦૦૦

(૪) છાત્રો માટે રહેઠાણનું મકાન.................... ૭૦૦૦૦

(૫) જમીન ખરીદી.................................. ૧૦૦૦૦

(૬) ખેતીનાં સાધનો (બળદગાડું વ.)................ ૧૦૦૦૦

(૭) પાનાળ કૂવો.................................. ૧૫૦૦૦૦

કુલ ૨૫૦૦૦૦

રીકરીંગ (આવર્તક) ખર્ચ

(૧) બે તાલીમ પામેલા શિક્ષકો દર માસે મો.ભથ્થા સાથે
કુલ માસિક પગાર ૬૦૦ X ૨ X ૧૨૦૦ = ૧૪૦૦૦

(૨) એક કમાઠી માસિક રૂ. ૪૦૦ મુજબ ૪૦૦ X ૧૨ = ૪૮૦૦

(૩) એક રસોયો માસિક રૂ. ૪૦૦ મુજબ ૪૦૦ X ૧૨ = ૪૮૦૦

(૪) એક રસોયા મદદનીશ માસિક રૂ. ૩૦૦ મુજબ ૩૦૦ X૧૨ = ૩૬૦૦

(૫) વિદ્યાર્થીઓને માસિક રૂ. ૭૫ પ્રમાણ શિષ્યવૃત્તિ ૫૦ વિદ્યાર્થીઓને
૫૦ X ૭૫ X ૧૨ = ૪૫૦૦૦

(૬) આકસ્મિક ખર્ચ................................ ૧૮૦૦

કુલ ૭૫૦૦૦

આશ્રમશાળામાં ત્રણ વર્ષનો નીચે મુજબ ખર્ચ થાય :

| વર્ષ | રીકરીંગ | નૉનરીકરીંગ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષે | ૭૫૦૦૦ | ૨૫૦૦૦૦ | ૩૨૫૦૦૦ |
| બીજા વર્ષે | ૭૫૦૦૦ | - | ૭૫૦૦૦ |
| ત્રીજા વર્ષે | ૭૫૦૦૦ | - | ૭૫૦૦૦ |
| કુલ | ૨૨૫૦૦૦ | ૨૫૦૦૦૦ | ૪૭૫૦૦૦ |

(૩) જે બાળકો પોતાના ઘરે રહી શાળામાં અભ્યાસ કરે તેમનાં મા-બાપને શિક્ષણમાં ઉત્તેજન મળે તે માટે માસિક વિદ્યાર્થીદીઠ ૨૦ કિલો અનાજ આપવું તથા વર્ષમાં બે જોડી કપડાં આપવાં. આ માટે ૫૦૦ બાળકોનું ખર્ચ નીચે મુજબ થાય :

(૧) ૨૦ કિલો અનાજ એક વિદ્યાર્થીને ૯ માસ સુધી

૫૦૦ X ૨૦ X ૯ = ૯૦૦૦૦ કિ.ગ્રામ

એક કિ.ગ્રામના રૂ.૧.૫૦ મુજબ ૧૩૫૦૦૦

(૨) ૫૦૦ બાળકોને બાળકદીઠ બે જોડ કપડાં એક જોડના

રૂ. ૨૦ મુજબ ૫૦૦ X ૨ X ૨૦ = ૨૦૦૦૦

કુલ ૧૫૫૦૦૦

એક વર્ષના રૂ. ૧,૫૫૦૦૦ મુજબ ત્રણ વર્ષના

૧૫૫૦૦૦ X ૩ = ૪૬૫૦૦૦



(૪) પ્રૌઢ શિક્ષણના વર્ગો :

પઢારોમાં જાગૃતિ આવે તેમજ શિક્ષણમાં રસ લેતા થાય તે માટે તેમના પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવવા. જેમની ઉંમર ૧૪ વર્ષની થઇ ગઇ હોવા છતાં જેમણે શિક્ષણ લીધું ના હોય તેમનો સમાવેશ પ્રૌઢોમાં કરવો. આવા પ્રૌઢ શિક્ષણના ૧૦ વર્ગો ચલાવવા અને દરેક વર્ગમાં ૪૦ પ્રૌઢોનો સમાવેશ કરવો. આ ૧૦ વર્ગોનું ખર્ચ નીચે પ્રમાણે થાય :

(૧) શિક્ષકનો પગાર માસિક રૂ.૧૫૦ મુજબ ૭ માસનો

૧૫૦ X ૭ X ૧૦ = ૧૦૫૦૦

(૨) પ્રૌઢોને આકર્ષણ માટે માસિક રૂ. ૩૦ ભથ્થુ

૩૦ X ૪૦ X ૭ X ૧૦ = ૮૪૦૦

(૩) વર્ગદીઠ આકસ્મિક ખર્ચ વાર્ષિક રૂ. ૧૫૦

૧૫૦ X ૧૦ = ૧૫૦૦

૯૬૦૦૦

૭. <u>ગૃહોદ્યોગો :</u>

પઢારો નવરાશના સમયમાં ઘેર બેઠાં પૂરક રોજી મેળવી શકે તે માટે જુદા જુદા ગૃહોદ્યોગો શરૂ કરવા :

(૧) <u>અંબર ચરખા પર કાંતવાની તાલીમ :</u>

પઢારોને અંબર ચરખા પર કાંતવાની તાલીમ આપવી જોઇએ અને જે તાલીમ પૂરી કરે તેમને અંબર ચરખા આપવા. તાલીમ માટે કુલ ૧૦ વર્ગો ચલાવવા અને

વર્ગદીઠ ૩૦ ની સંખ્યામાં તાલીમાર્થીઓની ભરતી કરવી. આ ૧૦ વર્ગો ચલાવવા નીચે મુજબ ખર્ચ થાય :

(૧) તાલીમ આપનાર શિક્ષકનો માસિક રૂ. ૪૦૦ લેખે બે માસનો **પગાર**

૪૦૦ X ૨ X ૧૦ = ૮૦૦૦

(૨) તાલીમાર્થીઓને શિષ્યવૃત્તિ માસિક રૂ. ૭૫ લેખે બે માસના

૭૫ X ૩૦૦ X ૨ = ૪૫૦૦૦

(૩) તાલીમ પૂરી કર્યા પછી દરેકને અંબર ચરખા માટે ચરખાદીઠ રૂ. ૭૦૦ સહાય

૭૦૦ X ૩૦૦ = ૨૧૦૦૦૦

કુલ ખર્ચ ૨૬૩૦૦૦

(૨) ફેરીના ધંધા માટે હાથલારી :

પછાત યુવાનોને ગ્રામ્ય વિસ્તારમાં છૂટક ફેરીના ધંધા માટે ચાર પૈડાવાળી હાથલારી આપવી. જેથી તેઓ શાકભાજી અને કટલરી સામાન વેચવાનો ધંધો કરી શકે. આ માટે ૫૦ વ્યક્તિઓને વ્યક્તિદીઠ રૂ. ૫૦૦ મુજબ સહાય કરવી.

એક હાથલારીના રૂ. ૫૦૦ મુજબ ૫૦ વ્યક્તિઓને આપવા માટે

૫૦૦ X ૫૦ = ૨૫૦૦૦

૨૫૦૦૦



(૩) કપડાંની સિલાઇ માટેની તાલીમ તથા સિલાઇ મશીન ખરીદવા લોન :

પછાતોને બારે માસ મજૂરીનું કામ મળી રહેતું નથી. જો તેમને કપડાં સિવવાની તાલીમ અને મશીન ખરીદવા માટે લોન આપવામાં આવે તો તેઓ પૂરક આવક કરી શકે. તો આવા ૫ તાલીમવર્ગો ચલાવવા અને દરેક વર્ગમાં ૨૦ તાલીમાર્થીની ભરતી કરવી. આ માટે નીચે મુજબ ખર્ચ થાય :

(૧) તાલીમ આપનારનો માસિક પગાર રૂ. ૪૦૦ મુજબ બે માસના

૪૦૦ X ૨ X ૫ = ૪૦૦૦

(૨) તાલીમાર્થીઓને શિષ્યવૃત્તિ માસિક રૂ. ૭૫ મુજબ બે માસના

૭૫ X ૨ X ૧૦૦ = ૧૫૦૦૦

(૩) તાલીમ પૂરી કર્યા પછી દરેકને સિલાઇ મશીન ખરીદવા માટે વ્યક્તિદીઠ રૂ. ૮૦૦ લોન

૮૦૦ X ૧૦૦ = ૮૦૦૦૦

કુલ ખર્ચ ૯૯૦૦૦

(૪) કપડાં તૈયાર કરવા માટે કાપડની ખરીદી માટે લોન :

જેમણે સિલાઇની તાલીમ પૂરી કરી હોય તેમાંથી ૫૦ વ્યક્તિઓને વ્યક્તિદીઠ રૂ. ૫૦૦૦ પ્રમાણે કાપડ ખરીદવા માટે લોન

| વર્ષ | કેટલી વ્યક્તિ | | વ્યક્તિદીઠ રૂ. | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષે | ૨૦ | X | ૫૦૦૦ | ૧.૦ લાખ |
| બીજા વર્ષે | ૨૦ | X | ૫૦૦૦ | ૧.૦ લાખ |
| ત્રીજા વર્ષે | ૧૦ | X | ૫૦૦૦ | ૦.૫ લાખ |
| કુલ | ૫૦ | X | ૫૦૦૦ | ૨.૫ લાખ |

(૫) કોઠાર તૈયાર કરવા માટે લોન :

પઢારોના ઘરમાં અનાજ ભરવા માટે તથા રાંધેલો ખોરાક મૂકવા માટે વપરાતી કોઠીની કલાકારીગરી સુંદર જોવા જેવી હોય છે. આ કોઠીઓ પઢાર સ્ત્રીઓ જાતે ઘોડાની લાદ, માટી અને ઘાસનું ભૂસું એકત્ર કરીને બનાવે છે. આવી કોઠીઓ તેમની પાસે બનાવડાવીને બજારમાં વેચવામાં આવે તો લોકો પોતાના મકાનોમાં શોભા માટે તથા મ્યુઝીઅમમાં મૂકવા માટે ખરીદે એમ છે. તો આવી ૫૦ કોઠીઓ પઢાર સ્ત્રીઓ પાસે તૈયાર કરાવવી. તે માટે તેમને કોઠીદીઠ રૂ. ૨૦૦ લોન તરીકે આપવા. કોઠીઓ તૈયાર થાય તેનું વેચાણ કરવાની વ્યવસ્થા ગુજરાત આદિમ જાતિ વિકાસ નિગમ કરી આપે તેવી વ્યવસ્થા કરવી.

| વર્ષ | એક કોઠીની કિંમત | | કોઠી નંગ | કુલ રકમ |
|---|---|---|---|---|
| પ્રથમ વર્ષે | ૨૦૦ | X | ૨૦ | ૪૦૦૦ |
| બીજા વર્ષે | ૨૦૦ | X | ૨૦ | ૪૦૦૦ |
| ત્રીજા વર્ષે | ૨૦૦ | X | ૧૦ | ૨૦૦૦ |
| કુલ | ૨૦૦ | X | ૫૦ | ૧૦૦૦૦ |

૮. આરોગ્ય :

બધાં પઢાર ગામો વચ્ચે એક ફરતું દવાખાનું :(મોબાઈલ યુનિટ):

પઢારોને નાના નાના રોગોમાં પ્રાથમિક સારવાર પોતાના ઘરે જ મળી શકે તે માટે એક મોબાઈલ યુનિટનું ખર્ચ નીચે મુજબ થાય :



અ. રીકરીંગ (આવર્તક) ખર્ચ :

(૧) મેડીકલ ઓફીસર વર્ગ-૨ ની જગ્યા-૧ નો માસિક રૂ.૧૨૦૦ મુજબ

૧૨૦૦ X ૧૨ = ૧૪૦૦૦

(૨) તાલીમ પામેલ નર્સ - ૧ માસિક રૂ.૬૦૦ મુજબ

૬૦૦ X ૧૨ = ૭૨૦૦

(૩) ડ્રાયવર -૧ માસિક રૂ. ૪૦૦ મુજબ

૪૦૦ X ૧૨ = ૪૮૦૦

(૪) પટાવાળો-૧ માસિક રૂ. ૩૦૦ મુજબ

૩૦૦ X ૧૨ = ૩૬૦૦

(૫) દૈનિક ભથ્થુ અને કન્ટીજન્સી ખર્ચ ૧૦૪૦૦

(૬) દવાઓ ૧૫૦૦૦

કુલ ૫૫૦૦૦

બ. નોનરીકરીંગ (અનાવર્તક) ખર્ચ :

(૧) મેટાડોર ગાડી -૧ ૭૫૦૦૦

(૨) આકસ્મિક ખર્ચ ૧૦૦૦૦

(૩) રેફ્રીઝેટર અને ફરનિચર ૧૫૦૦૦

કુલ ૧૦૦૦૦૦

આરોગ્ય સેવાઓ પાછળ ત્રણ વર્ષમાં નીચે પ્રમાણે ખર્ચ થાય :

| વર્ષ | રીકરીંગ | નોનરીકરીંગ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૫૫૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૫૫૦૦૦ |
| બીજા વર્ષ | ૫૫૦૦૦ | – | ૫૫૦૦૦ |
| ત્રીજા વર્ષ | ૫૫૦૦૦ | – | ૫૫૦૦૦ |
| કુલ | ૧૬૫૦૦૦ | ૧૦૦૦૦૦ | ૨૬૫૦૦૦ |

૯. સાંસ્કૃતિક :

પઢારોનો સાંસ્કૃતિક વારસો જળવાઇ રહે તે માટે તેમની ભજન મંડળીઓ અને નૃત્ય મંડળીઓને સંગીતનાં અને અન્ય સાધનો ખરીદવા મદદ કરવી. આવી પઢારોની ૧૦ ભજન મંડળીઓની રચના કરવી અને તે દરેક મંડળીને રૂ. ૧૦૦૦ મુજબ સહાય કરવી.

૧૦૦૦ X ૧૦ = ૧૦૦૦૦

૧૦. યોજનાના અમલીકરણ માટે ખાસ અધિકારી અને સ્ટાફ :

પઢારોની વિકાસ યોજનાના અમલીકરણ માટે આ અંગે ત્રણ વર્ષમાં નીચે મુજબ ખર્ચ થાય :

(૧) ખાસ અધિકારી વર્ગ-૨ જગ્યા-૧ નો માસિક રૂ.૮૦૦ મુજબ

૮૦૦ X ૧૨ = ૯૬૦૦

(૨) મદદનીશ-૨ માસિક રૂ. ૬૦૦ મુજબ ૬૦૦ X ૨ X ૧૨ = ૧૪૪૦૦

(૩) ત્રણેનું મોંઘવારી તથા અન્ય ભથ્થાં ૧૨૦૦૦

(૪) આકસ્મિક ખર્ચ ૩૮૦૦

(૫) પટાવાળો-૧ માસિક રૂ.૩૫૦ મુજબ ૩૫૦ X ૧૨ = ૪૨૦૦

એક વર્ષના ૪૪૦૦૦

એક વર્ષના ૪૪૦૦૦ મુજબ ૩ વર્ષના ૪૪૦૦૦ X ૩ ૧૩૨૦૦૦



વર્ષવાર યોજનાનું કુલ ખર્ચ :

ખર્ચ (લાખમાં)

| ક્રમ | વિકાસ કાર્યક્રમ | લાભ પામનાર કુટુંબો/વ્યક્તિઓ | લાભ પામનાર વિસ્તાર/ગામ | પ્રથમ વર્ષ | બીજું વર્ષ | ત્રીજું વર્ષ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નળકાંઠાનું નવીકરણ | | | ૧.૫૦ | ૧.૫૦ | ૧.૦૦ | ૪.૦૦ |
| ૨. | મકાન | ૫૦૦ | | ૫.૨૦ | ૫.૨૦ | ૨.૬૦ | ૧૩.૦૦ |
| ૩. | ખેતી સુધારણા | | | | | | |
| | અ. જમીન નવસાધ્ય | | ૨૦૦૦ એકર | ૨.૫૦ | ૨.૫૦ | ૫.૦૦ | ૧૦.૦૦ |
| | બ. પાતાળકૂવા | | ૧૦ ગામ | ૭.૫૦ | ૪.૫૦ | ૩.૦૦ | ૧૫.૦૦ |
| | ક. ખેતીનાં સાધનો | ૫૦૦ | | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૫૦ | ૨.૫૦ |
| | ડ. પાળા બાંધકામ | | ૧૫૦૦ એકર | ૨.૫૦ | ૨.૫૦ | ૨.૫૦ | ૭.૫૦ |
| ૪. | પશુપાલન | | | | | | |
| | અ. દૂધાળી ભેંસો | ૫૦૦ | | ૪.૦૦ | ૪.૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦ |
| | બ. દૂધાળી બકરી | ૫૦૦ | | ૦.૪૦ | ૦.૪૦ | ૦.૨૦ | ૧.૦૦ |
| ૫. | મચ્છીમારીનાં સાધનો | ૨૫૦ | | ૦.૨૦ | ૦.૨૦ | ૦.૧૦ | ૦.૫૦ |
| ૬. | શિક્ષણ | | | | | | |
| | અ. બાલવાડીઓ | | ૫ ગામ | ૦.૩૪ | ૦.૨૪ | ૦.૨૪ | ૦.૮૨ |
| | બ. આશ્રમશાળા | | ૧ ગામ | ૩.૨૫ | ૦.૭૫ | ૦.૭૫ | ૪.૭૫ |
| | ક. કપડાં-અનાજ | ૫૦૦ વ્યક્તિ | | ૧.૫૫ | ૧.૫૫ | ૧.૫૫ | ૪.૬૫ |
| | ડ. પ્રૌઢ શિક્ષણ | ૪૦૦ વ્યક્તિ | | ૦.૯૬ | – | – | ૦.૯૬ |
| | | | | ૩૦.૯૦ | ૨૪.૩૪ | ૧૯.૪૪ | ૭૪.૬૮ |

| ક્રમ | વિકાસ કાર્યક્રમ | લાભ પામનાર કુટુંબની સંખ્યા | લાભ પામનાર વિસ્તાર/ગામ | ખર્ચ (લાખમાં) પ્રથમ વર્ષ | બીજું વર્ષ | ત્રીજું વર્ષ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| | ગામડાંની સવલતો | | | ૩૦.૯૦ | ૨૪.૩૪ | ૧૯.૪૪ | ૭૪.૬૮ |
| ૭. | ગૃહઉદ્યોગો | | | | | | |
| | અ. ખેતર ચરખા સહાય | ૩૦૦ વ્યક્તિ | | ૨.૧૦ | – | – | ૨.૧૦ |
| | બ. ખેતર તાલીમ | | | ૦.૫૩ | – | – | ૦.૫૩ |
| | ક. હાથશાળ | ૫૦ વ્યક્તિ | | ૦.૨૫ | – | – | ૦.૨૫ |
| | ડ. સિલાઇ મશીન | ૧૦૦ વ્યક્તિ | | ૦.૮૦ | – | – | ૦.૮૦ |
| | ઇ. સિલાઇ તાલીમ | | | ૦.૧૯ | – | – | ૦.૧૯ |
| | ઉ. કાપડ ખરીદી માટે લોન | ૫૦ વ્યક્તિ | | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૫૦ | ૨.૫૦ |
| | ઊ. ડોકાર માટે લોન | ૧૦ વ્યક્તિ | ૫૦ ગામ | ૦.૦૪ | ૦.૦૪ | ૦.૦૨ | ૦.૧૦ |
| ૮. | આરોગ્ય | | | ૧.૫૫ | ૦.૫૫ | ૦.૫૫ | ૨.૬૫ |
| ૯. | સાંસ્કૃતિક | ૧૦ મંડળ | | ૦.૧૦ | – | – | ૦.૧૦ |
| ૧૦. | ખાસ અધિકારી (યોજનાના અમલીકરણ અંગે) | (૧૦૦ વ્યક્તિ) | | ૦.૪૪ | ૦.૪૪ | ૦.૪૪ | ૧.૩૨ |
| | યોજનાનું કુલ ખર્ચ | | | ૩૭.૯૦ | ૨૬.૩૭ | ૨૦.૯૫ | ૮૫.૨૨ |

## સંદર્ભ સૂચિ


૧ આપણી યોજના : ગુજરાત રાજ્યની ત્રીજી પંચવર્ષીય યોજના
– પટેલ, પિતાંબર, ૧૯૭૦

૨ આપણું ગુજરાત
– પટેલ, પિતાંબર, ૧૯૭૦

૩ આપણાં લોકનૃત્યો
– પરમાર, જયમલ, ૧૯૫૭

૪ કાઠિયાવાડ ડિરેક્ટરી
– રતનજી પેમનજી

૫ કાઠિયાવાડ સર્વસંગ્રહ
– કર્નલ, જે. ડબલ્યુ. વોટ્સન, ૧૮૮૭
એજ્યુકેશન સોસાયટી મુંબઇ

૬ ગુજરાત રાજ્ય પ્રગતિના પંથે : સુરેન્દ્રનગર જિલ્લો, ત્રીજી પંચવર્ષીય યોજના
– ગુજરાત રાજ્ય માહિતી ખાતું, ૧૯૬૭

૭ ગુજરાત રાજ્ય પ્રગતિના પંથે : અમદાવાદ જિલ્લો
– ગુજરાત રાજ્ય માહિતી ખાતું, ૧૯૬૨

૮ ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકો પહેલો
– ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, ૧૯૫૭

૯ ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકો બીજો
– ગુજરાત લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ, ૧૯૫૯

૧૦ ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકો ત્રીજો
– ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ, ૧૯૬૭

૧૧ જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા, અમદાવાદ જિલ્લો, વિભાગ ૧૦(અ) અને (બ), ૧૯૭૧
– નિયામક, વસતિ ગણતરી, ગુજરાત

૧૨ જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા, સુરેન્દ્રનગર જિલ્લો, વિભાગ ૧૦(અ) અને (બ), ૧૯૭૧
– નિયામક, વસતિ ગણતરી, ગુજરાત

૧૩ નવો હલકો
– ચંદરવાકર, પુષ્કર, ૧૯૫૬

૧૪ બાવડાના બળે

- ચંદરવાકર, પુષ્કર, ૧૯૫૪

૧૫ સમજ

- શાહ, નવલભાઇ, જીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

૧૬ સમાજવિદ્યા : બાલ ભૂગોળ, ધોરણ 3, અમદાવાદ જિલ્લો

- નવયુગ પ્રકાશન, ૧૯૬૯

૧૭ સમાજવિદ્યા : બાલ ભૂગોળ, સુરેન્દ્રનગર જિલ્લો

- નવયુગ પ્રકાશન, ૧૯૬૯

૧૮ સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ-૧

- સૌરાષ્ટ્ર પછાતવર્ગ બોર્ડ, રાજકોટ, ૧૯૫૭

૧૯ સામાજિક સંશોધન (હિંદી)

- સિદ્ધાંતાલંકાર, સત્યવ્રત, ૧૯૬૭

20 District Census Handbook, Ahmedabad District, Part X-C-I Census 1971

- Director of Census Operations Gujarat

21 District Census Handbook, Ahmedabad District Part X-C-II Census 1971

- Director of Census Operations Gujarat

22 District Census Handbook, Surendranagar District, Part X-C-I, Census 1971

- Director of Census Operations, Gujarat

23 District Census Handbook, Surendranagar District, Part X-C-II, Census 1971

- Director of Census Operations, Gujarat

24 Gazetteer of India, Gujarat State, Ahmedabad District

- Patel, G.D. (Ed)

25 Gazetteer of India, Gujarat State, Surendranagar District

- Patel, G.D. (Ed)

26 Gazetteer of the Bombay Vol. IX, Part I Gujarat Population: Hindu

- Printed at the Government Central Press, Bombay 1901





27 Kathodis of Gujarat

- Naik, T.B. Masavi, M.I. & Pandya, G.P.

28 Kolghas of Gujarat

- Masavi, M.I.

29 Project for Integrated Development of Adijati Padhar Community in Surendranagar District & Ahmedabad District of Gujarat State, June 1979.

- Bhal Nalkantha Adijati Padhar Vikas Samiti, Sarvoday Ashram Gundi, Taluka Dholka, District Ahmedabad, (Gujarat).

30 Tribal Sub-Plan (Revised) (1974-79)

- Govt. of Gujarat, Education and Labour Department (Tribal Welfare)


. . .

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.

## આર્થિક–સામાજિક મોજણી પત્રક

ક્રમ નંબર :

પત્રક ભરનારનું નામ :

તારીખ :

ઘર નંબર :

ગામનું નામ :

કુટુંબના વડાનું નામ :

તાલુકો :

જિલ્લો :

---

### ૧. કુટુંબની સામાન્ય માહિતી

૧.૧ માહિતી આપનારનું નામ :

૧.૨ ગોત્ર :

૧.૩ આ ગામમાં કેટલા વર્ષોથી રહો છો? :

૧.૪ બહારથી આવી વસ્યા હો તો મૂળ વતન કયું? :

૧.૫ મકાનનો પ્રકાર : કાચું/પાકું

૧.૬ મકાનનું કુલ ક્ષેત્રફળ :

૧.૭ ઓરડાની સંખ્યા :

૧.૮ દીવાલનો પ્રકાર :

૧.૯ છાપરાનો પ્રકાર :

૧.૧૦ મકાન પોતાની માલિકીની જમીનમાં છે? હા/ના

જો 'ના' તો કોની જમીનમાં છે?

૧.૧૧ પશુ માટેની છાપરી સાથે છે? હા/ના

૧.૧૨ ભાડાના મકાનમાં રહો છો? હા/ના

૧.૧૩ જો 'હા' તો માસિક ભાડું જણાવો.

## ૨. કુટુંબના સભ્યોની માહિતી

| ક્રમ | નામ | કુટુંબના વડા સાથેનો સંબંધ | જાતિ | ઉંમર | વૈવાહિક દરજ્જો | લગ્ન સમયની ઉંમર | લગ્ન ક્યાં થયું છે? અને કેટલા અંતરે અને કઈ દિશામાં? | પત્નીનું ગોત્ર | ધંધો x | આર્થિક દરજ્જો xx | શિક્ષણનું સ્તર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨.૧ | ૨૨ | ૨.૩ | ૨.૪ | ૨.૫ | ૨.૬ | ૨.૭ | ૨.૮ | ૨ ૯ | ૨.૧૦ | ૨.૧૧ | ૨.૧૨ |

x ધંધો એક કરતાં વધારે હોય તો તે લખવું. દા. ત ખેતી અને મજૂરી, અભ્યાસ અને મજૂરી, નોકરી અને ખેતી.

xx ૧ જાતે કમાનારા (E) ૨. કમાનાર પર આધારિત (ED) ૩. બિનકમાનાર (NED).



## ૩. આર્થિક જીવન

### ૩.૧ મિલકત

#### ૩ ૧ ૧ જમીન

(૧) તમારી પાસે કેટલી જમીન છે? હેક્ટરમાં જણાવો.

(૨) આમાંની કેટલી જમીન વારસામાં મળી છે?

(૩) કેટલી જમીન તમે જાતે ખરીદી?

(૪) જમીન કોની પાસેથી ખરીદી?

(૫) તમે જમીન વેચી છે?………………ક્યારે?………………શા માટે?

(૬) જમીન કોને વેચી? જાતિભાઈને/અન્યને/વેપારી–શાહુકારને

(૭) તમે કોઈની જમીન ગીરો રાખી છે? હા/ના

(૮) જો હા તો કોની પાસેથી અને કઇ શરતે?

(૯) તમે કોઈની જમીન ભાડે ખેડો છે.? હા/ના

(૧૦) જો હા તો કોની પાસેથી અને કઇ શરતે?

(૧૧) તમે તમારી જમીન ગીરો મુકી છે? હા/ના

(૧૨) જો હા તો કોની પાસે અને કઇ શરતે?

(૧૩) તમે તમારી જમીન કોઈને ભાડે ખેડવા આપી છે? હા/ના

(૧૪) જો હા તો કોને અને કઇ શરતે?

(૧૫) કુલ જમીનની કિંમત રૂા.………………

૩.૧.૨ મકાન અને અન્ય સ્થાવર મિલકત

| અ. નં. | વિગત | | સંખ્યા | અત્યારની કિંમત |
|---|---|---|---|---|
| ૧. | મકાન | | | |
| ૨. | વૃક્ષો | ૧. મહુડા | | |
| | | ૨. આંબા | | |
| | | ૩ બોરડી | | |
| | | ૪. અન્ય (વિગત આપો) | | |

૩.૧.૩ પશુધન તપાસ સમયે

| ક્રમ | વિગત | સંખ્યા | અત્યારની કિંમત |
|---|---|---|---|
| ૧. | ગાયો | | |
| ૨. | ભેંસો | | |
| ૩. | બકરાં, ઘેટાં | | |
| ૪. | બળદ | | |
| ૫. | વાછરડા | | |
| ૬. | વાછરડી | | |
| ૭. | મરઘાં | | |
| ૮. | અન્ય | | |
| ૯. | કુલ | | |



૩.૧.૪ પોતાની માલિકીનાં યંત્રો, ઓજારો, માલવાહક સાધનો

| ક્રમ | વસ્તુ | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|---|
| ૧. | હળ : લાકડાનું | | |
| ૨. | હળ : લોખંડનું | | |
| ૩. | કરબ | | |
| ૪. | સમાર | | |
| ૫. | વાવણિયો | | |
| ૬. | નાનાં ઓજારો | | |
| ૭. | ગાડું : લાકડાના પૈડાવાળું | | |
| ૮. | ગાડું : ટાયરના પૈડાવાળું | | |
| ૯. | કૂવો : કાચો/પાકો | | |
| ૧૦. | કોશ | | |
| ૧૧. | રહેંટ | | |
| ૧૨. | ઓઈલ એન્જિન | | |
| ૧૩. | ઈલેક્ટ્રિક મોટર | | |
| ૧૪. | ટ્રેક્ટર | | |
| ૧૫. | ટ્રેક્ટર ટોલી સાથે | | |
| ૧૬. | ખટારો | | |
| ૧૭. | અન્ય (વિગતો આપો) | | |

૩.૧.૫ ઘરવખરીનાં સાધનો

૧. રસોઈનાં અને અન્ય ઉપયોગ માટેનાં ઘરવપરાશનાં સાધનો

| વસ્તુ | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|
| વાસણો : અ તાંબાનાં | | |
| બ. એલ્યુમિનિયમનાં | | |
| ક. પિત્તળનાં | | |
| ડ. સ્ટીલનાં | | |
| ઈ. માટીના | | |
| ચ. કાચનાં | | |
| છ. અન્ય | | |

| ક્રમ | વિગત | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|---|
| ૨. | ફર્નિચર | | |
| | અ. ખાટલા | | |
| | બ. પલંગ લાકડાનાં/લોખંડના | | |
| | ક ટેબલ, ટીપોઈ, ખુરશી | | |
| | ડ અન્ય | | |
| ૩. | સાયકલ | | |
| ૪. | ઘડીયાળ | | |
| ૫. | રેડિયો | | |
| ૬. | સીવવાનો સાંચો | | |
| ૭ | માંછલા પકડવાની જાળ | | |
| ૮. | શિકારનાં સાધનો | | |
| ૯. | વાજિત્રો | | |
| ૧૦. | ફાનસ, ચીમની, પેટ્રોમેક્ષ | | |
| ૧૧. | ટોપલા, ટોપલીઓ | | |
| ૧૨. | દળવાની ઘંટી | | |
| ૧૩. | પ્રાયમસ | | |
| ૧૪. | પેટી | | |
| ૧૫. | બેટરી | | |
| ૧૬. | અન્ય | | |

૩.૧.૬ અન્ય અસ્કયામતો

૧ રોકડ

૨. ઘરેણાં : અ સોનાનાં કિંમત

બ. ચાંદીનાં કિંમત

ક કલાઈના કિંમત

ડ અન્ય કિંમત

૩. શેર અને અનામતો

૪. લેણું

૫. બેંક બેલેન્સ

૬. અન્ય

૩.૧ ૭ સ્થવર તથા જગમ મિલકતની હાલની કિંમત રૂા ........ .............

(૩ ૧.૧+૩ ૧.૨+૩.૧.૩+૩ ૧.૪+૩.૧ ૫+૩ ૧.૬નો સરવાળો)



## ૪. કુટુંબની કુલ વાર્ષિક આવક

૪.૧ ખેતીમાંથી થતું વાર્ષિક ઉત્પાદન

| ક્રમ | પાકનું નામ | કુલ ઉત્પાદન | | ઘરના વપરાશ માટે રાખેલ | | મજૂરી પેટે ચુકવેલ | | વેચેલ ઉત્પાદન | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કિલોમાં | કિંમતમાં | કિલોમાં | કિંમતમાં | કિલોમાં | કિંમતમાં | કિલોમાં | કિંમતમાં |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |
| ૫ | | | | | | | | | |
| ૬ | | | | | | | | | |
| ૭ | | | | | | | | | |
| ૮ | | | | | | | | | |
| ૯ | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | |
| કુલ | | | | | | | | | |

### ૪.૨ વાર્ષિક ઉત્પાદન ખર્ચ : ખેતી, પશુપાલન

#### ૪.૨ ૧ ખેતી ખર્ચ અને પશુપાલન ખર્ચ

| ક્રમ<br>૧ | વિગત<br>૨ | ઘરમાંથી વાપરેલ (કિંમત રૂા. માં)<br>૩ | રોકડેથી ખરીદેલ (કિંમત રૂા. માં)<br>૪ | શાખ પર લીધેલ (કિંમત રૂા. માં)<br>૫ | કુલ ખર્ચ<br>૬ |
|---|---|---|---|---|---|
| ૧ | બિયારણ | | | | |
| ૨ | રાસાયણિક ખાતર તથા ખોળ | | | | |
| ૩ | ખાતર કમ્પોસ્ટ | | | | |
| ૪ | છાણિયું ખાતર | | | | |
| ૫ | નાનાં ઓજારોની ખરીદી તેમજ ઓજારોનું મરામત ખર્ચ | | | | |
| ૬ | જંતુનાશક દવાઓ | | | | |
| ૭ | સિંચાઇ ખર્ચ | | | | |
| ૮ | ઘાસચારો | | | | |
| ૯ | અન્ય પશુખાણ | | | | |
| ૧૦ | અન્ય | | | | |
| ૧૧ | કુલ | | | | |

૪.૨.૨ જમીન મહેસૂલ અને અન્ય વસૂલાત

૪.૨.૩ વ્યાજનું ખર્ચ

૪.૨.૪ હળભાડા તથા ગાડાભાડાનો ખર્ચ

૪.૨.૫ મજૂરી ખર્ચ (ભાડે રાખેલ)

૪.૨.૬ ખેતી અને પશુપાલન ખર્ચ (કુલ)



### ૪ ૩ પશુપાલનમાંથી થતું વાર્ષિક ઉત્પાદન

| વિગત | સંખ્યા અથવા માપ | | કિંમત રૂપિયામાં | |
|---|---|---|---|---|
| | વેચેલ | ઘરમાં વાપરેલ | વેચેલ | ઘરમાં વાપરેલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૪.૩.૧ દૂધ અને દૂધની બનાવટો | | | | |
| ૪.૩.૨ ખાતર | | | | |
| ૪.૩.૩ નાનાં પશુ | | | | |
| ૪ ૩.૪ કુલ ઉત્પાદન/આવક | | | | |
| ૪.૩.૫ મરઘાં ઉછેરની કુલ વાર્ષિક આવક | | | | |
| ૪ ૩.૬ માછલી પકડવામાંથી થતી કુલ વાર્ષિક આવક | | | | |
| ૪.૩.૭ વન્ય ધંધાની કુલ વાર્ષિક આવક | | | | |
| અ. બળતણનાં લાકડાની | | | | |
| બ. મધ | | | | |
| ક. ગુંદર | | | | |
| ડ. અન્ય ગૌણ વન્ય પેદાશો | | | | |

૪.૩.૮ ગૃહઉદ્યોગની કુલ ચોખ્ખી વાર્ષિક આવક રૂા.....................

૪.૩ ૯ નોકરી અને ધંધામાંથી થતી ચોખ્ખી આવક રૂા.....................

૪.૩.૧૦ બહારથી મળેલી વાર્ષિક આવક રૂા.....................

૪.૩.૧૧ ડિવિડન્ડ, નફો તથા વ્યાજમાંથી થતી વાર્ષિક આવક રૂા.....................

૪ ૩.૧૨ અન્ય આવક રૂા.....................

૪.૪ કુટુંબના સભ્યોએ મજૂરીમાંથી મેળવેલી કુલ વાર્ષિક આવક

| ક્રમ | કામનો પ્રકાર | કુટુંબના પુખ્ત વયના પુરુષોની સંખ્યા | | | કુટુંબની પુખ્ત વયની સ્ત્રીઓની સંખ્યા | | | કુટુંબના નાની વયના સભ્યોની સંખ્યા | | | કુટુંબની કુલ આવક | ગામ કે ગામ બહાર મજૂરી કરે છે. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કામ કરેલા દિવસ સંખ્યા | દૈનિક મજૂરીનો દર | કુલ વાર્ષિક કમાણી | કામ કરેલા દિવસ સંખ્યા | દૈનિક મજૂરીનો દર | કુલ વાર્ષિક કમાણી | કામ કરેલા દિવસ સંખ્યા | દૈનિક મજૂરીનો દર | કુલ વાર્ષિક કમાણી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | ખેત મજૂરી | | | | | | | | | | | |
| ૨ | જંગલ મજૂરી | | | | | | | | | | | |
| ૩ | બાંધકામ | | | | | | | | | | | |
| ૪ | અન્ય | | | | | | | | | | | |
| ૫ | કુલ | | | | | | | | | | | |

૪.૪.૧ તમારે ત્યાંથી બહારગામ કોઈ બીજી મજૂરીએ જાય છે? હા/ના

જો હા તો કઈ મજૂરી ?

તમારા ત્યાંથી કોઈ બહારગામ રહે છે? કોણ ? ક્યાં ? ત્યાં તે શું કરે છે ?

૧.

૨.



૪૫

| ક્રમ | વિગત | કુલ આવક | ઉત્પાદન ખર્ચ | ચોખ્ખી આવક |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ખેતી અને પશુપાલન | | | |
| ૨. | વન્ય પેદાશ | | | |
| ૩. | ગૃહોદ્યોગ | | | |
| ૪. | મજૂરીની આવક | — | — | |
| ૫. | નોકરીની આવક | — | — | |
| ૬. | વેપાર-ધંધાની આવક | | | |
| ૭. | અન્ય આવક | — | — | |
| ૮. | કુલ | | | |

## ૫.૫ વાર્ષિક ખર્ચ

૫.૫.૧ ખોરાક, પાણી, દિવાબત્તી' બળતણ વગેરે પર થતો ખર્ચ

| ક્રમ | વિગત | વાર્ષિક વપરાશ | | ઘરમાંથી વાપરેલ | | ખરીદેલ | | | | | | કોની પાસેથી ખરીદયું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | રોકડેથી | | ઉધાર | | સાટામાં | | |
| | | કિલો | કિંમત રૂા. | કિલો | કિંમત રૂા. | કિલો | કિંમત | કિલો | કિંમત | કિલો | કિંમત | |
| ૧ | અનાજ | | | | | | | | | | | |
| | અ. | | | | | | | | | | | |
| | બ. | | | | | | | | | | | |
| | ક. | | | | | | | | | | | |
| | ડ. | | | | | | | | | | | |
| | ઈ. | | | | | | | | | | | |
| ૨ | શાકભાજી | | | | | | | | | | | |
| ૩ | માંસ/ઈંડા | | | | | | | | | | | |
| ૪ | દૂધ | | | | | | | | | | | |
| ૫ | ઘી | | | | | | | | | | | |

| ક્રમ | વિગત | વાર્ષિક વપરાશ | | ખરીદેલ | | | | | | કોની પાસેથી ખરીદ્યું? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | રોકડ | | ઉધાર | | સાટામા | | |
| | | કિલો | કિંમત | કિલો | કિંમત | કિલો | કિંમત | કિલો | કિંમત | |
| ૬ | ખાંડ | | | | | | | | | |
| ૭ | ગોળ | | | | | | | | | |
| ૮ | તેલ | | | | | | | | | |
| ૯ | ચા, કોફી | | | | | | | | | |
| ૧૦ | ગરમ મસાલા | | | | | | | | | |
| ૧૧ | દારૂ | | | | | | | | | |
| ૧૨ | તમાકુ અને બીડી | | | | | | | | | |
| ૧૩ | બળતણ | | | | | | | | | |
| ૧૪ | વીજળી | | | | | | | | | |
| ૧૫ | દિવાસળી | | | | | | | | | |
| ૧૬ | ફળફળાદિ | | | | | | | | | |
| ૧૭ | અન્ય | | | | | | | | | |
| ૧૮ | કુલ ખર્ચ | | | | | | | | | |

૫.૫.૨ મુસાફરી ખર્ચ

૫.૫.૩ કપડાંનું ખર્ચ

અ. પુરૂષ

બ. સ્રી

ક. બાળકો

૫.૫.૪ પગરખાં પાછળ થતું ખર્ચ

૫.૫ ૫ શિક્ષણ પાછળ થતું ખર્ચ

૫.૫.૬ દવાદારૂનું ખર્ચ

૫.૫.૭ આશ્રિતોને મોકલવાની રકમ

૫.૫.૮ અન્ય સેવાઓનો ખર્ચ

૫.૫.૯ સામાજિક, ધાર્મિક વિધિઓ પાછળ થતો ખર્ચ

૫.૫.૧૦ કુલ ખર્ચ રૂા.………………

૫.૫.૧૧ આવક ખર્ચનું તારણ ક. કુલ આવક………

ખ. કુલ ખર્ચ…………

ગ. બચત કે ખોટ………

૫.૫.૧૨ તમે દરરોજ બપોરે અને રાત્રે શુ. શું ખાવ છો?

બપોરે

રાત્રે

૫ ૫.૧૩ કોઈ વખત તમારે કે ઘરનાં માણસોને ભૂખ્યા રહેવું પડે છે?

એક વખત ખાઇને ચલાવવું પડે છે? હા/ના

૫.૫.૧૪ જો 'હા' તો કુટુંબના કેટલા માણસોને કેટલો સમય?



## ૬. છેલ્લાં વીસ વર્ષ દરમ્યાન કરેલ મૂડી રોકાણ

| ક્રમ | વિગત | ખર્ચ રૂપિયામાં | રોકાણ માટેની જરૂરી રકમ મેળવવાનાં સાધનો | | | | | | | | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્વયં બચત | સરકાર પાસેથી લોન | સહકારી મંડળી | શાહુકાર પાસથી | સગાંસંબંધી પાસેથી | અસ્કયામત વેચીને | અન્ય | કુલ | |
| ૧ | નવા મકાનનું બાંધકામ | | | | | | | | | | |
| ૨ | મકાન સમારકામ ખર્ચ | | | | | | | | | | |
| ૩ | જમીન સુધારણા | | | | | | | | | | |
| ૪ | ઢોર, ખરીદી | | | | | | | | | | |
| ૫ | નવી જમીન ખરીદી | | | | | | | | | | |
| ૬ | કૂવા બાંધકામ ખર્ચ | | | | | | | | | | |
| ૭ | મોટી મૂડી રોકાણ થતું હોય તેવાં સાધનોની વિગતો | | | | | | | | | | |
| ૮ | અન્ય | | | | | | | | | | |
| ૯ | કુલ | | | | | | | | | | |

૭. દેવું

૭.૧ તમારે દેવું છે? હા/ના

૭.૧.૨ જો દેવું હોય તો દેવાની રકમ, શરતો અને કોનું દેવું છે તે જણાવવું.

| ક્રમ | દેવું કોની પાસેથી લીધું છે? | દેવાની રકમ | | | ક્યારે લીધેલ | હેતુ | દેવાનો પ્રકાર | | | અન્ય શરતો (વ્યાજની વિગત આપવી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રોકડ | વસ્તુ કિંમત | કુલ રકમ | | | ટુંકી મુદતનું | મધ્યમ મુદતનું | લાંબી મુદતનું | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | શાહુકાર-વેપારી | | | | | | | | | |
| ૨ | સરકાર | | | | | | | | | |
| ૩ | સહકારી મંડળી | | | | | | | | | |
| ૪ | બેન્ક | | | | | | | | | |
| ૫ | સગાંવહાલાં | | | | | | | | | |
| ૬ | અન્ય (વિગતો આપો) | | | | | | | | | |



## સાંસ્કૃતિક અભ્યાસ માટેની મુલાકાત માર્ગદર્શિકા

### સામાન્ય માહિતી :

૧. વિસ્તાર કેવો છે ? વસ્તી કયાં પથરાયેલી છે ?

૨. જે જાતિનો અભ્યાસ કરવાનો હોય તે જાતિ સાથે બીજી કઇ જાતિઓ રહે છે ?

### ગામ :

૧. ગામનો વિસ્તાર કેવો છે ?

૨. ગામમાં કેટલી કુલ વસ્તી છે ?

૩. ગામમાં કેટલી આદિવાસી જાતિઓનો વસવાટ છે ? અન્ય કઇ જાતિના લોકો વસે છે ?

૪. ગામની જમીન કેવી છે ?

૫. આદિવાસીઓ કયા કયા વ્યવસાય કરે છે ?

૬. આસપાસની વસ્તી કયા વ્યવસાયમાં વધુ રોકાયેલ છે ?

૭. ખેતી લાયક જમીન કેવી છે ?

૮. ખેતી માટેનાં પશુઓ કેવાં છે ? કયાં કયાં પશુઓનો ખેતીમાં ઉપયોગ થાય છે ?

૯. પશુઓ કઇ જગ્યાએ બાંધે છે ?

૧૦. ખેતી માટે પશુઓ પૂરતાં છે કે ઓછાં ?

૧૧. જમીન નહીં હોવા છતાં પશુઓ રાખે છે ?

૧૨. ભેંકદેર પશુઓની જાત કેવી છે ? ખેતી થઇ શકે તેવાં શસકત પશુઓ છે ?

૧૩. ખેતીમાં સાધનો કઇ કઇ જાતનાં અને કેટલાં છે ?

૧૪. સાધનો જાતે કે બીજા પાસે બનાવડાવે છે ?

૧૫. સાધનો કયાં રાખે છે ?

૧૬. દરેકની પાસે ખેતીનાં પૂરતાં સાધનો છે ?

૧૭. ખાતરનો ઉપયોગ કરે છે ? કયાં કયાં ખાતરો -છાણિયું ખાતર વ્યવસ્થિત ખાડા કરી રાખે છે ?

૧૮. કયા કયા પાકો વાવે છે ?

## ઘર :

૧. ઘર કેવી જગ્યાએ બાંધે છે ? ડુંગરી પર કે નીચે સપાટ જમીન પર.

૨. ઘર લગોલગ છે કે એક બીજાથી દૂર ?

૩. ઘર એક જાતિનાં સાથે છે કે અલગ અલગ ?

૪. ફળિયામાં એક જાતિ સિવાય બીજી જાતિઓનો વસવાટ છે ?

૫. એક ગોત્રના કે એક લોહીના સંબંધીઓ જુદા જુદા ફળિયામાં વસે છે કે એક બીજાની નજીક રહે છે?

૬. ઘર બાંધતી વખતે કરવામાં આવતી ધાર્મિક વિધિ.

૭. ઘર બાંધવામાં વપરાતો માલસામાન સ્થાનિક કે બહારનો ?

૮. ઘરને કેટલા ખંડો છે ?

૯. દરેક ઘરમાં બારીબારણાંની અને હવાઉજાસની પૂરતી વ્યવસ્થા છે ?

૧૦. ઘરની ઉપરનું છાજ કેવું છે ? ઘાસ, નળિયાં, વિલાયતી નળિયાં, પતરાં કે અન્ય.

૧૧. ઘરમાં વસ્તુઓ કયાં કયાં મૂકે છે ?

૧૨. ઘરમાં ચૂલો, ધાર્મિક સ્થાન, પાણિયારું, કોઠીઓ વગેરે કયાં કયાં મૂકે છે ?

૧૩. ઘરની સાથે બાજુમાં વરંડા જેવું હોય છે ?

૧૪. ઘરની આગળ માંડવો બનાવે છે ? કેવી રીતે ? શા માટે ?

## ઘરવખરી :

૧. ઘરવખરીની ચીજોમાં શું શું હોય છે ?

૨. વાસણો તાંબા, પિત્તળનાં, એલ્યુમિનિયમનાં, સ્ટીલનાં કે અન્ય ધાતુનાં.

૩. ખાટલા કાથીના, પાટીના, વાંસના કે લોખંડના.

૪. નીચેના ફરનિચર, બાંકડો, પાટ, હિંચકો, ખુરશીઓ, ટેબલ, કબાટ વગેરે લાકડાનું કે લોખંડનું ?

૫. ગાદલાં, ઓશિકાં, ઓઢવાના વગેરેનો ઉપયોગ કરે છે ?

૬. સૂવા માટે શું પાથરે છે ?

૭. જમીન પર સૂવે કે ખાટલા પર ?

૮. ઘરેણાં સોના, ચાંદીના, રૂપાનાં કે અન્ય ધાતુનાં ? હાથ, પગ, ડોક, કાન વગેરેનાં ઘરેણાંનાં નામ.



## કુટુંબ વ્યવસ્થા :

૧. કુટુંબ કેવા પ્રકારનું છે ? પિતૃસમાજ કે માતૃસમાજ ?

૨. કુટુંબમાં કેટલી વ્યકિતઓ છે ?

૩. કુટુંબમાં કોનું પ્રભુત્વ છે ? સ્ત્રીનું, પુરૂષનું કે મોટા દિકરાનું ?

૪. કુટુંબમાં કેવા પ્રકારના સગાઓ રહે છે ?

૫. કુટુંબની કમાણી કોની પાસે રહે છે ? પોતાની પાસે, પત્ની પાસે કે મોટા દિકરા પાસે ?

૬. કુટુંબમાં અગત્યના નિર્ણયો કોણ લે છે ?

૭. અગત્યના નિર્ણયોમાં કઇ કઇ વ્યકિતઓને પૂછવામાં આવે છે ? કે સામેલ કરવામાં આવે છે ?

૮. કુટુંબનું વિભાજન કેવા સંજોગોમાં થાય છે ?

૯. કુટુંબમાં લડાઇ ઝઘડા થાય છે ? કુટુંબની અંદરના સભ્યો વચ્ચે ? કયા કયા સભ્યો વચ્ચે બોલાચાલી, ગાળાગાળી કે મારામારી થાય છે ? થાય તો તેનું સમાધાન કે નિરાકરણ કેવી રીતે આવે ?

૧૦. કુટુંબની અંદર પતિપત્ની, માતા-પુત્ર, પિતા-પુત્ર, ભાઇ-ભાઇ, બહેન-બહેન, ભાઇ-બહેન, માતા-પુત્રી, સાસુ-વહુ, ભાભી-દિયર, નણંદ-ભોજાઇ, સસરા-વહુ (ઘર જમાઇ હોય તો કુટુંબના અન્ય સભ્યો સાથે) વચ્ચે ઝઘડો થાય તો તેનો ઉકેલ કુટુંબની વ્યકિતઓ વ્દારા લાવવામાં આવે છે ? કેવી રીતે ? અન્ય વ્યકિતની (કુટુંબની, ગામની કે પંચની) દરમ્યાનગીરીથી ઝઘડો નિવારવામાં આવે છે કે પરસ્પર પતાવટથી ?

૧૧. પત્ની કહયામાં ન રહે તો શું કરે ? બોલાચાલી થાય. ગાળો દેવામાં આવે કે કાઢી મૂકવામાં આવે ?

૧૨. બંને વચ્ચે સમાધાન કેવી રીતે અને કોની મારફતે થાય ?

૧૩. અન્ય કુટુંબો સાથેના સંબંધો કેવી રીતે જળવાય છે ?

૧૪. પોતાના ગોત્રના કુટુંબ બહારના ગોત્ર વચ્ચે સામાજિક સંબંધો.

૧૫. એક ગોત્રના કુટુંબમાં લગ્ન થાય અને ન થાય તો શા માટે ?

૧૬. આર્થિક રીતે બીજા કુટુંબોનો સહારો કે મદદ લેવામાં આવે છે ? ગોત્રના, ગોત્ર બહારના કે ગામના ?

૧૭. સગાઓનાં કુટુંબોને અન્ય રીતે મદદ કરવામાં કે તેમની મદદ લેવામાં આવે છે ? ખેતીમાં ઘર સગાંઓને કુટુંબોને અન્ય રીતે મદદ કરવામાં કે તેમની મદદ લેવામાં આવે છે ?

૧૮. કેવી રીતે મદદ લેવામાં કે આપવામાં આવે છે ? વસ્તુના રૂપમાં કે મહેનત કરીને ?

## ખોરાક અને પીણાં :

૧. ખોરાકમાં શું શું ખાય છે ? (અ) દરરોજ સવારે, બપોરે અને સાંજે (બ) ઉત્સવ અને વારતહેવારે ?

૨. માછલી, મરઘી, બકરું, પાડો, હરણ, તેતર, કાગડો કે અન્યમાં શું શું ખાય છે ?

૩. માંસ ક્યારે ખાય ? અમુક પ્રસંગે કે ગમે તે દિવસે ?

૪. પીણામાં દારૂ, તાડી, ચા વગેરે નિયમિત પીએ છે કે પ્રસંગોપાત ?

## પહેરવેશ :

૧. બાળકોનો પહેરવેશ છોકરા / છોકરી પાંચ વર્ષથી નાના અને પાંચ વર્ષથી ઉપરનાનો.

૨. પુરૂષોનો પોશાક

૩. સ્ત્રીઓનો પોશાક

## સામાજિક રીતરિવાજ :

અ. રજસ્વલા સ્ત્રી :

૧. રજસ્વલા સ્ત્રીને શું કહે છે ?

૨. રજસ્વલા સ્ત્રી ઘરમાં કઇ કઇ વસ્તુઓનો સ્પર્શ કરી શકે ?

૩. રજસ્વલા સ્ત્રી રાંધવાનું કામ કરી શકે ? તેમજ બીજાં કયાં કયાં કામો જેનાથી થાય અને ન થાય ?

૪. અમુક પ્રકારનાં કામો કરવાં કે નહીં કરવાં જેવી માન્યતા શા માટે ?

૫. રજસ્વલા સ્ત્રી કેટલા દિવસે નહાય છે ? (માથુ ધૂએ છે ?)

૬. રજસ્વલા સ્ત્રી સાથે જાતીય સંબંધ બાંધવામાં આવે છે ? ન બાંધવા પાછળ શું માન્યતા છે ?

૭. સ્ત્રીને રજસ્વલા બંધ થાય તો ગર્ભ રહે એ પુરૂષ જાણે છે ?

૮. પુરૂષને ક્યારે ખબર પડે કે સ્ત્રીને ગર્ભ રહયો છે ?

૯. ગર્ભ શા માટે રહયો ? જાતીય સંબંધોથી, ભગવાનની કે કોઇ દેવીની ઇચ્છાથી ? કે પછી શા માટે તેની ખબર પડતી નથી ?

૧૦. કોઇ સ્ત્રીને ગર્ભ ન રહે તો તે માટે કોઇ પણ વિધિઓ કે ભૂવા-ભગતની પાસે બાધા રાખે છે ? રાખે તો કેવી માનતા રાખે છે ?

૧૧. ગર્ભ રહયા પછી તરત કોઇ પણ ધાર્મિક વિધિ કરવી પડે ?

૧૨. ગર્ભ રહે તો બાળકનો જન્મ થાય ત્યાં સુધીમાં કયા કયા પ્રકારની અને કેવી કેવી સામાજિક અને ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે ?

૧૩. આ વિધિ કોણ કરાવે ? આ વિધિમાં કોણ કોણ હાજર રહે ? કયાં કયાં સંબંધીઓ આવે છે ?

૧૪. પ્રસવ ક્યાં થાય છે ? પોતાના ઘરે, દવાખાને કે સ્ત્રીના પિતાના ઘરે ?



## પ્રસવની વિધિ :

૧. પ્રસવ પહેલાં સ્ત્રીને અન્ય પ્રકારનો જુદો જુદો ખોરાક આપવામાં આવે છે ?

૨. પ્રસવ સમયે કોણ કોણ હાજર રહે ?

૩. પ્રસવમાં પુરૂષો હાજર રહી શકે ?

૪. દાયણ, નર્સ, ડોકટર કે અન્યની પાસે પ્રસવ કરાવવામાં આવે છે ?

૫. દાયણ પોતાની જાતિની કે અન્ય જાતિની હોય છે ? કેટલી દાયણી હોય છે ?

૬. પ્રસવ થવામાં મુશ્કેલી થાય તો શું કરે છે ? દવા, ધાર્મિક, માન્યતા કે અન્ય વિધિઓ ?

૭. પ્રસવ થયા બાદ તુરત કોઇ સામાજિક કે ધાર્મિક વિધિ કરવામાં આવે છે ?

૮. દાયણ જન્મ બાદ શું કરે છે ?

૯. સ્ત્રીને કોઇ વિશેષ પ્રકારની સારવાર અપાય છે ?

૧૦. બાળકની નાળ કેવી રીતે કયા સાધનથી કપાય છે ?

૧૧. તે કયાં દાટે છે ?

૧૨. સ્ત્રીને પ્રસવ બાદ ઘરમાં કે કોઇ બીજી જગ્યાએ રાખવામાં આવે છે ?

૧૩. સ્ત્રીને પ્રસવ બાદ ખોરાક કેવો આપવામાં આવે છે ?

૧૪. જુદો ખોરાક આપતા હોય તો શા માટે ?

૧૫. બાળકના જન્મથી માંડી બાળક ૧૨ વર્ષનું થાય ત્યાં સુધીમાં અન્ય પ્રકારની વિધિઓ કરવામાં આવતી હોય તો તે કઇ જગ્યાએ, કોણ કરાવે છે ? અને કયા કયા સગાઓ હાજર રહે છે ?

૧૬. જન્મ બાદ બાળકો જીવતાં ન હોય તો તે માટે કોઇ ચોક્કસ કે વિશેષ પ્રકારની વિધિ કે સારવાર કરવામાં આવે છે ?

૧૭. મોટાં બાળકો શું કરે છે ? કામમાં મદદ કરે કે શિક્ષણ લેવા જાય છે ?

## લગ્ન પહેલાંના જાતીય સંબંધો :

૧. લગ્નની ઉંમર કેટલા વર્ષની માનવામાં આવે છે ? પુરૂષ અને સ્ત્રી માટે ? લગ્ન કેવી રીતે અને એકસાથી કે બહુસાથી લગ્ન થાય છે ?

૨. બહુસાથીમાં કેટલી પત્નીઓ રાખી શકે ? એક કરતાં વધુ પત્નીઓ હોય તો એક જ કુટુંબની જ સગી બહેનો છે કે જુદા જુદા ગોત્રની ?

૩. એક કરતાં વધુ પત્નીઓ કયાં કારણોસર રાખવામાં આવે છે ?

૪. લગ્નસાથી પસંદ કરવામાં કઇ કઇ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે ?

૫. લગ્નની પસંદગીમાં પોતાની દિકરી માટે જમાઇની પસંદગીમાં કેવા કેવા ગુણો અને કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે ? પત્નીની પસંદગીમાં કઇ બાબતો અને ગુણો જોવામાં આવે છે ?

૬. દહેજ આપવું પડે ? કેટલું ? રોકડમાં કેટલું અને વસ્તુના રૂપમાં કેટલું ? દાગીના, કપડાં, અનાજ, પશુ કે અન્ય વસ્તુઓમાં શું શું અને કેટલું ?

સગાઇ (વિવાહ)

૧. સગાઇ કઇ ઉંમરે થાય છે ?

૨. સગાઇની શરૂઆત કયા પક્ષેથી થાય ? છોકરા કે છોકરી પક્ષેથી ?

૩. સગાઇ કરાવવામાં કોણ અગત્યનો ભાગ ભજવે છે ?

૪. સગાઇની વિધિ કયાં થાય છે ? છોકરાને ત્યાં કે છોકરીને ત્યાં ? કે બંને જગ્યાએ ?

૫. સગાઇ કરવા કેટલા માણસો જાય ? કેવા પ્રકારનાં સગાં જઇ શકે ? જેમની સગાઇ કરવાની હોય તે સાથે જઇ શકે ?

૬. સગાઇની વિધિ કોણ કરાવે છે ?

૭. સગાઇની વિધિ કેવી રીતે કરવામાં આવે છે ?

૮. આ સમયે બંને પક્ષે શું શું આપવા લેવાનું હોય છે ?

૯. દારૂ કોણ કોણ પીએ છે ?

૧૦. કન્યાપક્ષવાળા મહેમાનોને ખાવા રાખે છે ? શું ખવડાવે છે ?

૧૧. કયારે વિદાય થાય ?

૧૨. કન્યાપક્ષવાળા વરપક્ષવાળાને ત્યાં કયારે જાય ? અને બંને પક્ષે આપવા લેવાનું શું શું હોય છે ?

૧૩. જાન જાય ત્યાં સુધીની સામાજિક વિધિ કેવી રીતે કરવામાં આવે છે ? (માંડવો, ગણેશ, ગોત્ર વગેરે)

૧૪. જાન કયા સમયે જાય ?

૧૫. જાનમાં કેટલા અને કયા સગાઓ જાય છે ?

૧૬. જાનમાં પોતાની જાતિના સિવાય બીજી કોઇ જાતિના જાય છે ?



૧૭. જાન ચાલતી જાય, ગાડામાં જાય કે અન્ય કોઇ વાહનમાં ?

૧૮. જાન છોકરાની જાય કે છોકરીની ?

૧૯. જાન જતી વખતે વરનો પહેરવેશ કેવો અને બીજા લોકોનો કેવો ?

૨૦. જાનની સાથે બીજી કઇ કઇ વસ્તુઓ લઇ જવામાં આવે છે ?

૨૧. જાન કન્યાપક્ષવાળાને ત્યાં જાય પછી વધામણી માટે કે મળવા માટે કોણ આવે ?

૨૨. જાનનો ઉતારો કયાં હોય છે ?

૨૩. કન્યાના પિતાને ત્યાં થતી લગ્નની વિધિઓ કેવી હોય છે ? કોણ કરાવે છે ?

૨૪. જાનવાળાને દહેજ કઇ વખતે લેવામાં આવે છે ?

૨૫. જાનવાળાને કેટલા ટંક ભોજન કન્યાપક્ષ તરફથી અપાય છે ?

૨૬. પોતપોતાનું ખાવાનું જાનવાળા લઇ જાય છે ?

૨૭. લગ્નમાં મામાપક્ષના સગાઓ રોકડમાં અને વસ્તુમાં શું શું આપે છે ?

૨૮. લગ્નની જાન વરને ત્યાં જવા નીકળે ત્યારે થતી વિધિઓ, જાનની સાથે કન્યા જાય છે ?

૨૯. કન્યા સાથે જતી હોય તો બીજી કોઇ છોકરી સાથે જાય છે ?

૩૦. કન્યાને તેડવા કયારે, કેટલા અને કોણ જાય ?

૩૧. ફરીથી તેડવા વરપક્ષવાળા કયારે જાય ?

છૂટાછેડા :

૧. છૂટાછેડા કેવા સંજોગોમાં અપાય છે ?

૨. પુરૂષ આપી દે તો તેને દહેજ પરત મળે કે નહીં ?

૩. કન્યા પોતાની જાતે ચાલી જાય તો દહેજ આપવું પડે ?

૪. છૂટાછેડા અન્ય કયાં કારણોસર અપાય છે ?

પુનઃલગ્ન :

૧. પુનઃલગ્નમાં વિધવા, વિધુર કે છૂટાછેડા થયેલ સ્ત્રી-પુરૂષ કોની સાથે લગ્ન કરી શકે ?

૨. વિધુર કે છૂટાછેડા લીધેલ પુરૂષ કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકે ?

૩. વિધવા કે છૂટી થયેલ સ્ત્રી કુંવારા પુરૂષની સાથે લગ્ન કરી શકે ?

૪. વિધવાની પુનઃલગ્નમાં કોઇ વિશેષ પ્રકારની વિધિ કરવી પડે ?

૫. વિધવાનું સ્થાન કેવું છે ?

૬. દિયરવટાની પ્રથા છે ?

૭. પતિના મરી ગયા બાદ જેઠ સાથે લગ્ન કરી શકે ?

૮. સાળી સાથે લગ્ન કરી શકે ? મોટી કે નાની સાળી સાથે લગ્ન થઇ શકે ?

**ધાર્મિક જીવન :**

૧. ધર્મમાં કઇ પ્રકારનું ધાર્મિક પ્રતિક છે ?

૨. ટોટમ હોય તો કઇ વસ્તુને ટોટમ તરીકે પૂજવામાં આવે છે ?

૩. કયા કયા દેવ-દેવીઓને માને છે ?

૪. દેવ-દેવીઓની પૂજા કેવી રીતે કરે છે ? કયારે કરે છે ?

૫. કયા કયા તહેવારો અને ઉત્સવો ઉજવે છે ? એ ઉત્સવો કયા માસમાં આવે છે ? કેવી રીતે ?

૬. ઉત્સવોનું મહત્વ શુ ? શા માટે ?

૭. આર્થિક જીવનમાં ધર્મનું સ્થાન, ખેતીની શરૂઆતમાં, પાક લેતાં, પાકના રક્ષણ માટે કયા કયા દેવ-દેવીઓની પૂજા કરવામાં આવે છે ?

૮. દેવોને પ્રસન્ન કરવા માટે બલિદાનોમાં શું અપાય છે ?

૯. નવું ઘર બનાવતાં, નવું પશુ ખરીદતાં કે નવા કામની શરૂઆતમાં કઇ કઇ વિધિઓ કરવામાં આવે છે ?

૧૦. દેવનું સ્થાનક ઘરમાં હોય છે ? જો હોય તો કઇ જગ્યાએ ? (કયા ધર્મની અસર છે ?) હિંદુ, મુસ્લિમ કે અન્ય.

૧૧. વ્યક્તિગત રીતે દેવોની પૂજાવિધિ થાય છે ? કયા કયા દેવોની ?

૧૨. સામુહિક રીતે કયા કયા દેવોની પૂજા થાય છે ?

૧૩. સામાજિક જીવનમાં ધર્મનું સ્થાન.

૧૪. ભગત-ભૂવાનું મહત્વ.

૧૫. ડાકણની માન્યતા છે ?

૧૬. ભૂત-પ્રેતનીમાન્યતાઓ ભૂત-પ્રેત કયાં વસે છે ? તેને વશ રાખવા શું કરવામાં આવે છે ?

૧૭. ડાકણ કોને માને છે ? ગામમાં છે ?



૧૮. ડાકણ પકડાઇ જાય તો શું કરે ? વળગાડ દૂર કરવા કઇ વિધિ કરવામાં આવે છે ?

૧૯. કોઇ બિમાર પડે, સાપ કરડે કે વીંછી કરડે તો દવાખાને જાય કે ભૂવા પાસે ?

૨૦. ભગત કેવી રીતે લોકોને સહારો આપે છે ?

**મૃત્યુ :**

૧. વ્યક્તિ મરણપથારીએ કે ખૂબ જ બિમાર હોય ત્યારે કઇ કઇ વ્યક્તિઓ ખબર કાઢવા આવે ?

૨. મૃત્યુ બાદ કઇ કઇ વ્યક્તિઓને બોલાવવામાં આવે છે ?

૩. મૃત્યુ પ્રસંગે આવેલાં સ્ત્રી-પુરૂષો શું કરે છે ?

૪. મૃતદેહને શું કરવામાં આવે છે ? સ્નાન કરાવવું, હળદર લગાવવી વગેરે)

૫. મૃતદેહને માટે ઠાઠડી બનાવવામાં આવે છે ? કે ખાટલામાં લઇ જવાય છે ?

૬. મૃતદેહને કોણ કોણ ઉપાડી જાય છે ?

૭. મૃતદેહની સાથે કઇ કઇ વસ્તુઓ લઇ જવામાં આવે છે ?

૮. મૃતદેહને વિસામા આગળ ઉતારી શું કરવામાં આવે છે ?

૯. દાટતાં કે બાળતાં પહેલાં કયા પ્રકારની વિધિઓ કરવામાં આવે છે ?

૧૦. બાર દિવસ સુધી થતી વિધિઓ કેવી હોય છે ? કઇ કઇ ?

૧૧. બારમું કરવું જ પડે ?

૧૨. બારમાની વિધિ કોણ કરાવે અને કેવી રીતે ?

૧૩. કયા કયા સગાઓને બોલાવે ?

૧૪. ખર્ચ કેટલું થાય ?

૧૫. મૃત્યુ બાદ ખતરાં કે પાળિયા કયારે મૂકે છે ? તે મૂકતાં કરવામાં આવતી વિધિઓ ?

૧૬. પાળિયાની કે ખતરાની પૂજા કયારે અને કઇ રીતે કરવામાં આવે છે ?

...